Barcode - 99999990811205
Title - Hakikati Bandagino Aayano
Subject -
Author -
Language - gujarati
Pages - 243
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13
9 999999 081120

गूजरात विद्यापीठ ग्रंथालय

[ गुजराती कॉपीराइट विभाग ]

अनुक्रमांक ૮૯૪૫ वर्गांक

पुस्तकनुं नाम [illegible]

विषय ૮/૭૨૬.૯

# હકીકતી બંદગીનો આઇનો.

રચી પ્રગટ કરનાર,

**એદલજી ધનજી કાબા**

અમરેલી—કાઠીયાવાડ.

આવૃત્તિ પહેલી. પ્રત ૫૦૦.

ધી અમરસિંહજી પ્રીન્ટીંગ પ્રેસમા

પઠાણ નુરખાન અમીરખાન વકીલે છાપ્યું,

લાલ દરવાજા—અમદાવાદ.

**કીમત બાર આના**

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ

# પ્રસ્તાવના.

વગર બીમન કે નાબીના વ ચોહ અસ્ત
અગર ખામુશ બનશીંનમ ગુનાહ અસ્ત

**અર્થ**—જો હું જોઉં કે, કોઇ આંધળો ચાલ્યો જાય છે અને માર્ગમાં મોટો ખાડો છે છતાં હું તેને ચેતવણી ન આપતાં, ચુપ રહું તો, હું ગુનેહગાર થાઉં.

**શેખ સાદી**

ખાનાઈ પંથ જેવા શુભ ઉદ્દેશોપર યોજાએલો તથા પ્રચલીત થયો હતો; તેવો તે હાલ ખાનાઇઓ પાસે રહેલો નથી. હાલનો પળાતો ખાનાઇ પંથ તેના સ્થાપકનો મુળ હેતુ નહિ સમજવાને કારણે, ઇસ્લામ વિરૂદ્ધની અનેક બાબતોથી સેળભેળ થઈ ગયો છે. અને જે સેળભેળપણું થઇ જવા પામ્યું છે; તેમાં સુધારો કરવો એ ખાનાઈ હિતચિંતકોની મુખ્ય ફરજ છે; પરંતુ ખાનાઇઓમાં ધર્માન્ધતાએ આવી ચક્રવર્તિ રાજ્ય સ્થાપ્યું છે, તેથી તેવા સેળભેળ વાળા પંથનું પૃથક્કરણ કરનાર અને તેમાંથી અસલ તથા ઉમેરો તારવી કાઢવા ઇચ્છનાર, તેવા ધર્માન્ધોનો ભોગ થઇ પડે; એ સારી રીતે જાણીતી બનવા જોગ છે. અમો પણ તેવા ભોગ થઇ પડનારાઓમાંના એક છીએ. તેવા ખાનાઇ

ધર્માન્ધ બન્ધુઓને એક અગત્યની વિનંતી કરવાની અમો અગત્ય જોઇએ છીએ કે, તેમણે ધર્માન્ધતાનો નિર્બળ અને હાનીકારક આશરો નહિ લેતાં, સત્યશોધક બનવાને પોતાની નેમ રાખવી; કે જેથી કદાચ પોતાના વિચારો ભુલ ભરેલા હોય તો, તે ભુલ રહિત થવા પામે અને પરિણામે ઉતરોત્તર ખાનાઇ પંથ, જેવો તે શુભ હેતુઓપર યોજાએલો હતો, તેવો તે પ્રાપ્ત થાય; પરંતુ તે ત્યારેજ પ્રાપ્ત થઇ શકે કે, જ્યારે ધર્માન્ધતાને તીલાંજલી આપી દેવામાં આવે. ધર્માન્ધતા રાખવી એ ખુદ શુદ્ધ ઇસલામની રૂએ ગુનાહનું કામ છે.

અમારા ખાનાઇ બંધુઓને ધર્માન્ધતાની ટેવ પડી ગઇ છે. અને તેવી ટેવે ખાનાઈ પંથને ભારી નુકસાન પહોંચાડયું છે. આજે પણ તેનો બજાર ગરમા ગરમ હોતાં, આ અમારા વિચારોથી જોકે તેવા ધર્માન્ધ બંધુઓને પ્રથમ દ્રષ્ટિએ કપાળમાં કરચલી આવશે; પરંતુ જ્યાં સુધી સત્યશોધક બની દરેક બાબતની સઘળી 'બાજુઓ તપાસવાનુ ન્યાયનું ધોરણ તેઓ અખ્તેયાર કરશે નહિ; ત્યાં સુધી તેમનામાં ઘુસી ગએલી અનેક ઇસિલામથી ઉલટી માન્યતા દુર થશે નહિં. મતલબ કે ધર્માન્ધ બની, લાંલપીળા થવા કરતાં, સત્ય શોધક થવામાં ખરૂં સાર્થક સમાએલું છે અને તેનો આશ્રય લેનારજ જગતમાં સત્ય તથા વિજય પ્રાપ્ત કરી શકયા છે. અને તેથી અમારી પણ અમારા ખાનાઇ ભાઇઓ આગળ એજ વિનંતી છે.

અમારા ખાનાઈ ધર્માન્ધ લોકોએ પોતાના ધર્મને બહુજ હાની પહોંચાડનારૂં ધોરણ અખ્તેયાર કીધું છે અને તે એક તેમના પ્રચલિત પંથ તથા રીત રીવાજોને વિરૂદ્ધ જેઓ જેઓ આક્ષેપો કરે, તેને ધર્માન્ધ બની ધીણોજાથી ઝટકો તથા ફટકો મારવો, ગાળગલોચ સાથે કનિષ્ટ પંકતિના શબ્દના પ્રહારો કરવા, તદન જુઠા અંગત હુમલાઓ કરવા અને આક્ષેપો કરનારને અનેક પ્રકારની ધમકીઓ આપી બળવતરીથી લાજવાબ કરવો. આ ધોરણ અખ્તેયાર કરી તેમણે પોતાના પંથને જે અસાધારણ હાની પહોંચાડી છે, તેટલી હાની તેમને પોતાના કોઇપણ વિરોધી તરફથી પહોંચી શકી નથી. ખુદાતાલા અમારા ખાનાઇ પંથને આવા છુપા શતરૂઓથી બચાવે, નહિતર તેઓ ટુંક સમયમાં ખાનાઈ પંથનો અંત લાવી મુકશે.

મી૦ વરતેજીએ તેવા ધર્માન્ધ ખાનાઈ લેખકોમાં, એકનો ઉમેરો કરી, રોગ અટકાવતો કરવાને બદલે રોગમાં ઉમેરો કરનાર ઉંટવૈદ બન્યા એ પ્રચલિત ખાનાઇ પંથના દુર્ભાગ્યની વાત છે. અને અમો તો ત્યાં સુધી અનુમાન ખેંચી જઇએ છીએ કે, તેવાઓ જ્યાં સુધી ખાનાઇ પંથને એક ભારી ઝટકો તથા ફટકો નહિ મારી લે, ત્યાં સુધી જંપવાના નથી. તેના આગેવાનો તદ્દન ગાફીલ છે, અને તેમની ગફલતમાં આવા લેખકો ઇસલામી પંથના વૃક્ષને કુહાડાથી કાપી રહ્યા છે.

મી૦ વરતેજીના લખાણુથી જો અમારા ખાનાઇ ભાંઇઓ ધર્માન્ધ બની ઇસલામી માન્યતામાં બહુજ નિર્બળ થઇ જાય; તોપણ

તે એક મોટી હાનીની વાત છે; પરંતુ વધુ હાની તો એ રહે છે કે, પંજાબના પેલા શમ્શીઓની જેમ તેઓ હીન્દુ ન થઈ જાય. અને તેથી ઉપરની બંને ધાસ્તીઓથી અમારા ખાનાઈ બંધુઓને ઉગારી લેવા, એ સિવાય અમારો બીજો કોઈ ઉદ્દેશ નથી.

મી૰ વરતેજીએ પોતાની ચોપડીમાં કેવી કનિષ્ટ પ્રકારની ભાષા વાપરી તથા રીતભાત ચલાવી, તે તેમનાજ હિમાયતીઓ સમજી ગયા અને તે બાબતનો તેમણે લેખી સ્વીકાર પણ કર્યો, એ તેમના પુસ્તકની કોટિ સમજવાને એક દર્પણ સમાન છે. તોપણ તેઓ તેવીજ રીતભાતથી પોતાના પંથનું રક્ષણ કરવા માગતા હોય, અને તેમ કરવાથીજ લાભની આશા રાખી બેઠા હોયતો, તેઓ ભુલથાપના કીચડમાં આથડીયાં ખાય છે. હાલના રીતભાતથી કદી તેમને લાભ થવાનો નથી અને જગતમાં જેમણે જેમણે આવી રીતભાત ચલાવી, તેમને તેમને લાભ થયો નથી. જગતમાં એમનેજ લાભ થયો છે કે, જેઓ સત્ય શોધક બન્યા છે અને અમારા ખાનાઈ બંધુઓને જ્યારે પણ લાભ થશે ત્યારે સત્ય શોધકપણાથીજ થશે.

અમારા મિત્ર મી. વરતેજીએ " દુઆના દુશમનને ઝટકો અને ફિતુરી ફતવાને ફટકો " નામની નાનકડી ચોપડી અમારા તરફથી બહાર પડેલા " ખોજાપંથ દર્પણ ભા. ૮ મો " ના જવાબમાં છપાવી છે તેના એક ભાગ યાને " દુઆના દુશમનને ઝટકો " ના લખાણનો

જવાબ અમો " દાવતે ઈમાન " નામની બુક છપાવી આપી ચુકયા છીએ અને બાકીનો " ફિતુરી ફતવાને ફટકો " ના લખાણનો જવાબ અમો " દાવતે ઈમાન " સાથે કેટલાક અનિવાર્ય સંજોગોને લઈ આપી શકયા ન હતા; પરંતુ હાલમાં તે સંજોગોમાં ફેરફાર કરવાનું અમોને બહુજ મુનાસબ જણાતાં તે બાકી રહેલા ભાગનો જવાબ આ પુસ્તકમાં આપવામાં આવ્યો છે.

" દાવતે ઈમાન " નામની બુકની પહેલી આવૃતિ તદ્દન ખલાસ થઈ તેથી તેની બીજી આવૃતિ છપાવવાની તજવીજમાં પણ અમો હતા અને તે સાથે ઉપરના બાકીમાં રહેલા લખાણનો જવાબ પણ અમો તૈયાર કરતા હતા તે દરમીયાન અમોને વિચાર થઈ આવ્યો કે " દાવતે ઈમાન " ની બીજી આવૃતિ તે આ પુસ્તક સાથે જોડી આપવામાં આવે તો મા. વરતેજીની ચોપડીનો પુરો જવાબ આ બુકમાં આવી જાય; તેથી " દાવતે ઈમાન " ની બીજી આવૃતિને પણ આ સાથે જોડી આપી એકંદર લખાણને " હકીકતી બંદગીનો આયનો " નામ આપી છપાવી છે અને તે નામ તેમાં સમાયલા વિચારોને દ્રષ્ટિ મર્યાદામાં રાખતાં રાખ્યું છે. એટલે કે હકીકતી બંદગી ( આગાખાની દુવા ) નો ચહેરો જેવો છે તેવો આ દર્પણમાં જોવાથી સ્પષ્ટ તથા આબેહુબ જણાઈ આવે છે તો વાંચક વર્ગ અમારી આ નામની પસંદ-ગીને સત્ય શોધક દ્રષ્ટિથી જોશે એવી આશા રાખીએ છીએ.

મા. વરતેજીનું પુસ્તક વાંચીને વાંચકો અભિપ્રાય ઉપર આવે, એ જોકે તે પુસ્તક માટેના અમારા જવાબની ગરજ સારે તેમ છે તો પણ તેથી કાંઇ ધર્માન્ધોને તો લાભ થવાનોજ નથી. તેમનો રોગ તો વધવાનોજ; પરંતુ અમારે તેવા ધર્માન્ધ બંધુઓના તેવા રોગને દુર કરવાનો હોતાં, આ ટુંક જવાબ આપ્યો છે. અમો ધર્માન્ધતાના બાની મબાની, તેવા ધર્માન્ધ લેખકોનેજ સમજીએ છીએ તેથી જેમ બને તેમ પહેલી તકે તેમની ધર્માન્ધતા દુર કરવી જોઇએ એમ અમારૂં માનવું છે અને તેથી અમારા આવા પ્રયાસમાં બીજા સત્ય શોધક લેખકો તથા શ્રીમંતોએ ઉતેજન આપવાની જરૂર છે.

" ખોજાપંથ દર્પણ ભા. ૮ મો " માં અમોએ ધુવાના રચનાર પીર સદરદીન, પીર દાદુ કે કોણ હતા તેની તપાસ કીધી છે. પીર સદરદીન કે બીજો કોઇ પણ તેનો રચનાર હોય તો તે રચાયા પુર્વે ઇસમાઇલી પંથની હસ્તી હોવા છતાં ધુવા તો નહિ હતી; કેમકે પીર નુર સતગુર તથા પીર શમશુદીન વીગેરે પીરો તો પીર સદરદીન તથા પીર દાદુની પુર્વે સૈકાઓ પુર્વે થઇ ગયા છે અને તે પીરોએ બોધેલા મુરીદો-પંજાબમાં શમ્શી અને ગુજરાત વીગેરેમાં સતપંથી નામે આજે પણ લાખોની સંખ્યામાં મોજુદ છે ધુવા એ અરબીમાં પડાતી નીમાજ કે બીજી કોઇ બંદગીનો તરજુમો નથી. ધુવા રચાયા પછી તેમાં વારંવાર સુધારો વધારો કરવામાં આવ્યો છે. ધુવા એ કોઇ એક ભાષામાં નથી; પણ અરબી, ફારસી, કચ્છી ગુજરાતી તથા બીજી ગ્રામ્ય ભાષા-

ઓનું મક્ષચર છે. તેમજ તે મુળ કેવી રચાઇ હતી અને હાલ તે કેવાજ ઉલટા રૂપમાં બદલાઇ ગઇ છે વીગેરે બાબતોની ચોખવટ અમોએ કીધી છે જ્યાં સુધી આ દલીલોનો દલીલોથી જવાબ ન આપવામાં આવે; ત્યાં સુધી માત્ર ગાળ ગલોચ, તુંડાઈ, ઝટકા ફટકા, અંગત હુમલાઓ, ધીંગાણા તથા ધર્માન્ધતાથી કાંઇ વળી શકે નહિ. અને ત્યાં સુધી તેનો જવાબ આપવામાં આવ્યો છે એમ માન્ય થઈ શકે નહિ માટે મી૦ વરતેજી ! આવા ફેલ ફીતુરને તજી દઇ, જો જવાબજ આપવાની યોગ્યતા ધરાવતા હોતો, ઉપરની અમારી દલીલોના જવાબ સાથે આવો અને અમોને તથા બીજા સત્ય શોધકોને કાયમ માકુલ કરો. ખાલી કંચની જેવો નાચ કરવાથી અમારાપર કશી પણ અસર થઇ શકતી નથી. અને જો તેવા કંચનીના નાચથીજ અસર થશે; એમ જો તમો માનતા હોતો, કૃપા કરીને એવા ખ્યાલોને કાઢી જ નાંખજો; કેમકે તદન બિન જરૂરના છે. કાગળની હોડીથી કાંઇ સીંધુ તરાશે નહિ.

તમોએ જે અમારી દલીલોનો જવાબ નહિ આપતાં, અઘટિત માર્ગ અખ્તેયાર કીધો, એ વાત સ્પષ્ટ રીતે અમોને તથા સમજુ વર્ગને એવા સત્ય અનુમાન ઉપર લઈ જાય છે કે, તમો જવાબ આપવાની કાબેલીયાત ધરાવતા નથી અને અમો તો હજુ ખમ ઠોકીને કહીએ છીએ કે, ખરેખર તેમજ છે અને જો તેમ નહિ હશે

તો, હજુ પણ ક્યાં વખત ચાલી ગયો છે. હવે તમારા જેવા ઇસ-માઇલીઓને ગીહરાંને માર્ગે ચડાવનાર ઘણા મળવા પામ્યા છે તેથી તમો કાંઇ નવું જુનું જરૂર કરી બતાવશો; પરંતુ યાદ રાખજો કે, જે કંઈ કરશો તે પ્રથમતો સમજુ પબ્લીક બુદ્ધિની ચક્ષુથી તેને જોશે તથા વિચારશે અને તે ઉપરાંત ખુદાના દરબારમાં પણ તેનો જવાબ આ-પવો પડશે અને તે દરબાર એવો હશે કે, જ્યાં તમારી અઘટિત વાણી તથા ધીણોજો કામ નહિ લાગે.

અત્રે અમો અમારા સમજુ ઇસમાઇલી લેખકો તથા બંધુઓને એ વાત જણાવ્યા વિના રહી શકતા નથી કે, તેઓએ ધર્માન્ધતાનો આશરો છોડી દઈ, સત્ય શોધકપણાનો આશરો લેવો અને તેવા આશરાની સહાયતાથી, પોતાના ધર્માન્ધ લેખકોના લખાણોને બુદ્ધિના કાટલામાં તોળી જોવા અને તેનું પૃથક્કરણ કરી તેના ગુણદોષના ટકા તપાસવા અને કોઇ કોઇ વખતે તદન નિરાળા તથા તટસ્થ શોધક બની, તેમના લખાણોને જોવાં. જો આમ કરશો તો, તેમાં તમોને નફા સિવાય કાંઇ નુકસાન તો થવાનું નથી અને અમારો હેતુ પણ તેમ કરવામાંજ પાર પડવાનો છે; પરંતુ અમારા હેતુને માટે પણ તમો તમારા હેતુને બરબાદ કરશો નહિ; કેમકે તેમ કરવું એ બુદ્ધિશાળી માણસોને ઘટારત નથી.

કેટલાક બંધુઓએ મી. વરતેજીની ચોપડી વાંચ્યા પછી, અમોને લખી જણાવ્યું કે, તે ચોપડીમાં તમોને બહુજ નિર્દય ભાષા તથા

તેવીજ રીતભાતથી યાદ કરવામાં આવેલ છે; માટે તમારે પણ તેવીજ ભાષામાં સજ્જડ જવાબ આપવો; પરંતુ તેવા શુભેચ્છક બંધુઓની સૂચનાને અમો દીલગીર છીએ કે અમલમાં મુકી શકતા નથી; કેમકે કોઈ ગાળ આપે તો તેનો જવાબ ગાળમાં આપવો એ દરેક રીતે ધુતકારી કાઢવા જોગ છે, માટે અમે તો તેવી રીતભાતને ગ્રાહ્ય કરી પોતાને પણ મી. વરતેજીની કોટીમાં મુકવા માગતા નથી. અમારો હેતુ તેઓની ભુલ બતાવી તેમને સુધારવાનો છે જ્યારે મી. વરતેજીનો હેતુ અમોને ઝટકો તથા ફટકો મારવાનો છે. અમો તથા સૌ કોઇ કબુલ રાખશે કે, અમારો હેતુ ન્યાય નીતિ તથા હમદર્દીપર યોજાએલો છે અને તે અમારા માટે પસંદ કરવા જોગ છે.

આ લઘુ પુસ્તકના વાંચક વર્ગને સહમાન વિનંતી કરવાની કે, તેઓ તેને જોવા વાળી આંખોથી જુએ, સાંભળનારા કાનોથી સાંભળે અને વિચારવાવાળા અંતઃકરણથી વિચારે તથા સત્યાસત્યનો તોલ કરે અને જો અમારી સુચનાઓ યોગ્ય લાગે તો, કૃપા રાહે એક પત્રદ્વારા તેઓ પોતાનો અભિપ્રાય અમોને લખી મોકલાવે; કે જેથી લાગતા વળગતા બંધુઓને તે માર્ગ દર્શક થઇ પડે.

એદલજી ધનજી કાબા.

# સાંકળીયું.


| ખંડ **પહેલો** | | પૃષ્ટ |
|---|---|---|
| ૧ | વરતેજીની પિછાણ ... ... ... ... | ૧—૭ |
| ૨ | ધુવા પડનારા પાંચ પંદર લોકો. ... ... | ૭—૧૯ |
| ૩ | વરતેજીનો એકરાર... ... ... ... | ૧૯—૨૩ |
| ૪ | શું ધુવા તથા નીમાજ એક છે? ... ... | ૨૪—૨૬ |
| ૫ | નીમાજ અરબી બાષામાંજ ... ... ... | ૨૬—૨૮ |
| ૬ | અમારી સતપંથની શોધ ... ... ... | ૨૯—૩૨ |
| ૭ | શરીયતથી ખસેડવાના પાખંડો ... ... | ૩૩—૩૫ |
| ૮ | ખોજાનો અસલ ધર્મ ઇસનાઅશરી ... ... | ૩૬—૩૮ |
| ૯ | ધીણોજો નહિ ચાલે ... ... ... | ૩૮—૩૯ |
| ૧૦ | નીર્જીવ ડંફાસની પોકળતા ... ... ... | ૪૦—૪૨ |
| ૧૧ | અસલી તથા હાલનો સતપંથ ... ... | ૪૩—૪૫ |
| | ખંડ **બીજો** | |
| ૧૨ | વરતેજીની જુની રૂપરેખા ... ... ... | ૪૬—૬૦ |
| ૧૩ | વરતેજીની નવી રૂપરેખા ... ... ... | ૬૦—૧૨૦ |
| ૧૪ | ફતવો પ્રથમ પ્રગટ કરનાર કોણ? ... ... | ૧૨૧—૧૨૮ |

## ખંડ ત્રીજો


| | | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧૫ | ફતવો ગુજરાતીમાં પ્રગટ કરનાર કોણ? ... | ૧૨૮–૧૩૪ |
| ૧૬ | ફતવો દર્પણમાં દાખલ કરવાનો હેતુ ... ... | ૧૩૫–૧૪૦ |
| ૧૭ | ચીનનો કાયદો અમારાપર ... ... ... | ૧૪૧–૧૪૪ |
| ૧૮ | વકીલ પત્રનો એતરાઝ ... ... ... | ૧૪૫–૧૫૫ |


## ખંડ ચોથો


| | | |
|---|---|---|
| ૧૯ | ખોજાનો અસલ ધર્મ ... ... ... | ૧૫૬–૧૬૩ |
| ૨૦ | મી. વરતેજી બગલભગત ... ... ... | ૧૬૪–૧૬૭ |
| ૨૧ | નીમાઝ તથા ધુવા એક નથી ... ... | ૧૬૭–૧૭૬ |
| ૨૨ | ઇસિનાઅશરીઓમાં અમારો દરજ્જો ... ... | ૧૭૭–૧૮૨ |
| ૨૩ | મી. વરતેજીનું નવું ગપાષ્ટક ... ... ... | ૧૮૨–૧૮૭ |
| ૨૪ | કપોળકલ્પિત મારફત ... ... ... | ૧૮૭–૧૯૬ |
| ૨૫ | પીરો પર મી. વરતેજીનો પ્રહાર ... ... | ૧૯૬–૨૦૧ |
| ૨૬ | મી. વરતેજીની ચાલબાઝી ... ... ... | ૨૦૨–૨૦૫ |
| ૨૭ | મી. વરતેજીની બાવળે બાથ ... ... | ૨૦૫–૨૦૯ |
| ૨૮ | અંત્યજોદ્ધારમાં અમારો હાથ ... ... | ૨૦૯–૨૧૬ |
| ૨૯ | અમો આગાખાનના વિરોધી નથી ... ... | ૨૧૬–૨૨૪ |

# જાહેર ખબર.

**નુસેરીની હઠીલાઈ**—મી. અલીમહંમદ ચુનારાએ નુશેરીની માન્યતા ગૃહણ કરી તે માન્યતાને ખોજા કોમમાં ફેલાવવાને ભાષણ આપ્યું અને તે ભાષણને ઇસમાઇલી પ્રકાશમાં છપાવ્યું તેથી કોમને તેવી ધુલ્લાત માન્યતાથી બચાવી લેવાને આ ધરખમ કીતાબ અમોએ છપાવી મી. ચુનારા તથા ધુલ્લાત લોકોને દંગ કરી નાખ્યા છે. કીંમત ચાર આના.

**ઇમામ કેવો જોઇએ ?**—ખરા ઇમામોની ઇમામત કઇ કઇ દલીલોથી સાબીત થાય છે તે તથા બનાવટી ખુદાઓ, બનાવટી ઇમામો તથા બનાવટી પીરો કેવી કેવી ધુર્તતાથી પોતાની બાજી ખેલે છે તે સઘળાની ઓળખ તથા ખરચ એવી તો આઇના મીસાલ આપી છે કે દીલ બાગબાગ થઇ જાય સાથે મી. વરતેજીના લખાણની પોલ ફાશ કરવામાં આવી છે, કીંમત ચાર આના.

**તોહફે ઇસ્માઇલીઆ**—મી. હાશમ બોઘા માસ્તર નામના એક ધર્માન્ધ ઇસમાઇલી લેખકે ખોજા કોમને ગુમરાહ કરવાને "ઇસ-માઇલી દર્પણ" નામે કીતાબ રચી કીતાબમાં ખોજાઓને ગુમરાહ કરવાના ધોરણે લખાણ લખી ઇસનાઅશરી ખોજા કોમ ઉપર નિર્દયતા ભર્યા હુમલાઓ કરવામાં આવ્યા હતા તે સઘળી બાબતોનો દંદાશીકન જવાબ આપવામાં આવ્યો છે. કીંમત આઠ આના.

**કીલવાના સવાલ જવાબ**—ઇસ્ટ આફ્રીકાના બંદર કીલવા ખાતે

ખોજા આગેવાનોએ આગા સુલતાન મહંમદશાહ સાથે જર્મન બાના કુબાએ કરી આપેલી સગવડ મુજબ મઝહબી સવાલ જવાબ કરેલા તેની વિગત સાથે તે સવાલ જવાબ ઉપર મી. વરતેજીએ જે ચાથરે-હાલ ભાંગરો વાટયો તેના જવાબો લંબાણુ દલીલોથી આપી મી. વરતેજીને લા જવાબ કરી નાખ્યા છે. કીંમત ચાર આના.

**અસલિયાતે ખોજાનું ખંડન**—મી હાશમ બોઘા માસ્તરે ખોજાના અસલ ધર્મ વિષે જે જુઠી હકીકત છપાવી ઇશનાઅસરી આલમને નીચું જોવડાવવા. વેતરણ કરેલી, તે ચોપડીનું વિસ્તારથી ખંડન આપવામાં આવ્યું છે. કીંમત આઠ આના પો. અરધો આનો.

**ખોજા સર્વ સંગ્રહ ભા. ૧ લો.**—ખોજા કોમના સઘળા ફીરકાઓને લગતી દરેક આચાર વિચારની હકીકત કોઇપણ બાબત એવી નથી કે જેનો સમાવેશ આ પુસ્તકમાં ન કરવામાં આવ્યો હોય. તેને વાંચવાથીજ તેની ખાત્રી થાય. કીંમત એક રૂપીઓ. પો. બે આના.

**ઇસનાઅશરી તવારીખ**—હઝરત ચાહારદા માસુમ અલેહિસ સલામોના જીવન ચરિત્રો તથા ખીલાફતના મસલાની ઉંડી તપાસ. કીંમત એક રૂપીઓ પો. એક આનો.

**આગાખાની ખુદાઇનો જવાબ**—પેશાવરવાળા ઇસલામના વિરોધી પંડીત રાધા કૃષ્ણે "આગાખાની ખુદાઇ" નામે દળદાર કીતાબ ઉર્દુમાં છપાવી, આગાખાન, આગાખાની મત તથા સાથે સાથે

ઇસલામ ઉપર બેહુદા હુમલાઓ કરેલા તે સઘળાનો તરજુમા સાથે વિસ્તારથી જવાબ આપી મી. રાધા કૃષ્ણને કાયલ કીધા છે. કીમત એક રૂપીઓ પો. ચાર આના.

**હુસન બિન સબ્બાહ**—બાતીન્યા મતના એક અદંગ દાઈ તથા અલમોતના શેખુલ જેબાલનું અજીબો ગરીબ જીવન ચરિત્ર. બાતીન્યા મતની ઉતપત્તી, તેના અકાયદો તથા તેના શિક્ષણના છુપા ભેદો, ફીદાઇઓના કારસ્તાનો તથ સર મારકો પોલોના ગ્રંથનો ઉતારો વીગેરે વીગેરે કીમત દસ આના પો. એક આનો.

**ખોજા તવારીખ**—ખોજા કોમની ઉતપત્તીથી લઇ આજદીન સુધીની તવારીખ છે. ખોજા હીન્દુ હતા તેનો ઇતિહાસ, કેવી રીતે કનવર્ટ થયા. ધાર્મિક ખલીફો તથા ઇમામોની હકીકત તથા જુદા જુદા ફીરકા થયાનું બયાન. કીમત અઢી રૂપીઆ પો. ચાર આના.

મળવાનું ઠેકાણું.

**એદલજી ધનજી કાબા.**

અમરેલી—કાઠીઆવાડ.

# હકીકતી બંદગીનો આઇનો.

( ભાગ પહેલો. )

## વરતેજની પિછાણ.

ન બીનદ મુદ્દઇ જુઝ ખેશ તનગ,
કે દારદ પરદએ પીન્દાર દરપેશ,

**અર્થ**—તું તારા સ્વાર્થ વિના બીજું કાંઇ જોતોજ નથી, કેમકે તું અક્કલનો પરદો પછવાડે રાખે છે પોતાના લાભ માટે અક્કલ પર પરદો આપે છે.

" દુઆના દુશ્મનને ઝટકો અને પિતુરી કરનારને ફટકો એટલે એદલજી ધનજી કાવાના બીજા પંથદર્પણના આઠમા ભાગનું ખંડન " એ નામની એક નાની ચોપડી, જેના લખનાર ઇ. જે. વરતેજી અને છપાવનાર મુખતાર નાનજી કલ્યાણ છે, તેની એક પ્રત અમોને અમારા મિત્ર તરફથી અમારી જાણ માટે મોકલવામાં આવી છે. આ ચોપડી જોઇ પ્રથમ તો અમો ચમક્યા કે, વળી આ ઇ. જે. વરતેજી તે કોણ હશે ! પરંતુ તુરતજ જાણવામાં આવ્યું કે, આ વરતેજી એજ વરતેજી છે કે, જેની ભાંડ ભવાઇનું કારખાનું ઇસનાઅશરી

જમાતમાં નહિ ચાલવાથી, મોટા દલ્લાની લાલચે ખાનાઈ તડામાં ઘુસ્યા છે અને ત્યાં જઈ પોતાનો ભાંડ ભવાઈનો ધંધો આદર્યો છે. હંસના પીછાં પહેરી હંસ બનેલા કાગ બાઈની પોલ ઇસનાઅશરી તડામાં વધુ મુદત ચાલી શકી નહિ અને ઇસનાઅશરીઓ એવા નથી કે, તેવા ભાંડ ભવાઈઓની જાળમાં સપડાયા રહે. ઇસનાઅશરી કેળવણીજ ખુદ એવા પ્રકારની છે કે, તેમાં કોઈ પણ ભાંડ ભવાઈ ચલાવી શકેના નથી; બલ્કે તેવા ભાંડ ભવાઈ ચલાવનારાઓની તેણે એવી તો પોલ ખોલી આપી છે કે, જેના દાસ્તાનોથી તવારીખના દફતરો ભર્યા પડ્યાં છે.

વળી આ ઈ. જે. વરતેજી વિશે અમોએ જે અભિપ્રાય આપ્યો છે તે સઘળા ઇસનાઅશરીઓ સારી પેઠે જાણે છે અને કોઈ બાળક પણ ભાગ્યેજ અજાણ્યું હશે. ઇસનાઅશરી તડામાં રહી તેની સ્વતંત્રતાનો તેમણે જે ગેરઉપયોગ કીધો છે અને તે મુદત દરમાયાન તેમણે પોતાની કાળી યથાકથાને જે ચીત્રી છે તેની હદ એટલે સુધી લંબાઈ છે કે, ખુદ ખાનાઈ તડાંના લોકોના દીલમાં પણ તેમના માટે જગો નથી. તેઓ પોતાના કેવા સ્વાર્થને ખાતર ખાનાઈ તડાંમાં જઈ ભરાયા છે અને તે સ્વાર્થ માટે તેમની ત્યાં શી દરગત થઈ છે, તે તથા તેમની કાળી ધોળી યથાકથા જ્યારે અજાણ વર્ગની જાણમાં મુકવામાં આવશે, ત્યારે સર્વને અસાધારણ હેરત ઉતપન્ન થયા વિના રહેશે નહિ. અને ખુદાતાલા બહુજ નજીકમાં, તે ભેદ ભરમનો પોટલો ખુલ્લો કરી સત્યને મોખરે લાવી મુકશે.

ખુદ ચોપડીનું નામજ તેમની કોટીનું પોત દેખાડનારૂં છે; નહિંતર આવા મારામારી તથા તોફાનવાળા શબ્દથી તેને શોભાવતે કે લજાવતે નહિ, જો અમારા અમુક લખાણનો જવાબજ દેવો હતો, તો પછી સભ્યતાવાળા નામની ક્યાં ખોટ હતી; પરંતુ જેવું દીલમાં હોય છે તેવુંજ મુખપર આવે છે અને તેથી બુદ્ધિશાળી વાંચક વર્ગે તેમના નામ તથા કામની તુલના કરી લીધી છે. ખુદ તેમનાજ ગોઠીયાઓ પણ તેમની પોલ ખોલવાને પાછા હઠયા નથી; બલ્કે જેમણે જેમણે તેને બુદ્ધિની ચક્ષુઓથી વાંચ્યું છે, તેઓ તેઓ તેમના લખાણના પોતને પામી ગયા છે.

મી. લાલજી દેવરાજ તરફથી મુંબઇ ખાતે "ઇસમાઇલી સતપંથ પ્રકાશ" નામે હમણાં એક માસિક બહાર પડે છે તેના અં. ૨ જાના પૃષ્ટ ૬૧ ઉપર "અધિપતિ નોંધ" ના મથાળા નીચે ખુદ અધિપતિજ લખે છે કે:—

"અમોને શેઠ મુખતારભાઇ નાનજી તરફથી 'દુઆના દુશ-
"મનને ઝટકો અને શીતુરી ફતવાને ફટકો' નામની
"બુક મળી છે. આ બુકમાં અમરેલીવાળા એદલજી
"ધનજી કાબાના ઉદ્ધતાઇ ભરેલા લેખોને **સખત ફટકો**
"**મારવામાં આવ્યો** છે જે કે વાંચનારને **ભાષા સખત**
"**અને લેખકની કલમ ફાસ્ટ ગએલ જણાશે.**"

એ રીતે મો. છં. જે વરતેજીના અઘટિત વલણ તથા શબ્દોને તેમના તર્કોના શ્લોકો, આ રીતે વખોડી કહાડે, એ અમારા અભિપ્રાયને સન્જરૂ ટેકો આપે છે. વળી ઉક્ત પુસ્તકમાં અમારાં " ખોજા પંથ દર્પણ ભા. ૮ મો " ના લખાણોનો જવાબ આપવાનો ડોળ ઘાલી, તેને બદલે માત્ર ફટકા તથા ઝટકાથી કામ લેવામાં આવ્યું છે અને તેથી તેમનો અંતઃકરણનો ઈરાદો જવાબ આપવાનો નહિ, પણ ઝટકો તથા ફટકો મારવાનો હતો, જે જાહેરમાં આવ્યો; એટલે કે, ઉક્ત પુસ્તક અમારા પુસ્તકનો જવાબ નહિ; પણ અમોને તે બહાને ઝટકો તથા ફટકો મારી; પોતાને માલ મલીદા ખવડાવનારના મનની તપ્તી કરનારૂં પુરવાર કીધું છે. પુસ્તકમાં જવાબ આપવાના તો અખાડાજ કરવામાં આવ્યા છે અને માત્ર અમોને ગાળ ગલોચ દઈ પોતાના દીલનો ગુબાર કાઢી; ધર્માન્ધ તથા ભોળા ભાઈઓને પુચકાર્યા છે. ખેર એ રીતે તેમના મનનો ગુબાર નીકળ્યો, અને તેમને માલ મલીદા ખવડાવનારાઓ ખુશી થયા અને સઘળું અમોને ગાળ ગલોચ આપવાથી થયું; તેથી અમો તો ખુશીજ થયા છીએ. વળી છ. જે. વરતેજી અમારા કોઈ લખાણ સબંધે જવાબ આપવાનો પ્રયત્ન કરે, તો અમોને ગાળ ગલોચ આપ્યા સિવાય બીજું કંઈ નહિ કરે, એમ અમો તો અગાઉથીજ જાણતા હતા અને તેથી જેમના ઝટકા, ફટકા, તથા ગાળ ગલોચથી અમોને કાંઈ માઠું લાગ્યું નથી.

મન આહદ તો સખ્ત સુસ્ત મીં દાનેસ્તમ,<br>
બ શીકસ્તને આં દુરસ્ત મીં દાનેસ્તમ,<br>
હર દુસ્મની અય દોસ્ત કે બામન કરદી,<br>
આખેર કરદી ન બુસ્ત મીં દાનેસ્તમ,

**સાર**—હું તારા વાયદાને બહુજ નાપસંદ સમજતો હતો અને તેનો ભંગ કરવાને હું વ્યાજબી ગણતો હતો. વ્હાલા મિત્ર ! તેં જે કાંઇ મારા પ્રત્યે શત્રુતા કીધી; પણ તે તેં છેવટે કીધી! પણ હું તો તેને પહેલેથીજ જાણતો હતો.

મી૦ વરતેજીની ચોપડીનું એક રૂખ ઉપર બતાવ્યું છે. હવે તેના બીજા રૂખ તરફ આવીએ. અહીં પણ તેમના ઢોલની પોલ સફાઇબંધ ઝળકી નીકળી છે. ઠામ ઠામ અમારી અંગત જાત ઉપર નિર્માલ્ય તથા નિર્દય હુમલાઓ કરી, કાળા અક્ષરોને કુટી માર્યા છે. માગવામાં આવ્યો છે તો જવાબ; પણ આપવામાં આવી છે ગાળો, મી. વરતેજીમાં આવી ખસલતતો પ્રથમથીજ હતી: પરંતુ ઇસનાઅશરી તડું તેની તેવી ખસલતને રોકનારૂં તથા દાબનારૂં હોઈ, તે વકરી શકી ન હતી. હવે તો તેમની ખસલતને અનુકુળ પડતો સઘળો સરંજામ ખાનાઇ તડાંએ તેમની સમક્ષ પીરસી આપ્યો, અને તેથી તેઓ બાવરા બની, જેમ આવે તેમ વેતરવા લાગ્યા. પણ મી. વરતેજી હજુ અંધારામાં છે. આજના સુધરેલા જમાનામાં એમ મરજીમાં આવે, તેમ વેતરવાથી કામ ચાલતું નથી અને તેથી મરજી મુજબનું વેતરવું લખનારની ઓકાત દેખાડવા સિવાય બીજું કાંઇ પરિણામ લાવવાનું નથી. મસજીદીઆ તડામાં રહીને

પણ જ્યારે તમોએ શરીયતે ઇસલામથી ઉલટી વલણ અખ્તયાર કીધી હતી, ત્યારે પણ તેમાં તમારી અસાધારણ આશ્ચર્યતા વચ્ચે નાસી પાસ થઈ અગલો ઝાંકતા થયા હતા; જે સઘળું બાળકો સુધ્ધાં જાણે છે. છતાં પણ ટંગડી ઉંચી રાખી મેંડકીની જેમ ફુલાયા કરો તો, તમો પોતાના મુખતાર છો. હવે મી. વરતેજીના લખાણને તપાસીએ કે ત્યાં તેમણે કેવો મીર માર્યો છે;

અમોએ "ખોજાપંથ દર્પણ" નામની ચોપડીના કુલ્લે આઠ ભાગો છપાવી પ્રગટ કીધા છે. જેના છેલ્લા ભાગનો જવાબ આપવાનો મી. વરતેજી ડોળ ઘાલી નીકળ્યા છે. આ છેલ્લા યાને આઠમા ભાગમાં, આગાખાનીઓમાં જેઓ પોતાના ધર્મ તથા જ્ઞાનથી અજાણ્યા છે; તેઓ જે "દુવા" નામની બંદગી ભણે છે તે આપી, તેના રચના-રાઓની શોધખોળ, તેની ઇસલામી શાસ્ત્ર વિરૂદ્ધની બનાવટ, વારંવાર તેમાં કરવામાં આવેલે ઘટાડો વધારો, તેમાં સમાએલા જુદા જુદી અનેક ભાષાઓનો છબરડો, તથા તેની ભાષા જ્ઞાનની નિર્બળતાની વીગત આપી, કદીપણ નહિ ટળનારી દલીલોથી તેને પુરવાર કરેલ છે. હવે જો જવાબજ આપવો જોઇતો હતો તો, મજકુર બાબત વિષે આપવો હતો; પરંતુ તે બાબતો ખુદ એવી છે કે, તેનો જવાબજ હોય શકતો નથી અને આવી બાબતની મી. વરતેજીને પુરેપુરી ખાત્રી હોતાં, તેમણે તે બાબતોનો જવાબ નહિ આપતાં, ઝટકા તથા ફટકાથી કામ લીધું છે. તોપણ તેમણે જે ચુનોચરા કીધી છે; તેથી પણ અમોતો

અમારા હેતુને લાભ કર્તા માનીએ છીએ. કેમકે, સઘળાઓ કાંઇ ધર્માંધ તો હોતા નથી; તેથી ઘણા અજાણ્યાઓ તથા સત્ય શોધકોને તસ્વીરની બંને બાજુઓ તપાસવાને અવકાશ મળશે અને સત્ય શોધકો તેમાંથી સત્ય હાસલ કરશે.

તો કજ મેહનતે દીગરાં બેગમી
ન શાયદ કે નામત નેહંદ આદમી

**અર્થ**—તો પછી તું બીજાઓના ગમથી શા માટે બે ખબર છે ? શું તું તારૂં નામ આદમી રખાએલું નથી ધારતો ?

---

## ધુવા પડનારા પાંચ પંદર લોકો.

બડા શોર સુનતેથે પહેલુમે દીલકા
જો ચીરા તો યક કત્રએ ખુન નીકલા

મીં૦ વરતેજી પોતાની ચોપડીના પૃષ્ટ ૧૮ ઉપર લખે છે કે મીં૦ કાબા જણાવે છે કેઃ—

" ઉપરની દુવા કેટલાંક વર્ષો થયાં થોડા ઘણા આગાખા-
" નના મુરીદો ભણતા જોવામાં આવે છે. પાંચ પંદર
" લોકો સમજી, અથવા વગર સમજે, એવી દુવા ખાના-
" માં કરતા હતા; પરંતુ મોટો ભાગ નીમાજ ભણતો
" હતો અને દુવા પડનારની કાંઇ પણ પરવા કરતો નહિ."

મીં૦ ઇબ્રાહીમ ઉપર ટાંકેલા અમારા ફકરા માટે ચુનોચરા કરતાં લખે છે કે;

" ઉપરનો કાબાનો પેરેગ્રાફ એટલો બધો સરલ ઘાત ભરેલો
" છે, તે એટલા ઉપરથીજ સિધ્ધ થાય છે, કે લગભગ
" ૨૫ વરસ અગાઉના હૈયાત ખોજાનું નામ ધરાવનાર કોઇ
" પણ શખ્સ કહેશે કે, મી૦ કાબા કેટલા બધા જુઠા ?
" હાંક સલેમાન ગાલ્લું, કોણ પુછે છે; આપણે જે છાપ્યું
" તે સાચું કહેનારા ઇસનાઅશરી ખોજાઓ તૈયાર છે."

મી૦ વરતંજી તમો સ્વાર્થબાજીના ચસ્માઓ ચડાવી બેઠા છો; પણ અમોએ અમારો જે અભિપ્રાય ટાંકેલો છે, તે પુર્ણ તપાસ પછીજ છાપેલો છે. ધુવા તથા ઇસમાઇલી ધર્મશાસ્ત્રની લાગણી પુર્વક ઉંડી શોધખોળ તથા વાટાઘાટ આજથી ૨૫ વર્ષ ઉપર મહુવાની સ્પેશિયલ ન્યાય કોર્ટમાં ભાવનગર સ્ટેટના ઘણા વિશ્વાસુ તથા બાહોશ ન્યાયાધિશ મી. નસરવાનજી ફરામજી મીરજા સમક્ષ, તેમના કમીશનર પણા નીચે ખાસ થઇ હતી. અને તે તપાસમાં મસજીદવાળા તથા ખાનાઇ પાર્ટી વાળાને પોત પોતાની દલીલો, જે કાંઇ હોય તે રજુ કરવાને ખાસ ફરમાનથી અવકાશ આપ્યો હતો. વળી મી૦ મીરજા ખુદ પોતે તપાસમાં અસાધારણ ટેસ્ટ લેતા હતા. અને ધુવા તેમણે ખાસ પીર મહમદશાની દરગાહમાં ખાનાઇ પારટીવાળાને નજરો નજરો પડાવી હતી. અને ધુવાને ઇતિહાસ તપાસ્યો હતો. આવી સઘળી તપાસ પછી તેઓ ધુવા માટે જે અભિપ્રાય

આપવાને શક્તિવાન નીવડયા; તેજ અભિપ્રાય અમારો પણ થવા પામ્યો છે. મી૦ મીરજાનો અભિપ્રાય વાંચી અમારા અભિપ્રાય સાથે તેની સરખામણી કરવામાં આવે તો, અમારા અભિપ્રાયની સચ્ચાઈ તુરતજ જણાઇ આવે.

મીરજા પોતાના રીપોર્ટના પૃષ્ટ ર૭ માં લખે છે કે:—

" એ ઉપરથી મારૂં એમ નથી કહેવું કે, ધુવા જેવા
" ક્રીયા ખાનામાં થતી હતીજ નહીં; પણ માત્ર એટલુંજ
" કે, પાંચ પંદર લોકો સમજીને અથવા વગર સમજે
" એવી ધુવા ખાનામાં કરતા હતા; પણ તેની કોઇ પરવા
" કરતું હતું નહિ અને જેમ જેને ઠીક પડે તેમ નીમાજ
" કે ધુવા કરતાં. "

અમારા અભિપ્રાયને મી૦ મીરજાની તપાસ ટેકો આપે છે. મહુવા બંદરમાં લગભગ ૬૦૦ ખોજા કુટુમ્બો વસે છે અને જ્યારે ત્યાં એકજ જમાત હતી; ત્યારે પણ તેટલાજ કુટુમ્બો હતાં. તો ૬૦૦ કુટુંબોમાંથી માત્ર " પાંચ પંદર લોકો સમજીને અથવા વગર સમજે એવી ધુવા ખાનામાં કરતા હતા " એ શું અમારા અભિપ્રાયની પુરતી સચ્ચાઇની દલીલ નથી? ૬૦૦ કુટુંબોના કુલ માણસોની સંખ્યા અઢીથી ત્રણ હજારની થાય. તેમાંથી એક હજાર એવાં બાળકો હોઈ શકે કે જે ધુવામાં હાજરી ન આપે; તો શું બાકીના બે હજારમાંથી માત્ર " પાંચ પંદર " અને તે પણ "સમજીને અથવા વગર

સમજીને પડે, એ બુદ્ધિશાળી વાંચક વર્ગને કેવા અનુમાન ઉપર તથા કોણના અભિપ્રાયની ફેવરમાં લઈ જાય છે!

મી૦ મીરઝા પોતાના રીપોર્ટના પૃષ્ટ ૨૬ ઉપર લખે છે કે:—
" મને ખાસ આગ્રહ કરીને ધુવાની ક્રીયા પીરને
" મકાને બતાવામાં આવી. તેમાં પંચોતેરથી એંશી
" આશામીઓ ભેગા કરવામાં આવેલા હતા; પણ
" એ કોઈને પડતાં કે, ક્રિયાઓ કરતાં આવડતું હોય
" એવું લાગ્યું નહિ, માત્ર મુંબઈથી, ભાવનગરથીને
" જુનાગઢથી સીધીને કચ્છી ન્યાતના આસામીઓ આવ્યા
" હતા, તેઓએ ધુવા પઢી અને ભજનો ગાયાં. બાકી
" બીજાઓએ ઘડી ઘડી ડોકાં નમાવ્યા કીધાં મને લાગે
" છે કે જ્યારે છેલ્લા દસબાર વરસના ( કહેવાતા )
" ધર્મ અંતસના જનુનમાં એઓ આજે એટલા અજ્ઞાન
" છે, તો અગાઉ કેટલા અજ્ઞાન હોવા જોઈએ."

ન્યાયાધિશ મી૦ મીરઝાના ઉપરના શબ્દોને બુદ્ધિના કાટલામાં તોળી જુઓ, તો જણાશે કે, મહુવાના આગેવાનમાં આગેવાન ગણાતા ખાનાઈ ખોજાઓ વરીક ધુવા જાણતા નહિ અને તેથી "પાંચ પંદર લોકો સમજીને અથવા વગર સમજે એવી ધુવા કરતા હતા" એ અભિપ્રાય કેટલો સત્ય છે તે જણાઈ આવશે. અને અમારા ચુકાદામાં લેશમાત્ર પણ સરહાગત નથી અને અમોએ જે અભિપ્રાય આપ્યો છે; તેમાં લેશમાત્ર જુઠાણું પણ નથી,

## ૧૧

હવે જ્યારે પાંચ પંદર લોકો મહુવા જેવા ત્રણ હજાર માણસની વસ્તીવાળા ગામમાં, માત્ર ધુવા પડતા હતા; તો અમો પુછીએ કે બાકીના શું પડતા હતા? નીમાજ પડતા હતા, એ નિર્વિવાદ છે ખુદ મીરજાના કેસથી સાબેત થાય છે કે, કેસની પહેલાં પણ ખાનામાં લોકો નીમાજ પડતા હતા અને ત્યાંની બુખારી સાદાતોની મસજીદમાં તો, તેમની નીમાજ વખતે એટલી ગીરદી થતી હતી કે, ઉભા રહેવાને પણ ઘણાઓને જગો મળતી નહિ અને તેથી એક વિશાળ મસજીદની જરૂર હમણાંજ વ્યવહારૂ રીતે અમલમાં મુકાઈ છે.

ધુવા બીલકુલ પડાતીજ નહિ એવા નહિ; પણ મી. મીરજાના અભિપ્રાય સાથે અમો મળતા થઈએ છીએ. મહુવા સિવાયના બીજા ગામો માટે પણ અમારો તે કરતા જુદો અભિપ્રાય થયો નથી જે જે ગામોનો અમોને ખાસ નજરે જોયાનો અનુભવ છે, તે અમારા અભિપ્રાયથી ઉલટો નથી.

હવે ખોજાઓ મુસલમાન તેથી નીમાજ પડે તે સ્વાભાવિક છે હરેક ગામમાં મોટો ભાગ નીમાજ પડતો હતો અને જેઓ ધુવા પડતો હતો, તે પણ નીમાજમાં અમોએ સામેલ જોયા છે. જ્યારે જ્યારે ખાનામાં તહારતની સગવડ નહિ હોય. અથવા તો તે બંધ હોય ત્યારે ઘણા ખોજાઓ વોહરાની મસજીદમાં, વાડીઓ તથા નદીના કાંઠાપર નીમાજ પડતા અમોએ નજરેનજર જોયા છે અમારા ઘણા મુંબઈગરા

મિત્રો અમોને અનેકવાર જણાવી ગયા છે કે આગા હસન અલીશાહ તથા આગા અલીશાહ દાતાર મુંબઈના ખાનામાં નીમાજ પઢાવતા હતા. આજે પણ એવા હજારો લોકો મોજુદ છે કે જેઓ તેમની પાછળ નીમાજો પઢયા છે.

વળી મુંબઈના અનેક વયોવૃદ્ધ ખોજાઓએ અમોને અનેકવાર જણાવેલું છે કે, મરહુમ આગા સાહેબો નીમાજ પઢાવીને ખાનામાથી ઘેર ચાલી જતા હતા અને પાછળથી થોડા કાઠીયાવાડી ખોજાઓ ધુવા પડતા હતા. આવી ધુવામાં આગા સાહેબોએ કદીપણ હાજરી આપી ન હતી.

જો મી૦ ઈબ્રાહિમ એમ કહેવા માગતા હોય કે, સઘળા ખોજાઓ ધુવાજ પઢતા હતા તો, યા તો એમ માનવું પડશે કે નીમાજ કોઈ પઢતું નહિ અથવા ધુવા તથા નીમાજ બંને પઢતા અને જો એમ કહેવાની મી૦ ઇબ્રાહિમ હિમ્મત કરતા હોય કે, ખોજાઓ નીમાજ પઢતાજ નહિ: તો તે વાત પ્રથમતો ખુલ્લી રીતે અસત્ય હોઈ, ખોજાઓને શરમ રૂપ જેવી છે. જેનો સ્વીકાર પાંચ પંદર માણસો સીવાય બીજાઓ કરી શકશે નહિ કેમકે ખુદ મુંબઇમાંજ ભાગ્યેજ કોઈ ખોજો એવો આળસુ હશે કે, જેણે આગા સાહેબની પાછળ નીમાજ ભણવાનું ગુમાવ્યું હોય:

હવે મી૦ ઇબ્રાહિમ જે પોતાની ચુનોચરામાં એક સત્યવાત લખી જાય છે કે "જે છાપ્યું તે સાચું કહેનાર ઇસ્નાઅશરી ખોજાઓ તૈયાર છે" તે માટે અમારે તેમનો ઉપકાર માનવો જોઇએ; કેમકે

ત્રીશ હજાર જેટલી મોટી ગંજાવર સંખ્યા કે, જેમાં ધારા સભાના મેમ્બરો ડાકટરો, જડજો, રેવન્યુ ઓફીસરો, બી. એ. એલ. એલ, બી. એમ. એ. વકીલો બેરીસ્ટરો સોલીસીટરો વગેરે વગેરે પ્રખ્યાત તથા ચુનંદા આસામીઓ પણ છે; તેમનો અમારા અભિપ્રાયની સત્યતાનો સ્વીકાર અમારા અભિપ્રાયને ઘણો વજનદાર બનાવે છે વળી તેવી મોટી ગંજાવર સંખ્યા; કે જેમાં ઉપર પ્રમાણેના પ્રખ્યાત તથા ચુનંદા આસામીઓ પણ છે; તેમણે પોતાનો નીમાજ પઢતા હતા; તેવો અ-ભિપ્રાય લેખી રીતે પણ ઘણા છાપાઓમાં છપાવ્યો છે.

હવે જો માં૦ ઇબ્રાહીમ એમ કહેવા માગતા હોય કે, ખોજ-ઓને નીમાજ ભણવાની ફરજ નથી અને તેઓ નહિ ભણતા હતા; તો પછી આજથી ૪૦૦—૫૦૦ વર્ષ પહેલાંના પીરોના જ્ઞાનોમાં, તે માટે જગોજગ તાકીદ કેવી રીતે કરવામાં આવી છે તેની કાંઈ અમોને સુઝ પાડશે કે? શેઠ લાલજીભાઈ દેવરાજ કે જેમણે ઇસમા-ઇલી ધર્મ શાસ્ત્રના ફેલાવો કીધા છે અને જે હમણાં તમારા પણ મુરબ્બી થયા છે; તેમણે છપાવેલી મુમન ચેતામણીના પૃષ્ટ ૧૧ ઉ-પર પીર ઇમામશાહનું જ્ઞાન છે જેમાં તે પીર શમ્શના નમાઝ ભણ-વાની હકીકત આપે છે "ત્યાં જઇ નમાઝ કીધી તેણીવાર" પીર નુરમહમદશાહ કૃત ગુગરીના જ્ઞાનના પાન ૨૩ ઉપર" જીરેભાઇ તે મલાએક ફરજ નિમાજજ પડે, તે સાચા રીખીસરને કાજે" એ પાઠ

વાંચી જુઓ પીર સદરદીન કૃત ખટ દરસનના પૃષ્ટ ૪ ઉપર "તેમાં રહી નીમાજજ કરી" એ પણ વાંચો. તેજ કીતાબમાં "પાંચ વખત નીમાજજ પડે, ભલા કહે ગુરૂ સોહદેવ, સાચા કહીએ સોહી મુલ્લાં વીગેરે વગેરે ડઝનબંધ પીરોના જ્ઞાનોમાં નીમાજનો ઉપદેશ છે, તો જો ખોજાઓને નીમાજ પડવાની નહિ હતી તો: પીરો પોતે પડતા અને પડવાનો ઉપદેશ કરી ગયા તેનું કેમ? શું તમો તેમની જ્ઞાનો ઉપર વિશ્વાસ નથી લઈ જતા?

જરા આગળ ચાલી મી૦ ઈબ્રાહીમ પૃષ્ટ ૨૦ ઉપર ચુનોચરા કરતાં લખે છે કેઃ—

> " પરંતુ હાલની સ્થિતિ તરફ જોતાં તો મોટી જમાત ઇસમાઇલી
> " કહેવાય છે. થોડાની ગણત્રી તમોનેજ ખોટા પાડે છે."

લખનારનું દુખે છે પેટ અને કુટે છે માથું; કેમકે મુળ પ્રશ્ન પ્રથમની સ્થિતિનો છે, તેને પડતો મુકી હાલની જમાતની મોટી સંખ્યાની દલીલને વળગે છે; પરંતુ તેમ વળગીને હાલની મોટી જમાતની ગવાહી માત્ર "મોટી સંખ્યા" કહી દેવાથી થઇ શકે નહિ. શું હાલની જમાતની મોટી સંખ્યાએ કદી એમ કબુલ કરેલું છે કે, પાંચ પંદર નહિ પણ બધા કે વધુ મુરીદો દુવા ભણતા હતા અને નીમાજ નહોતા ભણતા? બલ્કે અમો ખાત્રી પુર્વક રીતે કહેવાની હીમ્મત કરીએ છીએ કે, હાલની મોટી સંખ્યાના આગેવાનો વટીક તેનો સ્વીકાર કરવાને તત્પર નથી. અમો તેવા આગેવાનોને

તેમના ઓફીસોમાં, ઘરોમાં તથા ફરનીચરની દુકાનોમાં મુસલ્લા પર ઉભા રહી નીમાજ ભણતાં અનેકવાર જોઇ આવ્યા છીએ; છતાં પણ તમારા મનને નિરાશ નહિ થવાને ખાતર; હજુ પણ અમો તમોને એવી મોહલત આપીએ છીએ કે, તમારી જમાતમાંના થોડાક કેળવાયલા આગેવાનોથી તેઓ નીમાજ નહિં; પણ હમેશાં દુવાજ ભણતા હતા તેની દુવા વંચાવીને તેમના ખાત્રી બદલની સહી રજુ કરો, પણ ન તેઓ તેવી વાતનો સ્વીકાર કરશે અને નતો તમો તેવી જાતની સહી લઈ શકશો. જો તમો મોટી સંખ્યાની દલીલને રજુ રાખવા માગતા હો તો, શા માટે સર ઇબ્રાહિમ રહેમતુલા કે સર ફાજલભાઇ જેવાની ખાત્રીના સહી નહિ લાવી શકો?

તમો જેને મોટી જમાત અને મોટી સંખ્યા કહો છો તેમાંના સેંકડે ૯૦ ટકા ઉપરાંતનાને દુવા હજુ પણ આવડતી નથી. અને તેઓ તેને શીખવાની આવશ્યકતા જોતા નથી. પરંતુ અમો હિમ્મતથી કહીએ છીએ કે, તમારી મોટી જમાત તથા મોટી સંખ્યામાં હજારો માણસો એવા છે કે, જે નીમાજ હજુ પણ પડે છે. સર આગાખાન સાહેબ પણ કદી દુવા ભણતા નથી; પણ નીમાજ તો મી૦ કુમસીયાના કહેવા મુજબ જરૂર પડે છે.

દુવા ખાનામાં પાંચ પંદર લોકો જે સમજીને કે વગર સમજે ભણતા હતા એવો જે અમોએ અમારો અનુભવ જણાવ્યો છે અને જે માટેની પુષ્ટિ અમો ઉપર આપી ગયા છીએ તે અમારા અનુમા-

નને તમો પણ ટેકો આપ્યા વિના રહી શક્યા નથી તમો પૃષ્ટ ૨૦ ઉપર લખો છો કેઃ—

"પાંચ પંદર લોકો સમજીને અથવા વગર સમજે એવા ધુવા
"ખાતામાં કરતા હતા; તો એ તમારો અનુભવ મને તો
"તમારા અસલ વતન અમરેલીનોજ લાગે છે."

પાંચ પંદર લોકો ધુવા પડતા હતા, તે પણ સમજીને પડતા હતા તેવી શાહદત મળી શકતી નથી. મુંબઇની વડી અદાલતના વડા જડજ સર અરસકીન પેરીએ ઈ. સ. ૧૮૪૭ ની સાલમાં એક ખોજા વારસા હીસ્સાના મુકર્દમાના ચુકાદામાં ખોજાઓ માટે એમ જણાવ્યું છે કેઃ—

"તેઓ કેવળ અભણ અને પોતાની સ્થિતિથી તદન નાવાકેફ
"છે. જે અજ્ઞાનપણું તેઓમાં હાલ હસ્તી ભોગવે છે તે
"જ્યારથી તેઓ મુસલમાન થયા ત્યારથીજ તેમનામાં હોય
"એમ જણાય છે જેત કે તેઓ પોતાને મુસલમાન તરીકે ઓ-
"ળખાવે છે; તો પણ પેગમ્બર મહંમદ વીશે અને કુરાન
"વીશે તેઓ કાંઈ જાણતા નથી...

"(તેઓ એટલા અજ્ઞાન છે કે) તેઓ સુન્નીઓને
"કહે છે કે અમે સુન્ની છીએ અને શીયા લોકોને કહે
"છે કે અમે શીયા છીએ. સુન્ની અને શીયા લોકોમાં
"શું ફેર છે તે તેઓ જાણતા નથી અને જાણવાની

" દરકાર પણ રાખતા નથી. તેમની પાસે કુરાનના તર-
" જુમો તેમની દેશી ભાષા કચ્છી અથવા તેમના ધંધા
" રોજગારની ભાષા ગુજરાતીમાં નથી. તેમનામાં શીખેલા
" માણસોનો ટોટો છે અને વિદ્વાનો તો હોયજ ક્યાંથી ? એક
" પણ ખોજો અરબી અથવા ફારસી ભાષા જાણતો નથી:
" કે જે ભાષામાં મુસલમાની ધર્મ અને સાહિત્ય લખા-
" એલા છે."

મી. જાફર રેમતુલા બેરીસ્ટર એટ લો પણ પોતાના "ખોજા કોમનો ઇતિહાસ" નામક ગ્રંથમાં ઉપરની વાતને ટેકો આપતા લખે છે કે:—

" પણ જો ૫૦ વરસ ઉપર ખોજા કોમની સ્થિતિ આ-
" પણે તપાસશું તો આપણને જણાશે કે, ખોજાઓ
" વિદ્યા શબ્દનો અર્થ પણ સમજતા ન હતા એમ
" કહીએ તો કાંઇ ખોટું નથી. આપણે શીખીને શું કરવું
" છે. શીખેલા માણસ ભુખે મરે છે. શીખવાથી ધર્મના
" હાની થાય છે એવી સલાહ ખોજા માબાપો પોતાનાં
" નાનાં બાળકોને આપતા "

ઉપરના ૫૦ વર્ષ પહેલાંના અભિપ્રાયોથી એમ નક્કી માની શકાય છે કે જો પાંચ પંદર લોકો પણ ભુવા પડતા હોય તો, તેઓ સમજીને તો નહિજ પડતા હતા તે અભિપ્રાયો પછીની ખાનાઇઓની ધાર્મિક

અજ્ઞાનતાની સ્થિતિ જોતાંને તેવી દયાજનક છે. જેઓ જમાતમાં આગેવાનો તથા ધર્મના મીશનરીઓ કહેવાય છે, તેઓ ખુદ પણ હજુ કુરાને મજીદને જાણુતા નથી. નીમાજની તેમને ખબર નથી; બલ્કે તેઓ કહે છે કે, નીમાજ અમારા પર ફરજ નથી. રોજા હજનો પણ ફરજ નથી તે કરતાં આગળ વધી ઇસલામ તથા ઇસલામી શાસ્ત્રોની તેઓ સરે જાહેર અવગણુના કરે છે. વળી ધુવામાં અરબી, ફારસી, ઉરદુ, કચ્છી, સીંધી, પંજાબી, ગુજરાતી તથા પ્રાકૃત પ્રાંતીક ભાષાઓનો ખીચડો હોવાથી, તેને પુરેપુરી તો હજુ પણ તમારી જમાતના પાંચ પંદર લોકો ભાગ્યેજ જાણુતા હશે. માટે આવી સબળ દલીલો વચ્ચે અમારો એવો અભિપ્રાય:—

"ધુવા કેટલાંક વર્ષો થયા થોડા ઘણા આગાખાનના મુરીદો
"ભણુતા જોવામાં આવે છે. પાંચ પંદર લોકો સમજી અથવા
"વગર સમજે એવી ધુવા ખાનામાં કરતા હતા, પરંતુ મોટા
"ભાગ નીમાજ ભણુતો હતો અને ધુવા પડનારની કાંઇ પણ
"પરવા કરતો નહિ"

કદી જુડો ટરી શકતો નથી. આજે અમારા લોકોની ધાર્મીક સ્થિતિ ઘણી આગળ વધેલી છે, મસજીદો, ઇમામવાડાઓ, મદરેસાઓની સંખ્યા જુઓ, નીમાજ પઢનારા તથા તેને સમજીને પઢનારાની સંખ્યા જુઓ, કુરાન તથા હદીસ તથા મસલા મસાએલ જાણુનારાની સંખ્યા જુઓ, હાજી તથા ઝવ્વારોની સંખ્યા જુઓ

અને તેનો તમારા ખાનાર્ઈ તડાંની સંખ્યા સાથે મુકાબલો કરો અને પછી જવાબ આપો. અમોને સુઝ નથી પડતી કે, શરમને લીધે ગરદન ઝુકાવી લીધા સિવાય તમો શું જવાબ આપી શકશો. !

નહિ તુમ્કો લાઝીમ બુરાઇકી બાતેં,
બલું કોહે ઝેબા બલાઇકી બાતેં,
ગઝબહે! કે દીલમે તો રખ્ખો કુદુરત,
કરો મુંપે હમસે સફાઇકી બાતેં.

---

## વરતેજીનો એકરાર

દોનાં અઝ દસ્તે દુનાં જહાં બાહરા સ્તે ના ખુર્દન
સીના દર સીના ખુર્દન બેહ કઝ અઝ દુના દોના ખુર્દન

**અર્થ**—જગતમાં કમીન માણસના હાથથી બે રોટલીઓ ખાવી, તે ભાલું ખાવા સમાન છે. છાતીમાં ભાલું ખાવું સારૂં, પણ કમીના માણસોથી બે રોટલી ન ખાવી.

મી૦ વરતેજી પૃષ્ટ ૧૧ ઉપર લખે છે કે:—

" કેટલાક અસનાઅશરીયો મારી જુની ભાવનાની યાદ
" મારી કવિતા મારફત આપતા હશે, તેઓને મારા ઇસ્લ—

" માર્ફતી તરીકેના વિચારો કેવા મકટમ દરજ્જાનાં છે,
" તે જાણવાને પણ મારો આ જવાબ કામે લાગશે."

મા૦ ઇબ્રાહિમજી! તમો ઇસનાઅશરી તડાંમાં હતા ત્યારે ત્યાં તમારી ભાવના કેવી હતી અને તે તડામાં રહીને તમોએ કેવા કેવા કટ વટાવો કીધા હતા; તે કોઇપણ ઇસનાઅશરીની જાણબહાર ભાગ્યેજ હશે. તમારૂં સુન્ની મોલવી પાસે સુન્ની થઇ જવું અને પાછળથી તેથી ઉલટું હેન્ડબીલ છપાવવું, હરીવંશના ઇશ્કમાં તલ્લીન થવું, તથા તેવીજ એક નહિ પણ સંખ્યા બંધ ભાવનાઓની યાદ અત્રે લાવી, અમો લંબાણ કરવા માગતા નથી અને તમોએ તમારી કવિતાઓને પણ કેવી કંગાલિયત વચ્ચે અને કેવા પ્રકારની સ્વાર્થબાજી વચ્ચે પેશ કીધી હતી, તે તો તમારા ભાવનગરના ગોલીયાઓના છુપા ભેદોના દફતરોમાં જઇ તપાસો.

તમારો એવો ઇકરાર કે, હું ઇસ્નાઅશરી મઝહબ પાળનારાઓ-માંનો જ્યારે એક હતો" વળી બીજી જગોએ "હું પણ અધુરાપણાથી ઇસ્માઇલી ધર્મ વિરૂદ્ધ વિચાર ધરાવતો હતો" હવે જો તમો પ્રથમ ઇસનાઅશરી ધર્મ પાળનારાઓમાંના એક હતા ત્યારે તમારા એ તકાદ તથા અમલ ઇસ્નાઅશરી પ્રમાણેના માનવા જોઇએ; એટલે કે, તમો ખુદાને વાહદુ લાસરીક, નિરંજન નિરાકાર માનતા હોવા જોઇએ. ખુદાનું સાકાર થવું, અવતારો થવા, હુલુલ થવું એ વીગેરેની માન્યતાના

નિશંક વિરોધી હોવા જોઇએ. પેગંબર હજરત મોહંમદ સ૦ ને માનનારા અને તે હજરત મોહમદ સ૦ ના અવતારો થઇ શકે નહિ અને જેઓ થઈ શકે તેવું માનતા હોય, તેમનાથી તમારા વિચારો અવસ્ય ઉલટાજ હોવા જોઇએ. તમો મુસલમાન અને શીઆ પંથનાં અને ખાસ બાર ઇમામને માનનારા તથા બારમા ઇમામને પોતાના સાહેબુલ અઝ માનતા હોવા જોઇએ. તમો લખો છો કે ઇસમાઇલી પંથથી મારા વિચારો વિરૂદ્ધ હતા તો, ૪૮ ઇમામને તો તમો જુઠાજ માનતા હશો. તે વખતે કીયામતને માનતા હશો અને લક્ષ ચોર્યાશીની માન્યતા તમોને તદ્દન જુઠીજ લાગતી હશે. પાંચ વખતની દરરોજ નીમાઝ ભણતા હશો અને ધુઆના તો તમો વિરોધી તથા દુશમનજ હશો. રોજા આમાલ વીગેરે પણ બજાવતાજ હશો; પણ હવે જ્યારે તમોએ ઇશનાઅશરી મઝહબ તજી આપ્યો; ત્યારે ઇશનાઅશરી મઝહબને તમોએ સત્ય નહિ માન્યો એ સિદ્ધ થાય છે અને તેથી ઇશનાઅશરી માન્યતાઓ તમોએ જરૂર જરૂર તજી આપી હશે. એટલે કે હવે તમો ખુદા વાહદહુ લાશરીક તથા નિરંજન નિરાકારની માન્યતા તજી ગયા હશો. અને તેને બદલે ખુદાનું સાકાર હોવું અવતાર થવું, હુલુલ કરવું વગેરેને માનવા લાગી ગયા હશો. હજરત પેગંબર સ૦ ના પણ અવતારો થયા છે એમ માની પીરોનેજ તે હજરત મોહંમદ સ૦ છે એમ જરૂર માનવા લાગી ગયા હશો. હવે તો તમો ઇમામ હસન અ૦ ને ઇમામ નહિજ માનતા હશો. અને કીયામતને બદલે પુનર્જન્મ અથવા તો

ઈમામત તથા પુનર્જન્મ બંનેની ઢોલકી બજાવતા હશો. પાંચ વખતની નીમાજ પડવી પણ ઈસમાઈલી થયા તે દહાડેથી તજી આપી હશે. અને હવે તો અવતારોના વૃતાંતોવાળી ધુવા દરરોજ ત્રણ વખત પડવા માંડી હશે. ઈસનાઅશરી મઝહબમાંથી નીકળી ગયા પછી, કદીપણ મસજીદમાં તો નહિજ ગયા હશો. કુરાને મજીદને માનવાનું પણ તજીજ આપ્યું હશે અને હવે તો અથરવેદનાજ ( પીરોના જ્ઞાનો ) અભ્યાસી બન્યા હશો અને તે ઉપરાંત ઈસમાઈલી મીશનરીઓ જે પ્રમાણે ઈસમાઈલી પંથનો ઉપદેશ કરે છે, તે પ્રમાણેના અકાયદો તમોએ બનાવ્યા હશે અને તે અકાયદો પ્રમાણેની માન્યતા ગ્રાહ્ય કીધી હશે અને ઈસમાઈલી કાઉન્સીલના ભલા ભલા ચેરમેનો તથા મેમ્બરો જે પ્રમાણે ઈસમાઈલી પંથ ઉપર અમલ કરે છે તે પ્રમાણે તમો પણ જરૂર અમલ કરતા હશો.

ઉપર પ્રમાણેનો તમોને ઈકરાર જરૂર કબુલ હશે અને તેથી તમારા ઈસનાઅશરી પંથમાંથી નીકળી ઈસમાઈલી પંથમાં ગયાથી, તમારા વિચારો તથા આમાલોમાં કેવો અસાધારણ ફેરફાર થયો છે એ સારી કાની સમજી શકાય છે. અને ખરેખર તમો ઉપર પ્રમાણેના ઈસમાઈલી આચારો વિચારોથી અલંકારિક થયા છો. અમે તમારાજ શબ્દો " મારા ઈસમાઈલી તરીકેના વિચારો કેવા મકકમ દરજ્જાનાં છે, તે જાણવાને પણ મારો આ જવાબ કામે લાગશે " તેથી નકી થાય છે. ખરેખર તમોએ તમારા મનને બહુજ મકકમ બનાવ્યું છે અને તમો ખરેખર મકકમ

ઇસ્માઇલી થયા છો, એમ અમોને આજબી લાગે છે; તોપણ જ્યાંસુધી તમો તમારો ઇતકાદ તથા વિચારોને એક લડીમાં પરોવીને વીગતવાર નહિ જણાવો; ત્યાં સુધી તમારા મક્કમ ઇસ્માઇલી પણા ઉપર અમારા ઘણા ભાઇઓને તમારા લખવા પ્રમાણે ઇતબાર આવશે નહિ. અને તેથી તમારે પોતાના ઇસ્માઇલી વિચારો જે ઘણાજ મક્કમ છે તે સઘળા ઇસ્નાઅશરીઓને ક્રમવાર જણાવી દેવાને તસ્દી લેવી જોઇએ અને તેવી તસ્દી માટે અમો પણ તમોને ખાસ ભલામણ કરીએ છીએ કે, જેથી તમારો ઇકરાર રજુ થાય અને તે પછીના શાસ્ત્રાર્થ તથા વાદવિવાદમાં તમો પેંદા વિનાના ઘડાની જેમ ઇધર તીધર લુડક્યા ન કરો. અને જ્યારે તમો " ઇસ્માઇલી તરીકેના વિચારો કેવા મક્કમ દરજ્જાના છે " તેમ જણાવવાને પ્રયાસ કરો છો ત્યારે તો અમારી માગણી તમોને બહુજ આવકારદાયક થઇ પડશે અને તમો જે પૃષ્ટ ૧૧ ઉપર એમ લખો છો કે " હું પણ અધુરાપણાથી ઇસ્માઇલી ધર્મ વિરૂદ્ધ વિચાર ધરાવતો હતો " તે તમારૂં " અધુરાપણું " પણ જોઇ શકાતા, તમારા ઉપરનો " અધુરાપણા " નો આરોપ પણ ઉડી જાય.

કેહતા નહિ મેં યેહ કે, બજા કેહતે હેં !
બલ્કે યેહ તાઅજ્જુબ હે, કે ક્યા કેહતે હેં !

# ૨૪

# શું ધુવા તથા નીમાજ એક છે !

કાઝી અર્બામાં નશીનદ દસ્તેશાનદ દસ્તરા,
મોહતસીબ ગર મય ખુરદ માઝુર દારદ રાસ્તરા,

**અર્થ**—કાઝી જો અમારી સાથે બેસે તો, હાથપર હાથ મસળે કોતવાળ શરાબ પીએ તો પછી મસ્ત બાપડો કઇ ગણત્રીમાં છે !

મી૦ ઇબ્રાહીમ પૃષ્ટ ૩૨ માં લખે છે કેઃ—

"નિમાઝ બંદગી અને દુવા એ માત્ર ભાષાનોજ ફરક
" છે. તેમાં મુળ હેતુને બાધ આવતો નથી."

નીમાઝ અને ધુવા એકજ વસ્તુ નથી; પણ બે જુદી જુદી એક બીજાથી વિરૂદ્ધ પડતી વસ્તુઓ છે, એમ ધુવા તથા નીમાઝ બન્ને વસ્તુઓ ખોજા પંથ દર્પણ ભા. ૮ માં આપી, તેનું લંબાણથી પૃથકરણ કરી, સાબેત કરી આપેલ છે. અને મી. ઇબ્રાહિમે જ્યારે તે ભાગનું ખંડન કરવાનું બીડું ઝડપ્યું, ત્યારે તો તેમણે બંનેની સર-ખામણી કરી પોતાની વાતને સિદ્ધ કરવી જોઇતી હતી, પરંતુ નવા-ઈની વાત છે કે, તે જે વસ્તુનું ખંડન લખવાનું જણાવે છે, તે માટે કાંઈ પણ ન લખતાં રિમાર્ક ઉપરજ દોડી જાય અને રીમાર્કમાં પણ માત્ર બદઝબાની તથા બેહયાઇના ઘોડાને તેજ હાંકી મુકે ! હજુ પણ જો તેમનાથી થઇ શકતું હોય તો, નીમાઝ તથા ધુવા બંનેને જુદી જુદી વસ્તુઓ અને તે પણ એક બીજાથી ઉલટી, તે કોઇ

પણ રીતે એક થઈ શકતા નથી અને જો થઈ શક્તી હતે તો, અમારા મિત્ર મી. ઇબ્રાહિમ જરૂર તે કરી બતાવતે અને તેમને મુળ વિષયને પડતો મુકી, માત્ર બદઝબાની તથા બેહયાઇને અગ્રપદ આપવું ન પડતે.

દુવામાં જુદી જુદી ભાષાની ઇબારતો, ઇસલામ વિરૂધ્ધના અકાયદો, ઇસ્લામ વિરૂદ્ધની ક્રીયાઓ, વખતો વખત થતા રહ્યા ફેરફારો. તેની ઉતપતીની તવારીખ વીગેરે વીગેરે મુળ વિષયો, જે હાથ ધરવાના હતા તે તેમણે કેમ હાથ નહિ ધર્યા, તે માટે શું સર્વ કોઈ એમ અંદાજો ન કાઢી શકે કે, તે કામ તો કદીપણ નહિ બનવા જોગ હોવાથી તેમણે હાથ નહિ ધરતાં ખાલી બદ ઝબાની તથા બેહયાઇ ઉપર સંતોષ માનવા અને તેમ કરી પોતાની મંડળીને ખોબી કરાવવાને દુરસ્ત ધાર્યું છે.

મી૦ ઇબ્રાહિમ ! તમો એમતો ચોક્સ જાણો છો કે, દુવા તથા નીમાજ એક નથી: પરંતુ તમારે તમારા ગોઠયાઓને પુચકારવા હોવાથી તમો તમારા જાનદાપથી ઉલટી રીતે તેને એક જણાવો છો. તો અમો તમોને પુછીએ છીએ કે,

૧ નીમાજમાં કઈ જગોએ “ દસ અવતારો ” ના નામો આવેલા છે ? કેમકે દુવામાં તો તે છે.

૨ નીમાજમાં કઈ જગોએ “ વીસનાપુરી ” ના નામો આવેલાં છે ? કેમકે તે દુવામાં તો છે.

૩ નીમાજમાં કઈ જગોએ " શાહજી પુરીયું " તથા " પીર જીઉં પુરીઉં " આવેલી છે ? કેમકે તે ધુવામાં તો છે.

૪ નીમાજમાં કઈ જગોએ " આગા સુલતાન મહંમદ શાહા " નું નામ આવે છે ? કેમકે ધુવામાં તો તે છે.

૫ નીમાજમાં કઇ જગોએ " દેલમ દેશ માનખા વેશ ખંડ એરાક " આવે છે ? કેમકે ધુવામાં તો તે છે.

૬ નીમાંજમાં કઇ જગોએ " નાદે અલી " આવે છે ? કેમકે ધુવામાં તો તે છે.

૭ નીમાજમાં કઇ જગોએ " અલી અલ્લાહ " આવે છે ? કેમકે ધુવામા તો તે છે,

જવાબ આપો અને ખુદા તમોને નેક હિદાયત આપે. અબતરૂ યા ઉલીલ અબસાર.

બાઝારમેં નિકલે હેં દિરમ સેંક પુરાને,
ઓર સીક્કા રવાં શહેરમેં મુદ્દતસે નયા હુએ

---

# નીમાજ અરબી ભાષામાંજ

પૃષ્ટ ૩૩ માં લખે છે કેઃ—

" મીઠ કાથા જે ડહાપણ ડોળે છે તે અરબીક ભાષાની
" નિમાઝ તેજ ખરી બંદગી છે. જો એમ કહેવા માગતા

"હોય તો તે પણ ખોટું છે; કારણ કે અરબીક ભાષામાં
"બંદગી કરવી જોઇએ એમ કુરાન કે હદીસમાં કોઈ
"ઠેકાણે લખેલું નથી. અને તેથી મી૦ કાબાની જીદ
"અજ્ઞાનતા ભરી છે તેમજ તેમનું આકેબત બગાડનારૂં
"છે એમ અમો ઇસ્લામના અને કુરઆને શરીફના ફર-
"માનથી કહીશું કારણકે કુરઆને શરીફ અરબીક ભા-
"ષામાં અરબસ્તાનના લોકો સહેલાઇથી સમજી શકે માટે
"છે એમ કુરઆને શરીફમાં ( સુરતસ સેઝદા આયત ૩ )
"જી માં ખુલ્લું લખેલું છે કે "કુરાઆનને અરબીયત
"લેકોમાન યઅમલુન" અર્થ " તે એક અરબીક
"કુરઆન છે તે કોમ માટે કે જે જાણે છે"

અમો જે એમ કહીએ છીએ કે, મુસલમાન લોકો માટે અર-બીક ભાષાની નિમાઝ તેજ ખરી બંદગી છે, તેનો મી૦ ઇબ્રાહિમ સ્વીકાર કરતા નથી; પણ અરબીક નિમાઝ તો અરબસ્તાનના અરબી જાણનારા માટેજ હોવાનું કહે છે. આમ કહેવું એ તેમની ઇસ્મા-ઇલી ફીલસુફીને આભારી છે; નહિતર યુરોપ અમેરિકા, એશીઆ, અમેરિકા, આસ્ટ્રેલીઆ વીગેરે ખંડોમાં વસ્તા જુદી જુદી ભાષા ધરા-વતા ચાલીસ કરોડ ઇસ્લામીઓ સઘળાઓ અરબીમાંજ નીમાઝ પડે છે. જો મી. ઇબ્રાહિમનું કહેવું હીન્દના મુસલમાનો માની લેતો, અરબી

નીમાઝ તજી દઇ ઉરદુ ગુજરાતી સીંધી, કચ્છી, પંજાબી મરાઠી તેલંગી કર્ણાટકી; બંગાલી વીગેરેમાં નીમાઝ ગુજારે! વાહ ઇસ્લિમાઇલી ફીલસુફી તથા મી. ઇબ્રાહિમના ભેજાને કે આવી આવી વાતો સુઝી આવે છે! એટલું છતાં પણ તેઓ પોતાના ટોળાંની બંદગીને ગુજરાતી, ઉરદુ, અરબી, ફારસી, કચ્છી, સીંધી પંજાબી વીગેરે માત્ર ભાષામાં કેમ સ્વીકારે છે તેની કાંઈ અમોને સુઝ પડતી નથી! પરંતુ એટલું તો ખુલ્લી રીતે જાણી શકાય છે કે, જેમ તેમ કરી શરીયતે ઇસ્લામને નિર્માલ્ય જાહેર કરવાની વેતરણ કરે છે; પરંતુ હવે તેમની આવી પાખંડી ફીલસુફી તદ્દન કરકરી થઈ ગઈ છે અને તેની ફીલસુફીની વાસી કઢીમાં ઉભરા પણ આવવાનો નથી; એ તેમણે ભુલી જવું જોઇએ નહિ અને અમોને જ્યાં સુધી ખાત્રી છે, ત્યાં સુધી અમો કહીએ છીએ કે, તેઓ તે સઘળું જાણે છે; પરંતુ માત્ર પોતાની ક્ષુધાની ત્રપ્તિ માટે આ સઘળા ચેન ચાળા કરે છે; ખુદા કરેને તેમની ક્ષુધા ત્રપ્ત થાય.

દર દિલશ તસલીમો બરલબ હરફે ઈન્કારે વિસાલ
ગોશ ગો બદ બીશનવદ, ચું દીલ ઝે અંદા ઝસ્ત ખુશસ્ત

**અર્થ**—મેળાપ માટે અંતઃકરણમાં ખુશી છે; માત્ર હોઠો ઉપર જ નકાર છે. મેળાપના શબ્દોનો અવાજ જો કે કાનને ખરાબ લાગે છે; પરંતુ મેળાપ માટેના હાવ ભાવથી અંતઃકરણ ખુશી છે.

---

# ૨૯

# અમારી સતપંથની શોધખોળ

મો૦ ઇબ્રાહિમ પૃષ્ટ:૧૧ માં લખે છે કેઃ—

"મો.કાબા તમોને તદ્દન અજાગેબ લાગશે કે, તમોએ
"સતપંથના નામે જે શોધખોળ કરી છે, તે ભલે તમે
"પુર્ણ માનતા હો, વધુનો અવકાશ ન માનતા હો,
"તોપણ આટલું જ્યાં સુધી સિદ્ધ નહિ કરો કે, ના. આ
"ગાખાન આલે નબીં અને ઓલાદે અલી તરીકે પ્રસિદ્ધ હોઇ
"હાજર ઇમામ છે; ત્યાં સુધી તમારા બધા સિદ્ધાંતો રોજે
"હશરમાં એહલેબૈતની મોહબ્બત રાખનારાઓના અજ્ઞાનોના
"લીષ્ટમાં દરજ થએલા જોઇ શરમીંદગી પેદા થશે"

મો૦ ઇબ્રાહીમ! તમારો ઉપરનો ફકરો જો કે, વાંચક વર્ગને હસી કાઢવા જેવોજ લાગશે; પરંતુ તમોએ તેને જે ઉદેશથી લખ્યો છે; તે અમારી જાણબહાર નથી. તમો તમારી પાર્ટીના ધર્માન્ધ આગેવાનો તથા લેખકોમાં પગ પસારી. પોતાની ક્ષુધાને ત્રપ્ત કરવા માગો છો અને અમો તમારા હિતેચ્છુ હોતાં તમારી ક્ષુધા અમારા કારણે દુર થયેલી જોવાને ઇન્તેજાર છીએ. જો તમારો તેવોજ ઇરાદો નહિ હતે તો વગર દલીલે અને વગર આધારે નામદાર આગા સાહેબ બહાદુરને અમો હાજર ઇમામ નહિ માનીએ તો, અમો રોઝે હશરમાં એહલેબૈતની મોહબ્બત રાખનારાઓના અજ્ઞાનોના લીષ્ટમાં દરજ થએલા

જોઇ શરમીંદગી થશે; એવી ડીંગ મારતે નહિ પરંતુ અમો કે કોઇ-પણ બુદ્ધિશાળી વગર દલીલે કે વગર આધારે માનવાનો નથી. તેવું તો સઘળું આપને કાળેજ આવ્યું છે. અને તેવી સ્થિતિ વચ્ચે, જો અમો આગા સાહેબને હાજર ઇમામ ન માનીએ તો, રોઝે હશ્રની શરમીંદગી અમોને એકવાર નહિ પણ સાતવાર કબુલ મંજુર છે. અને તેવા દસ્તાવેજ ઉપર અમો સહી કરી, તેને રજીસ્ટર કરાવી આપવાને તૈયાર છીએ.

મી૦ ઇબ્રાહિમ! ખુદા તમારી બુધ્ધા ગુમ કરે, અમો તમોને પુછીએ છીએ કે, ઇમામની સરતો કઈ છે અને તેવી સરતો જો નામદાર આગા સાહેબમાં હોવાની ખાત્રી નહિ કરી આપો, ત્યાં સુધી ઉપર પ્રમાણેની જબરજસ્તી કરવાનો તમોને કે તુમારા ગોઠીયાઓને શું હક છે?

પર ઇમ્તેહાં બગૈર તો યેહ ખાદીમ આપકા:
કાયલ નહિ હોઝુર કીસી શેખા શાબ કા.

અમોએ જે સતપંથ વિષે શોધખોળ કીધી છે અને તેમાં બુદ્ધિ પુર્વકની તુલના તથા વાટાઘાટથી, અમો જે નિર્ણયપર આવ્યા છીએ તેના વિશે અલબત્તા અમો મગરૂર છીએ, પરંતુ તેમાં કે બીજી કોઈ-પણ બાબતમાં વધુનો અવકાશ નથી, એમ કદી પણ માનતા નથી અને આ બાબતમાં જગતના સઘળા વિદ્વાનો અમારા મત સાથે મળતા છે.

એક મોટો વિદ્વાન કહી ગયો છે કે "પોતાને પુર્ણતાએ પહોંચેલા સમજવું તેજ પડતીનું ચીન્હ છે" ખુરેખર થાય છે પણ તેમજ

તેટલા માટે જ્યારે કોઇ મનુષ્ય કે, પ્રજા કોઇ બાબતમાં પોતાને પરિપુર્ણ સમજી લે છે. ત્યારે પ્રયાસ નિર્ણય અને નવી નવી શોધોથી વિમુખ રહે છે.

પરિપુર્ણ તો ખુદાની જાત સિવાય બીજા કોઈ છેજ નહિ ભુલને પાત્ર હોવું તે મનુષ્ય માટે નિર્ણય થઇ ચુકેલું છે માટે હવે અવકાશ નથી માનતા, તેવા આરોપથી અમો હમેશાં પોતાને વિમુખ સમજીએ છીએ: પરંતુ તમો જે સતપંથને જાણ્યા, સિવાય, બધું જાણી લીધું છે, માની પોતાને પરિપુર્ણ માનવાનો ડોળ ઘાલો છો, અને તેમ કરી તમારા પગો વધુ પસારવા માગો છો; પણ તેથી કદાચ તમારી ક્ષુધા તપ્ત થાય અને તેમ થાય તે પ્રત્યે અમારી સ્હાનુભુતી તથા દીલસોજી છે; તે પણ થોડા વખતને માટે છે એ વાત તમારે ભુલી જવી જોઇએ નહિ. આ વાત હમણાં તો તમારે ગળે ઉતરવાની નથી અને ઉતરે કે ઉતરી હોય; તો પણ તમો તમારી ક્ષુધાની તૃપ્તી માટે વાણીયાની જેમ મગનું નામ પાડવાના નથી. કહેવત છે કે ઉંઘતો બોલે પણ જાગતો ન બોલે.

ન બીનદ મુદઇ જુઝ ખેશ તન રા,
કે દારદ પરદએ પીન્દાર દર પીશ,

**સાર**—તું તારા સ્વાર્થ વિના બીજું કાંઇ જોતોજ નથી; કેમકે તું અક્કલનો પરદો પછવાડે રાખે છે. પોતાના લાભ માટે અક્કલપર પરદો નાંખી આપે છે.

તમો જો સતપંથને જાણવાનો દાવો કરતાં હો, અને તેને શાસ્ત્રાર્થ દ્વારા સિદ્ધ કરવા માગતા હો, તો તે માટેની યોગ્ય સરતો નક્કી કરવાને અમો જણાવીએ છીએ.

શાસ્ત્રાર્થના નિર્ણય માટે બે ખોજા વિદ્વાનો સર હાજીભાઈ કરીમભાઈ તથા મી. મહંમદઅલી ઝીણા બેરીસ્ટર એટલો તથા ત્રણ ઇતર જ્ઞાતીના વિદ્વાનો જેમાં એક પારસી કોમમાંથી, એક હીન્દુમાંથી અને એક વોહરા કે સુન્ની મુસલમાનોમાંથી. એમ પાંચ વિદ્વાનોની યુગલ નીમવી. તેમની સમક્ષ શાસ્ત્રાર્થ માત્ર દલીલોથી કરવો અને તે યુગલ જે ફેંસલો આપે, તે કબુલ કરવો અને વર્તમાન પત્રોમાં પ્રગટ કરવો. જો તમે અમારી આ માગણીને સ્વીકારતા હોતો, તે માટેની તજવીજ કરો અને ખબર આપો. એટલે અમો તને તનહા આવી હાજર થઇએ. બાકી વગર દલીલનાં લનતરાની કરવી હોય તો આપની પાસે ક્યા તેવા આસામીઓની ખોટ છે. મચ્યા રહો. ક્ષુધા તૃપ્ત કરો અને ખુશી રહો.

સચ બાત કે કેહને મેં પસે. પોશ ન કર,
મુલ્લાં સે ન કર, બેયાલે તસ્વીશ ન કર,
આઝાદી રાયકી સીપર હાથમેં લે,
તેગે ઓહામ સે જીગર રીશ ન કર,

---

## ૩૩

# શરીયતથી ખસેડવાનાં પાખંડો

મી૦ ઇબ્રાહિમ પૃષ્ટ ૨૩ ઉપર લખે છે કેઃ—

" દીલ ન દુખાવવું અકબરી હજનો સવાબ ધરાવે ત્યારે
" મસજીદનીજ તાજીમ ઉપર ભાર મુકનાર, તમારા જેવા
" માટે નીચેનો શએર શુધ ઠેકાણે લાવવા સરીખો માનું
" છું, જો કદાચ તમારૂં કાળજું ઝાડ ઉપર લટકતું ન
" હોય તો, તે એ છે કેઃ—

### શહેર

ચાબલહા નાએજી મેં મસજીદ મીકુનંદ,
દર જફાએ એહલેદીલ જીદમી કુનંદ.
આં મિઝાઝરા ઇન હકીકત અયે ખરાંન
નીસ્ત જુઝ મસજીદ દરને સરવરાંન, "

શરીયતે ઇસલામને લગતી સઘળી બાબતોની રચના એવી મજ-બુત બરિયાઃમો લાવનારી રચાઇ છે કે, તેમાં પાખંડીઓના પાખંડ ચાલી શકતા નથી. તેથી પાખંડીઓને શરીયતે ઇસલામ પોતાનો મલિન હેતુ પાર પાડવામાં, કમાનના હાડકાંની જેમ નડે છે. અને કોઇપણ રીતે શરીયતનો સ્વીકાર કરતાં તેઓ પોતાનો હેતુ પાર પાડી શકતા નથી તેથી શરીયતની કદર ઘટાડવાનો પ્રયત્ન કરે છે. અને તે માટે શરીયતને બ્રાહ્મણના છીલકાંની તથા તેના મગજને તરીકત, હકીકત તથા

મારફતની ઉપમાં આપે છે અને એ રીતે શરીયત ઇસ્લામને લોકોના દીલમાંથી ખસેડે છે અને પોતાનો અસર જમાવી કહે છે કે, અમો સુફી છીએ અમોને જાહેર ક્રીયાની કાંઈ જરૂર નથી. નીમાજ, રોઝા, હજ, ઝકાત વીગેરેને ટીખળ જણાવે છે. મુસલ્લાને ફાડી નાખવાનું, તસ્બીને તોડી પાડવાનું અને મસજીદોને મીસ્માર કરવાનું કહે છે. અને એવી એવી વાતો કરી, પોતાના મુરીદોના તન મન ધન બેધડક થઇ લુંટે છે; પરંતુ જેઓ ખરા સુફીઓ છે, તેઓ તથા સઘળા ઇસલામી, ઇસલામી ફીરકાઓ, તેમની તેવી રીતભાતને ધિક્કારે છે અને ઇસલામના ચક્રથી નહિ ખસવા દેવા માટે, શરીયતના મરકઝપર રજુ રહેવાને ઉપદેશ કરે છે.

ઉપર જણાવ્યા પ્રમાણેના પાખંડી સુફીઓ, શરીયતને નિર્માલ્ય જણાવવા માટે અનેક પ્રકારના છેતરવાના માર્ગો હાથ ધરે છે અને ભોળા લોકોને કાબુમાં લે છે. તેઓ કહે છે કે, હજ પડવા કરતાં તો સત્ય બોલવું એ અફજલ છે, એમ શરીયતની દરેક ક્રીયાને બદલે અમુક અમુક વાતો કહી, તે કરવી બેહતર જણાવે છે અને તેમ કરવાનો હેતુ માત્ર શરીયતના એહકામો તથા ક્રીયાઓનું માતબરપણું ખસેડવાનો હોય છે અને શરીયતની વાતો માત્ર જાહેરની યાને બહારના છીલકાં મીસાલ છે એમ ઠસાવે છે. બાપડા ભોળા લોકો શું જાણે કે, નીમાઝ રોઝા, હજ, ઝકાત, તથા બીજી શરીયતે ઇસ્લામની સઘળી ક્રીયાઓ બીનિ રીતિ ઉપરજ યોજાએલી છે. આવી બાબતો શરીયતમાં

નથી, તેમ જ્યારે ભોળાઓને તેઓ જણાવે, ત્યારે તે ભોળાઓ પોતાના ભોળપણુને લઈ તેનો સ્વીકાર કરી લે, અને પછી તે પાંખડી સુફી પોતાના હલવામાંડા ખુબ ઉડાવે; પરંતુ જે ખરા સુફીઓ છે તે તો શારીયતની ક્રીયામાં સઘળી નૈતિક, માનસિક, શારીરિક તથા આત્મિકની મારફત માને છે અને તેને અદા કરવામાં ઉત્તરોત્તર પ્રયાસ કરી તે મેળવે છે. તો મી૦ ઇબ્રાહિમ પણ પેલા પાંખડી સુફીની શરીયતે ઇસલામને નિર્માલ્ય બનાવવાની પદ્ધતિ હાથ ધરી ઉપરનો ફકરો તથા શેઅર લખે છે એમ કેમ ન કહી શકાય? વળી જગોજગ પોતાના ફીરકાને હકીકતી જણાવી, શરીયત અમારે માટે નથી એમ દેખાવ કરે છે કે, શરીયતના દરજ્જાને અમો વટાવી ગયા છીએ અને હવે શરીયતની અમોને જરૂર નથી અને જ્યારે શરીયત વટાવી ગયાનું જણાવ્યું ત્યારે પાખંડ મત સુફીઓ મુજબ તેમને નીમાજ રોઝા, હજ, ઝકાત, મસજીદ વીગેરેની જરૂર રહી નહી તેથીજ પોતાના ટોળાનાં લોકોને નીમાઝ, રોઝા, હજ, ઝકાત વીગેરેનો ઉપદેશ કરતા નથી અને જ્યારે જ્યારે તેમના ટોળાંના લોકો શરીયતે ઇસલામથી ઉલટું ઉલટું બોલ્યા તથા બોલે છે, ત્યારે તેઓ ખુશી થાય છે, પરંતુ માત્ર બીજા મુસલમાનો સાથે વાતચિત કરવામાંજ પોતાના ઇસલામી હોવાનાં ઇકરાર કરે છે. આવી તેમની હીલચાલે અલબત્ત તેમનાં ટોળાંના ભોળા વર્ગને શરીયત વિરૂદ્ધ બોલવાને દીલેર કરી આપ્યા છે; પરંતુ સમજુ વર્ગ તો તેમની જાળમાં આવી શક્યો નથી અને આવી પણ શકતો નથી.

ॐ

# ખોજાનો અસલ ધર્મ ઇસનાઅશરી.

મો૦ ઇબ્રાહિમ પૃષ્ટ ૬ ઉપર લખે છે કેઃ—

" ઇસનાઅશરી મઝહબ ધારણ કરનારાઓ ખોટી યુક્તિ
" તરીકે, બાપદાદાના પાળતા આવેલા ધરમ તરીકે પ્રગટ
" કરવાની પદ્ધતિ ધારણ કરે છે તે તવારીખોને અને
" જાહેર રેકાર્ડોને ખોટા ઠરાવવાની વૃથા કોશીશ કરવા
" જેવું છે; પરંતુ તેને બદલે ચાલુ ન્યાયી બ્રીટીશ સરકા-
" રના અમલમાં ધાર્મિક છુટનો લાભ 'પસંદ આવેલ
" ધર્મ, તરીકે ઓળખાવે તો કોઈ જાતની મુશકેલી નથી.
" આવી ખોટી પદ્ધતિથી ઘણા કોરટે ચડેલા કેસમાં
" ઇનસાફ આપનારાઓને ગુંચવણમાં નાંખવાનું પાપ
" તેઓ કરે છે એટલુંજ નહિ; પરંતુ પોતે જે મઝહબ
" અખ્તીયાર કરે છે તેના એતેકાદનાં પાયામાં અણધારે
" ખોટાઈ નાખી દેવાય છે; એ સમજતા નથી અને તે
" જે મઝહબ પોતે સાચો માને છે; તેના પાયો ખોટાઇ
" ઉપર માંડવાની શરૂઆત કરે છે તે સમજતા નથી.

ખોજાનો અસલ ધર્મ કયો એ બાબતની ચોખવટ અમોએ "ખોજા પંથ દર્પણના કુલ આઠ ભાગો" બહાર પાડી કરી આપી છે તેમાં ઇસલામના અકાયદો, પીરોના જ્ઞાનો જેને ઇસ-માઇલી ધર્મશાસ્ત્ર નામ અપાયું છે, આગાખાનના રચેલાં પુસ્તકો, કોર્ટોના ફેંસલાઓ, જુદા જુદા તવારીખ નવીશો તથા લેખકોના

આધારો વીગેરે વીગેરેથી ખોજાઓનો અસલ ધર્મ ઇસમાઇલી નથી પણ ઇસનાશરીજ છે એમ અમોએ પાકે પાયે સાબેત કરી આપ્યું છે અને ખુદ તે પુસ્તકના વાંચનથી ખુદ તમારી પારટીનાજ સેંકડો લોકો અમારી શોધને આધિન થયા છે તેના નિર્ણાયક વાક્યો જો તમારી ઇચ્છા હોય તો અમો રજુ કરવાને તૈયાર છીએ. વગર દલીલે તથા વગર આધારે નાચકુદ કરવાથી ખોજા કોમ હવે માનવાની નથી. તમો એમ સમજો છો કે, ખોજા કોમ તદન ભોળી છે; પરંતુ હવે તેવી માન્યતા માત્ર તમારા કલમાગો સિવાયના વર્ગમાં રહી નથી એમ અમો પાકે પાયે જાણીએ છીએ. માટે તમો જ્યાં સુધી ખોજાનો અસલ ધર્મ ઇસનાઅશરી હોવાની ખોજાપંથ દર્પણના આઠે ભાગોમાં આપેલી દલીલો આધારોથી રદ નહિ કરો ત્યાં સુધી તમોને ખોજાનો અસલ ધર્મ બીજો છે તેમ કહેવાનો હક પ્રાપ્ત થતો નથી અને અમો ખાત્રી પુર્વક કહીએ તથા માનીએ છીએ કે, તમો કે તમારી મંડળીથી કદી પણ તેના દલીલ પુરકના જવાબો આપી શકાશે નહિ; પણ હા, તમારી જેમ તમે તથા તમારી મંડળીના માણસો ધર્માન્ધતા, ધીંગ્રાઇ, મોટા કામની ધમકીઓ, ગાળગલોચ વીગેરેથી નવાજશે અને તેવી નવાજેશ અમો માથાપર ચડાવવાને તૈયાર છીએ; પરંતુ તેથી કાંઇ તમારો હેતુ પાર પડશે નહિ.

અમો જે એમ જણાવીએ છીએ કે, ખોજાઓ મુસલમાન છે તેમને ઇશનાઅશરી ધર્મમાં વટલાવવામાં આવ્યા હતા તે કાંઇ વગર

આધારે કહેતા નથી અને તે માટેના જે સેંકડો નહિ પણ હજારો, ધાર્મિક પુસ્તકોના, ઇતિહાસોના, કોર્ટના રેકાર્ડોના તથા તે ઉપરથી થતી તુલના તથા વાટાઘાટના આધારો જે અમારી પાસે મોજુદ છે અને જેમાંના ઘણા અમોએ ખોજા પંથ દર્પણમાં જણાવ્યા છે; છતાં પણ તમો નાકું પકડી રાખો તો તેમાં અમારો કાંઇ દોષ નથી. ભલે તમો નહિ સમજો તો નહિ સમજો. પણ જેઓ જોનારી આંખો, સાંભળનારા કાનો તથા વિચારનારાં અંતઃકરણો ધરાવતા હશે, તે જરૂર અમારી સત્યતાનો સ્વીકાર કરશે અને કરે છે.-

## ધીણોજો નહિ ચાલે.

સદા નાવ કાગઝકી ચલતી નહિ હએ,
છુપી મકરકી બાત રહેતી નહિ હએ,

મી૦ ઇબ્રાહિમ પૃષ્ટ ૮ માં લખે છે કેઃ--

" મી૦ કાબાને આ ખોજા પંથ દર્પણના આઠમા ભાગનો
" જવાબજ માત્ર મારે ફાળે આવ્યો છે, જેના બીજા
" જવાબો કેટલા લખનારાઓ તરફથી બહાર આવનાર
" છે અથવા મી૦ કાબાએ પોતાની અજ્ઞાનતાથી ઇસ્માઇલીઓના અંતઃકરણમાં કેટલી બધી લાગણી ઉશકેરી
" છે કે જે દરેકના એકથી વધારે જવાબો બહાર આ-
" વવા વગર શાંત પડનાર નથી. "

અમોએ ખોજા પંથ દર્પણ ભા. ૧ લો તારીખ ૧ માહે નવે-

બર સને ૧૯૧૩ના રોજ બહાર પાડ્યો છે અને તે તારીખથી તેના જવાબ માટેનું અમારૂં ચેલેન્જ છે; પરંતુ તેને આજે ૭ વર્ષ જેટલી મુદત્ત થઇ છતાં પણ તમોએ કે, તમારી મંડળીના કોઇએ પણ જવાબ કે ચું કે ચાં કરેલ નથી. હા, ધર્માન્ધતા, ધીણોજન, મોટા કામની ધમકીઓ, ગાળગલોચ તથા અમો પ્રત્યે અજ્ઞાન વર્ગને ઉશકેરવા તમોએ જરૂર જરૂર પ્રયાસ કીધા છે અને તેમાં તમો જરૂર ફત્તેહમંદ નીવડ્યા છો. આવી ફતેહમંદી આપને મુબારક; પણ અમો તો તેવી વસ્તુની માગણી કરતા નથી. માગણી તો તે દલીલો, જે અમોએ ખોજા પંથ દર્પણમાં જણાવી છે તેના જવાબની કરીએ છીએ. અમો માગીએ છીએ દલીલ તથા આધારો; અને આપો છો ઉપર જણાવેલી વસ્તુઓ, માટે તેવી બાબત ચાલી શકે નહિ.

હજુ પણ અમો તમોને તથા તમારા ગોઠીયાઓને ચેલેન્જ કરીએ છીએ કે, અમો જે દલીલો પુર્વકનો જવાબ માગીએ છીએ તે આપવામાં આવે. ધીણોજો તો અમોએ કદી તમારી કે કોઇની પાસે માગ્યોજ નથી; છતાં પણ તમો તે આપવાનેજ કેમ તત્પર રહ્યા છો અને તેનાજ પ્રસાદની કેમ આગાહી કરતા રહો છો ? અમો તો તમારા વાયદાની રાહ જોઇએ છીએ કે " જે દરેકના એકથી વધારે જવાબો બહાર આવવા વગર શાંત પડનાર નથી " તો તે વાયદો ક્યારે પુરો કરશો ? અને તે વાયદો દલીલો પુર્વકના લખાણથી આપશો કે માત્ર ધીણોજાથી ?

# નીરજીવ ડંફાસની પોકળતા.

ફીસ લીયે આયે થે હમ ક્યા કર ચલે
તોહમતેં ચંદ આપને ઝીમ્મે ધર ચલે

મી૦ ઇબ્રાહિમ પૃષ્ટ ૧૦ માં લખે છે કેઃ—

" આજથી પંદર વરસ ઉપર હું મુંબઇમાં ગુલશન નામના
" એક માસિકમાં અધિપતી તરીકે ટુંક વખત માટે બહાર
" આવ્યો હતો, ત્યારે મી૦ દાગા સાદા લેખ પ્રગટ આ-
" ણવા જે લેખીત આજેઝી કરતો, તે હજુ પણ મારી
" જુની અને ખોરવાઈ ગયેલી વખારમાંથી પણ મળી આવશે
" અને તે વખતે તેના અમરા લખાણોને ઉતેજન ખાતર
" સુધારી પ્રગટ કરવાની મારી લાગણી બતાવી હતી "

ગુલશન માસિક માત્ર એક વર્ષ ચાલુ રહ્યું હતું; તેમાં એકાદ અંકમાં તમારૂં જોડીયા તરીકે નામ આવ્યું હતું અને તે મુદત્ત દરમિયાન અમોએ કોઈપણ લખાણ તેમાં દાખલ કરવાને અમારા રેકર્ડ જોતાં; ખાત્રી પુર્વક અમોએ મોકલાવ્યું નથી; છતાંપણ તમારી ખોરવાઇ ગએલી વખારમાં તે કેવી રીતે આવી ગયું, તેની કાંઇ અમોને સમઝ પડતી નથી અને કદાચ મોકલાવ્યું છે તેમ વગર

દલીલે પોતાની આદત પ્રમાણે માનતાજ રહો તો, તેથી અમો આજથી ૧૭ વર્ષ પહેલાં પણ સાહિત્ય પ્રત્યે ઉંડી લાગણી તથા ચાહના ધરાવતા હતા, તે સિદ્ધ થાય છે. વળી જે કોઈ માસિક કે પત્ર પ્રગટ કરે છે; તેમાં લેખકો પોતાના લેખો છપાવે છે. તેમાં કાંઇ આજેઝી અને નબળાઈની વાત હોતી નથી. લેખક કે, પત્રકારની યોગ્યતાના મુકાબલાનો તેમાં પ્રશ્ન હોઇ શકતો નથી.

તમારા લખાણથી ઉલટું અમારા અઠવાડીક પત્ર "ખોજા પ્રકાશ" માં તમોએ પ્રગટ કરવાને સંખ્યાબંધ લખાણો મોકલેલાં, જેમાંના કેટલાંક દાખલ થયાં અને કેટલાક હજુ પણ અમારા લેટર સ્ટોકમાં મોજુદ છે. અને ઘણાઓ કચરાની ટોપલીને હવાલે થયાં છે. પરંતુ અમો તમારી જેમ તમારી આજેઝી તથા કાકલુદીને વચમાં લાવી, તુમાખીને જગો આપી શક્તા નથી. વળી ગુલશન માસિક વખતે તમો સાહિત્ય સબંધે કેટલી યોગ્યતા ધરાવતા હતા, તે સુર્યની જેમ પ્રકાશીત છે. ખુદ તમારી કવીતાઓ કાવ્ય કળાના દોષોથી કેટલી બધી ભરપુંર હતી; તે જો તમારે જોવા જાણવાની ઇચ્છા હોય તો; અમો તે માટે સાક્ષર વર્ગના અભિપ્રાયો મેળવીને રજુ કરવાને તૈયાર છીએ. માટે કૃપા રાહે તેવી નિર્માલ્ય તથા નિસ્તેજ વાતને તજી આપો અને ખાસ જે કામ કરવાનું છે તે કરો. અને જે કામ તજવા યોગ્ય છે તેને તજી આપો.

કરો ગેરકી ગર મઝમ્મતતો પેહલે,
ઉઠા આઇના અપની સુરતતો દેખો.
કરો અબ ન તુમ એબ જોઈ કીસી કી.
ઝરા અપની ના ગુફતા હાલતતો દેખો.

મી૦ ઇબ્રાહિમ! હજુપણ આપની વિદ્વતા માટે ઘમંડ કે ફાંકો હોય તો; કાઢી નાંખજો. આપની બધી વિદ્વતા હવે કર કરી થઇ ગઇ છે અને થઇ જવા માંડી છે. ખુદ મુંબઇમાંજ. દુર નહિ; પણ ખુદ ખોજા કોમના કોઇ વિદ્વાન ગૃહસ્થના હાથમાં, તમારી આ ખંડનની બુક મુકો, અને તે માટે લેખકની યોગ્યતાનો અભિપ્રાય મેળવો; તો અમોને ખાત્રી છે કે, તમો તમારી ગરદન ઉંચી કરી શકશો નહિ બાકી ધર્માન્ધતા ભરી ઇબારત લખવી, આગળ ગાળો ગલોચ દેવી તથા ઝનુન વધારવું. તે તો ખુદાએ જેને જીભ આપી છે તે સઘળા કરી શકે છે; પરંતુ સમજુ વર્ગ તેવી અઘટિત રીતભાતને ના પસંદ કરે છે અને ખુદ તેવા લખાણો કરનારનેજ તે વધુ નુકસાન કરે છે અને જેને માટે તે લખવામાં આવે છે તેમાં જો તે એબો ન હોય તો; તેથી તેની કીર્તિમાં ઓર પણ ઉમેરો થાય છે.

ગર ન બીનદ બરોઝ શપ્પાર ચશ્મ.
ચશમએ આફતાબ રાચે ગુનાહ.

સાર—જો ચામાચીડીઉ દીવસના ભાગનાં સૂર્યને ન જોઇ શકે, તો તેમાં સૂર્યનો શો વાંક?

# અસલ તથા હાલનો સતપંથ

મી૦ ઇબ્રાહિમ પૃષ્ઠ ૬ ઉપર લખે છે કેઃ—

" ધાર્મીક લાગણીમાં સતપંથ પ્રત્યેની તિવ્રતા તેના ખરાપણાના
" લીધે ઉંચો દરજ્જો ધરાવે છે. "

વ્હાલા મિત્ર! સતપંથ તેના ખરાપણાને લીધે ઉંચો દરજ્જો ધરાવે, તે વાત હમણાં એક બાજુએ રાખીએ; પરંતુ તમોએ પોતાના જે પંથને સતપંથ નામ આપ્યું છે તે તો સતપંથથી ઉલટો પંથ છે સ્થાપીત સતપંથના અકાયદો માન્યતા તથા કીયાઓ વિરૂદ્ધનો તમારો વેશ ધારી સતપંથ છે. જેને સતપંથ કહેવો એ સતપંથના ખરાપણાને તેના ઉચ્ચ દરજ્જાથી ગડબડાવી ઉંડા ગારમાં ધકેલી નાખ્યાં સમાન છે. અને તમોએ જે સતપંથથી ઉલટો માત્ર સતપંથ નામ ધરાવતો સતપંથ ઉભો કીધો છે કે સતપંથ પોતાની ધર્માન્ધતાની તિવ્રતાના કારણે હલકો દરજ્જો ધરાવે છેઃ કેમકે તે સતપંથમાંથી તમોએ સતપંથના ખરા તત્વો કાઢી નાંખી માત્ર બહામ ઉપરના છીલટનેજ અગ્ર પદ આપ્યું છે. શું તમો જે સતપંથની તારીફ કરો છો, તે શું સ્થાપિત સતપંથ પ્રમાણેના અકાયદા ધરાવે છે? સ્થાપિત સતપંથમાં કુરાને મજીદને, હદીસ શરીફને, નીમાઝ, રોઝા, હજ, ઝકાતને, અને ખુદાની વાહદાનિયતને માનવાનું સ્પષ્ટ જણાવેલું છે; છતાં પણ તમોએ તે વસ્તુ પ્રત્યે ઉપલક ડોળ ઘાલવા સિવાય બાકીનું તજી આપ્યું છે અને

તાજાવવા માંડયું છે અને તેને બદલે દશ અવતારો અલી અલ્લા, આગા-ખાન અલ્લા વગેરે વગેરે દાખલ કીધું છે. શું એ તમારો બચાવ છે? અને જો બચાવ હોય તો તે પ્રમાણે તમારામાંના કોઇ એકે પણ તે વસ્તુઓની હિમાયત નથી કીધી? અને તે વસ્તુઓ પ્રત્યે જેમણે જેમણે વિરૂદ્ધતા કીધી, તેમને તે માટે કોઇએ શું કાંઇ સમજુતી આપી છે? બસ તમારી હદ બહારની ચુપકીદિ અને આંખમીચામણીએ, તમારા બનાવટી સતપંથને જેવો ને તેવો સાબીત કરી આપ્યો છે. અને જ્યારથી તેવા બનાવટી સતપંથના, બીઆં રોપવા માંડયા ત્યારથી સતપંથની ઇમારત ખોખરી થવા માંડી અને હવે તો તદન જીર્ણ થઇ ગઇ છે. ખુદ સમયની મ્યુનીસિપાલિટીનો ચેરમેન, તે નીચે વાટ-માર્ગુંઓ, ભાડુતો કે ઘરધણી દબાઇ ન જાય, તે માટે તેને જમીન-દોસ્ત કરવાની ફરજ પાડશે અને જો તમો ફરીથી તેનો જીર્ણોદ્ધાર નહિ કરો તો, તે મકાનનું નામો નિશાન પણ બાકી નહિ રહે.

જ્યારથી સતપંથને સતપંથ નહિ રહેવા દેતા બનાવટી સતપંથ બનાવવાની તદબીરો થવા માંડી, ત્યારથી સતપંથ તે ખરો સતપંથ રહ્યો નહિ, તેથી તેમાં ખરાપણાનો દરજ્જો તથા તિવ્રતા દાખલ થઇ શક્યાં નહિ અને તેવા કારણને લઇ તે બિન જરૂરની વસ્તુ સૌ કોઇને લાગી; તેથી ટપોટપ તેમાંથી તેના મેમ્બરો છટકવા લાગી ગયા. પ્રથમ લાખો માણસો પંજાબ તથા કાશમીર તરફના નીકળી ગયા ત્યાર પછી મુંબઇમાં બારભાયા પક્ષના ૬૦૦ કુટુંબો છુટા પડયા પછી કચ્છ અબડાસા તથા

મસકતમાં છુટા પડયા. હમુંણાંજ મંજાગમાં ૬૦૦ ગુપ્તીઓ પોતાના અસલ હિંદુ ધર્મમાં જઈ મળ્યા અને હજુ પણ જે મેમ્બરો દાખલ છે, તે તેવા સતપંથને ખરાપણાના દરજ્જાપર જોતા નથી; બલ્કે સેંકડે ૮૦ ટકા જેટલા મેમ્બરોમાંના એક અમો પણ છીએ; જો કે અમારા ભાઇઓની સંખ્યા લાખોની છે; પરંતુ તેઓના સતપંથમાં તમારા જેવા કોઈ કોઇ ઉતપન્ન થઈ ગયા છે; તેથી ત્યાં પણ ખરા સતપંથને ખરાપણાના દરજ્જાથી ખસેડવા પ્રયત્ન ચાલ્યો છે અને જેના પરિણામો સતપંથને એવો તો સખ્ત ફટકો મારનારાં નીવડશે કે, જે ફટકાનું ઝખમ રોજે હશર સુધી પણ રૂઝાશે નહિ. જો ખુદાતાલા કૃપાવંત થઈ, તેવા ગંદુમ નુમા જવ ફરોશ યાને ઘઉં દેખાડી જવ વેચનારાઓને નેક હિદાયત કરે; તો ખરો સતપંથ જળવાઇ રહી, તે પોતાની તિવ્રતા તથા ખરાપણાના દરજ્જાને ટકાવી શકે.

નહિ તુમ્કો લાઝીમ બુરાઇકી બાતેં,
ભલું કો હે ઝેબા ભલાઈકી બાતેં,
ગઝબ હે ! કે દીલમે તો રખ્ખો કુદુરત
કરો મુંપે હમસે સફાઇ કી બાતેં,

# હકીકતી ઇસ્લામી આયનો.

( ખંડ બીજો. )

## વરતેજીની જુની રૂપ રેખા.

મી૦ ઇ. જે. વરતેજી ધણી સાસરે ન જાય અને ડાહીને શીખામણ દે, તેમ હવે બગ ભગત થઇ મેદાનમાં આવ્યા, અને પોતાની સ્વાર્થ બાજીની સરાણ ઘુમાવવા લાગ્યા, તેથી સામાન્ય રીતે તેમના પ્રત્યે સર્વની તિરસ્કાર તથા ધિક્કારની લાગણી ઉત્પન્ન થાય; તેમાં કાંઇ નવાઇ નથી એમ અમારૂં માનવું થાય છે.

મી૦ ઇ. જે. વરતેજી પોતાનો સ્વાર્થ કુટી કાઢવાને ગયા તો ખરા, ( અમો દુઆ ગુજારીએ છીએ કે, મી૦ વરતેજીને બહુજ જલદીથી દલ્લો મળી જાય ) પરંતુ તેમ કરતાં તેમની ઘણીજ દયાજનક સ્થિતી થવા પામી. તેમના પરિચયમાં આવનારાઓ તો તેમની બધી હીસ્ટ્રીથી જાણીતાજ હતા. પરંતુ પરિચયમાં નહિ આવવા પામેલા માત્ર તેમની રચેલી બે ચાર કવિતાઓથીજ તેમના માટે અભિપ્રાય બાંધી બેઠેલાઓ પણ હવે આ ઢમઢોલ માંહે પોલથી જાણીતા તથા ખબરદાર થઇ ગયો

મી૦ વસ્તેજી બાપડા પોતાનો સ્વાર્થ કુટી કઢવાને જ્યારે બીજા અખતરાઓમાં નિષ્ફળ ગયા અને બંને બાજુએથી હડધુત થયા ત્યારે છેવટે જેમ ભુખ્યો અખાજ ખાય છે, તેમ ઇસલામ મઝહબની ખોદણી તથા વિરૂદ્ધતા કરવાનું મહાન ગુનાહનું કામ હાથ ધર્યું. પોતાનો હેતુ કુટી કાઢવા માટે સરાણ ઘુમાવનારા પણ જોઇએ; તેથી **જૈસે કો તૈસા** અથવા આવરે **ભાઈ હરખા આપણે બંને સરખા** ની જેમ ખાનાઈ અંધ શ્રધાળુ લોકોને તાકમાં લીધા અને છુમંતર તથા ઝોડ ઝપટ કરી તેનાપર પોતાનો જાદુ જમાવવા લાગ્યા.

ખાનાઈ અંધ શ્રધાળુ લોકોને ઉશકેરવા સિવાય તો, મી૦ વરતેજી ફાવી શકવાનો માર્ગ જોતા નથી; તેથી તેઓએ પોતાનું બધું ધક ધ્યાન અથવા તો છુમંતર ધર્માન્ધ વર્ગને ઉશકેરવામાંજ રોકી પાડ્યું છે હવે કોઇ પણ રીતે ધર્માન્ધ વર્ગને ઉશકેરવા સિવાય તો તેમનું ગાડું ચાલે તેમ નથી; તેથી ધર્માન્ધ વર્ગને અનુકુલ આવે તેવી ધર્માન્ધતા યાને ઇસલામ વિરૂદ્ધની માન્યતાની તરફદારી કરવી અને ઇસિલામના પવિત્ર અકાયદો પ્રત્યે ઉપલક સ્વીકારનો ડોળ ઘાલી અંદરખાનેથી વિરૂદ્ધ માનવું તથા મનાવવું.

ઉપર પ્રમાણે પોતાનો અખતરો અજમાવવા માટે મી૦ વરતેજી મેદાન શોધવા લાગ્યા અને તેવું મેદાન શોધવામાં તેમની દ્રષ્ટિ અ-મારા પર પડી અને અમો જે ખોજા કોમમાં જમાના થયા ઘુસી ગએલા ભેદીવટ તથા ધર્માન્ધતાને ખસેડવાને શાન્તપણે પ્રયાસ કરતા હતા અને

જેનો રૂડો અસર અજ્ઞાન તથા ધર્માન્ધ અંતઃકરણોને જ્ઞાની તથા સત્ય-શોધક બનાવતો ચાલ્યો હતો, તેની છેડખાની કરવાને તૈયાર થઇ ગયા.

હવે અમો તો દીની ઇસલામ પ્રમાણેનોજ ઉપદેશ કરતા હતા અને બેદીનીને ખસેડતા હતા; તેથી તેઓએ પોતાનો મલીન હેતુ પાર પાડવા અને અમારી છેડખાની કરવામાં પોતાના દીનો ઇમાનને એક બાજુએ રાખી દઇ, બે લુગામ થઇ, મરજી મુજબ ભરડવા લાગ્યા અને એ બાબતના સ્વાર્થના અંધાપા આડે તેમને કાંઇ પણ સુઝ રહી નહિ કે, તેમ કરતાં પોતાનું દીનો ઇમાન બરબાદ થાય છે ખરેખર સ્વાર્થ બાજીનો કેફ એવો તો કારી છે કે, તેને કશાનું ભાન રહેતું નથી. ધર્મ નીતિ કે સારી રીતભાત વિરૂદ્ધ જવાય તો એ શું! અને લોકો ગમે તેવો પોતા માટે મત બાંધે તો એ શું! મતલબ કે અમારા સ્વાર્થના નીશામાં ચેનુર બનેલા મિત્ર હરિના માંડવાથી બહાર નીકળી છાતરક છાતરક દોડવા લાગી ગયા.

મી૦ વરતેજીની રૂપ રેખાનો કાંઇક ચીતાર અમો "દાવતે ઇમાન" નામની ચોપડીમાં આપી ગયા છીએ, ઉપરાંત તેઓ હમણા સુધી નામદાર આગાખાન તથા તેમના પંથની વિરૂદ્ધતા કરવામાં દરેક રીતે મુખ્ય પાડ ભજવી ગયા છે. કે જે બાબતથી સઘળી ખોજા કોમ જાણીતિ છે. ખાનાઇ મતના આચાર્યો; અકાયદો તથા મુખ્ય આગેવાનોની તેઓ કેવી લેવડી દાનાહાન કરતા રહ્યા છે, તેથી કોમ

અમારા ખાનાઇ લેખકો તથા બંધુઓ જાણીતા નહિ હશે; કેમકે જો જાણીતા હતે તો, તેઓ તેમની જાળમાં સપડાવાનું પસંદ કરતે નહિ.

અમારા ખાનાઈ બંધુઓ પ્રત્યે અમારી પુરતી હમદર્દિ છે, અને અમો તેઓમાં ઘુસી ગએલી અજ્ઞાનતા ધર્માન્ધતાથી તેમને મોકળા જોવાને સૌથી પહેલા તૈયાર છીએ અને તે તૈયારીનો સરંજામ એકઠો કરવામાં અમોએ અમારા તન, મન ધનનો યથાશકિત બલ્કે તે કરતાં પણ આગળ વધીને ભોગ આપ્યો છે અને અમારૂં એજ ધક ધ્યાન છે કે, તેઓ ઉપરનાં અજ્ઞાનતા, ધર્માન્તા તથા ઇસલામ પ્રત્યેના અભાવના આવી ઘેરાએલાં વાદળો છીન્નભિન્ન થઇ જાય; તેથી અત્રે પણ મી. વરતેજીની રૂપરેખાનો ચીતાર રજુ કરતાં તેઓએ નામદાર આગાખાન સાહેબ તથા તેમના મત પ્રત્યે જે કવીતા દ્વારા સત્ય પ્રહારો કરેલા, તેવી બે કવિતાઓ નમુના દાખલ આપીએ છીએ; શાયદ કે અમારા ખાનાઈ ધર્માન્ધ લેખકોની આંખો ખુલે અને તેઓ ભવિષ્યની આ લોક તથા પરલોકની ગુમરાહીથી બચી જાય.

નીચેનું **હરીગીત** કાવ્ય મી૦ વરતેજીએ પોતે બનાવી જામનગર ખાતેની "મસ્જીદે જાફરીઆ" ખુલ્લી મુકવાના મેળાવડામાં કે જેમાં ખોજા, વોહરા, મેમણ તથા બીજા મુસ્લમાનો તેમજ હીન્દુઓ હાજર હતા; તેમાં પોતેજ જાતે ગાયું હતું તે નીચે પ્રમાણેનું "**ખોજા પ્રકાશ**" ના ઈ. સ. ૧૯૦૯ ના અંકમાંથી સદાબરૂ ઉતારી લઇએ છીએ.

## હરીગીત.

હે! પ્રીય દીનના બંધુઓ! છે શુક્ર તે અલ્લાહનો
કે અસર પૈગામ કોમમાં, કેવો વધ્યો હકરાહનો
જ્યાં ત્યાં અહા! ઝળકી રહ્યું નિર્મળ નિશાને હૈદરી
સલ્લે અલા! આ નગરમાં સ્થાપ્યું મકાને જાફરી ૧

ભુલા હતા હા! આજ સુધી ગફલતી અંધારમાં
ડુબ્યા હતા હા! આજ સુધી મુશરકીના ગારમાં
સાવધ થયા સહુ મજલીસે હુસનેનીના ફૈઝે કરી
સલ્લે અલા! આ નગરમાં સ્થાપ્યું મકાને જાફરી ૨

કલમો મુખે ભરતા હતા, પણ મુશરકી કરતા હતા
ગિત કુફરને અજ્ઞાનતાથી જ્ઞાન ઉચ્ચરતા હતા
એ ભરમ ભાંગ્યો ને ટળ્યા ફેરા થતાં ઇશનાશરી
સલ્લે અલા! આ નગરમાં સ્થાપ્યું મકાને જાફરી ૩

કાશી તિરથ બોધ્યા હતા, ઇસલામ મત સમજાવવા
પણ કમનસીબ બોધકોએ, આજ્ઞા દીધા નહિ હાલવા
મહેનત ફળી તે "સદ્દાન" સાહેબની આજે ખરી
સલ્લે અલા! આ નગરમાં સ્થાપ્યું મકાને જાફરી ૪

દસબંધી સરબંદી આપ કંઇ ખુદ મતમાં ઉતર્યાં
ભોળા મુનીવર ભાઇ કંઇ ઘર બાળીને તીરથ ફર્યાં.

પક્કા થતાં ઇશનાશરી આંધી બધી ગઇ ઉતરી
સલ્લે અલા ! આ નગરમાં સ્થાપ્યું મકાને જાફરી ૫

અલહમ્દો લિલ્લાહ ! "વહદહુલા શરીક" જાણ્યા સહી ખુદા
બરહક ઇમામો બારને માન્યા જે આદમે જુદા
એની મહોબત કીસ્તી માંહે નુહ' સમ જાનું તરી
સલ્લે અલા ! આ નગરમાં સ્થાપ્યું મકાને જાફરી ૬

હાલાક, નતહીર ઇન્નમાં ને હલઅતાને લાફતા
જેની મુબારક શાનમાં કુરઆન શાહેદ છે સદા
બસું જન્નતે એ પાક એહલેબેતનો દામન ધરી
સલ્લે અલા ! આ નગરમાં સ્થાપ્યું મકાને જાફરી. ૭

એની મુબારક પેરવી પ્રસરી છે ખોજા કોમમાં
બાતિલ મત ઝાંખો પડી હક ઝળહળે પુર જોશમાં;
જુજ વરસમાં દેખાય છે દીન દારોની દીલાવરી !
સલ્લે અલા ! આ નગરમાં સ્થાપ્યું મકાને જાફરી ૮

ફઝલે ખુદાથી શેઠ હાજી જાફરે મસજીદ રચી,
"અલ્લાહો અકબર" ની "અઝાં" ની ધુમ જ્યાં આજે મચી,
ઇમામવાડા ! સાથ ખાસી નાતની સગવડ કરી;
સલ્લે અલા ! આ નગરમાં સ્થાપ્યું મકાને જાફરી ૯

એ નેક નીય્યત શેઠની આ ભેટ મંજુર કર,
બરકતથી દિલ પુર નુર કરીને હરકતો સહુ દુર કર;
ઓલાદ ! ઇઝ્ઝત ? જ્યાદ દઇ આબાદીમાં કર પરવરી
સલ્લેઅલા ! આ નગરમાં સ્થાપ્યું મકાને જાફરી ૧૦
પ્રિય ધર્મ રક્ષક ભુપતિ શ્રી જામ રણજીત સિંહજી
જેનાં મયાળુ અમલમાં નીરભય રહી મસજીદ સજીત
રબ આપ એવા જામ શ્રી ને દીર્ઘાઆયુ સુખ ભરી
સલ્લેઅલા ! આ નગરમાં સ્થાપ્યું મકાને જાફરી ૧૧
સન તેરસો સત્યાવી રબીઉલ સાની તારીખ બે વીશે;
મનહર " મકાને જાફરીયા " ની ક્રીયા કરવા મીશે;
મોમીન બીરાદર કચ્છ કાઠીયાવાડથી આવ્યા બહુ,
" ઇબરામ " કહે આવાજથી સલવાત બોલોને સહુ ૧૨

કાઠીયાવાડમાં આવેલા ગઢડા ગામે મરહુમ શેઠ રહેમતુલ્લાભાઇ ડાહ્યાભાઇએ બંધાવેલી આલીશાન મસજીદને ખુલી મુકવાના મેલાવડામાં મી૦ વરતેજીએ એક હજાર માણસના ગંજાવર મેલાવડા વચ્ચે પોતાની ખાસ તે પ્રસંગ માટે રચેલી કવિતા પોતેજ ગાઇ બતાવી હતી. આ કવિતા ખુદ મી૦ વરતેજીએ પોતે છપાવેલા "ઇસલામનો અભ્યુદય" નામના પુસ્તકમાંથી વાંચક વર્ગની યાદ તાજી કરવાને સહાબુરી ઉતારી લઇએ છીએ.

### દોહરો

દયાવંત દાતાર જે, કરૂણાજી કિરતાર;
નિરમળ તેનાં નામથી, શરૂ કરૂં આ વાર–( ૧ )

### હરીગીત.

હે ! પ્રિય મોઅમાન ભાઇઓ, કુદરત જુઓ કીરતારની;
રહેમાનની હક રાહપર, કેવી નજર છે પ્યારની
ઇસ્લામનો જુંડો અજબ, ઝગેક છે, ઠામેઠામમાં;
મસજીદ બની સલ્લેઅલા ! ખોજાની ગઢડા ગામમાં ૧
ઇસ્લામનો સુરજ ઉગ્યો અવ્વલ જે અરબસ્તાનમાં,
ઇરાન તુર્કસ્તાન થઇ, આ જાહુર હિંદુસ્તાનમાં:
મુંબઇ થઇને કચ્છ—કાઠીયાવાડના મુખ્ય ધામમાં
મસજીદ બની સલ્લેઅલા ! ખોજાની ગઢડા ગામમાં. ૨
જે પાક ' દીન ' ના પેરવી, શિખવી રૂડા ફરમાનથી;
**હજરત "મોહંમદ સાહેબે,** નિરમળ મને કુરઆનથી;
જેની બરકતથી આહા ! કુવ્વત મળે ઇસ્લામમાં;
મસજીદ બની સલ્લેઅલા ! ખોજાની ગઢડા ગામમાં: ૩
ઇસ્લામનો વાગેછ ડંકો, આજ જ્યાં ત્યાં જોસમાં;
પયગંબર કૃપાથી તે અસર થયો, રાંક ખોજા કોમમાં;
"અલાહ-વાહેદ" ઓળખ્યો, આ અટપટા હિંગામમાં
મસજીદ બની સલ્લેઅલા ! ખોજાની ગઢડા ગામમાં ૪

મુશરીક પણું દુર થઈ ગયું, બેશક–"બિસ્મીલ્લાહ" થી;
સમજ્યા છે કલમો "લાઇલાહા" અર્થ "ઇલ્લાહ" થી;
ને "ઇન્નમા યાઅમોરો" હવે સમજ્યા ખરા પેગામમાં;
મસજીદ બની સહેઅલા? ખોજાની ગઢડા ગામમાં ૫.

ફરી ખર્ચ ખાસો ખંતથી; મસજીદ રચી રળિયામણી
'અલ્લાહો અકબર' ની "અઝાં" જ્યાં બંદગી માટે ભણી
કરી "મદરેસા"–ઈમામવાડો હદ કીધી છે હામમાં
મસજીદ બની સહેઅલા! ખોજાની ગઢડા ગામમાં ૬

હેદર તણો મોહિબ, ખાસો, "હૈદરાબાદી" અહો!
પ્રિય "રહેમતુલ્લા" શેઠ પર રહેમત ખુદાની નિત રહો;
પરવર દીગારા કર અરજ મંજુર તારા ધામમાં,
મસજીદ બની સહેઅલા! ખોજાની ગઢડા ગામમાં; ૭

પ્રિય "ભાવસિંહજી" ભુપનાં સ્વરૂપ ડેપ્યુટેશને
"મહામદઅલી" સાહેબને, "મુનશીજી" નાં શુભદર્શને
આનંદના શુભ અવસરે શોભા દીધી આ ઠામમાં
મસજીદ બની સહેઅલા ખોજાની ગઢડા ગામમાં ૮

સન તેરસો ચોવીશ હીજરી, જીલહજ સતાવીશે
શુભ સોમવારે આય મસજીદની કીયા થાવા મીશે
આવ્યા બહુ મોમીન બીરાદર રહમ દીલ રળીયાતથી
મસજીદ ગજાવો મોમીનો "અભિરામ" શુભ સલવાતથી ૯

મી૦ વરતેજીની રૂપરેખા માટે તેમની ઉપરની બે કવીતાઓજ બસ થશે. ઉપરાંત બીજી કેટલીક ઉપરની કવીતાઓને પણ માથે પછાડે તેવી છે. વળી તેઓ પોતાની સરખે સરખાની મંડળીમાં બેશી ઇસ્માઇલી પંથ વિશે કેવી કેવી વાતો કરતા હતા, તે જો અમો રજુ કરીએ તો અમોને ધાસ્તી છે કે, તે સાંભળી શકવાની શકિત અમારા ઇસમાઇલી બંધુઓ ધરાવી શકે નહિ અને તેથીજ અમો અમારા ઇસમાઇલી બંધુઓની લાગણીનો ખ્યાલ કરી તે આપતા અટકીએ છીએ.

ઉકત પહેલું હરીગીત જે મી. વરતેજીએ મેળાવડામાં ત્રણ વખત મોટથી લલકાર્યું હતું. તેના વિચારો તરફ દ્રષ્ટિ કરવામાં આવે તો, એક નાનું બાળક પણ સમજી શકે તેમ છે કે, તેમાં મી. વરતેજીએ આગાખાની પંથના ઇસલામ વિરૂદ્ધના અકાયદોની પુરેપુરી પોલ ખોલી બતાવી છે. " ભુલ્યા હતા હા! આજ સુધી ગફલતી અંધારમાં " આ કડીથી તેઓ આગાખાની પંથના ખોજાઓને " આજ સુધી ગફલતી અંધારમાં " પડેલા જણાવે છે. અને જ્યારે તેઓ તેમને ગફલતી અંધારમાં પડેલા જણાવે છે ત્યારે તે ગફલતી અંધારવાળા તેમના કેવા આચાર વિચારો માનતા તથા જણાવતા હતા તેનું અમારે સ્પષ્ટ કરણ કરી બતાવવાની જરૂર નથી વાંચક વર્ગ આપુજ સહેલાઇથી સમજી શકે તેમ છે. ત્યાર પછીની

લીટીમાં તેમણે આગાખાની મતનો શુદ્ધ આઇનો ખડો કરી આપ્યો છે યાને કે " ડુબ્યા હતા હા! આજ સુધી મુશરકીના ગારમાં "

હવે ડુબેલા હતા અને તે પણ શેમાં કે ગારમાં! અને શાનો ગારકે મુશરકીનો! આ ઉપરથી પણ મી. વરતેજી આગાખાની ભાઇ-ઓના શીર્ક તથા કુફ્રવાળા આચાર વિચાર પેશ કરે છે. તેઓ મુશરકીના ગારમાં ડુબેલા હતા. અને ઇસ્લામમાં મુશરીક તેનેજ કહે છે કે જે ખરા ખુદાને તજી બનાવટી ખુદાને માનવા લાગી જાય છે. માણસને, મૂર્તિને, સૂર્યને કે તેવી કોઇ વસ્તુને તે ખરો ખુદા કહેવા લાગી જાય. આ કડી એ વાતની યાદ બહુજ તાજી કરાવે છે કે મી. વરતેજી ખોજાઓમાં મુશરકીપણું હોવાનું માનતા હતા; જેમ કે કોઇ કોઇ નામદાર આગા સાહેબને તથા કોઇ કોઇ મોલા મુશકીલ કુશાને અને કોઇ કોઇ અડતાલીસ ખુદાને માને છે.

અમારા મિત્ર વરતેજી જરા આગળ ચાલતાં તેજ હરીગીતમાં ગુલતાન થઇ લલકારે છે કે " કાશી તિરથ બોધ્યા હતા, ઇસ્લામ મત સમજાવવા, પણ કમનસીબ ભોળાઇએ ઝાઝા દીધા નહિ ફાવવા " આમ કહી તેઓ ખેદ જાહેર કરે છે કે, ભોળાઇએ ખોજાઓને હક માર્ગે ચડવાજ દીધા નહિ અને પીર સદરદીન સાહેબની મેહેનત અકારત ગઇ. આમાં આગાખાની પંથના અકાએદાનું તેઓ કેવું શીર્ક તથા કુફ્ર ભર્યું ચિત્ર દોરે છે તે બહુજ સહેલાઇથી સમજી શકાય તેવું છે.

ત્યાર પછી હરીના માંડવામાં હરીની માળા જપવામાં રોકાઈ તેઓ લલકારે છે કે "દસબંદી સરબંદી થઈ, કંઇ જુઠ મતમાં ઉતર્યા" એટલે કે દસબંદી તથા સરબંદી એ જુઠ મત હોવાનું જણાવી લોકો તેમાં ઉતરી ગયાનો અફસોસ પ્રદર્શિત કરે છે અને ભોળા મુનીવર ભાઇઓ ઘરબાળીને તીર્થ કરતા હતા તથા કરે છે તેની ગવાહી પેશ કરે છે. જરા આગળ ચાલીને ખોજાઓએ ખુદાતાલાને "વહદહુલા શરીક" જાણ્યો તે માટે "અલહમ્દો લિલ્લાહ" કહી ખુદાનો શુકર ગુજારે છે અને તુરતજ "બરહક ઇમામો બારને માન્યા જે આઇમ્મે હુદા" બાર ઇમામોને બરહક જણાવી તેનેજ હીદાયત આપ-નારા ઇમામો કબુલ રાખ્યા છે અને એની મહોબત કીસ્તી માંહે નુહ સમજાતું તરી" કહી જણાવે છે કે બાર ઇમામની કીસ્તીમાં સવાર થવાથી નુહ પૈગંબર અ૦ ની કીસ્તીની જેમ પાર ઉતરાશે અને તેથી પાર ઉતરવાને માટે એજ બાર ઇમામની કીસ્તી નિર્ભય સાધન છે.

આ પહેલી તથા બીજી બંને કવીતાઓ ખાનાઈ મતના ઇસલામ વિરૂદ્ધના અકાયદો રજુ કરતી અને ઇસનાઅશરી મતના અકાયદો શુદ્ધ ઇસલામ પ્રમાણેના જણાવતી છે. તેમાં મી. વરતેજીની તે પ્રસંગે ધાર્મિક કેવી માન્યતા હતી તથા તેઓ તેને લગતા કેવા આચાર વિચાર ધરાવતા હતા તેની બહુજ સફાઈ જોવામાં આવે છે. વળી આ સઘળી વાત તેઓ કોઇ એકજ માણસને જણાવતા નથી. પણ તેની હજારો નકલો છાપીને મેળાવડાઓમાં વહેંચે છે તથા પોતા

તરફના પુસ્તકોમાં તેને છપાવી ફેલાવે છે તથા જાહેર વર્તમાનપત્રોમાં તેને પ્રગટ કરાવે છે. કાંઇ આ બે કવીતાઓ ઉપરજ તેમના પ્રથમના આચાર વિચારોનું રજુ થવું સંકોચાયલું નથી. બલ્કે તેઓએ "હૈદર ફુલાસ" નામે એક કાવ્યની ચોપડી રચી તેમાં પણ એજ પ્રમાણે સરાઇ કરી નાંખી છે. અને આ સફાઇ એટલી તો ખુલ્લી છે કે જેનો સ્વીકાર તેમણે પોતાના "દુઆના દુશમનને ઝટકો" નામક પુસ્તકમાં એમ કરી બતાવ્યો કે **"હું પણ અકુશળપણાથી ઇસમાઇલી ધર્મ વિરૂદ્ધ વિચાર ધરાવતો હતો"** મતલબકે તેઓ ઇમામી ઇસમાઇલી ધર્મની વિરૂધ્ધતા કેટલાક દાઇકાઓ સુધી જાહેર રીતે પેટ ભરીને અને રાજીખુશીથી કરી ચુકયા છે. અને સાથેજ તેઓ કેટલાક દાયકાઓ ઇસનાઅશરી દીનની હીમાયત જાહેર રીતે, પેટ ભરીને અને રાજીખુશીથી કરી ચુકયા છે.

મી. વરતેજીતો ખરી રીતે અમારી સાથે શાસ્ત્રાર્થ કરવાનો હક ગુમાવીજ બેઠા છે. આ માટેનો એક લતીફો યાદ આવતાં પેશ કરવામાં આવે છે કે જ્યારે હરશામ અલેહિર રેહમાનની તર્ક શક્તિ તથા હાજર જવાબીના બગદાદમાં ઘણી ખ્યાતિ થઇ ગઇ અને ત્યાંના પ્રખ્યાત ફિલ્માઓ તેમના મુકાબલાથી નાસવા લાગ્યા ત્યારે ખલીફ હારૂનઅલ રશીદે પોતાના વજીર યાહીયા બરમકીને કહ્યું કે હરશામને કોઈ કહો ખારજી સાથે ભેડવી આપવો જોઇએ. જોઇએ તો ખરાકે તે તેને કેવી રીતે હરાવે છે. યાહીઆ બરમકીએ કહ્યું કે, કાલેજ આ

બાબતની તજવીજ થઈ જશે. બીજે દહાડે ચાહીઆએ અબ્દુલા બિન ઝેદ ખારજીઓના વડાને શાસ્ત્રાર્થ માટે તૈયાર કીધો. હરશામને પણ બોલાવવામાં આવ્યા. તેઓ તો શાસ્ત્રાર્થના પાકા શોકીન હતા. માણસ બોલાવવા આવતાંજ તેઓ હાજર થઈ ગયા. ચાહીઆએ હરશામ તરફ જોઇને કહ્યું કે, આ અબ્દુલ્લા બિન ઝેદ તમારી સાથે મુનાઝેરો કરવા ચાહે છે. હરશામે કહ્યું કે, ઘણુંજ બેહતર હું. પણ હાજરજ છું. ચાહીઆએ કહ્યું કે પ્રથમ તમો સવાલ કરો છો કે તેઓ કાંઇ પુછે? હરશામે કહ્યું કે, ખારજી તો અમારી આગળ સવાલ કરીજ નથી શકતા, કેમકે ખારજી તે લોકો છે કે જે, ચોકસ કાળ સુધી હજરત અલી અ૦ને ઇમામે બરહક સમજતા રહ્યા છે ગવાહી તથા સુખન અમારા હકમાંજ મુફીદ છે અને તેમના નકારથી અમારૂં કાંઈ નુકસાન નથી.

આ લતીફા અનુસાર મો૦ વરતેજી કે જે ત્રણેક દાયકા સુધી ઇસનાઅશરી દીન તથા બાર ઇમામોને બરહક માની ચુક્યા છે. મતલબ કે તેમની પ્રથમની ગવાહી તથા સુખન અમારા લાભમાં છે. જ્યારે અમો તેમની ઇસમાઇલી દીન વિરૂદ્ધની માન્યતા તથા ઇસના-અશરી દીનની તરફેણવાળી કવીતાઓ, લખાણો તથા વિચારો રજુ કરીશું ત્યારે તેઓ ઘડ દઇને એમ કહી દેશે કે "હું (તે વખતે) અધુરા-પણાથી ઇસમાઇલી ધર્મ વિરૂદ્ધ વિચાર ધરાવતો હતો" જ્યારે અમારો તો એજ દાવો છે કે, અમો શરૂઆતથીજ ઇસનાઅશરી દીનપર હતા અને આજે પણ તેજ દીનપર છીએ.

મતલબ કે, તેઓ ઇસનાઅશરી તર્ઝમાં હતા ત્યારે ઇસ્માઇલીઓ વિરૂદ્ધ કેટલું છપાવી લખી તથા બોલી ગયા છે તથા પોતાનો કેવો ભાવ ભજવી ગયા છે તેનો કાંઇક ચિતાર અમોએ અમારા અજ્ઞાન તથા ધર્માન્ધ દોરવાઇ જનારા ભાઇઓની શુદ્ધ ઠેકાણે લાવવાને રજુ કર્યો છે. શાયદ કે તેઓ મારે આસ્તીન (દામનમાં છુપાએલા સર્પ) થી ખબરદાર થઇ જાય અને જો ખબરદાર ન થઇ જાય, તો અમો તેમની કોઇપણ રીતે ખેર જોતા નથી.

## ૯રતેજીની નવી રૂપ રેખા.

ડાહ્યા પુરૂષોએ કહ્યું છે કે " મનુષ્ય પોતાની જીભ નીચે છુપેલો છે " આની મતલબ એ છે કે, તે જ્યાં સુધી કાંઇપણ બોલતો નથી ત્યાં સુધી તેની યોગ્યતાનો કાંઇપણ ભેદ ભરમ જાહેર થતો નથી, તેના માટે કાંઇપણ અભિપ્રાય બાંધી શકાતો નથી; પણ જ્યારે તે મૌન્ય વ્રતનો ત્યાગ કરી જીબાન ખોલે છે ત્યારે તેની યોગ્યતાનો ભેદભરમ ખુલી જાય છે તેના બોલો તેની લાયકાત પુરવાર કરી આપશે. જો તે જ્ઞાની હશે તો, જ્ઞાની, અને જો તે અજ્ઞાન હશે તો અજ્ઞાની વાણી તેના મુખમાંથી નીકળશે. જો તે નીતિવાન હશે તો તેવી અને જો અનીતિવાન હશે તો અનીતિ ભરી વાણી તેનાથી બહાર આવશે.

મુન્શીએ બહારે એ બિઝાં નામની ઉર્દુ ટેક્સ્ટ બુકમાં આ બાબત ઉપર પ્રકાશ પાડતો એક લતીફો આપવામાં આવ્યો છે કે, એક દરવેશ

કાંઇપણ બોલતો ચાલતો ન હતો, એક દહાડો અકબર બાદશાહ પોતાના દરબારીઓ શેખ અબુલ ફૈઝ ફૈઝી તથા શેખ અબુલ ફઝલ વીગેરે સાથે તેની પાસે ગયો. દરબારીઓએ અન્યોઅન્ય અનેક પ્રકારની વાતો કરવા માંડી; પણ દરવેશ ચુપચાપ બેઠો હતો." ફૈઝીએ કહ્યું કે, શાહ સાહેબ! બાદશાહ આપના કલામની ખાહેશ રાખે છે. આપ પણ ઝબાન મુબારકથી કાંઇપણ ફરમાવો. ત્યારે દરવેશે કહ્યું "અય બઝીર! સીકંદર ઝુલકરનેન ઓર યઝીદસે કરબલકે મેદાન મું કાઝુઝ પડી હૈ।" યાને અય વઝીર ! સીકંદર ઝુલકરનેન ઔર યઝીદસે કરબલામેં ક્યા લડાઇ પડી થી ? ફૈઝી તો અલ્લામએ અસ્ર (સમયના મહાન વિદ્વાનોમાંનો એક) હતો. કહેવા લાગ્યો કે, સુબ્હાનલ્લાહ ! ભાષા જ્ઞાન સિવાય હઝરતને ઇલ્મે તવારીખમાં કેટલો દખલ છે અને શાન કાફ કેટલા દુરસ્ત છે. બાદશાહ તો રંજીદા થઇ ઉભા થઇ ગયો અને દરવેશની અજ્ઞાનતા તેની વાત કરવાથી જાહેર થઇ ગઈ. જો તે ઝબાન ખોલતે નહિ તો તેની અજ્ઞાનતાનો ભેદ છુપો રહી જતે.

દરવેશના ઉઘાડ બોલવાએ તેની અજ્ઞાનતાનો બાંડો ફોડી નાંખ્યો. એક વાક્ય કે એક શબ્દ પણ તે શુધ બોલી શક્યો નહિ. ઇલ્મે તવારીખનું જ્ઞાન એટલું કે સીકંદર ઝુલકરનૈન તથા યઝીદ વચ્ચે કરબલામાં શા માટે યુદ્ધ થયું હતું તેનો ખુલાસો પુછે છે. આ દરવેશની જેમ જ્યાંસુધી અમારા વિદ્વાન (!) મિત્ર વકીલજી પોતાની ઝબાનને લુગામ બાંધી બેસી હતા ત્યાં સુધી તેમના જ્ઞાન અજ્ઞાન વિષેનું નાળીએર

ભર્યું હતું. પણ જ્યારે તેઓએ બુગામ ઉતારી ઝબાન રૂપી નાળીએરને ફોડયું ત્યારે તેમના જ્ઞાન અજ્ઞાનની હકીકત સ્પષ્ટ જાહેર થઈ ગઇ. અને તેમના વિષે યોગ્ય અભિપ્રાય બાંધવાને તેમણે સબળ સાધન રજુ કરી આપ્યું.

અમારા મિત્ર મી. વરતેજી માટે એટલું તો ચોક્કસ કહી શકાય કે, જ્યાં સુધી તેઓ ઇસનાઅશરી દીન તથા ઇસનાઅશરી જમાતમાં શામેલ હતા ત્યાં સુધી તેઓ જાહેરમાં દીને ઇસલામથી ખસવા જેવા સ્થિતિને પ્રાપ્ત કરી શક્યા નહિ. અમારૂં માનવું એમ થાય છે કે, તેમને ઇસનાઅશરી જમાતમાં રહેતા તેમ કરવાનો લાગ નહિ મળતો હોવો જોઇએ. ઇસનાઅશરી મઝહબનું શિક્ષણ તથા તે જમાત ઉપર આલીમોની દેખરેખ કોઇને પણ બેદીનાની ખસલતો તરફ ઢળવા દેતી નથી. તે તરફ ઢળવા માગનારને રોકનારી પ્રચલિત થયેલી ઇસનાઅશરી તાલીમ તેને ડગલેને પગલે આડી નડે છે અને તે માણસ પોતાની મલીન ઇચ્છાઓને પાર પાડવા નિષ્ફળ નીવડી મનમાંને મનમાં સમસમી રહે છે. અમારા મિત્ર વરતેજી ઇસનાઅશરી તડમાં હતા ત્યારે તેઓ આજુ બાજુના સબળ ઇસનાઅશરી વાતાવરણને લઇ પોતાની બેદીની તરફ ઢળી જવાની નેમમાં ફાવી શકતા નહિ હતા. અને તેમને બે બુગામ થઇ છાતરફ છાતરફ આમ તેમ મરજીમાં આવે તેમ દોડધામ કરવાની અવકાશ નહિ મળતો હતો પણ અને અમારી અસાધારણ આશ્ચર્યના વચ્ચે

જોઈ શક્યા કે, : ઇસનાઅશરી મઝહબ તજતાંજ લેઓ બેદીની તરફ ઝુકી પડ્યા અને પોતાના તેવા ઘોડાને ફાવે તેમ નચાવવા કુદાવવા લાગ્યા. આવી સઘળી અનુકુળતા તેમને કોણના તરફથી પુરી પાડવામાં આવી તેનો વિચાર કરવાની કાંઇ જરૂર નથી.

મી૦ વરતેજી જેવા નવીન શાળામાં બેઠા તેવાજ જણાઈ આવ્યા અને સારી રીતભાતની ઝુલ પોતાની પીઠ પરથી ફેંકી દઈ બદઝબાનીના દરીયામાં ગેથું ખાઈ ગયા. તે બાબતનો કાંઇક ચીતાર વાંચક વર્ગને "દાવતે ઇમાન"ના વાંચનથી જણાયો હશે. મી૦ વરતેજીની રચેલી "દુઆના દુસ્મનને ઝટકો અને ફિતુરી ફતવાને ફટકો એટલે એદલજી ધનજી કાણાના ખોજાપંથ દર્પણનાં આઠમાં ભાગનું ખંડન" ની ચોપડીમાં તેઓએ પોતાની હેવાની ખસલતોને ઝળકાવી આપી છે અને તે માટે ખુદ તેમનીજ પારટીના લોકોએ સખ્ત લાનત મલામત કીધી છે.

"ઇસ્માઇલી સતપંથ પ્રકાશના" લેખકે તે માટે અભિપ્રાય આપતાં જણાવ્યું કે, "**વાંચનારને** ભાષા સખત અને લેખકની કલમ ફાસ્ટ ગયેલ જણાશે." એવીજ રીતે ખુદ તેમનાજ તડા વાળાં તથા ચોકીયાઓ તરફથી જ્યારે પ્રહારો ઉપર પ્રહારો થવા લાગ્યા ત્યારે બાપડા વરતેજીને પણ પોતાની ભુલનો સ્વીકાર કરવો પડ્યો. અને માફી માગનારા શબ્દો લખી ભવિષ્યમાં તેવી કડક ભાષા તથા વર્તણુંક નહિ ચલાવવા કબુલાત આપી. અમો જે તેમની અસભ્ય તોછડી તથા આળ અસોસ વાળી ભાષાનો તિરસ્કાર કરીએ, તેનાં કરતાં ખુદ

તેમના મિત્રો, લેખકો તથા ખુદ પોતેજ કરે, એ વધુ વજન ધરાવે છે. તેમનો તેવો ઇકરાર તથા માફી માગતા શબ્દો તથા વાક્યો, તેમણે "ફીલવામાં સવાલ જવાબ" વાળા અમારા માસિક પત્ર "નુરે હીદાયત" ના અંક ત્રીજામાં છપાએલા બહારના લેખના જવાબમાં "હાજર ઇમામની હિદાયત" વાળા ટ્રેકટમાં વદેલા જોઈ શકાય છે.

"દુઆના દુશમનને ઝટકો" નામક પુસ્તકમાં ઉપર ટપકે "ખોજાપંથ દર્પણ ભાગ ૮ મો" ના જવાબ દેવાનો ડોળ ઘાલ્યો છે; પરંતુ ખરી રીતે હેવાનીયત ભરી રીતભાતને વ્યવહારૂ અમલમાં મુકવાનું તેને સાધનજ બનાવી લીધું છે. અમોને ગાળગલોચ દેવા તથા વગોવવામાંજ પુસ્તક ભરી નાખ્યું છે. એક જગોએ લખે છે કે, અમો "યાહુદી આલીમો મીસાલ ભાર ઉચકનાર ગધેડા જેવા હતે તો પણ ઠીક થાત" બીજી જગોએ લખે છે કે "તમો માત્ર મોટી મોટી વાતો કરી તમારૂં આમાલ નામું કાળું કરવા મંડ્યા છો" ત્રીજી જગોએ લખે છે કે "ફતવાની નોંધ ઉતારી તમારૂં વાસ મારતું મોઢું ખોલ્યું છે" ચોથી જગોએ લખે છે કે ફતવો પ્રગટ કરવાનું "તમારૂં આ કાર્ય એવું છે કે જેના મરવા પછવાડે ઇનિસાન જાત, ખુદા એના રૂહને શાન્તીમાં રાખે એમ કહેતાં પણ આંચકો ખાય" છઠ્ઠી જગોએ ચીનમાં અસલ બાદશાહોનો જાપતો યાદ દેવડાવે છે કે જેમાં વગર મંજુરીએ પુસ્તક છપાવનારને જાનથી મારી નાંખવામાં આવતો હતો. સાતમી જગોએ અમોને જંગે સીફીનમાં ખારજીઓ જેટલા જવાબદાર લખે

છે. કદી કહે છે કે "મી૦ કાબા સાદા લેખ પ્રગટ આણવા જે લેખીત આજેજી કરતો" કદી લખે છે કે "વગર હેસીયતનો કાબો" વીગેરે વીગેરે ગાળગલોચ, હુંકારા તુંકારા તથા ધમકીઓ ( ! ) થી અમોને નવાજ્યા છે. વાચક વર્ગ બહુજ સહેલાઇ તથા સફાઇથી સમજી શકે છે કે, કોઇપણ સારો માણુસ અને સારો લેખક આવી ગલીચ તથા ગંદી ભાષા વાપરે નહિ, પણ જો તેણે સારી રીતભાત તજી આપી હેવાના ખસલતો અખ્તેયાર કીધા હોય, તોજ તે હાથ ધરે. આ ઉપરથી મી૦ વરતેજીની ઓકાત, હેસીયાત લાગણી, જ્ઞાન, ધર્માન્ધતા નીતિરીતિ વીગેરે કેવા પ્રકારની છે, તે વાંચક વર્ગના મુનસફી ઉપરજ અમો મુકીએ છીએ.

ઉપર અમોએ અમારા ઝબાન દરાઝીની છેવટની પાયરીએ પહોંચી ગએલા મિત્ર મી૦ વરતેજીની બદજબાનીની નવી રૂપરેખાનું કાંઇક ભાન કરાવ્યું છે હવે તેમની ખાનાઇ તડામાં ગયા પછીની દીની નવી રૂપ રેખા બતાવીએ છીએ. તેઓએ ઇસના અશરી મઝહબ તજી કેવા અકાયદા તથા આચાર વિચારો તજ્યા તથા ખાનાઇ પંથ સ્વીકારી કેવા અકાયદા તથા આચાર વિચારો ગ્રાહ્ય કીધા તેનું કાંઇકિ વર્ણન અમો પહેલા ખંડમાં આપી ચુક્યા છીએ.

મુંબઇમાં વસતા મેઘવાળો ( ઢેડ—અંત્યજ ) ને ઇમામી ઇસમાઇલી આગાખાની બનાવવા માટે ત્યાંના કેટલાક આગાખાનીઓ પ્રયાસ કરે છે. તેમને ધર્મ ઉપદેશ આપવા માટે, તેમના ધંધા રોજગારમાં મદદ

કરવા માટે તથા તેમની સાથે ખાનપાન કરવા તજવીજો કરે છે. તેમને આ પ્રયાસમાં કાંઇક ફતેહ મળવા પામી છે અને તેથી તેઓએ તે પ્રયાસ ચાલુ રાખ્યો છે. એક ઉદાર ઇસમાઇલીએ કાઠીયાવાડ ખાતેના કેટલાક ગામોમાં મેઘવાળો માટેની સ્કુલો પોતાને ખરચે ખોલવા ધારી, વાંસાવડ ગોંડળ સમઢીયાળા હડાળા, કુંકાવાવ, દેરડી વીગેરે ગામોમાં છોકરાઓના લીસ્ટો તૈયાર કરાવ્યા છે, કે જેમા બહુજ સાવચેતીથી ઇસમાઇલી ધમનો ઉપદેશ આપવાનું દાખલ કરવમાં આવશે. પ્રયાસ ઘણોજ સ્તુતિ પાત્ર છે અને અમો તેમની દરેક ફતેહ ઇચ્છીએ છીએ. તેમના આવા પ્રયાસને અંગે મી૦ વરતેજીની નવી મઝહબી રૂપરેખાએ જાહેરમાં દેખાવ દીધો છે. જો આ હીલચાલ ન થઇ હતે તો અમારા મિત્ર મી. વરતેજીને પોતાની ખેદીની ખુલ્લી રીતે જાહેર કરવાની જરૂર પડતે નહિ.

આ મેઘવાળોને આગાખાની બનાવવા જતાં, તેમને આગાખાની નહિ થવા દેવાની તજવીજો કેટલાક મેઘવાળો તથા હિન્દુ આગેવાનો તરફથી મુંબાઈ ખાતે થઈ હતી, જેના સમાચાર મુંબઈ ખાતેના "હીન્દુસ્તાન" નામના છાપામાં તારીખ ૧૮ જાનેવારી સને ૧૯૧૮ ના અંકમાં પ્રગટ થયા હતા. આ સમાચાર કે, જેમાં અમારા મિત્ર મી. વરતેજીની નવી મઝહબી રૂપરેખા આળેખાઇ છે તે અમો "હીન્દુસ્તાન" પત્રમાંથી સદાબરેશ ઉતારી લઇએ છીએ.

( હિંદુસ્તાન તા. ૧૪-૧-૧૮ )નો ઉતારો.

## મી૦ ગાંધી અને અંત્યજો.

---

ધર્મ છોડી દેવા તૈયાર મી૦ ગાંધીની અપીલ.

---

નિચલો હેવાલ અમો ઉપર મોકલવામાં આવ્યો છે.

તા૦ ૩ જાન્યુઆરી સન ૧૯૧૮ ના રોજ સાંજે ૭ વાગતાં મહાત્મા ગાંધીજી હીંદ સેવક સમાજ ( ગીરગામ ) ના મકાનમાં પધાર્યા હતા. આ પ્રસંગે મુંબઇમાં વસતા મેઘવાળભાઇઓ આશરે ૨૦૦ ની સંખ્યામાં મહાત્માજી સાથે અસ્પર્શ્યતા અને હિંદુ સમાજને લગતી કેટલીક હકીકત રજુ કરવા હાજર રહ્યા હતા. આ પ્રસંગે રા૦ જી. કે. દેવધર, રા૦ અ. વી. ઠક્કર, રા૦ એમ. એન. જોશી, રા૦ દેવળે રા૦ કે. જે. ચીતળીઆ અને ઉપરાંત થોડાક સ્વામી નારાયણ સંપ્રદાયના હિંદુ ગ્રહસ્થો હાજર હતા. તેમજ ખોજા ધર્મ સ્વીકારેલા, તેવા કેટલાક મેઘવાળભાઇઓ અને બીજા બે ગ્રહસ્થો હાજર હતા. આજની આ બેઠકમાં, કેટલાક અત્યંજભાઇઓ હિંદુ ધર્મ છોડી અન્ય ધર્મમાં દાખલ થયા છે-થાય છે એ વિષય પ્રાધાન્યપણે ચર્ચાયો હતો, જેને મેઘવાળભાઇઓ તરફથી તેમજ ખોજા ગ્રહસ્થો તરફથી ધાર્મિક વગેરે પ્રશ્નો પુછવામાં આવેલા તેનો પ્રત્યુતર મહાત્માજી તરફથી સચોટ, સ્પષ્ટ અને શાંતપણે મળ્યો હતો, વિગતવાર હકીકત નિચેપ્રમાણે છે:—

શરૂઆતમાં અંત્યજ ગ્રહસ્થ ઝીણાભાઇ મુળજીએ મહાત્માજીને

જણાવ્યું કે " આભડછેટને લીધે અમોને હીંમત હોય છતાં પણ સારા ઉદ્યોગ મળી શકતા નથી. આભડછેટના દુઃખથી અમારામાંના કેટલાક મુસલમાન અને ખીસ્તી ભાઇઓની સલાહ મેળવી હિન્દુધર્મનો ત્યાગ કરે છે. હીન્દુ સમાજ આવા હીંદુ ધર્મ ત્યાગેલાઓને અડકવામાં વાંધો લેતો નથી. અમે હીંદુધર્મ છોડીને કે અમારી જાત છુપાવીને હિંદુ સમાજમાં ભેળાઇ હીંદુભાઇઓને ઠગવા માગતા નથી, આપના હાથથીજ અમે અમારા ઉદ્ધારની આશા રાખીએ છીએ. હીંદુભાઇઓ અમારા તરફ દયાની લાગણી નહીં દર્શાવે, અમારાપરથી આભડ છેટનો કાળો જામો નહીં ઉતરાવે તો પછી અમો ઘણીજ લાચારીએ હીન્દુ ધર્મનો ત્યાગ કરી અથવા અમારી જાત છુપાવી આભડછેટનું કલંક નાશ કરવા અમે ઇચ્છા રાખીએ છીએ, " આના પ્રત્યુતરમાં મહાત્મા બોલ્યા કે " પોતાના ધર્મમાં અગવડ આવવાથી ધર્મ છોડે તો તે પોતાનો ધર્મ માને છે એમ મને લાગતું નથી. હું પોતે મોઢ વાણીઓ છું. તમારી સાથે ભેળાવાથી મારી જ્ઞાતી મારો તીરસ્કાર કરે તો તે તીરસ્કારથી હિંદુ ધર્મ છોડી દઉં ખરો કે? આત્માનું અસ્તીતત્વ નીતીનું મહત્વ, પાપ અને પુણ્યનું ફળ, અને પુનર્જન્મની માન્યતા તે હીંદુ ધર્મ છે. મુસલમાન અને ખીસ્તી ધર્મમાં હીંદુ ધર્મનો આવો તફાવત છે. હું તમોને મદદ કરીશ; પરંતુ તમો ખોજા અને ખ્રીસ્તી થઈ જવાની પીસ્તોલ મારી સામે ધરો તો હું હારી જાઉં. હીન્દુ ધર્મમાં કોઇને મારી મચડીને ન રાખી શકાય, તમારી અડચણો

કરવાનું કામ મારી ઉપર, ભાઇ અમૃતલાલ ઉપર અને દેવધર ઉપર છે, મારૂં જો મુંબઇમાંજ રહેવાનું હતે તો તમારી રહેવા વગેરેની અડચણોનો જલ્દી નીકાલ કરત, છતાં પણ હું એજ સગવડમાં છું. તમારે માટે એક માળો લેવો અને તેમાં ઢેઢ, ભંગી અને આભડછેડ નહીં રાખનારા હીન્દુભાઇઓ તેમાં સાથે રહી શકે તેવી સગવડ કરવા હું તજવીજમાં છું. તમને સારા ઉધોગો નથી મળી શકતા, તેને લઇ તમો નાખુશ રહો છો; પણ હું તમોને ભલામણ કરૂં છું કે તમારે ઉતાવળા થવાની જરૂર નથી.” ત્યારબાદ ઉપરનાજ અંત્યજ ગ્રહસ્થોએ દલીલ કરી કે, “ હીંદુ ધર્મને જ્યારે અમો ચુસ્તપણે—અનેક જુલમો સહન કરીને—વળગી રહ્યા છીએ ત્યારેજ અમારી હાડમારી મટતી નથી. જો જાત છુપાવીએ કે ધર્મ બદલીએ તો પછી કોઈ પણ પ્રકારની હાડમારી રહેતી નથી. ” મહાત્માજી તરફથી આનો પ્રત્યુતર મળ્યો કે “ જાત છુપાવીને કંઈ કરવું તે મને રૂચતું નથી. તમારી પાછળ દેશના કેટલાક આગેવાનો મરવાને તૈયાર થઈ ગયેલા છે તો પછી તમો પાછળ નહિ રહો. સ્વધમ છોડશો નહિ, લાલચોથી તમારા ધર્મને તીરસ્કારી બીજો ધર્મ ન લેશો. મને સરકાર કહે કે તું ખ્રીસ્તી થઈ જા, તો હું ન લલચાઉં. ” ત્યારબાદ રા૦ સામત નાનજી માર-વાડી પરસ્પર સહકારી મંડળીઓના ઇન્સ્પેકટર ( અત્યંજ ગ્રહસ્થ ) એમણે જણાવ્યું કે “ અમારા માટે રહેવાની ચાલીઓ વગેરેની વ્ય-વસ્થા થાય તો ફરજીઆત હલકા ધંધા કરવા પડે છે તે બંધ થાય

અને કાપડ વણવા વગેરે ધંધાઓ કરી શકાય. જ્યાં સુધી ભાડું આપતાં પણ રહેવાને માટે અમોને મકાન ન મળે ત્યાં સુધી અમારી કોઈ પણ પ્રકારની ઉન્નતી થઈ શકવાની નથી." આના પ્રત્યુતરમાં મહાત્માજી બોલ્યા કે "તમોને રહેવાને માટે એક માળો ખરીદવાનો વિચાર છે તે હું તમોને ઉપર જણાવી ગયો છું. માળો ખરીદી તેમાં આપણે ઉઘાડે છોગે રહી શકીશું." ત્યાર બાદ રા૦ અ૦ વી૦ ઠકરે અંત્યજ ભાઇઓને તેની વધારે હકીકત જાહેર કરવા જણાવ્યું. તે પછી અત્યંજ કોમના ખોજા બની ગયેલા ખોડા પુંજાએ જણાવ્યું કે "ના૦ આગાખાન એ નકલંકનો અવતાર છે. ખોજા ધર્મ એ પણ હીંદુ ધર્મની શાખા છે એવી માન્યતાથી જે ભાઇઓ ખોજા બન્યા છે તેમને આપણે કંઈ પણ સમજાવી શકીશું નહિ." આ પ્રસંગ ચાલતો હતો તેટલામાં બે ખોજા ગ્રહસ્થો આવ્યા. તેમને મહાત્માએ ખોજા ધર્મનું વિશેષ વર્ણન કરવાનું કહેતાં મી૦ વરતેજી પોતાના ખોજા ધર્મના સંબંધમાં બોલ્યા કે "અમારા ધર્મનું નામ સતપંથ છે. અમે સતપંથી તરીકે ઓળખાઇએ છીએ. અમારા ધર્મમાં ને હીંદુ ધર્મમાં તફાવત નથી અમે હીંદુ ધર્મ છોડયો નથી." તે ઉપરાંત મી૦ વરતેજીએ પોતાનું અંગત દ્રષ્ટાંત આપી જણાવ્યું કે "અમે પ્રથમ લુહાણા હતા; પરંતુ આ સતપંથના સિદ્ધાંતો અમને વધારે સારા લાગ્યા તેથી સર્વ તેમાં દાખલ થયા છીએ. અમારા ધર્મનો મુખ્ય સિદ્ધાંત રાગ દ્વેશ રહીતપણું એ છે. અમે અમારા ના૦ આગાખાનને

નકલંકનો અવતાર માનીએ છીએ. " તે ઉપરાંત આ ખોજા ગ્રહસ્થે એકાદ ઉરદુ શેર બોલી પોતાના ધર્મનું વધારે સમર્થન કર્યું. આના પ્રત્યુતરમાં મહાત્માજીએ કહ્યું કે " ઘણા ખોજાઓના પ્રસંગમાં હું આવ્યો છું. કેટલાક ખોજાઓ મારા અસીલ હતા. મારા ખોજા મિત્રના છોકરાને હું ખોજા પંથના પુસ્તકોનો અભ્યાસ કરાવતો હતો. આ બધા પ્રસંગો ઉપરથી મને જણાયું છે કે ખોજા ધર્મ એ મુસલમાની ધર્મની શાખા છે. નાο આગાખાન સાથે મારે વાતચિત થઈ છે તેપરથી પણ મને જણાયું કે આ ધર્મ મુસલમાની ધર્મ છે. નાο આગાખાન એક વખત મુસ્લીમ લીગના પ્રમુખ હતા એ તેમની વધારે સાબીતી છે." તે પછી મીο વરતેજીએ જણાવ્યું છે કે "ચોથા યુગમાં જે નકલંકનો અવતાર મનાય છે તે અમારો ધર્મ છે. મુસલમાનો અમને તેમના ધર્મમાં ગણતા નથી, અમારો ધર્મ અમે ગુપ્ત રાખીએ છીએ. પાત્ર વીના કહેતા નથી અમારી દૃઢ માન્યતા છે કે અમારો ધર્મ એ હિંદુ ધમ છે અમારો ધર્મ બધા ધર્મ કરતાં શ્રેષ્ઠ છે." મહાત્માજીએ આના જવાબમાં જણાવ્યું કે "નાο આગાખાન યુરોપ આદી દેશોમાં ભ્રમણ કરે છે ત્યાં બધા તેને મુસલમાન તરીકે સ્વીકારે છે. પોતે પણ તેમજ જણાવે છે. કયો ધર્મ શ્રેષ્ટ અને કયો હલકો તે સાબીત કરવા માટે તો ભારે વાદવિવાદ કરવો જોઈએ; પરંતુ હું કહું છું કે જે ભાઇઓ હિંદુ ધર્મ છોડી અન્ય ધર્મમાં દાખલ થાય તેમણે હીંદુ ધર્મને તીરસ્કારવો ન જોઇએ. અંત્યજ ભાઇઓને કષ્ટ આપવામાં હીંદુ ધર્મીઓએ ખામી

રાખી નથી તે હું જાણું છું પણ હીંદુ ધર્મ ઉપર આળ ઓઢાડી અન્ય ધર્મમાં જવું એ મને રૂચતું નથી." ત્યારબાદ રા૦ અ૦ વી૦ ઠક્કરે મી૦ વરતેજીને પ્રશ્ન કર્યો કે "ના૦ આગાખાન જેમ મુસ્લીમ લીગના પ્રમુખ થયા હતા તેમ કોઇ હીંદુ સમાજના પ્રમુખ નીમાયા છે? મી૦ વરતેજીએ કહ્યું કે "આવો પ્રશ્ન હાલના સમયે યોગ્ય લાગતો નથી." આ સંબંધમાં મહાત્મા ગાંધીજી બોલ્યા કે "આ ભાઇ અમૃતલાલ ઠક્કરે જે પ્રશ્ન કર્યો છે તે યોગ્ય છે; કારણ કે ના૦ આગાખાન હીંદુ ધર્મના આચાર્ય હોત તો, કોઈ વખતે પણ હીંદુ ધર્મની સમાજમાં પ્રમુખ ચુંટાતજ, પરંતુ ના૦ આગાખાને તો મુસલમાન ધર્મનેજ માન આપ્યું છે.'' ત્યારબાદ રા. અ. વી. ઠક્કર બોલ્યા કે "રાગદ્વેષ રહીતપણું" એ સિદ્ધાંત ઘણા ધર્મનો છે અને તેથી તે કંઇ હીંદુ ધર્મજ કહેવાય નહીં. હીંદુ ધર્મમાં ખામી બતાવી પોતાની ઉન્નતિના બાને બીજો ધર્મ સ્વીકારી લે તેને અમારાથી કાંઈ પણ કહેવાય નહિ," આ પ્રસંગે મહાત્માજીએ હીંદુ, મુસલમાન અને ખ્રીસ્તી ધર્મનું કેટલુંક વિવેચન કર્યું. તે પછી અંત્યજ ગૃહસ્થ ઝીણાભાઇએ અંત્યજના દુખોનું વર્ણન કરી વેપાર કરતાં અંત્યજને કોઇપણ દુકાન ન આપતાં ઉલટો ત્રાસ આપે છે, તે જણાવી વધારામાં કહ્યું કે "આવા દુઃખો અમારાથી સહન થતાં નથી. જો આ દુખ ચાલુજ રહેશે તો ઘણા અંત્યજ હીંદુ ધર્મનો ત્યાગ કરશે." મહાત્માજીએ જણાવ્યું કે તમોને ઠીક લાગે તેમ કરો, કારણ કે જ્યારે "તમારે હીંદુ ધર્મ છોડવોજ હશે તો પછી તમને કોણ રોકી શકે

તેમ છે ? એક તો તમો હીંદુ સમાજનો જુલમ સહન કરો છો તેમાંથી મુક્ત થવા બીજો ધર્મ સ્વીકારશો અને તેમાં પણ તમારાપર જુલમ થશે, તો પછી એ જુલમ તમારાથી સહન થઇ શકશે નહિ." ખોજા ગ્રહસ્થોને ઉદ્દેશી મહાત્માજી બોલ્યા કે " તમારા ધમમાં જે અંત્યજ ભાઇઓ દાખલ થયા છે, તેમને તમારા તરફથી કોઇપણ પ્રકારનો જુલમ ન થાય તો સારૂ," ત્યારબાદ અંત્યજ ગ્રહસ્થ આલાભાઇ વાલજીએ દલીલ કરી કે " અમારી શારીરીક, માનસિક અને નૈતિક એમાંથી કોઇપણ પ્રકારની ઉન્નતિ ન થાય તો આ હીંદુ ધર્મ અમારે શા કામનો ? " મહાત્માજીએ આ પ્રશ્નનો ઉત્તર આપતા જણાવ્યું કે, " હું જાણું છું કે હીંદુ ધર્મીઓ તમારી હરેક પ્રકારની ઉન્નતિમાં આડે આવે છે. તેથી હીંદુ ધમપર તમારે કલંક લગાડવાનું કારણ નથી, હીંદુ સંસાર સમુદ્ર છે. તેમાં સહન કરીને પણ આપણે આપણું કાર્ય કરે જવું. " ત્યારબાદ રા. સામત નાનજી મારવાડીએ મહાત્માજીને વિનંતિ કરી કે, " અસ્પર્શ્યતા કાઢી નાખનારો ઠરાવ કોંગ્રેસે પસાર કર્યા તેની સવિસ્તર હકીકત આપના મુખથી સાંભળવા અમારા અંત્યજ ભાઇઓ ઇચ્છા રાખે છે. " ત્યાર બાદ મહાત્માજીએ જણાવ્યું કે " કોંગ્રેસની વિષય વિચારણી કમીટીએ અસ્પર્શ્યતા દુર કરવાનો ઠરાવ નકી કરી: પંડીત માલવીયાજી અને લો. માન્ય તિલકની સહાનુભુતીથી તે ઠરાવ કોંગ્રેસમાં પસાર થયો છે અને તે આ પ્રમાણે હતો. " અસ્પર્શ્યતા " માની લીધેલા લોકો ઉપર

દુષ્ટ રૂઢીથી જે જુલ્મી અને ત્રાસદાયક પ્રતિબંદો લાદવામાં આવ્યા છે તે દુર થવા જોઇએ એવો આ રાષ્ટ્રીય સભાનો મત છે." આ ઉપરાંત મહાત્માજી બોલ્યા કે "તમારી ખાતર જે માણસો કામ કરી રહ્યા છે તેમને પુર્ણ વિશ્વાસ છે કે અસ્પર્શ્યતાનો નાશ થવોજ જોઇએ અને તે થોડા સમયમાં તમારે વિશ્વાસ રાખવો કે તમારા માટે કામ કરનારાઓ તમારી ઉન્નતિ અર્થે તેનો પ્રાણ આપવામાં પાછા નહિ પડે, માટે ધીરજ ન છોડશો." ત્યાર બાદ હીંદ સેવક સમાજ તરફથી ઉપદેશકનું કામ કરનાર ગીરજાશંકર જે. પંડીતે તમામ અંત્યજ ભાઇઓને ઉદ્દેશીને કહ્યું કે, "તમારી ઇચ્છા પુર્ણ થવાને હવે લાંબો વખત નહિ જાય. મહાત્માજીના વચનોનું પુર્ણ ભાવથી અનુસરણ કરો. તમારા દુઃખના દહાડા હવે ગયા છે. તમોને હજુ કોઇપણ પ્રકારની શંકા રહી હોય તો બેધડક પુછો. મહાત્માજી તેમનો ખુલાસો કરી આપશે." તે પછી અંત્યજ કોમમાં પ્રતિષ્ટીત મનાતા રા૦ નારાયણ ભીખાભાઇ રાઠાડે જણાવ્યું કે "અમારી કોમમાંથી જેઓ હીંદુ ધર્મનો ત્યાગ કરે છે તે પોતાના આત્માની ઉન્નતિ અર્થે નહિ, પણ સ્વાર્થથી અને અજ્ઞાનતાથી. સ્વાથથી જેઓ પરધર્મનો સ્વીકાર કરે છે તેઓને તો વખત જતાં પસ્તાવું પડશે અને જેઓ અજ્ઞાનતાથી હીંદુ ધર્મ છોડે છે તેને માટે આપણે દયા ખાવી પડશે." ત્યારબાદ કુકા ગલા બોરીઆએ પોતાની અંત્યજ કોમને ધીરજ રાખવા અને પરધર્મમાં નહીં જવા જણાવ્યું. તે પછી અત્યંજ કોમના ધનીક અને વેહેપારી

ગ્રહસ્થ રા૦ દેવજીભાઇ ગોરા સુમરાએ મહાત્માજીને અને શ્રીમાન અ૦ વી૦ ઠકરને હાર તોરા અર્પણ કરી અંતઃકરણની પુર્ણ લાગણીથી જુસ્સાદાર વાણીમાં બોલ્યા " અમે અમારો ધર્મ છોડીને કે જાત છુપાવીને હીંદુ સમાજમાં લેશ પણ ભેળાવાં ઇચ્છા કરતા નથી. હીંદુ ધર્મના દુશમન બની કે વિશ્વાસઘાતી બનીને કે હીંદુ સમાજમાં ભેળાવા કરતાં હાલ છે તે કરતાં પણ ચોગણા નર્કના ટોપલા અમારે ઉપાડવા પડે તેની ફીકર નહિ. પરધમ સ્વીકારવા કરતાં મોત વધારે સારૂં છે. અમો અંતઃકરણથી માનીએ છીએ કે મહાત્મા ગાંધીજી અને શ્રીયુત અ. વી. ઠકર સાહેબ એ અમારા ખરા ઇશ્વર છે. અમારો ઉદ્ધાર એમના હાથથીજ છે એમ અમને પુર્ણ વિશ્વાસ છે. ઇશ્વર અમારા આ ઉધારકોને દીર્ઘાયુ કરે."

ત્યાદ બાદ રા. ઝીણાભાઇએ રા. દેવજીભાઇના શબ્દોનું અનુમોદન આપતાં જાહેર કર્યું કે " મહાત્મા ગોખલેજી અમારા ઉદ્ધાર માટે આફ્રીકામાંથી પ્રતિજ્ઞા લઈ આવ્યા હતા. અત્યારે એ મહાત્માજી સ્વર્ગસ્થ છે કીંતુ મહાત્મા ગાંધીજી અને શ્રીયુત ઠકર સાહેબને અમે મહાત્મા ગોખલેજીજ જાણીએ છીએ. અમારી સમસ્ત કોમ અંતકરણનો આશીર્વાદ આપે છે કે અમારા ઉદ્ધારક તરિકે આપના નામો અમર રહો, દીર્ઘાયુ હો ! " ત્યાર બાદ મહાત્માજીએ તથા રા. અ. વી. ઠકરે અંત્યજ ભાઇઓને સપ્રેમ આશાજનક શબ્દોમાં સ્વધર્મ નહિ છોડવા અને ધીરજ ધરવાનો બોધ આપી બેઠક પુરી કરી હતી.

ઉપરનું લખાણ મુંબઇના " હીંદુસ્તાન " નામના છાપામાં

પ્રગટ થયા પછી, મી૦ વરતેજીએ નીચેનું લખાણ ઉપરના લખાણના જવાબ રૂપે "હીંદુસ્તાન" માં છપાવ્યું હતું.

## મી૦ ગાંધી અને અંત્યજો.

( "હીંદુસ્તાન" તા. ૨૫–૧–૧૮ નો ઉતારો )

"હિંદુસ્તાન" ના અધિપતિ જોગ—સાહેબ,

વિનંતી કે, આપના ગઈ તા, ૧૪–૧–૧૮ ના અંકમાં "મી૦ ગાંધી અને અંત્યજો" એ મથાળા નીચે કેટલીક હકીકત પ્રસિદ્ધ થઈ છે, જો કે હકીકત સાથે મારૂં નામ જોડાયલું છે, તે બાબતમાં થોડીક હકીકત પ્રગટ કરી મહાશય ગાંધી રૂબરૂ થએલી વાતચીતની સત્ય વિગત તરીકે જોડાઈ રહેવા ઉપકાર કરશો જી.

કુલ્લે હકીકત પ્રત્યે મને કંઇ કહેવાનું નથીઃ તો પણ ધાર્મિક મતની બાબતમાં મજકુર હકીકત પ્રગટ થવા મુખ્ય બીનાઓમાં જે જે સ્થળે ખાંચો રહી જવા પામ્યો છે, તે આ નીચે દર્શાવું છું અને મને આશા છે કે, જયારે પણ ધાર્મીક તે પ્રસંગની ઉપયોગી ચર્ચાની હકીકત મી૦ ગાંધીના જીવન રહસ્ય તરીકે પ્રગટ થાય, ત્યારે ત્યારે તે ખરી વીગતની ખામી વગર જળવાઈ રહે એવા ઉચ્ચ ઉદ્દેશ વડે હકીકત મોકલનાર વીદ્વાન મીત્ર પોતાની નોટમાં પણ સ્વીકારશે, અમો બે ખોજા હતા. જેમાં હું પોતે અને મારી સાથે મી૦ અલી માહમદ જાનમાહમદ સુનારા હતા.

મી૦ ગાંધી અને અંત્યજો વચ્ચે કેવી ગુફતેગો અમારા જવા અગાઉ થઇ હતી, તે તો અમો વીગતે હિંદુસ્તાનમાં પ્રગટ થયા પછીજ જાણ્યે છીએ, અને અમારી વાત એમના વીવેચનનું અનુસંધાન થયું, એમ પણ પાછળથી જાણ્યું. પરંતુ ગાંધીજીની વાતચીતમાં જ્યારે આગાખાની ખોજાના ધર્મ વીશે પ્રસંગ નીકળ્યો, ત્યારે ગાંધીજીએ ખોજા પંથ વિશેની માહિતી બતાવતાં કહ્યું હતું કેઃ—

"ગાંધીજી—'ખોજા પંથ વીશે હું જાણું છું, કારણ કે મારા કેટલાક અસીલો ખોજા હતા. તેમના પાસેથી એ ખોજાના પંથ વિશે મેં જાણ્યું છે; જે ઉપરથી એ પંથ હીંદુ ધર્મની શાખા છે, એમ મને લાગ્યું નહીં."

આ ઉપરથી મારે કહેવું ફરજ થઇ પડયું કે, "ખોજા પંથની માહિતી બીજા કોઇપણ બહારના (સતપંથી સીવાયના) ને મળી શકે નહીં. અને તે ઉપરથી તમોને કોઇ ખોજા પંથના ખરા સિદ્ધાંતો મળ્યા નહીં હોય!"

મારે આમ કહેવાનું કારણ ગાંધીજીના કહેવાને ખોટા ઠરાવવા ખાતર નહી, પણ ગાંધીજી જો ખોજા પંથની ખરી માહીતી ધરાવતા હોત તો હીંદુ મુસલમાન એવો મતભેદ રાખીને વાત કરતે નહીં.

અને આ ઉપરથી મી૦ ગાંધીજીને ખોજાપંથ વીશેની મારી સમજ મેં રજુ કરી હતી કે, એ હીંદુ ધર્મના જીવન મુળ વેદ પ્રમાણે છે,

અને ઇસ્લામ ધર્મના સત્ય સિદ્ધાંતોનો છે, એટલે અમો હીંદુ અને મુસલમીન એઉ ધર્મના સત્ય સીદ્ધાંતોના સ્વીકારનાર સતપંથી કહેવાઇએ છીએ, અને તેથી અમારા સતપંથની દલીલ તરીકે કાઇપણ જાતના ધાર્મિક રાગદ્વેશથી રહીત છીએ અને તે ઉપરથી અમો એવા મુસલમીન નથી કે જેઓ વેદ માનનારાને કાફર કહે છે, તથા એવા હીંદુનથી કે જેઓને મુસલીમીનોને મલેચ્છ ગણે છે સારાંશમાં અમારો મત એમ પણ રજુ કરી શકીએ કે:— કલેમા વિરદ રહે ઔર બેદપે ધ્યાન રહે! હમ સતપંથીહુ ખોજે, ન હીંદુ ન મુસલમાન રહે!!

આ એક રાગદ્વેષ વગરના સીદ્ધાંત માટે કહીશું કે, હીંદુ અમને વટલેલા મુસલમાન ગણે છે, અને મુસલમાનો પણ શરીઅતના કાયદાઓ ઉપર અમને અમલ કરતા જોતા નથી. કારણ કે, અમો હકીકતી ઇસ્લામના સીદ્ધાંતો અમારા ગુરૂનાં બતાવવા મુજબ પાળીએ છીએ, તેથી મુસલમાનો પણ અમારાથી ધાર્મીક મળતાપણું દેખાડતા નથી, અને આ હીસાબે હીંદુ મુસલમાન બેઉ ધર્મના મતભેદથી નીરાળો અથવા જે હીંદુ ધર્મમાં વેદીક સત્યતા છે, તે મુજબ અને મુસલમાન ધર્મમાં જે હકીકતી સીદ્ધાતો છે, તે મુજબ એટલે સત્યપંથ (હકરાહ) (ખરેખરો રસ્તો) ને પાળનારા છીએ, અને તેથી અમોને બેઉમાંથી કોઇપણ ધર્મ માટે રાગદ્વેષ નથી.

"હીંદુ ધર્મ મુળ વેદ ઉપર છે, ને તે ચાર વેદ ચાર જુગ માટે છે, અને ત્રણ જુગના ત્રણ વેદનો વખત વહી જવાથી હાલ કળીયુગ

છે, ને તેમાં ચોથો વેદ અથર્વ વેદની માનીનતા હોવી જુવે, અને કળીયુગમાં અવતાર "નકળંક" છે. અને તે નકળંક અરબસ્તાનમા હ. અલી નામે પ્રગટ થઇ ગયા છે ને તે બીજા અગાઉના અવતારો મુજબ દરેક અવતારનાં પાત્ર એજ અવતાર ગણાય છે, તેમ નામદાર આગાખાન હ. અલીની સીધી નસલે ઉતરી આવેલા હોવાથી નકળંકના પાત્રો નકળંકી અવતાર હીંદુ ધર્મ મુજબ છે."

આ પ્રસંગે મી૦ ગાંધીજીએ માહીતી બતાવી હતી કે. "હ. અલીના મહાંનપણા વિશે હું જાણું છું પણ નામદાર આગાખાન નકળંક કેમ ગણાય ?" ત્યારે મેં વધુ ખુલાસા તરીકે જણાવ્યું હતું કે, "અમારી માનીનતા મુજબ હ. પેગમ્બર સાહેબ નબી મહમદ મુસ્તફા ચોથા જુગના વેદ મુજબનાજ ગુરૂ છે, અને તેમના બાદ ઇસ્લામ ધર્મના પહેલા ઇમામ હ. અલી અને તેમની સીધી નસલે આજ સુધી હાલના અમારા નામદાર આગાખાન એ પેગમ્બર સાહેબની ઇતરત તરીકે ઇસ્લામ ધર્મના પણ વડા છે. એકંદરે હીંદુ ધર્મ અને મુસલમાન ધર્મના સત્ય સીદ્ધાંતો વડે અમારા આગાખાંન સાહેબ નકળંક અવતાર તેમજ હાજર ઇમામ છે, અને આ સમજ વગર હીંદુ અને મુસલમાન બેઉ અમો ખોજાઓને પોતાથી અળગા માને છે, અને હીંદુ અને મુસલમાન બેઉ ધર્મના એકજ સીદ્ધાંતની સાબીતી વડે અમો હીંદુ ધર્મ તથા મુસલમીન ધર્મને જુદા માનતા નથી."

આ વાતચીતના અંતે પ્રગટ થયેલી હકીકતમાં દર્શાવેલી બાબત તરીકે મી૦ ગાંધીજીએ જાણવા માંગ્યું હતું કે, "નામદાર આગાખાન તો મુસલમીન ધર્મીઓનાં વડા તરીકે મનાય છે, અને મોસ્લેમ લીગ જે મુસલમીન ધર્મીઓની છે તેના પ્રમુખ હતા, તેવી રીતે હીંદુ ધર્મની કોઈ સંસ્થાના આગેવાન તરીકે તેઓ કોઇ વખત થયા નથી."

આના ખુલાસામાં મેં કહ્યું હતું કે, "મોસ્લેમ લીગ એ ધાર્મીક સંસ્થા નથી પણ રાજદ્વારી મુસલમીન સંસ્થા છે, અને તેવી રાજદ્વારી હિંદુ સંસ્થામાં અમારા નામદાર આગાખાન, ગોખલે જેવા હીંદુ મહર્ષીની યાદગીરી માટે પુના અને મુંબઇની ટાઉન હોલમાં ભરાયલી સભામાં તેમના ગુણો જાહેર કરવા આગેવાનપણે બોલ્યા હતા, અને તેમના ફંડમાં સારી રકમ પોતાની લાગણીના પુરાવા બદલ આપી હતી, તેવીજ રીતે હીંદુ યુનીવરસીટીમાં પણ પોતાનો સારો અને આગેવાન ફાળો ભર્યો હતો. ઉપરાંત તમો મહાશયના નાતાલ ખાતેના પ્રયત્નોમાં મદદ કરવાના ટાઉન હોલમાં બોલાવેલી પહેલી સભાના પ્રેસીડેન્ટ પણ નામદાર આગાખાન હતા. આ વખતે મી૦ અમૃતલાલ વી. ઠકરે જણાવ્યું હતું કે, "મહુંમ ગોખલેનો તો કોઇ ધર્મજ નહોતો.

તે ઉપરથી મેં ઉમેર્યું હતું કે, "જો એમજ હોય તો ના૦ આગાખાન સાહેબ તેવા એક માટેની લાગણી કેવા ઉત્તમ સીદ્ધાંતને સીદ્ધ કરે છે તે મી૦ ઠક્કરનાજ શબ્દો પુરૂવાર કરે છે."

ત્યાર પછી ના૦ આગાખાનના મતભેદ વગરના-મહાન કાર્ય તરીકે-દાખલો રજુ કરતાં મેં જણાવ્યું હતું કે, " એજ અમારા નામદારે હિંદુ મુસલમીન ઐક્યતાના પાયાની પોતાનાજ હાથે શરૂઆત કરી હતી, તે ઉપરથી પણ એમના મહાન પણા વીશે ખ્યાલ આવી શકશે. "

આ વખતે પણ મી૦ ઠક્કરે ઉમેર્યું હતું કે, " હિંદુ મુસ્લેમ અઇક્ય માટે તો મઝહરૂલ હકકે કોશેશ કરી છે. "

તે ઉપરથી મને નામદાર આગાખાન માટેની ખરી વાતો દબાવી નાંખવાની મી૦ ઠકરની તે કોશેશ માટે લાગી આવ્યું હતું, અને તરતજ કહી દીધું કે, "મઝહલ હક્કની કોશેશો તો ત્યાર પછીની કોન્ગ્રેસ અને લીગ વખતે મુંબઇમાં હતી. પરંતુ પ્રથમ અલાહાબાદની કોન્ગ્રેસ વખતે નામદાર આગાખાને હીંદુ મુસલમીનની ઐક્યતા માટે શરૂ કોશેશો કરી હતી, અને તે જુજ પરીણામે તેટલું પણ આવ્યું તે છે, અને આ બાબતમાં મી૦ ગાંધીજી સારી રીતે જાણુતા હોવા જોઇએ.

મારી હકીકત રજુ થયા પછી મી૦ ગાંધીજી કંઈ પણ બોલ્યા નથી, અને તે રજુ થયેલી હકીકતની સત્યતા દર્શક હતું.

આ પછી મી૦ ગાંધીએ પોતાનું કામ આગળ ચલાવતાં અટકીને કહ્યું હતું કે, " આવી રીતે ખોજા પંથમાં ભળનારાઓ માટે હું કાંઇ કહેતો નથી. " અને મી૦ ઠકરને પણ મી૦ ગાંધીજીએ કહ્યું

હતું કે, " આ દલીલો મુજબ તો હું કાંઇ વધુ કહી શકતો નથી. પણ હા, જેઓ ખ્રીસ્તી થઈ જાય છે અને મુસલમાન થઇને હીંદુ ધર્મને તીરસ્કારે છે તેઓને આપણે હીંદુ ધર્મ નહીં છોડે અને દુઃખ પોતે સહન કરશે તો તેમને હીંદુ ધર્મવાળાઓ તરફથી આભડછેટ વીગેરે માટે અટકાયત થવા કોશેશો કરી સંતોષી શકીશું. "

આ પછી કેટલીક હકીકતો જે પ્રગટ થઈ છે તે મુજબ વાતચીત થઇ હતી; પરંતુ તેમાં જે પક્ષપાત થયો છે, એમ હું જાણું છું, પરંતુ જેના નામે એ વાત થઈ હોય તેનું એ કામ હોવાથી હું કાંઇ કહીશ નહીં.

છેવટે મી૦ ગાંધીજીથી છુટા પડવા અગાઉ મેં મી૦ ગાંધીજીના ઉપર અમારી ધાર્મિક માનીનતાના સાર રૂપ ઇનસાફ માગ્યો હતો કે ભગવત ગીતામાં શ્રી કૃષ્ણે કહ્યું છે કે " ભકતોના ઉધ્ધાર માટે દુષ્ટોના નાશ માટે અને ધર્મની સારી સ્થાપના કરવા માટે હું દરેક યુગમાં હોઉં છું. "

તથા ગુહ્ય મંત્ર તરી કે કહ્યું છે કે " બધા ધર્મ મુકી દઇને મને એકલાને શરણ આવ હું તારા સર્વ પાપ નાશ કરીશ ને ઇચ્છીત મોક્ષ આપીશ ! બીહ મા. "

આ ઉપરના શ્લોક મુજબ આ જુગમાં ઇશ્વરી નુર સ્વરૂપ અમો નામદાર આગાખાનને નકળંક માનીએ છીએ. જો એ સિવાય બીજો કાંઇ તમો બતાવતા હો તો તે અમો હિન્દુ ધર્મ અને વેદ મુજબ

જાણવા માગીએ છીએ, કારણ કે બીજા શ્લોક મુજબ તેને શરણે જવાથી અમારી મુક્તી થાય.

આ શ્લોક અને તેના અર્થ મુજબ મી૦ ગાંધીજી પાસે જાણવા માંગણી કરતા મી૦ ગાંધીએ બે મીનીટ જેટલા વખત સુધી ચુપ રહીને સરળ હૃદયથી નમ્રપણે જણાવ્યું હતું કે :" હું એ વીશે કહી નથી શકતો."

ત્યાર પછી મી૦ ગાંધીજીએ સરળ ભાવથી અંત્યજોને હીંદુ ધરમવાળાઓ તરફથી જે હેરાનગતી થાય છે, તેમાં મદદ કરવા અમોને ભલામણ કીધી હતી, અને તે પછી બધાઓ ઉભા થયા હતા અને અમો પણ ત્યાંથી વિસર્જન થયા હતા.

લી૦ વરતેજી.

ઉપર " હિન્દુસ્તાન " પત્રના બે લખાણો ઉતારી લીધાં છે. જેમાંનું બીજું તો અમારા મિત્ર મી. વરતેજીનું પોતાનુંજ પોતાને હાથે લખેલું અને પોતેજ છપાવેલું છે. આ બન્ને લખાણોથી મી૦ વરતેજીના ફેરવાયલા તથા ઇસલામના દાયરાથી ખસી ગયેલા તથા લેશમાત્ર પણ સચ્ચાઇ નહિ તેવા ઢંગધડા વગરના અકાયદો તથા આચાર વિચાર જણાઈ આવે છે તો પણ સ્હેજ તારવણી કરી સ્પષ્ટતા કરી બતાવવી જોઇએ એમ અમને લાગે છે.

અંત્યજ ( ઢેડ મેઘવાળ ) કોમના ખોજા બની ગએલા ખોડા

પુંજાએ જણાવ્યું કે " ના૦ આગાખાન એ નકલંકનો અવતાર છે. ખોજા ધર્મ એ પણ હિંદુ ધર્મની શાખા છે એવી માન્યતાથી જે ભાઇઓ ખોજા બન્યા છે તેમને આપણે કંઇ પણ સમજાવી શકીશું નહિ." મજકુર ખોડા પુંજા મેઘવાળ ખોજા પૈકીનો છે તેને ખોજો થવા માટે કેવી તાલીમ આપવામાં આવી હતી તથા કેવા અકાયદા શીખવાડવામાં આવ્યા હતા તે મજકુર ખોડા પુંજાના મુખથી આબાદ નીકળ્યા છે. વળી તેમને ખોજા બનાવનારે પણ તેવોજ ઉપદેશ આપેલો છે કે " ખોજા ધર્મ એ પણ હિન્દુ ધર્મની શાખા છે " આ મેઘવાળોને ઉપદેશ કરી ખોજા બનાવવાના કાર્યમાં અમારા મિત્ર વરતેજી વિશેષ ભાગ લેતા સંભળાયા છે અને તેથી તેમણે કે તેમની મંડળીએજ તે મેઘવાળોને તેવી તાલીમ આપી હશે કે " ખોજા ધર્મ એ પણ હિન્દુ ધર્મની શાખા છે." આવા અકાયદા તેમણે આપ્યા હશે એવું કાંઇ અનુમાનજ નથી; બલ્કે મી૦ વરતેજી તે સભામાં ઉભા થઇને બોલ્યા કે, " અમારા ધર્મનું નામ સતપંથ છે. અમે સતપંથી તરીકે ઓળખાઇએ છીએ. અમારા ધર્મમાં ને હિંદુ ધર્મમાં તફાવત નથી. અમે હિન્દુ ધર્મ છોડયો નથી."

જરા આગળ ચાલતાં મી. વરતેજી આ બાબતની ચોખવટ કરતાં જણાવે છે કે " ચોથા યુગમાં જે નકલંકનો અવતાર મનાય છે તે અમારો ધર્મ છે મુસલમાનો અમને તેમના ધર્મના ગણતા નથી. અમારી દ્રઢ માન્યતા છે કે અમારો ધર્મ એ હીન્દુ ધર્મ છે." આ

તેમની કબુલાતો તેમના મઝહબી અકાયદો તથા આચાર વિચારોની કેવી તિરસ્કારને પાત્ર રૂપરેખા દોરે છે તે સમજવું કાંઈ પણ મુશકેલ નથી.

મી૦ વરતેજી પોતાની સહી સાથના લખાણુમાં પોતાના ઇસ્લામ ધર્મ તજી અપાયલા આચાર વિચાર ઉપર મોહોર છાપ મારે છે. તેમાં લખે છે કે, " ખોજા પંથ એ હિન્દુ ધર્મના જીવન મુળ વેદ પ્રમાણે છે. અમો એવા મુસલમાન નથી કે, જે વેદ માનનારાને કાફર કહે છે તથા એવા હિંદુ પણ નથી કે, જેઓ મુસલમાનોને મલેચ્છ ગણે છે. સારાંશમાં અમારો મત એમ રજુ કરી શકીએ કેઃ—કલેમા વિરદ રહે, ઓર બેદપે ધ્યાન રહે! હમ સતપંથી હેં ખોજે, ન હીંદુ ન મુસલમાન રહે!! "

આ પછી મી. વરતેજીએ પોતાના તથા પોતાના ટોળાંના અકાયદો તથા આચાર વિચારની વધુ સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે, "હિન્દુઓ અમને વટલેલા મુસલમાન ગણે છે અને મુસલમાનો પણ શરીઅતના કાયદાઓ ઉપર અમને અમલ કરતા જોતા નથી, કારણકે અમો હકીકતી ઇસલામના સીદ્ધાંતો અમારા ગુરૂના બતાવવા મુજબ પાળીએ છીએ તેથી મુસલમાનો પણ અમારા પ્રત્યે ધાર્મિક મળતાપણું દેખાડતા નથી અને આ હીસાબે હીન્દુ મુસલમાન બેઉ ધરમના મતભેદથી નીરાળો...પાળનારા છીએ."

વાંચક વર્ગ હવે બહુજ સફાઇથી સમજી ગયા હશે કે, અમારા મિત્ર શ્રી. વરતેજીએ પોતાની નવી ધારમિક રૂપરેખા કેવી આળેખી

બતાવી છે. અને તેઓ કેવા અકાયદો તથા આચાર વિચારો માને છે તથા મનાવવા મથન કરે છે. હવે જો તેમના અંગત ધારમિક વિચારો તરફ જોઇએ કે, જેમાં તેઓ પોતાના ધર્મમાં અને હિંદુ ધર્મમાં તફાવત નથી. તથા અમોએ હીન્દુ ધર્મ છોડયો નથી એમ જણાવે છે તો તેથી બે બાબતની ચોખવટ થાય છે. એક તો એકે તેઓએ જયારે હિન્દુધર્મ છોડયો નથી ત્યારે તેઓ હિન્દુ ધર્મનેજ માનનારા છે અને મુસલમાન ધર્મના નથી અને મુસલમાન ધર્મને માનનારા નથી. ત્યારે તો હવે તેઓ ઇસલામના દાયરાથી જાણી બુજીને નીકળી ગએલા જણાવે છે. હવે આવી સ્થિતિ વચ્ચે તેઓ કોઇ કોઇ જગોએ પોતાને ઇસિલામી જણાવવાનો જે ડોળ ઘાલે છે તેથી વાંચક વર્ગને કેવા અનુમાન ઉપર જવું એ અમારે જણાવી આપવાની જરૂર નથી.

જ્યારે તેઓ લેખી રીતે જાહેર છાપાદ્વારા પોતાને હીન્દુ હોવાનું જણાવે છે ત્યારે તેઓ હવે મુસલમાન તો નથી અને જો તેવો દાવો કરે તો તે સચ્ચાઇથી વેગળો છે. અથવા તો જો તેઓ ઇસલામી હોવાનો દાવો કરે તો, તેમનો હીન્દુ હોવાનો દાવો જુઠો ઠરે છે. હવે જો તેઓ મુસલમાન હતા તો તેમણે પોતાનો ધર્મ હીન્દુ જણાવી, હડહડતું જુઠું બોલી, મી. ગાંધી તથા બીજા હીન્દુ લીડરો વીગેરેને છેતર્યા તેમણે પોતાના લખાણમાં કબુલ કર્યું છે કે ખોજા ધર્મ એ પણ હીન્દુ ધર્મની શાખા છે અને ના. આગાખાન નકલંકનો અવતાર છે. તો

આમ જણાવી નામદાર આગા સાહેબના મુરીદોને તો તેમનો હીન્દુ ધર્મનાજ છે એમ જણાવી નામદાર આગાખાન સાહેબને પણ હિન્દુ ધર્મના તથા તેવાના એક આચાર્ય પેશ કરે છે.

નામદાર આગાખાન તથા તેમના ખોજા મુરીદોને હીંદુ સાબીત કરવાની અમારા મિત્ર વરતેજીએ તનતોડ મેહનત કીધી છે અને તે માટે તેઓને સદ હઝાર આફરીન ઘટે છે. તેઓ તો આગાખાન સાહેબને હીન્દુ ધર્મના આચાર્ય સાબીત કરતા હતા જ્યારે મહાત્મા ગાંધી તથા મી. અમૃતલાલ ઠક્કુર વીગેરે ખોજાઓને મુસલમાન તથા આગાખાનને મુસલમાનોના આચાર્ય હોવાનું સાબીત કરતા હતા.

મહાત્મા ગાંધીએ ખોજાઓને તથા ના. આગાખાનને મુસલમાન હોવાની જે દલીલો પેશ કરી છે તેથી એમ તો ચોકસ સિદ્ધ થાય છે કે મી. વરતેજીએ તેમ નહિ હોવાને પ્રથમ જણાવેલું છે. મહાત્મા ગાંધી પોતાની અંગત માહિતી તથા જાહેર બનાવો રજુ કરી ખોજાઓ તથા આગાખાનને મુસલમાન સાબીત કરે છે અને મી. વરતેજી જીદ કરેજ જાય છે કે નહિ તેમ નથી. પણ ખોજાઓ તથા ના. આગાખાન હિન્દુજ છે, મી. ઠક્કુરે મી. વરતેજીને તેની ભુલ સાબેત કરી આપવાને પ્રશ્ન કર્યો કે, " ના૦ આગાખાન મુસલીમ લીગના પ્રમુખ થયા હતા,તેમ કોઇ હીન્દુ સમાજના પ્રમુખ નેમાયા છે? આવા પ્રશ્નથી મી. ઠક્કુર ના૦ આગાખાનને તે હિન્દુ નથી પણ

મુસલમાન છે એમ સિદ્ધ કરવા માગે છે. જ્યારે મી૦ વરતેજી ના૦ આગાખાનના મુસલમાન હોવાને ઇનકાર કરતાં મી. ઠક્કુરના પ્રશ્નને સમય યોગ્ય સમજતા નથી વાત પણ ખરી છે કે જો મી. વરતેજી મી. ઠક્કુરના પ્રશ્નને સમય યોગ્યનો સમજે તો તેમને પોતાની ભુલ સુધારી ના. આગાખાનને મુસલમાન કબુલ રાખવાની ફરજ પડે. પણ વાંચક વર્ગ જોઇ શકશે કે, મી. વરતેજી કેટલી બધી હદ છાંડી સત્ય વાતને દીદા દાનીસ્તા અસત્ય જાહેર કરે છે.

મી. વરતેજીનો એકરાર પોતાના મુસલમાન નહિ હોવા વિષેનો છે. તેથી તેઓ મુસલમાન તો નથીજ એમ માની લેવું જોઇએ. જ્યારે તેઓ મુસલમાન નથી તો, તેથી એમ સાબીત થયું સમજવું જોઇએ કે, પોતે મુસલમાન નહિ છતાં, પોતાને ઇમામી ઇસમાઇલી મતના તથા તે તડામાં હોવાનું જણાવે છે અથવા તો એમ પુરવાર થાય છે કે તેઓ ઇમામી ઇસમાઇલી ફીરકાને ઇસલામનો ફીરકો સમજતા નથી. સાથેજ તેઓ ના૦ આગાખાન તથા તેમના મુરીદોને મુસલમાની દાયરાથી ખસેડી હીન્દુ દાયરામાં ધકેલે છે. હવે જ્યારે ઇમામી ઇસ-માઇલી ધર્મ એ મુસલમાન ધર્મની શાખા નહિ, પણ મી. વરતે-જીના કહ્યા મુજબ હિન્દુ ધર્મનીજ શાખા હોય તો, તે સંપ્રદાયના સઘળા પીરો તથા ઇમામો તથા મુરીદો પણ મુસલમાન નહિજ હોવા જોઇએ. અથવા તો જો તેઓ મુસલમાન હતા તો હમણાં હમણાં હીન્દુ ધર્મ અખ્તેયાર કરવામાં આવ્યો છે.

ના, પણ તેવું કશુંએ નથી. પીર સદરદીન વીગેરેએ જેવી રીતે યુક્તિપ્રયુક્તિથી હિન્દુઓને ફોસલાવીને મુસલમાન બનાવવાનું ધોરણ અખ્તેયાર કર્યું હતું તેમ મી. વરતેજી મેઘવાળ કોમને ખોજા બનાવવા માટે તેમને એમ સમજાવે છે કે ખોજા પંથ એ હિન્દુ ધર્મની એક શાખા છે અને ખોજાઓ હીન્દુજ છે અને ના૦ આગાખાન નકલંકના અવતાર છે. આવું આવું મેઘવાળોને સમજાવી તેમને ખોજા થવા ઉશકેરવામાં આવે છે. પણ મી. ગાંધી મી. ઠક્કુર વીગેરેજેવા હીન્દના આગેવાનો આગળ મી. વરતેજી યુક્તિ પ્રયુક્તિ ચલાવવા જાય એ ચાલી શકે તેમ નથી; બલ્કે તેથી તેઓ પોતાના દીની પોઝીશનને ખાકમાં મેળવી આપે છે.

શું ખોજાઓ હીન્દુ છે? તથા નામદાર આગા સાહેબ હીન્દુ છે? તથા પીર સદરદીન વગેરે હીન્દુ હતા? તથા તેમણે જે જ્ઞાનશાસ્ત્ર રચ્યાં છે તે હીન્દુ ધર્મનાજ રચ્યાં છે એ વાત કોઇથી ગળે ઉતરે તેવી છે? અને સૌ કોઈ ઘણીજ સ્હેલાઇથી કબુલ કરશે કે તે હકીકત તદ્દન સત્યતાથી વેગળી છે. પોતાને ઇમામી ઇસમાઇલી જણાવતા ખોજાઓ મુસલમાન છે; પણ માત્ર મી૦ વરતેજી જેવા કુમાર્ગે ચડાવનારાના પ્રયાસથી તેમના અકાયદો તથા આચાર વિચાર ઇસલામના દાયરાથી ખસતા ચાલ્યા છે. જોકે સમજુ તથા કેળવાયલો વર્ગતો પોતાના મુસલમીન હોવા માટે મગરૂર તથા માન ધરાવે છે. ખોજાઓને હીન્દુ કહેવા નીકળવું એ આકાશપર ધુળ ઉરાડવા જેવું છે. શું નામ-

દાર આગાખાન હીન્દુ! અને હીન્દુઓના આચાર્ય!! શું મુસલમાન નહિ!!! લાહોલવલા કુવ્વતા

મી૦ વરતેજી પોતાની એવી કબુલાતથી કે "મુસલમાનો અમને તેમના (મુસલમાનના) ધર્મમાં ગણુતા નથી." વળી "હીન્દુએ અમને વટલેલા મુસલમાન ગણે છે અને મુસલમાનો પણ શરીઅતના કાયદાઓ ઉપર અમને અમલ કરતા જોતા નથી. કારણ કે અમો હકીકતી ઇસ-લામના સીદ્ધાંતો અમારા ગુરૂના બતાવવા મુજબ પાળીએ છીએ, તેથી મુસલમાનો પણ અમારાથી ધાર્મિક મળતાપણું દેખાડતા નથી. અને આ હીસાબે હીન્દુ મુસલમાન બેઉ ધરમના મતભેદથી નિરાળો સતપંથ (તેને) પાળનારા છીએ. વળી પ્રથમ કહી જાય છે કે "હમ સતપંથી હું ખોજે—ન હીન્દુ ન મુસલમાન રહે!" પોતાના તથા પોતાની પાર્ટીના ઇસલામથી ખારીજ હોવાનો મુસલમાનોનો અભિપ્રાય પ્રેશ કર્યો છે. તેમાં સચ્ચાઈ માત્ર એટલીજ છે કે મી૦ વરતેજીના અકાયદા તથા આચાર વિચારનો જે ખોજાઓ ઉપર અસર થયો છે તેમના સંબંધમાં અલબત્તા મુસલમાનોનો એવો અભીપ્રાય થયો છે કે તેઓ તેમને (મી૦ વરતેજી તથા તેમના જેવા અકાયદા તથા આચાર વિચાર ધરાવનારાઓને) ઇસલામ સાથે જોતા નથી, બલ્કે ઇસલામથી ખારીજ સમજે છે. વાત પણ ખરી છે કે જે લોકો વૈષ્ણવના અવતારોને માને, હજરત અલી અ૦ ને વૈષ્ણવનો દસમો અવતાર માને, પીરોના જ્ઞાનોને વેદ તથા કુરાન માને, શરીઅતના કાયદાઓ જેવા કે ખુદાની વેહદા

નિયત, નબુવ્વત, ઈમામત, નમાઝ, રોઝા. હજ, ઝકાત, ખુમ્સ વિગેરેનો ઇનકાર કરે, બંદગી માટે મસજીદ રાખે નહિ, પોતાના બચ્ચાંઓને પણ કુરાન પડાવે નહિ, બલ્કે જાહેર છાપાઓ, માસિકો પુસ્તકો, તથા ન્યાયની કોર્ટોમાં એમ કહે કે અમો કુરાન કે નીમાજ રોજાને માનતા નથી. તેમ માને તેને તેઓ મુસલમાન કેવી રીતે માને તથા સમજે?

મી૦ વરતેજી તથા તેમના જેવા થોડાક જે ખોજાઓને ગુમરાહ કરવા માગે છે તેને લઇ ખોજાઓ ઉપર તેઓ મુસલમાનને મળતા નથી તેવી માન્યતા ઠામ ઠામ ફેલાઈ ગઈ છે. અને ફેલાતી ચાલી છે, પરંતુ તેથી કાંઇ ઇમામી ઇસિમાઇલી જમાતના સઘળા લોકો તેવા છે તેમ નથી. મુઠ્ઠીભર ગંદુમનુમા જવફરોશને લઇ સમગ્ર જમાત ઉપર તેઓ મુસલમાન નથી એવો આક્ષેપ આવી શકતો નથી. ઇમામી ઇસિમાઇલી જમાતમાં ઇસલામનું શિક્ષણ આપવાને કશોપણ પ્રયાસ કરવામાં આવતો નથી. પણ મી૦ વરતેજી જેવાના અકાયદો તથા આચાર વિચારો પ્રસરતા તથા ફેલાતા જાય છે. તાઅજ્જુબની વાત છે કે મુંબઇની ઇસિમાઇલીઆ કાઉન્સીલના આગેવાનો આવા ઇસલામ વિરૂદ્ધના અકાયદો તથા આચાર વિચારને ફેલાતા અટકાવવાને પ્રયાસ કરતા નથી. તેમની ચુપકીદીએ નીમ રઝામંદી જેવી સ્થિતિ ઉભી કરી આપી છે. તેમનામાં "સતપંથ પ્રકાશ" નામે એક માસીકપત્ર મુંબઇમાં મુખી લાલજીભાઇ દેવરાજના માલેકીપણા નીચે નીકળે છે તેણે પણ જ્યારે મી૦ વરતેજીએ પોતાને, ખોજાને તથા ના૦ આગાખાનને મુસલમાન

નહિ પણ હીન્દુ જણાવ્યા ત્યારે કાંઇપણ એક શબ્દ વરીક લખ્યો નહિ અને તેથી જાણે મેદાન શોધનારાઓના મુખમાં પાણી છુટતું હોય તેવી સ્થિતિ જોવાય છે; પણ અમો જોઇએ છીએકે એ સઘળું ફોક છે. પીર સદરદીનનો પ્રયાસ કદી પણ નિષ્ફળ જવાનો નથી. ઘણો ભાગ ખોજાઓનો તથા કેટલોક મુમનાઓનો શુદ્ધ ઇસલામના ઝુંડા તળે આવી ગયો છે. આવતો જાય છે અને આવી જશે. અને ખોજાઓને જે તેઓ મુસલમાન નથી પણ હીન્દુ છે એમ કહી કહી ધીમે ધીમે તેમને મુસલમીન પણાથીં ખસેડવામાં આવે છે તેવો તેમનો પ્રયાસ બહુજ જલદીથી નાબુદ થઇ જશે.

સૌ કોઈ જાણે છે કે ઇમામી ઇસ્માઇલી ખોજાઓ મુસલમાન છે. સરકાર દરબારે તેમને મુસલમાની શરેહના કાયદાઓ લાગુ છે. વસ્તી ગણત્રીમાં તેઓ મુસલમાન નોંધાય છે. મુસલમાનો સાથે જોડાઇ તેઓ પોતાના વ્યવહારિક તથા રાજદ્વારી હક્કો માગે છે. મુસલમાન હોતાં, મુસલમાનોના મંડળોમાં જોડાઈ તેમાં ભાગ લે છે. શું કોઇ એમ કહી શકશે કે સર ઇબ્રાહીમ રહેમતુલ્લાને તેઓ હીન્દુ હોતાં ઑલ ઇન્ડીઆ મોહમેડન એજ્યુકેશન કૉનફરન્સના પ્રમુખ બનાવવામાં આવ્યા હતા?

હવે મી૦ વરતેજીની એ લનતરાનીની તસવીરને પણ જોઇએ કે જેમાં તે પોતાને તથા પોતાના ટોળાંને મુસલમાન નહિ પણ હીન્દુ ધર્મ છોડયો નથી કહે છે. આવી લનતરાની તદ્દન ગપાષ્ટક કરતાં વધુ હેસીયત

ધરાવતી નથી. ઇમામી ઇસમાઇલી ટોળાંના ખોજાઓમાં જે સુધરેલા તથા કેળવાયલા છે તે ખરા મુસલમાન તરીકે જાણીતા છે. બાકીના મુસલમાન તો છે, પણ તે એવા કે જરા કાચા; પણ હીન્દુ તો નહિજ. પણ મી૦ વરતેજી મી૦ ગાંધી તથા મી૦ ઠકકુરને દમ ભરાવતા તથા ઢેડાંઓને ખોજા બનાવવાની ધુનમાં એવાતો ગભરાઈ મુંઝાઈ ગયા કે. ભાન ભુલી ગયા. તેમના મગજની ડાગળી ખસી ગઇ. મગજ ચકરમ થઈ ગયું. ગભરાઇ ગયા અને શું જવાબ દેવો તે નહિ સુઝતાં ફાવે તેમ લનતરાની કરી ગયા. તેઓએ માત્ર એટલીજ વાતને દ્રષ્ટિ મર્યાદામાં રાખી લાગે છે કે, બીજાઓ ભલે મને ગમે તેવો સમજે, પણ મુંબઇના ઢેડાંઓ જો ખોજાઓને હીન્દુ તથા ના૦ આગાખાનને નકલંકનો અવતાર સમજે તો બસ. બસ તેમનો આ હેતુ ઘણોજ મુબારક છે. ખુદાતાલા તેમના પ્રયાસમાં બરકત આપે અને ઢેડાંઓ ખોજા થઈ જાય.

પણ મી૦ વરતેજી ઢેડાંઓ આગળજ ખોજાઓ હીન્દુ છે અને મુસલમાન નથી એમ કહે તો ચાલે, પણ જાહેર છાપાઓમાં તેમ બોલવા નીકળે તે હવે ચાલી શકે નહિ, આવી બાબતોથી મુસલમાનો ખોજાઓ પ્રત્યે, જે તેમની દીની અજ્ઞાનતાનો અભિપ્રાય બાંધી બેઠા છે તેમાં ઉમેરોજ થતો જશે. જેથી ખોજાઓને હાની તથા શરમીંદગી છે; પણ આવી બાબતને મુંબઇની ઇસ્માઇલી કાઉન્સીલે અટકાવવી જોઇએ. કાઉન્સીલની તે ખાસ ફરજ છે. કાઉન્સીલના કાયદામાં ખાસ તેમની

ફરજ બતાવવામાં આવી છે. "ખોજા શીઆ ઇમામી ઇસ્માઓલી કાઉન્સીલ મુંબાઇના કાયદાઓ" નામની બુક જે નામદાર આગાખાનની પરવાનગી તથા સત્તાથી પ્રગટ કરેલી છે તેની કલમ ૩૭ માં જણાવવામાં આવે છે કેઃ—

"૩૭ મુંબઇની ઇસમાઇલી લાયબ્રેરી અથવા મુંબઇ અને ઉપરના
" લખેલા ગામડાંનો કોઇબી ઇસ્માઇલી, ઇસ્માઇલી ધર્મની બાબત
" ઉપર જો કાંઇ લખાણ પ્રગટ કરાવવા ઇચ્છતો હશે તો, તેવી
" ઇચ્છા ધરાવતા પ્રગટ કરનાર ઉપર, ફરજીઆત છે કે, તેણે
" તે લેખ કાઉન્સીલ પાસે રજુ કરવો, અને કાઉન્સીલ દર માસે
" પોતામાંથી વારાફરતી જે બે સભાસદોની નેમણુંક કરે, જેઓએ
" આવા લખાણો પાસ કરવા પછીજ છપાવવા માટે મોકલવા."

ઉપરના કાઉન્સીલના ધારા વિરૂદ્ધનું મી૦ વરતેજીનું પગલું છે. તથા બીજા બે ચાર તેમના જેવાજ ગોડીયાઓ તે પ્રમાણે કાઉન્સીલના કાયદાની વિરૂદ્ધમાં જઇ પુસ્તકો તથા લખાણો છપાવે છે. અને તેથી ખોજા પંથ તથા ના૦ આગાખાનના ધર્મ ગુરૂ તરીકેના પૉઝીશનને બહુજ કફોડી સ્થિતિમાં મુકે છે. અને જો કાઉન્સીલે પોતાની ફરજને અમલમાં મુકી હતે તો આવી સ્થિતિ કદી પણ ઉત્પન્ન થવા પામતે નહિ; કેમકે જ્યાં સુધી અમો જાણીએ છીએ ત્યાંસુધી કાઉન્સીલના અધિકારીઓ તથા મેમ્બરો એવા નથી કે, જે મી. વરતેજી જેવા અકાયદો તથાં આચાર વિચારો ધરાતા હોય. અને અથવા તો પોતાને ઇસલામના દાયરાથી અલગ થયેલા સમજતા હોય; બલ્કે તેઓ પોતાને

ચુસ્ત મુસલમાન સમજે છે. તો પછી હવે તેઓએ પોતાની ફરજને અમલમાં મુકી એક કમીટિ નેમી મી૦ વરતેજી મી૦ ચુનારા વીગેરેના પુસ્તકો તપાસી જોવા જોઇએ. અને જો તેમાં ઇસલામ વિરૂદ્ધ લખાણો હોય તો તે પુસ્તકો વેચાતા અટકાવી તેવા લેખકોને કાયદાના સાણ-સામાં પકડવા જોઇએ અને ભવિષ્યમાં તેમને ઇસલામ વિરૂદ્ધના લખાણો લખતા અટકાવવા જોઇએ. જો આમ નહિકરવામાં આવે તો રોગ વધતો જશે અને ખોજા પંથ તથા નામદાર આગાખાન સાહેબનું મઝહબી પૉઝીશન તદ્દન માટીમાં મળી જશે.

વળી કાઉન્સીલે ઉપર પ્રમાણે અમલ કરવાને નામદાર આગા સાહેબની હજુરમાં તારીખ ૪ માર્ચ સને ૧૯૧૦ ના રોજ સોગંદ પણ લીધા છે. આ સોગંદ નામામાં જણાવવામાં આવ્યું છે કેઃ—

" મુંબઇ શીઆ ઇમામી ઇસમાઇલી કોનસીલના ઓધેદારો
" તથા સભાસદોએ ઉપર લખેલા સઘળા કાયદાઓ મૌલાના
" ધણી સલામત દાતાર હીઝ હાઇનેસ આગા સર સુલતાન
" માહમદશાહ આગાખાન જી. સી. આઇ. ઇ. સાહેબની હજુર
" પુરનુરમાં જાહેર રિતે સાંભળ્યા છે તેમજ ધ્યાનથી વાંચ્યા
" છે. અમારા સત્ય ઇમાનથી ખુદાતાલાને હાજર જાણી અમો
" ઉપલા કાયદાઓ અમલમાં લાવવા માટે અમારા ખુલા દીલથી
" અને રાજી ખુશીથી કબુલાત આપીએ છીએ. અને અમો
" અમારા ખરા ઇમાનથી અને ખુશીથી ઉપલા કાયદાઓ પ્રમાણે
" ચાલવા જાહેર કરીએ છીએ. મુંબઈ તા. ૪થી માર્ચ ૧૯૧૦

ઉપરની પ્રતિજ્ઞા નામદાર આગા સાહેબની હજુર હુજુરમાં લઈ, તે પ્રતિજ્ઞા ઉપર ભેગી સહીઓ કરવામાં આવી છે જેમાં "ઇબ્રાહીમભાઇ મોહમદભાઈ રવજી, હાજી આમદભાઇ દેવજી, મુખી પીરભાઇ રહીમ, કામડીઆ જાફરભાઈ પ્રધાન, રજબઅલી રામજી લખધીર, જાફરભાઈ રતનશી, રહીમભાઈ ઝેનુલ આબેદીન, જુમાભાઇ શરીફ, જાનમોહમદભાઈ સોમજી, લાલજીભાઈ દેવરાજ, હાજી કુરબાનઅલી મુખી લાડક,હાજી ઇબ્રાહીમભાઈ દાતુ, નેણસીભાઈ નથુ, કાસમભાઇ વીસરામ, જગશીભાઈ વીસરામ, નેણશીભાઈ પીરભાઇ, શુમારભાઈ શીવજી, શીવજીભાઇ લાલજી,કુરજીભાઈ મુળજી, પુંજાભાઈ જસરાજ અને જુમાભાઈ જાનમોહમદ રાઇના નામો કાયદા બુકમાં પણ છાપેલાં છે.

મુંબઇની ઇસમાઇલીઆ કોન્સીલનું ઉપરની બાબત સંબંધે અમો માનપૂર્વક લક્ષ ખેંચવાની રજા લઇએ છીએ અને તે ઘણાજ પવિત્ર હેતુને લઇ, કે જે હેતુઓ ખોજા કોમની દીની તથા દુન્યવી ઉન્નતિ ઉપરજ યોજાએલા છે. આશા રાખવામાં આવે છે કે તેઓએ જે પ્રતિજ્ઞા ના૦ આગાખાન સાહેબની રૂબરૂમાં લીધી છે તેના થયેલા તથા થવા જોઇતા અમલ ઉપર તેઓ ઘટતો વિચાર કરી ભવિષ્યમાં તે કાયદાનું સંરક્ષણ કરશે.

હવે મી. વરતેજીના એવા ઇકરારની રૂપરેખા જોઇએ કે, જેમાં તેઓ પોતાને "**હકીકતી ઇસ્લામી**" જણાવે છે. જ્યારે તેઓ પોતાને "હકીકતી ઇસ્લામી" જણાવે છે તો તેમના આકાયદો તથા

આચાર વિચાર પણ **હકીકતી ઇસલામી** પ્રમાણેના હોવાનું માની શકાય. તેઓ પોતાને હકીકતી ઇસલામી કહી, પોતાને તો હીન્દુ જણાવે, હીન્દુ ધર્મ અમોએ છોડયો નથી તેમ કહે, પોતાને એવા હીન્દુ ગણે કે જેને હીન્દુઓ વટલેલા મુસલમાન સમજે, પોતાને એવા મુસલમાન સમજે કે જેને મુસલમાનો કાફર શરીયતના કાયદાપર નહિ ચાલનારા સમજે, ના૦ આગાખાન સાહેબને તેઓ નકલંકના અવતાર માને, હઝરત મૌલા મુરતઝાઅલી અ૦ ને ખરા ખુદા ( સઘળી મખ્લુકાતના ખુદાથી નિરાળા ) જણાવે. વેદને માનવાનું કહી પીરોના જ્ઞાન શાસ્ત્રને વેદ કહે, કુરાનને માનવાનું કહી પીરોના જ્ઞાનશાસ્ત્રને કુરાન કહે, નીમાજ, રોઝા, હજ ઝકાતાદિ શરીયતે ઇસલામની આજ્ઞા પોતા માટે યાને હકીકતી ઇસિલામી માટે નથી એમ જણાવે અને બીજું એવું એવું જણાવે કે, જે તેમના છપાવેલા રીસાલાથી નીકળી શકે, એ સઘળાનેજ તેઓ " હકીકતી ઇસલામી " ની માન્યતા તથા અકાયદો માનતા હોવા જોઇએ અને જ્યારે તેમણે લેખી રીતે જાહેર છાપામાં તથા રીસાલામાં તેનો ઇકરાર કર્યો છે તો તેજ હોવા જોઇએ. તો વાંચક વર્ગ જોઈ લે કે, તેઓ કેવા હકીકતી ઇસિલામી " છે! અને તેમના " હકીકતી ઇસિલામી તરીકેના કેવા અકાયદો તથા આચાર વિચારો છે. "

સાથેજ તેઓ " હકીકતી ઇસલામ " ની વ્યાખ્યા એમ આપે છે કે:—

" અમો હકીકતી ઇસલામના સીદ્ધાંતો અમારા ગુરૂના બતા-
" વવા મુજબ પાળીએ છીએ, તેથી મુસલમાનો પણ અમા-
" રાથી ધાર્મિક મળતાપણું દેખાડતા નથી. "

ઉપરના લખાણ તથા કબુલાતથી મી. વરતેજી એમ જણાવી દે છે કે, " હકીકતી ઇસલામ તેનુંજ નામ છે કે જેના સીદ્ધાંતો અમારા ગુરૂ બતાવે, અને તે મુસલમાનો સાથે મળતાપણું દેખાડે તેવા નથી. ત્યારે તો એમજ સાબીત થયું કે હકીકતી ઇસલામના જે અકાયદો તેઓએ જણાવ્યા, ગ્રહણ કર્યા, બીજાઓ ગ્રહણ કરાવ્યા તથા ગ્રહણ કરાવવા છે તે તેમના ગુરૂએજ બતાવ્યા તથા શીખવા-ડયા છે કે જેનાપર તેઓ મુસ્તકીમ થયા છે અને જેનાપર તેઓ પોતાના ઇમાનના મુસ્કીમ તથા ચુસ્ત ઇસિમાઇલી હોવાનો ભાર આપીને દાવો કરે છે. તો હવે તેથી તેમના ગુરૂના પણ તેવાજ અકા-યદ હોવા જોઇએ એમ પણ આસાનીથી માની શકાય તેવું છે.

જો તેઓ પોતાના ગુરૂ કે જેમનું નામ તેઓએ આપેલું નથી તેમના તેવા અકાયદો હોય તો, તે ગુરૂને તેઓ કેવા દીની પૉઝીશનમાં મુકે છે તે સ્પષ્ટ સમજી શકાય છે. ગુરૂથી જો તેમની મુરાદ પીર સદરૂદીન વીગેરે મીશનરીઓથી હોય તો, મી૦ વરતેજી તદ્દન જુદા થાય છે, કારણ કે તેવા મીશનરીઓએ તેવો " હકીકતી ઇસલામ " બતાવ્યોજ નથી કે, જેના અકાયદો ઉપર પ્રમાણેના હોય. અમોએ પીરોના જ્ઞાન શાસ્ત્રના પુસ્તકોનો પુરો અભ્યાસ કરી, અભ્યાસ કરીજ

નહિ, પણ તેને ગુજરાતીમાં છપાવીને, તથા તેમાંથી નીકળતા અકાયદા તથા આચાર વિચાર તારવી કાઢીને, સંખ્યાબંધ કીતાબો તથા લેખોમાં છાપી સ્પષ્ટ સાબીત કરી આપ્યું છે કે, તે અકાયદા એવા નથી કે જેવા મી૦ વરતેજી હકીકતી ઇસલામના જણાવે છે અને જો પીરો તથા મી૦ વરતેજીના ગુરૂના અકાયદા તથા આચાર વિચાર મી૦ વરતેજી જણાવે છે તેવાજ હોય તો તે એક ભયંકર બાબત છે.

ઇમામી ઇસમાઇલી જમાતના આગેવાનો તથા મેમ્બરો ! તમો કદાચ નહિં જાણતા હો, અથવા તો જાણતા હો તો કાંઇ પણ બોલી નહિ શકતા હો; પરંતુ તમારે એક સાચા ઇસલામી તરીકે, સાચા પીર સદરદીનના મુરીદ તરીકે તથા ના. આગા સાહેબના એક સાચા મુરીદ તરીકે, એ વાત ભુલી નહિ જવી જોઇએ કે, મી૦ વરતેજી તથા તેમના ગોઠીયાઓ, ખરા ઇસિલામને, પીર સદરદીનના જ્ઞાન શાસ્ત્રમાં રજુ થયેલા ખરા ઇસિલામી અકાયદાને તથા ના૦ આગા સાહેબના ઉપદેશને મિત્ર ભાવે માટીમાં મેળવી દેવા માગે છે. તેઓ તેમના પ્રયાસો તથા હેતુને કોડીને મુલે વેચવા ધારે છે, આપના દીની તથા દુન્યવી પોઝીશનને નીસ્તો નાબુદ કરવા માગે છે અને બીજા ઇસિલામીઓ તમોને મુસલમાન ન ગણે, પીર સદરદીનને પણ ઇસલામી ન ગણે તથા ના૦ આગાખાન પ્રત્યેનો ધાર્મિક ભાવ દુર કરે તેવાં લખાણો લખી છપાવીને કોમમાં સડો નાંખે છે. અને તમો એમ નહિં સમજતા કે, કાંઇ થતું નથી, પણ તેવા ગંદુમ નુમા જવ ફરોશોનું જાદુ કોમમાં ચાલુ થઇ

ગયું છે. કોઈ કોઇ ઉપર ઉપરથી સંભવિત તથા અંદરખાનેથી સ્વાર્થી એવા લોકો સરકારી કોર્ટોમાં વટીક પ્રતિજ્ઞા ઉપર એમ કહેવાને નીકળી પડયા છે કે, અમો મુસલમાન નથી, આપને ખાત્રી કરવી હોય તો, રાણાવાવના ખોજા કાસમ કાનજીએ પોતાની ઓરત નુરઆઇને કબજે લેવાને જુનાગઢ ( કાઠીયાવાડ ) ની દીવાની અદાલતમાં જે કેસ માંડેલો, તે છપાયલો, જે રૂપીઆ દોઢની કીંમતમાં " નુરે હીદાયત ઑફીસ અમરેલી—કાઠીયાવાડ " થી મળી શકે છે તે મંગાવી વાંચી જુઓ. ધર્મનો પ્રચાર કરનારા મીશનરીઓ, કૉન્સીલના ચેરમનો, કૉન્સીલના મેમ્બરો મુખી તથા કામડીઆ ખુલ્લી કોર્ટમાં ઇસલામ વિરૂદ્ધની ગવાહીઓ આપી ગયા છે અને તે એટલી હદ સુધી ઈસલામ વિરૂદ્ધની હતી કે, ખુદ તેમનેજ સુન્ની મુસલમાનોથી કોર્ટ ખાલી કરાવવાની કોર્ટને અરજ કરવી પડી હતી. અને કોર્ટે તેમની તેવી માગણીનો સ્વીકાર કરી કોર્ટ સુન્ની મુસલમાનોથી ખાલી કરી જુબાનીઓ લીધી હતી.

અરે ઓ ! પોતાની રગોમાં ઇસિલામી લોહી ધરાવનારાઓ ! અરે ઓ ! પીર સદરૂદીનનાં હાથથી ઇસિલામથી મુશર્રફ થયેલાઓ ! અરે ઓ! આગેવાની ધરાવનાર તથા કેળવણી પામેલાઓ! અરે ઓ! પંજે ભાઇઓ તથા મોટાં કામો કરાનારા ! શું તમારી ધેરત તકાઝો નથી કરતી કે, આવી પોતાના ધર્મની તુક્કા ખુટી જોઈ રહ્યા છો ? ભાઇઓ, જાગો ! અને બેદીન ફેલાવનાર લઈભાંગુ લેખકો તથા મીશનરીઓને દુર કરી કોમ તથા ધર્મનું રક્ષણ કરો તથા કરાવો.

કોમના સરદારો એજ કોમના સેવકો છે. રાજા એ સમયનું કારણ છે કોમને દીની તથા દુન્યાવી સારી હાલતમાં મુકવી કે અધોગતિએ પહોંચાડવી, એ તમારા અખ્તેયારની છે. રખેને એમ ન થાય કે, તમો ગફલતમાં ઉંઘતા પડ્યા હો, અને ગંદુમ નુમા જવ ફરોશો આવીને, તમારી કોમની તથા દુન્યવી હાલત ખરાબી કરી નાખે.

અમોને કસમ બ ખુદા કે, બહુજ લાગી આવે છે તેથી આ ટુંક સૂચના નીચેની દોઆ સાથ કીધી છે.

ઇલાહિ બ હક્કે રસુલે તહામી.
હરેક ફર્દ ઇન્સાંકા જોકે હામી.
જીસે દુર નઝદીકથે સબ ગિરામી.
બરાબર થે મક્કીયો ઝંગીયો શામી.
શરીરોં કો હાથ અપને જીસ્ને નિબાહા.
ગુરૂંકા હમેશા ભલા જિસને ચાહા.

તુફેલ ઉસ્કા ઓર ઉસ્કી ઇતરતકા યારબ.
પકડ જલ્દ હાથ ઉસ્કી ઉમ્મતકા યા રબ.
એક આબ ઉસ્પે ભેજ અપની રેહમતકા યા રબ.
ગુબાર ઉસ્સે જો ધોયેં ઝિલ્લતકા યા રબ.
કે મિલ્લતકો હે નંગ હસ્તીસે ઉસ્કી.
હુવા પસ્ત ઇસલામ પસ્તીસે ઉસ્કી.
ઉન્હેં કલ્કી ફિક્ર આજ કરની સિખા દે.

ઝરા ઉન્કી આંખુંસે પરદા ઉઠા દે.
કમીનગાહે બાઝીયે દૌરાં દિખા દે.
જો હોના હેય કલ આજ ઉન્કો સુઝા દે.
છતેં પાટલેં તાકે બારાંસે પેહલે,
સરીના બના રાખે તુફાંસે પેહલે;
બચા ઉન્કો ઉસ તંગ નાયે બલાસે.
કે રસ્તા હો ગુમ રાહરેવા રાહનુમાસે.
ન ઉમ્મીદ યારીહો યાર આશનાસે.
ન ચશ્મે એઆનતહો દસ્તો અસા સે.
ચપો રાસ છાઇ હુઇ ઝુલ્મતેં હો,
દિલોં મેં ઉમીદુંકી જા હસરતેં હોં,

## મેઘવાળ ખોજાઓ.

ઉપરના મથાળાવાળું લખાણ જે મુંબઇ ખાતે પ્રસિદ્ધ થતા વર્તમાન પત્ર "હીન્દુસ્તાન" માંથી ઉતારી આ માસિકના ગયા અંકમાં આપવામાં આવ્યું છે તેના વાંચનથી વાંચક વર્ગને મુળ હકીકતનો કાંઇક ઝાંખો પ્રકાશ થયો હશે અને તેથી તે બાબતને વધુ સ્પષ્ટતાથી સમજાવવાની જરૂર રહે છે.

"મેઘવાળ" એ કોમ છે કે જેને લોકો "ઢેડ" "અંત્યજ" એવા નામથી પણ બોલાવે છે. હીન્દુસ્તાનની બહુજ પછાત રહી જનારી આ કોમ છે અને તેની સંખ્યા હીન્દુસ્તાનમાં ઘણી મોટી

છે. સામાન્ય રીતે આ કોમ ઘણીજ ગરીબ અજ્ઞાન તથા ગંદી છે હીન્દુ લોકો તેમને અડકતા નથી અને અડકી જવાયું તો અભડાઇ ગયાનું માની પહેરેલાં કપડાં ધોઇ તથા પોતે શરીરે સ્નાન કરી તે આભડછેટને દુર કરે છે કોઇપણ હીન્દુ તેમને પોતાના ઘરમાં કે ફળી-યામાં ઘુસવા દેતો નથી તેમની પાસેથી કોઇ વસ્તુ લે છે તો તેને પાણીના છાંટા નાખી તે વસ્તુની નાપાકી દુર કરે છે જો કોઇ ઢેડ ભુલે ચૂકે કોઇ હીન્દુના ઘરમાં ઘુસી ગયો તો તે ઘરને નવેસરથી લીપિ ગુપીને તેઓ પાક કરે છે.

ઢેડો યાને મેઘવાળો હીન્દુઓના લત્તાઓમાં રહી શકતા નથી. તેમને માટે ગામ બહાર ઇલાહેદા લત્તાઓ હોય છે જેમાં તેઓ એક જગોઓ રહે છે તેઓને કોઇપણ હીન્દુ લોકોના દેવ મંદીરમાં જવાનો અધિકાર નથી રેલ્વે ગાડીઓમાં પણ તેમના માટે ઇલાહેદા ડબાઓ ઘણે ભાગે રાખવામાં આવે છે જે ગાડીઓમાં ઢેડો માટે ઇલાહેદા ડબ્બાઓ નથી હોતા તે ગાડીમાં બાપડા ઢેડોને બહુ હાડમારી ભોગ-વવી પડે છે જે ડબા પાસે ચડવાને જાય છે ત્યાં લોકો તેને દુર દુર કરી ધુતકારી કાઢે છે બાપડો આ ડબા પાસેથી પેલા ડબા પાસે અને પેલા ડબા પાસેથી આ ડબા પાસે બહાવરો બની દોડાદોડ કરે છે અને જો ગાર્ડ તે તરફ ધ્યાન ન ખેંચે તો વખતે રહી પણ જાય છે અમોએ કેટલીક વખતે આવા લોકોને રેલ્વેમાં ચડતાં રહી જતાં જોયા છે.

વખતે હીમ્મત કરી હીન્દુઓનાં ડબામાં દાખલ થાય તો તેને હડેધુત કરવામાં બાકી રખાતી નથી કેટલાક ચુસ્ત વૈષ્ણવો તથા ચુસ્ત સ્વામીનારાયણીઓ અને ચુસ્ત પ્રશ્નોરાઓ તો તે ડબામાંથી ઉતરી જઇ બીજામાં જઇ બેસી જાય છે બાપડા ઢેડને લાત મુકી મારીને કે ગાળો દઇને પણ નીચે ઉતારી મુકવામાં આવે છે.

આ મેઘવાળ કોમમાંથી કેટલાકો વણકર હોય છે એટલે કે ખાદી નામનું કપડું વણે છે તેમાંનો મોટો ભાગ મજુર વર્ગનો છે જે બળ-તણ વીગેરે જંગલમાંથી લાવી તેનાપર નિર્વાહ ચલાવે છે બાકીના લોકો ચમારનું કામ કરે છે એટલે કે મરેલાં ઢોરો તેઓ લઇ જાય છે તેનું માંસ તેઓ ખાય છે અને હાડકાં વેપારીઓને વેચીને આપી દે છે અને આળાં ચામડાંને કુંડો બનાવી રંગે છે ચામડા રંગવાના કાર-ખાનામાં ઘણે ભાગે ઢેડાજ હોય છે.

મુંબાઇમાં રહેનારા ઢેડા યાને મેઘવાળોને કેળવણી આપવા માટે મ્યુનીસિપાલીટિ તથા ખાનગી સંસ્થાઓ તરફથી સ્કુલો ખોલવામાં આવી છે બીજા સ્ટેટોમાં પણ તેવીજ તજવીજો થઇ છે અને તેથી કેટલાક ઢેડા ભણીને કાંઇ સુધરતા થયા છે અને બીજા હીન્દુ મુસલમાનોની જેમ તેમને પણ આગળ વધવાની ઇચ્છાઓ થઇ આવી છે પરંતુ હીન્દુઓ તરફના ભારે દબાણને લઇ તેઓ ફાવી શકતા નથી. તોપણ તેઓએ આગળ વધવાનો પોકાર શરૂ કરી આપ્યો છે અને તે પોકાર

વખતસરનો હોવાથી કેટલાક હીન્દુ સુધારકોએ તેમને ઉત્તેજન આપવા માંડયું છે. મી૦ ગાંધી પણ અંત્યજ ( ઢેડ) કોમના ઉદ્ધાર સારી માટે કાળજી રાખે છે તે હીન્દુસ્તાન પત્રના આવેલા ઉતારા પરથી જણાયું હશે.

હીન્દુ વર્ગના જે સુધારકો મેઘવાળોની ઉન્નતિ ચાહે છે તે ખરી રીતે હીન્દુ ધર્મની હિમાયતને ખાતર નહિ; પરંતુ હીન્દુ કોમમાંથી તેઓ નીકળી જવા લાગ્યા છે અને તેથી તેમની સંખ્યામાં ( કેમકે ઢેડો પણ હીન્દુઓજ છે ) ઘટાડો થઇ તેમના રાજદ્વારી હક માર્યા જાય તે માટે છે હજારો નહિ પણ લાખો ઢેડ ભંગીઓ ખ્રીસ્તી થઇ ગયા છે અને થતા ચાલ્યા છે ખ્રીસ્તી મીશન ખાતાએ મેઘવાળોને ખ્રીસ્તી બનાવી દેવામાં હીન્દુઓના તે પ્રત્યેના દુર્લક્ષ તથા તિરસ્કારનો સારો લાભ મેળવ્યો છે અને તેવો લાભ મેળવવામાં વીજળી વેગે તેઓ આગળ વધતા જાય છે હીન્દુસ્તાનના સઘળા ઇલાકાઓમાં અસંખ્ય ઢેડો ખ્રીસ્તી થઈ ગયા છે અને ખ્રીસ્તી થઇ ગયા પછી તેમને ઘણાજ લાભો થયા છે હીન્દુઓ તરફનો આભડછેટનો પરદો ઉડી ગયો છે અને તેઓ ખ્રીસ્તી તરીકે જયાં ત્યાં નોકરી તથા કામધંધામાં જોડાવા લાગ્યા છે.

ખ્રીસ્તી થઈ ગએલા મેઘવાળોની સ્વતંત્રતા તથા સારી હાલત જોઇ તેમનાંજ હીંન્દુ મેઘવાળભાઇઓના મનમાં ચટપટી થઈ આવે એ સ્વભાવિક છે અને તેવીજ ચટપટી મુંબઇના મેઘવાળોને થઇ આવ્યાનું હીન્દુસ્તાન પત્રના ગયા અંકમાં આપેલા ઉતારાથી વાંચક વર્ગની જાણમાં આવ્યું હોય.

હીન્દુ મેઘવાળોની હાજતો વધતાં તેમને સ્વતંત્રતાના સ્વપ્નો આવવા લાગ્યાં છે અને તેઓ ગમે તે ભોગે આગળ વધવાને ઉત્સુક જોવામાં આવે છે જો હીન્દુ કોમ તેમના પ્રત્યેનો આભડછેડનો પરદો નહિ ઉઠાવી દે તો તેઓ ખ્રીસ્તી કે મુસલમાન થઇ જવાની વેતરણ કરે છે જે જોઇ હીન્દુ સુધારકોને બહુજ લાગી આવે છે; પરંતુ તેવા સુધારકોનું તેમની કોમ પાસે એટલું ચાલતું કે ઉપજતું નથી કે, ઢેડો પ્રત્યેના આભડછેટને દુર કરાવી નાખે, અને તેઓ તેમ ન કરાવી શકે તો પણ આગળ વધવા માગતા ઢેડો ચુપ રહી શકે નહિ એ સ્વભાવિક છે અને તેથી મી૦ ગાંધીએ મુંબઇના ઢેડોને સારા શબ્દોમાં દીલાસાઓ આપ્યા છે તે દીલાસાઓ વ્યવહારૂ બને તે મુશકીલ કામ છે હીન્દુઓ ઢેડો સાથે તો ભેળાવાને તૈયાર નથી. પ્રીતિ ભોજનના મેળાવડા માટે કેવાં ધાંધલો તથા કોલાહલો થયાં હતા તે વર્તમાન પત્રના વાંચકોની જાણ બહાર નહિજ હોય.

મેઘવાળ લોકો પોતાની ઉન્નતિ માટે પોતાનો હીન્દુ ધર્મ છોડી ખ્રીસ્તી થઈ જતા ચાલ્યા અને લાખો ખ્રીસ્તી થઈ ગયા. આવી મેઘવાળોની સ્થિતિનો ખ્રીસ્તી મીશનરીઓએ લાભ લીધો પરંતુ મુસલમાન કોમ તરફથી કાંઇપણ તેમને પોતામાં લેવા માટેની હીલચાલ થઈ નહિ ખુદ મુસલમાન કોમ કેળવણીમાં પછાત હોવાને લઇ તથા તેમના શ્રીમંતોમાં દીની જુસ્સો નરમ હોવાને લઈ તેમને તેવો વિચાર વટીક થઇ આવ્યો નહિ વળી મુસલમાનો પણ હીન્દુઓના ઘાડા સમાગમમાં

રહેનારા તેથા તેમનામાં પણ કાંઇક મેઘવાળો પ્રત્યેની આભડછેટનો અસર થઇ આવ્યો જણાય છે અને છે અને હીન્દુઓની જેમ ઘણા મુસલમાનો પણ ઢેડોથી અભડાતા હોય તેવી રીત ભજવે છે અને આવી બાબતને લઇ તેઓ ઢેડોને મુસલમાન બનાવી પોતામાં મેળવી લેવાના પ્રશ્નને હાથ ધરી શકયા નથી અને હજુ પણ તેઓ ભવિષ્યમાં જલદીથી તેમ કરવાને તૈયાર થાય એ શંકાસ્પદ વાત છે.

કોઇ પણ હીન્દુ જો મુસલમાન થાય તો સમગ્ર મુસલમીન કોમ તેને પોતામાં દીલેજાનથી મેળવી લે છે અને તેને ટેકો આપે છે ઘણા હીન્દુઓ દર વરસે હીન્દુ ધર્મ તજી મુસલમાન થઇ જાય છે અને મુસલમાનો તેને પોતામાં મેળવી તેની સાથે રોટી તથા બેટી વહેવાર રાખવા લાગી જાય છે પણ ઢેડ કોમ એક હલકી કોમ ગણાતી ( હીન્દુઓના પ્રચલિત અમલને લઇ ) હોવાથી મુસલમાનો તેમને પોતામાં મેળવી લેવાને આંચકો ખાય જો કે તેમના ધર્મની રૂએ તેવો આંચકો ખાવો એ વ્યાજબી લેખાય નહિ. મતલબ કે હીન્દુસ્તાનના મુસલમાનોએ લાખો મેઘવાળોને પોતા સાથે મુસલમાન બનાવી મેળવી લેવાનો ચાન્સ ગુમાવ્યો છે હજુ પણ ગુમાવ્યેજ જાયછે.

નામદાર આગા સાહેબના મુંબઇ ખાતે વસતા ખોજા મુરીદોમાંનાં કોઇ કોઇ આસામીઓને ઢેડોને ખોજા બનાવી પોતામાં મેળવી લેવાની ઇચ્છા થઇ આવી. ગુજરાતના હીંદુ સતપંથીઓને ખોજા બનાવી પોતામાં

મેળવી લેવાના પ્રયાસમાં જ્યારે તેઓ નાસીપાસ થયા અથવા તો તે કામમાં તેઓએ વધુ પ્રયાસ કીધો નહિ અથવા તો કરી શક્યા નહિ ત્યારથી મુંબઇના મેઘવાળોને પોતાના દીનમાં મેળવી ખોજા બનાવી લેવાની હીલચાલ તેઓએ શરૂ કીધી અને બાપડા મેઘવાળો જે પોતાની ઉન્નતિ માટે વલખાં મારે છે. તેમને આશરાનું ઠેકાણું મળ્યું અને તેઓ સમજ્યા કે જો અમો ખોજા થઇ શકીએ તો ખ્રીસ્તી થઇ જવા કરતાં પણ પોતાની ઉન્નતિ સારી રીતે કરી શકીએ અને તેથી તે પ્રકારના પ્રયાસને તેઓએ ટેકો આપ્યો. કહે છે કે મુંબઇ ખોજા ઇસ્માઇલી જમાત તરફથી અથવા તો તેના કોઇ અંગભૂતો તરફથી આ પ્રયાસ ઉપાડી લેવામાં આવ્યો છે અને તે માટે મી. વરતેજી કે જે ઇસ્માઇલીઆ જમાતમાં માસિક રૂ. ૧૦૦ થી નોકરી કરે છે તથા મી૦ અલીમાહમદ જાનમાહમદ ચુનારા તથા મી૦ નુરમાહમદ ઝવેર એમ ત્રણ જણાઓ કોશીષ કરે છે તેઓ એક મકાન ભાડે લઇ તેમાં આ ધર્મનો ઉપદેશ આપવાને ઢેડો એકઠા કરે છે અંત્યજ ( ઢેડ ) કોમના લગભગ ૪૦ માણસો માટે એક "મેઘવાળ જ્ઞાન પ્રચારક મિત્ર મંડળ તથા વેપારી સહાયક મંડળી" એ નામની સંસ્થા ઉભી કીધી છે અને મેઘવાળ ભાઇઓને રૂ. ૪૦૦૦ હજાર સુધી ધીરીને કાપડની દુકાન ખોલાવી હતી પણ તેમાં મોટી ખોટ ખમીને તે દુકાન બંધ કીધી છે મંડળમાં લોકો એકઠા થાય છે સાંજે તેમને ઉપદેશ આપવામાં આવે છે હીન્દુ ધર્મનાં મતનેજ મળતો ઉપદેશ આપે છે

આગાખાન હીન્દુ ધર્મના નકલંકીના આવતાર છે એવું સમજાવે છે અને ખોજા એ હીદુ ધર્મને માનનારા છે અને હીંદુજ છે તેમ સમજાવે છે. માતંગી ધર્મના પુસ્તકો ઉપરથી દાખલા આપી તેને ધર્મના આધાર રૂપે માને છે અને તે પ્રમાણે કામ ચલાવે છે.

હીન્દુસ્તાન પત્રનો જે ઉતારો ગયા અંકમાં અમો આપી ગયા છીએ તે પ્રમાણે મુંબઇના કેટલાક હીન્દુ મેઘવાળોએ મી૦ ગાંધી પાસે પોતાના ભાઇઓ ખોજા ન થઇ જાય, તે માટે હીન્દુ તથા ખોજા ધર્મ વચ્ચેના તફાવત ઉપર ભાષણ આપવાને ગોઠવણ કીધી હતી અને જેમાં મી૦ ગાંધીએ પોતાના અનુભવ ઉપરતો પ્રકાશ પાડયો હતો આ ભાષણ વખતે મી૦ વરતેજી તથા મી૦ ચુનારાએ હાજરી આપી. મી૦ વરતેજીએ ખોજા ધર્મની હકીકત સમજાવી જે મેઘવાળ જ્ઞાન પ્રચારક મિત્ર મંડળમાં અપાતા બોધ જેવી હતી.

મેઘવાળોને ખોજા બનાવવાંના કામમાં મી૦ નુરમાહમદ ઝવેર સોમાણી પ્રયાસ કરે છે તેને માસિક રૂ. ૧૦૦ પગાર મળે છે અને તે ભાઈ લગભગ ૧૫ વરસથી અંત્યજોના સહવાસમાં આવેલા હોવાથી આ કામને આગળ વધારવામાં આધારભૂત થઈ ઘણોજ આગળ પડતો ભાગ લે છે.

આ કામ આગળ વધારવાનો માટે જેટલું ખર્ચ થાય તેટલું આપવાને બે ત્રણ ગૃહસ્થો પોતાની ખાનગી મદદ આપે છે અને જોઇતાં નાણાં ખર્ચે છે જેમના નામ ૧ મી૦ જાફર ભાઇ શેરમામદ

( ન્યાતીની કોન્સીલના મેમ્બર ) ર શરીફ અલી તથા એક ગૃહસ્થ છે જે પોતાનું નામ બહાર પાડતા નથી એમ જાણવામાં છે.

અંત્યજોમાં આ ચર્ચા ઘણી ફેલાઈ રહ્યાનું હીન્દુસ્તાન પત્રના ઉતારાથી વાંચક વર્ગ જાણવા પામ્યો હશે મેઘવાળો ખોજા ન થઈ જાય તે માટે એક ઉપદેશક રાખ્યો છે જેનું નામ મી૦ ગિરિજાશંકર જયશંકર પંડિત ( વરસડાવાળા ) છે. આશરે ચાલીશેક મેઘવાળો પોતાનો હીંદુ ધર્મ તજી ખોજા ધર્મમાં કાંઇક ગુપ્ત અને કાંઈક જાહેરમાં ગયા છે આવા મેઘવાળ ખોજાઓને "નવા ખોજાઓ" એવું નામ આપવામાં આવ્યું છે. અને ખોજા ઇસમાઇલી ન્યાતોના જમણ વખતે તેમને સાથે બેસાડી જમાડવામાં આવ્યાનું સાંભળવામાં આવ્યું છે, તે ઉપરથી મેઘવાળોને ખોજા થવામાં ઉત્તેજન મળેલું છે. ઉપદેશ કરનારાઓ તરફથી કહેવામા આવે છે કે અમોને નામદાર આગાખાન સાહેબ તરફથી ફરમાન થયું છે.

મેઘવાળોને ખોજા બનાવવાનો પ્રયાસ ઘણોજ સ્તુતિપાત્ર પ્રયાસ છે અને તે જેમના તરફથી કરવામાં આવતો હોય, અને તેમાં જેઓ નાણાં કે જાતી મદદ કરતા હોય તે ધન્યવાદના હકદાર છે અને ધાર્મીક દ્રષ્ટિથી તેઓ સવાબના હકદાર છે. અને અમો તેના પ્રયાસીઓને હાથ ધરેલા કામ માટે સતત પ્રયાસ કરવાને ભલામણ કરીએ છીએ અને જણાવીએ છીએ કે આ મેઘવાળ વર્ગને સતપંથની પ્રથમ પાયરીમાંજ પ્રથમ દાખલ કરવાને અને તે પ્રમાણેનો જે ઉપદેશ કર-

વામાં આવે છે તે ઉપદેશનેજ વળગી રહેવું. કેમકે જ્યારે પહેલી પાયરીમાં મજબુત થઇ જશે ત્યારે બીજી પાયરીમાં દાખલ થઇ શકશે અને છેવટે ત્રીજી પાયરીએ પહોંચશે. માનવંતા પીર સદરદીન તથા પીર હસન કબીરદીન વીગેરે પીરોએ જે મીશન પદ્ધતિએ કામ કરેલું તેજ પદ્ધતિને જો બરાબર સમજી બુજીને વળગી રહેવામાં આવશે; તો, ફતેહમંદીની દરેક આશા છે. મેઘવાળ ખોજાઓને ખુશીથી જમાતખાનામાં આવવા દેવા. જ્ઞાતિ જમણમાં દાખલ કરવા અને પોતાને ઘેર દરેક પ્રસંગે તેમને ખોજાજ સમજીને બોલાવવા. તેમની કન્યાઓ લેવી અને આપવી અને તેમને નવી દુકાનો ખોલાવી આપી નાણાં સબંધી મદદ આપી તથા નોકરીઓ તથા રહેવાના સારા મકાનોની સગવડ કરી આપી તેમની હીમ્મત વધારવી અને એ રીતે તેમની ઉન્નતિના માર્ગો પણ, કે જેની તેમને પ્રબળ ઇચ્છા છે તે સરળ કરી આપવા. જો આ પ્રમાણેનો પ્રયાસ થશે અને તે પ્રયાસને ઉલટ તથા ખંતથી વળગી રહેવામાં આવશે તો, હજારો બલ્કે લાખો મેઘવાળો ખોજા થઇ શકશે અને હાલ ખોજાઓની જે સંખ્યા છે તેમાં બમણો ચોગણો કે તેથી પણ વધારો કરી શકાશે અને તે વખતે તમારા તથા અમારા આનંદનો પાર રહેશે નહિ.

મેઘવાળભાઇઓ માટે પણ આ શુભ અવસર છે. સતપંથ જેવો પંથ હાથ લાગવા સાથે તેમની ઉન્નતિના સઘળાં દ્વારો ખુલ્લાં થઇ જશે અને દરેક સતપંથી. ખોજા જેટલી સ્વતંત્રતા તેમને પાત્ર થઇ

જશે. આજે તેમને આભડછેટ કરનારા માની જે તિરસ્કાર કરવામાં તથા હડેધુત કરવામાં આવે છે તે મહાન ત્રાસ ખોજા થતાંજ દુર થઈ જશે. આજે તેમને ભાડું ખર્ચતાં પણ સારા મકાનો રહેવાને મળતાં નથી, તે ખોજા થતાં તુરતજ મળી શકશે. ખોજા મોહલા, બીંડી બજાર, ચોપાટી કે જ્યાં જોઇએ ત્યાં સારૂ મકાન મળી શકશે. કોઇ-પણ લત્તામાં સારા સારા બીઝનેસો નાણાંની પુરતી જોગવાઇથી તેઓ ખોલી શકશે. ધીમે ધીમે તેઓ ખોજાઓની જેમ સુધરેલા તથા તવંગરો થઈ શકશે. ખોજા જેવા ઉમદા ડરેસો તથા સોનેરી કસીદાઓ તેઓ પહેરી સારા શહેરીઓ બની જશે. જુદી જુદી સંસ્થાઓમાં તેઓ મેમ્બરો તથા હોદ્દેદારો થઇ ચુંટાશે. ઓનરરી મેજીસ્ત્રેટો, ડાકટરો વકીલો સોલીસિટરો અને બેરીસ્ટરો થઇ શકશે. વખત જતાં તેઓ લક્ષાધિપતિ તથા મીલ માલેકો પણ થઇ શકશે. માત્ર તેમના કીસમત આડે એક પાંદડુ છે જે તેઓએ કીસમતથી ખસેડી નાખવું જોઇએ. કુદરત તેમ-નાપર કૃપાદ્રષ્ટિના વાદળો લઇ આવી છે અને તેમની રજા લઇ તે કૃપાના ફુલોનો તેમનાપર વરસાદ વરસાવવા લાગે છે. માટે અય મેઘ-વાળ ભાઇઓ! આવા શુભ પ્રસંગને હાથથી છટકવા દેશો નહિ, લક્ષ્મી ચાંડલો કરવાને આવી છે માટે મુખ ધોવાનું બહાનું કરશો નહિ અને પોતાના કીસમત જે હજારો વર્ષ થયાં કુંભકરણની જેમ ઉંઘી ગયા છે તેને એક ઠોકર મારી જગાડી દેશો.

ખોજા થઇ જવાથી જે લાભો થવાના અમોએ જણાવ્યા છે

તેમાં તમોને કાંઇપણ સહરાગત જેવું લાગશે નહિ ખુદ તમો સમજી શકો છો, તેટલી બુદ્ધિ ઇશ્વિરે તમોને આપી છે અને તેથી અકલમંદ માણસને સજાવાર નથી કે આવા લાભને પડતો મુકી આપે. મી૦ ગાંધી વીગેરેએ તમોને જે દીલાસો આપ્યો છે તથા જે પ્રકારની લાલચોના વાયદા આપ્યા છે તે બધા પ્રથમ તો જબાની જમા ખર્ચ જેવા છે. મુખના મલીદા છે કેમકે જ્યાં સુધી હીન્દુ સમાજ તમારા પ્રત્યેનો તિરસ્કાર તજવાને તૈયાર ન થાય ત્યાં સુધી મી૦ ગાંધી વીગેરેથી શું થઇ શકે ? તેમની ગમે તેટલી ઇચ્છા હોય પણ સંજોગ વિના તે ઇચ્છા કેમ પાર પડે. તમોને હીંદુ સમાજનો હજારો વર્ષનો અનુભવ છે અજ્ઞાન હીંદુઓ તથા કેળવાયલા હીંદુઓ બંનેનો અનુભવ છે અને તે અનુભવથીજ તમારી ખાત્રી થઇ ગઇ હશે કે, તમારા તરફનો તિરસ્કાર હજુ સેંકડો વર્ષ સુધી હીંદુઓ છોડી શકે તેમ નથી અને તમારામાં હવે તેવો ત્રાસ સહન કરવાની શક્તિ પણ નથી અને તમારૂં આ લોક તથા પરલોકમાં કલ્યાણ થશે અને આ બાબતના આગમ યાને ભવિષ્ય વાણીઓ ખુદ તમારા માતંગ શાસ્ત્રમાં પણ મોજુદ છે. ખુદા તમોને સદબુદ્ધિ આપો અને તમારૂં કલ્યાણ થાઓ તથાસ્તુ.

ઉપરનો આર્ટિકલ અમારા તરફથી પ્રગટ થતા માસિક પત્ર "નુરેહીદાયત" પુસ્તક બીજાના અંક સાતમાં લખવામાં આવ્યો હતો. અને તેમાં મુંબઇ ખાતે જે ઇસમાઇલી ખોજાઓ મેઘવાળોને ખોજા બનાવવા માટે પ્રયાસ કરે છે તેમના પ્રયાસને ટેકો તથા ધન્ય-

વાદ આપવામાં આવ્યો છે, સાથેજ મેઘવાળ ભાઇઓને પણ ખોજા થવાને તેમના હીતની સમજુતિ આપી છે. આમ છતાં પણ, અમારા દુર્ભાગ્યે અમારા મિત્ર મી. વરતેજીના સોબતી મી. ચુનારા અમારાપર છેડાઇજ પડયા અને તેમને જેમ ફાવ્યું તેમ ઇસિમાઇલી સતપંથ પ્રકાશમાં છાપી માર્યું. તે લખાણ એટલું તો તોછડાઇ ભરેલું અને મોટા કામની ધમકી આપનારૂં છે કે તેને અત્રે ટાંકી બતાવવાની ગેરત રજા આપતી નથી.

મેઘવાળોમાં ખોજા બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, આશરે પચાસક મેઘવાળો ખોજા થયા પણ છે, તેમને ઉપદેશ આપવામાં આવે છે તથા તેમને વેપાર સબંધી મદદ પણ આપવામાં આવે છે એ વાત ખરી છે, આવી રીતના તેમના શુભ પ્રયાસને ટેકો થતા ધન્યવાદ આપ્યો અને મેઘવાળોને પણ ખોજા થવા માટે ઘટતો ઉપદેશ કર્યો. આમ છતાં પણ અમારાપર ગુસ્સો થઇ જવાનું કારણ પ્રથમ તો અમો સમજીજ શક્યા નહિ અને આશ્ચર્યતાના સાગરમાં હેતુનું મોતી શોધવાને ગોથાં ખાતા રહ્યા. પણ પાછળથી આ મોતી અમોને હાથ લાગ્યું.

અમારા ટેકા તથા ધન્યવાદથી ખરી રીતે તેઓ નારાજ થયા નથી; પણ ખુશીજ થયા છે; પરંતુ નાખુશ થવાનું મુખ્ય અને ખરૂં કારણ એ બનવા પામ્યું કે, અમારા લખાણથી એક કામ, જે છુપી

રીતે કોઇની જાણમાં ન આવે તેમ કરવામાં આવતું હતું તે જાહેર થઈ ગયું, પરંતુ અમારાપર છુપાં કામને જાહેર કરી આપવાનો આરોપ તદ્દન પાયા વિનાનો છે. આ છુપાં કામની પહેલી વહેલી જાહેરાત "હીન્દુસ્તાન" છાપામાં થવા પામી છે, જેને અમારા મિત્ર મી. વરતેજીએ જવાબ આપી ગાજતે વાજતે પબ્લીકમાં ફેલાવી છે. અને તેથી છુપા કામને જાહેરમાં મુકવા માટેનો આરોપ મુકવો હોય તો તે શા માટે મી. વરતેજી ઉપર મુકવામાં આવ્યો નહિ તેની અમોને કાંઇ સુઝ પડી નહિ.

મેઘવાળ ખોજાઓના આર્ટિકલથી અમારાપર વધુ નાખુશ થવાનો પ્રસંગ તો એમ બન્યો કે, તે આર્ટિકલમાં અમોએ "**મેઘવાળ ખોજાઓને ખુશીથી જમાતખાનામાં આવવા દેવા, જ્ઞાતિ જમણમાં દાખલ કરવા અને પોતાને ઘેર દરેક પ્રસંગે તેમને ખોજા સમજીને બોલાવવા. તેમની કન્યાઓ લેવી અને આપવી.**" એવી સૂચના લખી હતી. આ સૂચના તદ્દન વ્યાજબીજ હતી. કેમકે જ્યારે મેઘવાળો ખોજા થઇ જાય ત્યારે તેમને જમાતખાનામાં આવવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. ખુદ ઇસમાઇલી ધર્મ તે અધિકાર અર્પણ કરે છે. ઇસમાઇલી ધર્મ કે જે ઇસલામ ધર્મની એક શાખા છે તેણે વર્ણાશ્રમનો ભેદ કદી પણ રાખ્યો નથી. તેમ તેણે તેવા ભેદને વ્યાજબી પણ માન્યો નથી, બલ્કે તેવા ભેદ ભાવને નષ્ટ કરવાને તેણે વ્યવહારૂ પગલાંઓ ભરેલાં છે. હલકામાં હલકી પંક્તિમાં ગણાતા

લોકો જ્યારે આ ધર્મમાં દાખલ થયા છે ત્યારે કાંઇપણુ આનાકાની સિવાય તેને ગ્રાહ્ય કરવામાં આવ્યાં છે. માત્ર ગ્રાહ્ય કરવામાં આવ્યા છે એટલુંજ નહિ પણ, તેમને મોટી મોટી પદ્દીઓ આપવામાં આવી છે.

અમોએ તો ઇસલામની આજ્ઞાઓને દ્રષ્ટિ મર્યાદામાં રાખી ઉપરની સૂચનાઓ કરેલી. પરધર્મનો માણુસ જ્યારે પોતાનો મુળ ધર્મ છોડીને, અમારા ધર્મમાં આવે, અમારાજ ધર્મના આચાર વિચાર ગ્રૃહણુ કરે ત્યારે તે અમારી સોસાઇટીનોજ મેમ્બર થયો ગણુાય. હાલના હીન્દુસ્તાનના ૭ કરોડ જેટલાં મુસલમાનોના મુળ વડીલો હીન્દુઓજ હતા. પણુ જ્યારે તેઓએ પોતાનો મુળ હીન્દુ ધર્મ તજી ઇસલામ ધર્મ અખ્તયાર કર્યો ત્યારે તેઓ ઇસલામી કોમના મેમ્બરના માંડલામાં દાખલ થયા. ખોજાઓના વડીલો જેમાં લુહાણુા, ભાટીઆ, બ્રાહ્મણુો, મોચી, કોળી. કણુબી, મેઘવાળ વીગેરે હતા, તેઓએ જ્યારે પોતાનો હીન્દુ ધર્મ તજ્યો અને અમારો ધર્મ ગ્રહણુ કર્યો ત્યારે અમોએ તેને અમારી સોસાઇટીમાં મેળવી લીધા. તેવીજ રીતે આજે જો મેઘવાળો પોતાનો હીન્દુ ધર્મ તજી ખોજા ધર્મ ગૃહણુ કરે તો, અમારી ફરજ છે કે તેને અમારે અમારી સોસાઇટીમાં મેળવી લેવા. તેઓ ખુશીથી જમાતખાનામાં આવી શકે છે. અમારી ખાતે ખાઇ પી તથા રહી શકે છે અને કન્યાની આપલે કરી શકે છે.

જો મેઘવાળોને ખોજા થવાનો ઉપદેશ કરવામાં આવે, પણુ જો

તે સાથે તેમને પોતામાં મેળવી લેવાની વ્યવસ્થા ન કરવામાં આવે તો, તેઓ કદી પણ અમારી સાથે મઝહબી નાતાથી જોડાશે નહિ. કેમકે જો તેઓ ખોજા થઈ જાય તો, તેમની મેઘવાળ જ્ઞાતિ તેમને જરૂર પોતાની જ્ઞાતિથી બહાર કરશે અને જો ખોજા જ્ઞાતિ તેને પોતા સાથે મેળવી નહિં લે તો તે બાપડાની સ્થિતિ ધોબીના કુતરા જેવી, "નહિ ઘરનો કે નહિ ઘાટનો" જેવી થઇ પડશે અને આવી સ્થિતિ વચ્ચે તે ખોજા થવાનું પસંદ પણ કેમ કરે ?

ઇસલામે વર્ણાશ્રમનો ભેદ રાખ્યો નથી. પરધર્મનો કોઇપણ માણસ મુસલમાન થાય તો તે તુરતજ મુસલમીન મંડળીમાં જોડાઈ બીજા મેમ્બરો જેટલાજ હકોનો અધિકારી થાય છે. આજ પરનાલિકાપર આજદીન સુધી અમલ થયો છે, કરોડો પરધર્મીઓ પોતાનો મુળ ધર્મ તજી ઇસલામમાં દાખલ થઇ ઇસલામી સોસાઇટીના હકો ભોગવતા આવ્યા છે તો તેજ ધોરણે મેઘવાળો જો ખોજા થઇ જાય અથવા જેટલા થઇ જાય તેમની સાથે અમારે ભેદભાવ રાખવો એ સતપંથ ધર્મથી વિરૂદ્ધ છે. તેઓને અમારી સોસાઇટીમાં મેળવી લેવા, જમાતખાનામાં આવવા દેવા, જ્ઞાતિ જમણમાં તેમને બોલાવવા, તેમના જ્ઞાતિ જમણમાં આપણે જવું, એક બીજા શાદી બ્યાહમાં ભાગ લેવો, અરસ પરસ કન્યાની આપ લે કરવી. વીગેરે ઇસલામી શરેસ્તા પ્રમાણેનીજ સૂચના છે, જે અમારા તરફથી કરવામાં આવી છે.

અમારા સાંભળવામાં આવ્યું કે, અમારી સૂચનાથી મુંબઇના

કેટલાક જુના વિચારના ઇસમાઇલીઓ, કે જેઓ પણ હીન્દુઓની જેમ મેઘવાળો સાથે આભડછેટપણું રાખે છે તેઓ એમ સમજ્યા કે, મેઘવાળોને ખોજા બનાવીને અમારી સાથે જોડી દેવામાં આવનાર છે અને આ કામ ખુદ આપણી જમાતના કેટલાકો કરે છે. તો જો તેઓ તેમ કરે તો આપણે મેઘવાળો સાથે ખાવું પીવું પડે. તેમની સાથે કન્યાની આપલે કરવી જુએ, તો આ બાબત બહુજ ગેરવાજબી તથા અસહ્ય ગણાય, તેથી તેઓએ જમાતને આવી રીતે મેઘવાળોને આપણી જમાતમાં નહિ મેળવી લેવાને અરજી કરેલી.

પણ અમારી સૂચના મેઘવાળોને ખોજા બનાવનાર ના પ્રયાસને ટેકો આપનારી છે જ્યારે ખુદ તેમનીજ જમાતના ઉપર જણાવ્યા પ્રમાણેના લોકો મેઘવાળોને ખોજા બનાવનારની વિરૂદ્ધમાં પોતાનો મન આપે છે, એ પણ સાંભળવામાં આવ્યું કે કોઇ એક ઇસનાઅશરી ખોજાએ પોતાના એક ઇસમાઇલી મિત્રને એમ કહી મહેણું માર્યું કે "હવે તમારી સંખ્યા જે ઘટી ગઇ છે તે મેઘવાળોને ખોજા બનાવી પોતામાં મેળવી લેવાથી ઘણી વધી જશે" આવી રીતના મહેણાંએ પણ કાંઇક ચકચાર રૂપ લીધું હતું, પરંતુ અમો જોઇએ છીએ કે તે સઘળી બાબતો નકામી છે. તેવી બાબતો તરફ કાંઇપણ મચક આપવાની જરૂર નથી. લોકો તો ફાવે તેમ બોલે, પણ કામ કરનારાએ પોતાનું ધારેલું કામ કરે જવું જોઇએ. આવી આડી અવળી બાબતોને વચમાં લાવી પ્રયાસને નિર્બળ બનાવવો નહિ. અમો ઘણાજ ખુશી થયા

છીએ કે આવી બાબતોથી કામ કરનારાઓ જરા પણ ગભરાયા નથી અને મેઘવાળોને ખોજા બનાવવાના કામમાં તડામાર કોશીશ કરે જાય છે.

જુના વિચારના હસમાહલીઓની ધાંધલ તદ્દન નકામી છે. કોઇ પણ કોમ કે ધર્મનો માણસ પોતાની સોસાઇટી તથા ધર્મ છોડીને અમારી કોમ તથા અમારા ધર્મમાં સામેલ થવા આવે ત્યારે તેને વેલકમ કરવું જોઇએ. તેમણે જાણવું જોઇએ કે પ્રથમના પીરોએ આવી વર્ણાશ્રમની રીતને જરાએ મચક આપી નથી. પીર શમ્શના સમયમાં પ્રેમજી નામનો મોચી ખોજો થયો હતો અને તે એવો તો પાકો ભક્ત થયો કે દુઆ નામની બંદગીમાં તેને અરધા મુમનથી યાદ કરી તેની દુઆની બરકત માગવામાં આવતી હતી,

હવે મેઘવાળો જે પ્રકારનો ધંધો રોજગાર કરેછે તે જોઇએ. તેઓમાં મોટો ભાગ વણકર છે. અને ખોજા કોમ લાંબા કાળથી વણકર તરીકેનું કામ કરતી આવે છે. હજુ પણ હજારો ખોજા કુટુંબો એવાં છે કે, જે વણકરનું કામ કરેછે. બીજું મેઘવાળો મરેલા ઢોરનું માંસ ખાયછે, પણ જ્યારે તેઓ ખોજા થશે ત્યારે ખોજા આચાર વિચાર પ્રમાણે તેવું માંસ તેઓ ખાઇ શકશે નહિ અને જ્યારે હરામ માંસ નહિ ખાય તો માંસ ખાવાની બાબતમાં તેઓ ખોજા જેવાજ આચાર વિચારના થઇ જશે.

હવે તેઓ ચામડાં રંગવાનો ગંદો ધંધો કરે છે તે વાતને લઇએ.

ચામડાં રંગવાનો ધંધો આ દેશનાં મુસલમાન ખાટકીઓ લાંબા કાળથી કરતા આવ્યા છે અને તેઓ તે ધંધો કરવા છતાં પણ મુસલમીન સોસાઇટીમાં છે અને તે સોસાઇટીનાં બધા હકો ભોગવે છે મુસલમાનો તેમને ત્યાં અને તેઓ મુસલમાનોને ત્યાં જમવા જાય છે. કોઇપણ કોમી કે મઝહબી ક્રીયામાં ટાળો કરવામાં આવતો નથી. આપણા દેશના હલાલખુરા લોકો કે જે ઝાડુ કાઢવાનો ધંધો કરે છે, તે પણ મુસલમાનજ છે. અર્બસ્તાન, ઇરાન શામ, અફઘાનીસ્તાન વીગેરે દેશમા ઢેડ જેવી કોઈ ખાસ જાત નથી. ત્યાં બધા મુસલમાનોજ છે. મેલું ઉપાડવાનું તથા સંડાસો સાફ કરવાનું કામ પણ ત્યાં મુસલમાનોજ કરે છે, પણ તેઓને ત્યાં ઢેડની જેમ આભડછેટથી રાખવામાં આવતા નથી તેઓ મુસલમાનો સાથે સઘળી વાતમાં શામેલ રહે છે.

તાત્પર્ય એ કે અમારી સૂચના વ્યાજબી છે તેથી મેઘવાળોને મુસલમાન બનાવનારાઓએ હિમ્મત નહિ હારતાં હાથ ધરેલું કામ સતત કરે જવું અને પાર પાડવું જોઇએ. પણ એટલું જરૂર યાદ રાખવું જોઇએ કે મી. વરતેજીની જેમ કદી પણ છાપામાં ચડી એમ નહિ જાહેર કરવું કે, અમોએ, હીન્દુ ધર્મ છોડયો નથી અમો શરીયતી મુસલમાન નથી વીગેરે વીગેરે. કેમકે જો આવી બાબતો છાપામાં આવશે તો, કામ કરનારાઓ ઉપરનો વિશ્વાસ લોકોના મનમાંથી નીકળી જશે, કે જેમ નહિ થવું જોઇએ.

# હકીકતી બંદગીનો આઇનો

( ખંડ ત્રીજો )

## ફતવો પ્રથમ પ્રગટ કરનાર કોણ ?

નામદાર સર આગાખાન સાહેબની તકફીરનો ફતવો, જે ઇસ્તમબોલના શેખુલ ઇસલામ ઝીયાઉદ્દીન એફેન્દી, તેમજ શીઆ મુજ્તેહદ આખુન્દ ખોરાસાની તરફથી આગાખાની ટોળાંમાં પડાતી સુવાના સબંધમાં અપાયો છે, તેને પ્રગટ કરવાનો સઘળો આરોપ મી. વરતેજીએ અમારાપર ઢોળી અજાણ્યા ભાઇઓના મનમાં અમારા પ્રત્યે જુદીજ લાગણી ઉશકેરાવી, પરંતુ ઘણીજ દીલગીરિ તથા નવાઇની વાત છે કે, મી. વરતેજી આવું જુઠું તથા કપોળ કલ્પિત લખાણ કરવાને કેમ હીમ્મત કરી શકયા? ફતવાનું લખાણ શરૂઆતમાં કે છેવટમાં અમારા તરફથી પ્રગટ કરવામાં આવ્યુંજ નથી. તે ફતવાનું પ્રથમ લખાણ કલકત્તા ખાતેના એક ઇંગ્લીશ છાપામાં છપાયું હતું. તે ઉપરથી અમૃતસર ખાતે પ્રગટ થતા "વકીલ" પત્રના તા. ૩૦–૩–૧૯૧૩ ના અંકમાં તથા દીલ્લી ખાતે પ્રગટ થતા "અલહક" પત્રના તા, ૫–૪–૧૯૧૩ માં ઉર્દુમાં છપાયું હતું. હવે જોઇ શકાય છે કે

ફતવો પ્રથમ કલકત્તાના ઈંગ્લીશ છાપામાં તથા ત્યાર પછી અમૃતસર તથા દીલ્લીના ઉર્દુ છાપામાં છપાયો હતો. અને એ રીતે ફતવો પ્રથમ પ્રગટ કરવાના આરોપના અમો અધિકારી ઠરી શકતા નથી. છતાં પણ મી. વરતેજી જાણીબુઝીને અને તે પણ ખાસ એવી નિષ્ઠાથી કે, કોણ તપાસ કરવાને જાય તેવું છે, તેથી આપણે જે લખાશું, તે સૌ કોઇ અથવા તો મોટો ભાગ ગણત્રીના અમુક માણસો સિવાય માનીજ લેશે અને મી. કાબાને બદનામ કરવાનો હેતુ પાર પડશે.

અમોએ જે ફતવો પ્રગટ કર્યો એમ માત્ર " ખોજા પંથ દર્પણ ભા. ૮ મો " ના અમારા રિમાર્ક તથા આધાર વાળા લખાણને લઇ કહેવામાં આવે છે, પણ તે સબંધે અમો આગળ ચાલીને ખુલાસો કરી શું. અત્રે માત્ર એટલુંજ જોવાનું છે કે, તે ફતવાને પ્રથમ અમોએ પ્રગટ કીધો છે કે કેમ ? " ખોજા પંથ દર્પણ ભા. ૮ મો " તા. ૧૮–૫–૧૯૧૬ ના રોજ છપાઇને બહાર પડયો છે, જ્યારે " વકીલ " પત્રમાં તા. ૩૦–૩–૧૯૧૩ માં છપાયો છે જે અમોએ છપાવેલી બુક પહેલાં ત્રણ વર્ષનો છે. એટલે કે, જો અમોએ ફતવો છપાવ્યો એમ ઘડી માનવામાં પણ આવે તો, અમારા પૂર્વે ત્રણ વર્ષ અગાઉ તે અંગ્રેજી તથા ઉર્દુ છાપાંઓમાં પ્રગટ થઇ ગયો હતો. અને અમો તેને પ્રથમ છપાવનાર નહિ હોતાં મી. વરતેજીનો આક્ષેપ તદ્દન જુઠો તથા બનાવટી સિદ્ધ થાય છે.

વકીલ પત્રમાં તા. ૩૦–૩–૧૯૧૩ ના અંકમાં ફતવો છપાયો છે

તે, અમે " ખોજા પંથ દર્પણ ભા. ૮ મો " માં કોટેશન તરીકે આપી ગયા છીએ, તો પણ આપણી કોમના લોકો સત્ય શોધક પણાની લાગણીમાં ટેસ્ટ નહિ લેતા હોવાથી, એક વાતને વધુ વાર કહેવામાં આવે તો ઠીક, એમ ધારી વકીલ પત્રનું ફતવાનું લખાણ આ નીચે સદાબરૂં ઉતારી લઇએ છીએ કે, જેથી અમારા કહેવામાં કોઇને કશી પણ શંકા રહેવા પામે નહિ.

( વકીલ અમૃતસર તા. ૧૬-૩-૧૯૧૩ ના અંક માંથી ઉતારો )

## " સર આગાખાનકી તકફીર "

" કલકત્તાસે અંગ્રેઝીમેં એક મતબુઆ ફતવા શાયે હુવા હએ.
" જીસ્મેં હીઝ હાઇનેસ સર સુલતાન મોહંમદશાહ આગાખાન બહા-
" દુરકી તકફીર કી ગઇ હએ. ઇસ્તિફતા યેહ હે કે, એક એસે શખ્સ
" કે બાબમે ઇસલામકા કયા હુકમ હએ. જો અપને પૈરવોંસે મુન દરેજે
" ઝેલ નમાઝ વ દુવા અપને લીયે પહડવાતા હો. ( ૧ ) યેહ શખ્સ
" મુસલમાન હે યા કાફેર ? ( ૨ ) યેહ બાત ઇસિલામકી તકવીયત
" કા બાએસ હે, યા ઝોઅફ કા મુજબ ? ( ૩ ) મુસલમાનુંકો ઇસ
" શખ્સકી દીની યા દુન્યવી રેહનુમાઇકા ઇત્બા કરના જાયેઝ હે યા
" ના જાયેઝ ? "

" ઇનિ સવાલાત કે બાદ દીખાયા ગયા હય કે, આગાખાની ફીરકા હસ્બે ઝેલ તરીકપર નમાઝ પડહા કરતા હએ. "

" નમાઝ પડો, નમાઝ પડો. ખુદા તુમ્હેં બરકત દે. ખુદા કા
" નામ લો. ખુદાવંદ શાહ અલી તુમ્હેં ઈમાન ઓર ઈખલાક દે. અએ
" શાહ મેરી શામકી નમાઝ ઓર દુઆ કબુલ ફરમાઈએ. મેં ઉસ હકકા
" વાસ્તા દેતા હું, જો તુજે હાસલ હએ. અએ હમારે આકા આગા
' સુલતાન મહંમદશા "

" ઈસકે બઅદ સર બસુજુદ હો જાઓ. અગર રાતકી નમાઝ
" હએ, તો યું કહો, મેરી શામ ઓર રાતકી ઓર અગર સુબોહકી
" નમાઝ હએ તો, ઈસતરહ કહેના ચાહીએ " મેરી શામકી, રાતકી
" ઓર સુબોહકી દુઆઓં, દુ બારાહ તસબીહ પડો, " ઓર સીજદા
" કરો, મુનદરજે ઝેલ વીર્દ પડો. "

" મેં અપને ગુનાહોપર નાદમ હું, મેં તેરા સરાપા તકસીરદાર
" ગુનેહગાર બંદા હું. અએ ગફુરે રહીમ, શાહ મેરેગુનાહ મુઆફ કર
" પીર તેરી ઈબાદત કરતે હએ. બંદા દુઆ માંગતા હએ અએ સચ્ચે
" શાહ, તું મન્ઝુર કરનેવાલા હએ. મેં શાહ કે ઉસ ફરમાન કો,
" બસરો ચશ્મ કબુલ કરતાં હું, જો પીરકે ઝરીએ મુજકો પહોંચા હએ."

" યેહ કેહકે તસબીહકો ઝમીન પર રખો, ઓર મુદખલહ
" ઝેલ, વીર્દ કરો. "

" અશહદો, સુબહાનલલાહ, અલહમ્દો લિલ્લાહ લાઈલાહા
" ઈલલ્લાહ, અલ્લાહો અકબર લા હોલવલા કુવ્વત, ઈલ્લા બિલ્લા-
" હીલ અલીયુલ અઝીમ અર રહેમાન ઝીલ જલાલ વલ ઈકરામ, ઈન

" સીફાતે કામેલાસે મોસુફ, કુદદુસે કાદરે મુતલક ખુદા ઇશાન કે ઝીલે
" ચાલડીઆ મેં ઇનસાની સુરત લીએ હુએ, સીત્તોતેર પતરોં ( અસ-
" લાફ ) કે અસંલાબસેં નીકલા અડતાલીસવા ઈમામ, દસવાં નકલંકી
" અવતાર હમારા ખુદાવંદ આગા સુલતાન મહંમદશાહ દાતા "

" ઇસકે બઅદ, ફીર સીજદા કરો, ઓર યેહ કહો "

" હક યા શાહ ( યઅને અયે શાહ તુમ સચ્ચે હો ) ફીર
" વીશનું કે અસલાફ ઓર શાહ કે ખુલફા, ઓર કાયમ મકામો કે અસ-
" માએ ગીરામીકા વઝીફા પડો. વિસનું કે અસલાફ કે નામ યહાં પડો."

" શાહ કે ખુલફા અબુ તાબેબકી ઓંલાદ હસ્બે ઝેલ હે."

" ( ૧ ) હમારા સચ્ચા ખુદાવંદ શાહ અલી.

" ( ૨ ) " " " શાહ હુસેન.

" ( ૩ ) " " " શાહ ઝેનુલઆબેદીન

" ( ૪ ) " " " શાહ મહંમદ બાકર.

" ( ૫ ) " " " શાહ જાફર સાદેક.

" ( ૬ ) " " " શાહ ઇસિમાઇલ.

" ( ૭ ) " " " શાહ મહંમદ બીન શાહ ઇસિમાઇલ.

" ( ૮ ) " " " શાહ વફી અહમદ.

" ( ૪૭ ) " " " શાહ આગા અલીશાહ.

" ( ૪૮ ) " " " શાહ આગા સુલતાન મહંમદ શાહ દાતા."

" મૌજુદા ઇમામતકા માલેક, ખુદાવંદે ઝમાન, ઇમામ, શૈખુલ
" મશાયેખ, ઇમામતકી કુવ્વત રખનેવાલાં ઇઅતકાદ કરો. આગા સુલ-
" તાન મહંમદ શાહ દાતા બેશુમાર કરોડોં ઇન્સાનોંકા દસ્તગીર
" મૌજુદા ઇમામતકા માલેક અએ શાહ ઉસ હકે વાસ્તે, જો તુજકા
" હાસલ હએ અપને હુઝુરમેં મેરી દુઆ મનઝુર ફરમાઇએ, અએ
" હમારા ખુદાવંદ આગા સુલતાન મહંમદ શાહ."

" ઇસ તરકીએ નમાઝકો પેશ કરકે, કુસતુનતુનીયાકે શેખુલ
" ઇસલામકી તરફસે તીનું સવાલાતકે મુતઅલ્લક, હરએ ઝેલ સવાલ
" નકલ કીયે ગએ હેં. ( ૧ ) કાફર હએ. ( ૨ ) ઝોઓઇફકા મુજબ
" હએ. ( ૩ ) પહેલે દોનું જવાબુંસે ઇસ્તંબાત હો સકતા હએ.
" ઇસ ફતવેપર, બહેસીયત શેખુલ ઇસલામકે ઝીયા–ઉદ–દીન એફે-
" ન્દીકે દસ્તખત હેં. શીઇ મુજતેહદ હઝરત આખુન્દ ખુરાસાની આકા
" મીરઝા સઇયદ મહંમદ કાઝમ મરહુમ મુજતેહદ નજફ–ઉલ–અશ-
" રફકી જાનેબસે યેહ જવાબ દીયે ગએ હએં. (૧) હાં. યેહ શખ્સ
" કાફેર મુરતદ હએ. ( ૨ ) ઇસલામકે લીયે ઇસ શખ્સકા વુજુદ
" ખતરનાક હએ. (૩) જો લોગ ઉસકો અપના રેહનુમા વ લીડર
" બનાતે હએં. વોહ જહન્નમકે અસ્ફલ–ઉસ સાફેલીનમેં દાખલ હોંગે."

ઉપર પ્રમાણેનો ફતવો અમૃતસરના " વકીલ " પત્રમાં પ્રગટ
થયો, છતાં પણ મી૰ વસ્તેજી તેણે પ્રગટ કીધો તે માટે ઉલટા તેના

વખાણ કરવાને નીકળ્યા એ એક નવી નવાઇ છે. મી૦ વરતેજી પોતાની ખાનદાની વધારનારી ચોપડીના પૃષ્ટ ૬૨ ઉપર લખે છે કેઃ—

"ફતવો નહિ પ્રસિદ્ધ કરવા વકીલ પત્રના એડીટરની **દાનાઈ** પછી " તેને વધુ પ્રસિદ્ધ કરવાની નાદાની તમારી આંખોનો કમળો સ્પષ્ટ " કરે છે, અને અજબ થવા જેવું છે કે, ઇસલામીનો દાવો કરનારા " એટલે તસન્નુન જમાઅતના વકીલ તરફથી વકીલ પત્રના એડી-" ટરના લખાણ ઉપર ઇતબાર રાખો અને તેને વ્યાજબી રીતે " સમજ્યા પછી કાંઇપણ ચુનોચરા થતી બંદ રહી છે અને **ઇસલા-" મની બેહતરી** માટે તથા ઇમાનદારીના મુખ્ય ચિન્હ તરીકે તે " સિફત ધરાવે છે, ત્યારે તે નહિ સાંખી શકનાર તરીકે તથા તમોને " મળેલી ઉદ્ધતપણાની ધારમિક અર્ધદગ્ધ અને **ઇસલામને નુકસાન " પહોંચાડનારી** તાલીમના બાગે, તમોએ પોતાનીજ કમ હેસીયત-" પણાની ઓળખાણ દેખાડી છે," વળી પૃષ્ટ ૪૮ ઉપર લખે છે કેઃ—

" વકીલ નામના પત્રના એડીટર જેવા હોશમંદ ઇસલામી " ખેરખાહ અને રાંદેરવાળા મોલવી ગુલામ હાફેઝ સાહેબ એએ " સુન્ની મુસલમાન ભાઇઓની ના૦ આગાખાનના ફતવાની હીલચાલ " માટેની કોશેશોથી, ચાલુ જમાના માટેની ગણત્રી કરવાને અમોને " કારણ મળે છે, કે મરહુમ મોલવી ગુલામ હાફેઝના માટે અમોને " બીજી દરેક હીલચાલ અને કોશેશો માટે માન છે; પરંતુ તેઓ " કોઇ બીન સત્તાવાર આસામીની કેરીઅત ઉપરથી દોરવાઇને ઇસ-

" લાભમાં તફરકા પાડવાનું કામ કરતાં ઇમાનદારી સમજ્યા છે, જ્યારે
" વકીલ પત્રના એડીટર જેવા હોશમંદ તેની ખરાબીની પીછાનત કરી,
" એવા તફરકાના કૃત્ય માટે અટકાયતથી કુાબેલીયતપણું પુરવાર થયું છે."

":વકીલ " પત્રના એડીટરે ફતવો પોતાના છાપામાં પ્રગટ કીધો, તેને તો અકલમંદ, હોશમંદ, ખેરખાહ વીગેરે ટાઇટલો આપી વધાવી લેવામાં આવે છે જ્યારે તેજ લખાણને અમોએ માત્ર કોટેશન તરીકે અક્ષરે અક્ષર ઉતારી લીધું, તેને માટે અમોને મી. વરતેજી ઉપર પ્રમાણે શાલ પામરી ઓઢાવે છે તે ઉપરથી મી. વરતેજી ઇરાદા પૂર્વક પોતાની રૂપરેખાને કેવી કાળી દોરે છે, તે જણાઇ આવે છે. મતલબ કે ફતવો પ્રથમ કે છેવટ પ્રગટ કરવાના અમો જવાબદાર નથી.

---

## ફતવો ગુજરાતીમાં પ્રગટ કરનાર કોંણ ?

અમારા વિદ્વાન મિત્ર મી. વરતેજી એક બીજને ગપ ગોળો એમ હાંકે છે કેઃ—

" મી૦ કાબા તમોએ ના૦ આગાખાન જે અમારા રહેનુમા,
" પેશવા, ઇમામુલ વકતને માટે કુફરના ફતવાની નોંધ ઉતારી તમારૂં
" વાસ મારતું મોહું ખોલ્યું છે, તે બાબતમાં ગુજરાતી લખી વાંચી
" જાણનાર આલમ સામે તમોજ હૈયાત જવાબદાર છો, "

ફતવો અંગ્રેજીમાં પ્રગટ થયો, ઉરદુમાં પ્રગટ થયો અને અનેક

પત્રોમાં પ્રગટ થયો. તેમાં તો કોઇ હેયાત કે મૈયત જવાબદાર થયા નહિ, ત્યારે અમોને નવાઇ લાગે છે કે, ગુજરાતીમાં પ્રગટ કરનાર તે કેવી રીતે ગુનેહગાર ઠરે છે ? જો ગુજરાતીમાં પ્રગટ કરનારને ગુનેહગાર ગણવામાં આવે તો, પછી ઉરદુ તથા અંગ્રેજીમાં પ્રગટ કરનારને પણ ગુનેહગાર ગણવા જોઇએ. વળી અમો હેરાન છીએ કે, શેખુલ ઇસલામ તથા મુજતેહદોનો ફતવો કોઈપણ વર્તમાન, માસિક કે પુસ્તકમાં ગમે તે ભાષામાં પ્રગટ થાય, તેમાં પ્રગટ કરનારને શા માટે દોષિત ગણવા જોઇએ. બલ્કે ફતવાનો હેતુ પબ્લીકની જાણમાં લાવવામાં આવ્યો તે માટે તેમનો ઉપકાર માનવો જોઇએ. આમ છતાં પણ અમો હેરાન તથા સરગરદાન છીએ કે, મી. વરતેજીને અમોને એકલાનેજ માત્ર બદનામ કરવાનું કેમ પસંદ આવ્યું. ?

વળી ખુબી તો એ છે કે, ફતવો ગુજરાતીમાં પ્રગટ કરનાર અમો પોતે નથી. પરંતુ તેનો અરધો ભાગ પ્રગટ કરનાર મી૦ હાશમ બોઘા માસ્તર છે કે જેઓ ખાનાઇઓના ધર્માન્ધ બડેખાં તથા માનીતા લેખક છે. તે તો એજ " વકીલ પત્ર " માંથી તે ફતવાનો વચગાળેનો ભાગ પોતાના " અસલિયાતે ખોજા " નામના પુસ્તકમાં પાન ૨૩–૨૪–૨૫ ઉપર ગુજરાતીમાં પ્રગટ કીધો છે અને વળી ઇ. સ. ૧૯૧૩ ની સાલમાં કે, જે " ખોજા પંથ દર્પણ ભા. ૮ મો છપાયા પહેલાં ત્રણ વર્ષ અગાઉનો છપાયો છે. એટલે કે ફતવાને ગુજરાતીમાં પહેલ વહેલો છપાવનાર મી. હાશમ બોઘા માસ્તર, તે ઇસમાલીઓના

ધર્માન્ધ તથા માનીતા લેખક છે. અને જો ફતવો ગુજરાતીમાં પ્રગટ કરનાર મલામતનો હકદાર ઠરતો હોય તો, તેના પહેલા હકદાર મી. હાશમ બોધા માસ્તરજ છે. અને મી. વરતેજી તેમને પણ જરૂર જરૂર લાનત મલામતની શાલ પામરી આપવાનાજ અને જો ન આપે તો, એમ માનવાને સબળ કારણ છે કે, તેઓનો મુદ્દો ફતવાને ગુજરાતીમાં પ્રગટ કરનારને લાનત મલામત કરવાનો નથી, પરંતુ માત્ર તેની આડમાં અમોનેજ ચોપવાનો છે.

વળી મજકુર ફતવાને પુરેપુરો ગુજરાતીમાં છપાવનાર રાંદેરવાળા ગુલામ મોહમ્મદ હાજી હાફિજ સાહેબ છે. તેમણે " તકવીયતુલ ઇમાન " નામની ચોપડીના પૃષ્ટ ૨૦–૨૧–૨૨ ઉપર " ફતનિ પત્ર " એ મથાળા નીચે હી. સ. ૧૩૩૧ માં છપાવ્યો છે. જેને આજે ચાર વર્ષ થયાં છે અને તે " ખોજા પંથ દર્પણ ભા. ૮ મો " ની બે વર્ષ પહેલાં છપાએલ છે. એટલો કે અમો ફતવાને ગુજરાતીમાં છપાવનાર નથી, છતાં પણ મી. વરતેજી ક્ષાન ન માન મેં તેરા મેહમાન જેમ જબરદસ્તીથી અમારેજ ગળે પડે છે. વાચક વર્ગની ખાત્રી માટે અમો " તકવીયતુલ ઇમાન " ની ચોપડીમાંથી ફતવો ઉતારી લઇએ છીએ, જે ગુજરાતી તરજુમાવાળો પણ છે.

" આ જગ્યા શિર્કની લગતી બાબતનો એક ફતવો નકલ કરૂં છું આશા છે કે, આગાખાનીઓ તથા નવી રોશનીવાળા કે જેઓ ખરૂં

જોતાં નવાં અંધારાવાળા છે તેઓ ધ્યાન આપશે. આ ફતવો કલકત્તાના કોઇ ઇંગ્લીશ છાપામાં છપાયો હતો. ફરી તે ઉપરથી વકીલ અમરતસર અને અલહક દીલ્લીમાં છપાયો હતો. હું તા. ૫—૪—૧૩ ના અલહક ઉપરથી નકલ કરૂં છું. અલહક જી. ૩ ના. ૧૪ પૃષ્ટ ૧૦—૧૧,

" કલકત્તાથી અંગ્રેજીમાં એક છપાયલો ફતવો બહાર પડ્યો છે તેમાં હીઝ હાઇનેસ સર સુલતાન મોહમ્મદશાહ આગાખાન બહાદુરને કાફેર કહેવાયા છે તે ઇસ્તિફતો આ છે કે એક એવા શખ્સની બાબતમાં ઇસ્લામનો શો હુકમ છે જે પોતાના મુરીદો પાસે નીચે જણાવેલી દોઆ ( અથવા નમાઝ ) પોતાને માટે પઢાવે છે ( ૧ ) એ શખ્સ મુસલમાન છે અથવા કાફેર ? ( ૨ ) આ વાત ઇસ્લામને પુષ્ટી આપવાનું કારણ છે અથવા કમજોર કરવાનું ? ( ૩ ) મુસલમાનોએ એ શખ્સને દીની અથવા દુન્યાવી કામમાં રહબર અને તાબેદારી કરવી દુરૂસ્ત છે કે નાદુરૂસ્ત છે ? "

" આ સવાલો પછી દેખાડવામાં આવ્યું છે કે આગાખાનીઓ નીચે બતાવેલી નમાઝ પઢયા કરે છે. "

" નમાઝ પઢો, નમાઝ પઢો, નમાઝ પઢો, ખુદા તમને બરકત આપે ખુદાનું નામ લો. ખુદાવંદ શાહ અલી તમને ઇમાન અને અખલાક આપે. ઓ શાહ ! મારી સાંજની નમાઝ અને દોઆ કબુલ ફરમાવો જે હક તને મળેલો છે તેનો હું વાસતો આપું છું એ અમારા આકા આગા સુલતાન મોહમ્મદશાહ. "

"આ પછી સિજદો કરી જો રાતની નમાઝ હોય તો આવી રીતે કહો 'મારા સાંજની અને રાતની દોઆઓ' અને સવારની નમાઝ છે તો આવી રીતે કહેવું જોઇએ 'મારી સાંજની રાતની અને સવા-રની દોઆઓ" બીજી વાર સિજદો કરો અને તસબીહ પઢો, અને નીચે બતાવેલું દોરૂદ પઢો, હું પોતાના ગુનાહોપર પશ્ચાત્તાપ કરૂં છું. હું પોતાના ગુનાહોપર પસ્તાવો કરૂં છું, હું તારો સરથી પગ, સુધી તકસી-રવાર ગુનેહગાર છું એ ગફુરો રહીમ શાહ ! મારા ગુનાહ માફ કર. પીર તારી ઇબાદત કરે છે. બંદો દોઆ માગે છે એ સાચા શાહ તું મનજુર રાખનાર છે, હું શાહના આ ફરમાનને આંખે અને માથે મુકું છું જે પીરની મારફતે મને પુગ્યું છે આ કહીને તસબીહ જમીનપર મુકી દો અને નીચે બતાવેલો વીરદ કરો:—

"અશહદો સુબહાનલ્લાહ અલહમ્દો લિલ્લાહ લાએલાહ ઇલ્લલ્લાહ અલ્લાહો અકબર લાહવલ વલા કુવવત ઇલ્લા બિલ્લાહીલ અલીયીલ અઝીમ અર રહમાને ઝીલ જલાલે વલ ઇકરામ આ સમ્પૂર્ણ સિફતોથી ગુણવાયલો કુદદુસ સર્વ શક્તિમાન ખુદા ઇરિનના ઝીલ્લે ચાલદીયામાં માણસનું રૂપ ધારણ કરીને સીત્તેર પતરની પીઠથી નીકળ્યો, ઉડતાલીસમો ઇમામ દસમો નીકલંકી અવતાર અમારો ખુદાવંદ આગા સુલતાન. મોહમ્મદ શાહ દાતા.એ પછી ફરી સિજદો કરો. હક્ક શાહ ફરી વિશ્નુના પિતૂનો શાહના ખલીફાનો અને ગાદીએ બેસનારના નામનો વઝીફો કરો.

" વિસ્નુ પિતૃનોનું નામ આ છે ( લખેલા નથી ) "
શાહના ખલીફા અબુતાલેબ વલીના નામ નીચે પ્રમાણે,

| | | | |
|---|---|---|---|
| ૧ | અમારો સાચો | ખુદાવંદ | શાહ અલી |
| ૨ | " | " | શાહ હોસેન. |
| ૩ | " | " | શાહ જેનુલ આબેદીન. |
| ૪ | " | " | શાહ મોહમ્મદ બાકેર |
| ૫ | " | " | શાહ જાફરસાદેક. |
| ૬ | " | " | શાહ ઇસમાઇલ. |
| ૭ | " | " | શાહ મોહમ્મદ બી. ઇસમાઇલ. |
| ૮ | " | " | શાહ વફી અહમદ. |
| ૪૭ | " | " | શાહ આગા અલીશાહ. |
| ૩૮ | " | " | શાહ આગા મોહમ્મદ શાહદાના." |

"એને હમણાની ઇમામતનો માલિક ખુદાવંદે જમાન ઇમામ શેખુલ મશાએખ ઇમામતની શક્તિ રાખનાર માનો. આગા સુલતાન મોહમ્મદ શાહ દાના અગણીત કરોડો માણસોનો દસતગીર હાલની ઇમામતનો માલિક એ શાહ જે હક્ક તને મળેલા છે તેના વાસતાથી પોતાની હજુરમાં મારી દોઆ મન્જુરકર. એ અમારા ખોદાવંદ આગા સુલતાન મોહમ્મદ શાહ.

આ નમાઝની તરતીબ પેશ કરીને કોન્સટન્ટીનોપલ (ઇસ્તમબોલ) ના શૈખુલ ઇસ્લામની તરફથી આ ત્રણે સવાલોના જવાબો નકલ કરે છે.

( ૧ ) કાફેર છે, ( ૨ ) પોસ્યું કરવાનું કારણ છે ( ૩ )

પ્રથમના બે જવાબોથી નીકળી શકે છે. આ ફતવા પર શેખુલ ઇસલામ ઝીયાઉદ્દીન આફનદીના દસ્તખત છે. શીઆ મુજતહેદ હજરત આખુન્દ ખોરાસાની ( આકા મીરઝા સૈયદ મોહમ્મદ કાજમ નજફ અશરફના મુજતહેદ ) તરફથી આ જવાબ અપાયા ( ૧ ) એ શખ્સ કાફેર મુરતદ છે ( ૨ ) ઇસ્લામને માટે આ શખ્સનું જીવવું ખોફ આપનાર છે ( ૩ ) જે લોક એને પોતાના લીડર ( પેશ્વા ) કરે છે તે જહંનમી છે અસફલુસ સાફેલીનમાં જવાના છે."

"મુસલમાનો સાંચો લાખો માણસ કુફર બકનાર છે ઇસ્લામની ઉંચી તૌહીદને ખાકમાં મેળવે છે અને પોતાનું દીન ઇમાન બરબાદ કરે છે. અલ્લાહ મુસલમાનોને હિદાયત આપે. આમીન."

ઉપરના એકંદર લખાણ તથા ઉતારાથી વાચક વર્ગને વગર શંકાએ સંપૂર્ણ ખાત્રી થઇ ગઇ હશે કે, ફતવાને ગુજરાતીમાં છપાવનાર અમો નથી પણ મી. હાશમ બોઘા માસ્તર તથા તકવીયતુલ ઇમાનના કર્તા મૌલવી ગુલામ મોહમ્મદ હાજી હફેજ સાદેક છે. વળી તેઓએ જે ફતવાને પ્રગટ કીધો તેથી જેમ મી. વરતેજી નારાજ થયા નથી તેથી મી. વરતેજીની નિખાલસ વૃત્તિ ( ! ) ત્યાં જણાઇ આવે છે. જ્યારે અમારા ઉપર નારાજ થવું એ સ્વાર્થ બાજીનું મેદાન હાથ કરવા સિવાય બીજુ કશું એ નથી, અને અમો સાંભળી તે ઘણાજ ખુશી થઇએ છીએ. કે અમારા મિત્રનો હેતુ ખીસો ગરમ કરતો ચાલ્યો છે.

# ફતવો દર્પણમાં દાખલ કરવાનો હેતુ.

"ખોજા પંથ દર્પણ ભા. ૮ મો" નામનું પુસ્તક અમોએ જે ખાનાદ્ધ બંધુઓ જમાતખાનામાં "ધુવા" નામની બંદગી ભણે છે તેનાપર પૃથક્કરણ કરતો રીવ્યુ આપવામાં લખ્યું છે અને તેથી પ્રથમ ધુવા આપી તેના રચનારની શોધખોળ કરવા સાથે "ધુવા" ની પ્રમાણતને તેના ગુણ દોષ તપાસવા માટે તપાસના કાટલાંમાં તોળી જોઇ છે. આવા ખોજા સાહિત્યના અગત્યના પ્રશ્નને ઘટતો ઇનસાફ આપવાને માટે અમારે તેના ફતવાને પણ રેકર્ડપર લાવવો જોઇતો હતો. અમારે તે બુકમાં માત્ર ફતવોજ પ્રગટ કરવો, એવો મુદ્દો નહિ હતો. અને જો અમારો તેવો મુદ્દો હતે તો, માત્ર અમો તે ફતવોજ પ્રગટ કરતે; પરંતુ તે ફતવાની વિરૂદ્ધમાં કાંઇપણ લખતે નહિ.

અમોએ ફતવાને ઉપર જણાવેલા કારણને લઇ દાખલ કીધો અને તે વિશે અમોએ અમારો અભિપ્રાય ફતવા વિરૂદ્ધનો આપ્યો તે એ કેઃ—

"મને અહીં એમ જણાવવાની પ્રબળ ઇચ્છા છે કે, જો હું શેખુલ ઇસલામ તથા શીયા મુજતેહદો પાસે હાજર હતે; કે જેમણે ફતવાઓ આપ્યા છે અને જો તેઓ મને આગાખાની ટોળાંના અકાયદ સબંધે પુછતે તો; હું એમજ જણાવતે કે, તેમના ધર્મના પુસ્તકોમાં સઘળા અકાયદો તથા માન્યતા ઇસ્લામ પ્રમાણેના છે; પણ માત્ર

તેમના કેટલાક અજ્ઞાન મુરીદો આગાખાનની અજ્ઞાનતામાં આગાખાનને ખુદા કહે છે અને તેવી ધ્રુવા પડે છે કે, જેને રજુ કરી આપની પાસેથી ફતવો માગવામાં આવ્યો છે. આગાખાને કદીપણ પોતે ખુદા છે એમ જણાવ્યું નથી; બલ્કે તેમણે તો ખુદાની તૌહીદ, નમાઝ, રોઝા વીગેરેના શિક્ષણના શિક્ષણની બુકો પણ છપાવી છે; તેટલું કહી કન્ઝુલ મસાએબ, ખોજા મઝહબના કેટલાક મુળતત્વો, સીધી બુકો વીગેરે તેઓના મુબારક હાથમાં મુકી આપતે અને જ્યારે તે સઘળાથી તેઓ માહેતગાર થતે અને જ્યારે તેમને ખાત્રી થતે કે, આ બાબતમાં આગાખાનનો કાંઇ વાંક નથી. માત્ર થોડા અજ્ઞાન માણસો તેમને ખુદા કહે છે કે. જેમ કહેવડાવવાને આગાખાન ખુશી નથી; ત્યારે જરૂર જરૂર તેઓ તે ફતવો, જેવો તેમણે આપ્યો તેવો આપતે નહિ."

"અફસોસની વાત છે કે હમણાં લડાઇના કારણે ઇસ્તમબોલ તથા ઇરાન જવાના માર્ગો બંધ પડી ગયા છે. અને ત્યાં જવા જેટલાં નાણાં પણ નથી; નહિતર હું ઇસ્તમબોલ તથા ઇરાન પહોંચી જતે અને શૈખુલ ઇસલામ તથા શીયા મુજતેહદોને આગાખાનના તથા ખોજા ધર્મ શાસ્ત્રના પુસ્તકો વંચાવતે અને દરેક રીતે તેમનું સમાધાન કરાવી જે પ્રથમ ફતવો તેમણે આપ્યો છે તે મનસુખ કરાવી આવતે."

"જો પીર સદરૂદીન તથા પીર દાદુને હાલ જે ધ્રુવા રજુ કરવામાં આવે છે, તેના રચનાર માનવામાં આવે તો, તેમ માનવું એ તે બન્ને બુઝુર્ગોની કીર્તિને માટીમાં મેળવી આપ્યા જેવું છે, પરંતુ અમો

તે મહા પુરૂષોને ધ્રુવાના રચનાર તરીકે માની શક્તા નથી અને તેમ થતાં તે મહાત્માઓ પોતાના ઉપરના અતિ ભયંકર ફતવાથી મુક્ત થઇ જાય છે એ જાણી અમો હર્ષથી ફુલ્યા સમાતા નથી. અને જે ભાઇઓ તે મહાત્માઓને તે ધ્રુવાના રચનાર માની તેમની કીર્તિને માટીમાં મેળવવાને તૈયાર થયા છે તેમના પ્રત્યે અમોને ઘણીજ દયા ઉત્પન્ન થાય છે; પરંતુ અમોને એ વાતથી ઘણી ખુશી હાંસલ થાય છે કે, માત્ર થોડા ઇસલામી શાસ્ત્રથી અજાણ્યા બંધુઓ વિના બીજું કોઇપણ તે ધ્રુવાને વેલકમ કહેવાને તૈયાર નથી; બલ્કે મોટા ભાગે તેને બાયકોટ કરી આપેલ છે સ્થિતિ ઘણી સંતોષ કારક હોવાનું દરેક અનુમાન થાય છે."

ઉપરના અમારા લખાણથી વાંચકવર્ગને ખાત્રી થઇ ગઇ હશે કે, ફતવો પ્રગટ કરવાથી અમારી મુરાદ ફજેતાની નહિ; પણ હાથ ધરેલા પ્રશ્નને યોગ્ય ઇનસાફ આપવાની હતી. અને તે આપવાનાં માર્ગમાં અમોએ પોતે તે ફતવાની વિરૂદ્ધતાજ કીધી છે. આવી રીતનું અમારૂં લખાણ તથા હીમાયત છતાં, મી૦ વરતેજી પોતાની ખુશાલી બતાવવાને બદલે, ઉલટા ગાજવા લાગી ગયા, એ તેમની સ્વાર્થબાજીના મેદાનને હાથ કરવાની પોલિસિને આભારી છે. હવે જોવું જોઇએ કે અંગ્રેજી, ઉર્દુ તથા ગુજરાતીમાં ફતવો પ્રગટ કરનારાઓએ, ખાસ તે ફતવો પ્રગટ કરવાને માટેજ તેને પ્રગટ કીધો છે અને કોઇએ પણ તે ફતવાની વિરૂદ્ધમાં એક શબ્દ પણ ઉચાર્યો નથી. છતાં પણ મી૦ વરતેજી તેમને લાનત મલામત કરવાને કેમ નહિ નીકળ્યા? અને પ્રથમ

અને હમણાં ક્યા હરીના માંડવામાં ફેરા ફરતા હતા, તેની અમોને કાંઇ સુઝ પડતી નથી.

અત્રે સત્ય શોધક ઇસના અશરી બંધુઓને અમારે જણાવવું જોઇએ કે, તેમણે અમારા મીશનરી હેતુને તથા લખાણના શબ્દોને બરાબર જોઇ તપાસી પોતાનો અભિપ્રાય બાંધવો જોઇએ. વરતેજી કે જેમણે ઇસલામ તથા નીતિરીતિ વિરૂદ્ધ લખવાને કાંપો વાળ્યો છે, તેના લખાણ ઉપર દોરવાઇ જઈ જુદા અભિપ્રાયપર જવું નહિ. અમોએ અમારા અભિપ્રાયમાં એમ જણાવેલું છે કે—

" તેમના ધર્મ પુસ્તકોમાં સઘળા અકાયદો તથા માન્યતા ઇસલામ " પ્રમાણેના છે, પણ માત્ર તેમના કેટલાક અજ્ઞાન મુરીદો આગાખાનની " અજાણમાં આગાખાનને ખુદા કહે છે અને તેવી ધુવા પડે છે કે, " જેને રજુ કરી આપની પાસેથી ફતવો માગવામાં આવ્યો છે, "

મતલબ કે ધુવાના રનવા વિશે અમે શેખુલ ઇસલામ તથા મુજતેહદોના ફતવા સાથે મળતા છીએ, પણ માત્ર અમારૂં એમ કહેવું છે કે, તેઓના પુસ્તકોમાં ઇસલામ પ્રમાણેના અકાયદો છે, કે જે અકાયદો અમો ખોજા પંથ દર્પણના કુલ્લે આઠે ભાગોમાં ધડાબંધી ઉતારા આપી આપીને સિદ્ધ કરી ગયા છીએ. માત્ર આગાખાનના અજ્ઞાન મુરીદોની તે ધુવા છે કે જેના માટે શેખુલ ઇસલામ તથા મુજતેહદોનો ફતવો છે કે, જેના સાથે અમો સંમત્ત છીએ. આ બાબ-

તની વધુ ખાત્રી થાય તે માટે "ખોજા પંથ દર્પણ ભા. ૮ મો" નો પૃષ્ટ ૫૭ નો સળંગ પારેગ્રાફ રજુ કરી અમારા લખાણની દાદ માંગીએ છીએ અને ખુદાતાલાએ અમારા વાંચક વર્ગને જે બુદ્ધિ અપણ કીધી છે તેનો રૂડો ઉપયોગ કરવાને એલતેમાસ કરીએ છીએ.

"આગાખાનના મુરીદો પોતાના ધર્મશાસ્ત્રના જે પુસ્તકો જાહેર કરે છે, જેવાં કે દસ અવતાર, પીર સદરૂદીન વીગેરેના ગ્નાનો તથા કથાઓ વીગેરે, તેનો અમોએ અભ્યાસ કરી જોયો, તો તેમાં અમોને એજ જોવામાં આવ્યું કે, તેમાં ઇસલામથી ઉલટી બાબતો ધર્મ તરીકેની આપવામાં આવી નથી. ખુદાની વાહદા નિયત, તેનું નિરંજન નિરાકાર હોવું, કુરાનને માનવું, નમાજ પડવી, રોજા રાખવા, ઝકાત આપવી, હજ પડવા જવું, ખુમ્સ કાઢવી, તથા બીજી સઘળી ઇસલામી બાબતો તેમાં ભરપુર ભરેલી છે; પરંતુ મીશનરી કારકીર્દિને લગતું તેમાં જે લખાણ છે તેમાં અલબત્તા અવતાર વીગેરેની હીન્દુ ધર્મની માન્યતા છે, જે કોઇપણ રીતે ઇસલામની તેમાં બતાવી નથી, તેમ તેવી બાબતો ઇસલામની હોઇપણ શકતી નથી; પરંતુ નાદાન દોસ્તો તેને ઇસલામની જણાવી પોતાને તથા નામદાર આગાખાનને ઉપરના ફતવા પ્રમાણે તથા બીજી અનેક રીતે બદનામ કરે છે. અને જ્યારે ખોજા ધર્મ શાસ્ત્રમાં ઇસલામની પવિત્ર માન્યતા ભરપુર ભરેલી જોવામાં

આવે છે, ત્યારે અમો નામદાર આગાખાન ઉપર કુફરનો ફતવો આવે, તે એક સેકંડ પણ જોવાને ખુશી નથી અને તેઓ તેના ભોકતા પણ થઇ શકતા નથી. આગાખાનના પ્રખ્યાત બારીસ્ટર મી. હાવરડે ઇ. સ. ૧૮૬૬ ના બારભાયા કેસમાં જણાવ્યું હતું કે " કેટલાક મુર્ખ લોકો આગાખાનને ખુદા કહે, તેમાં આગાખાનનો શો વાંક ? "તેજ પ્રમાણે અમો કહી શકીએ છીએ કે, તેમના કેટલાંક ઉપર જણાવેલા ધુવા પડનારા મુરીદો, તેવી ઇસલામથી ઉલટી માન્યતાનો અસર કરાવનારી ધુઆ પડે. તેમાં નામદાર આગાખાનનો શો વાંક ? ધુવા તો તેમના મુરીદો પડે અને કુફરનો ફતવો નામદાર આગાખાનને માથે થોપ-વામાં આવે ! "

ઉપરના લખાણથી શું ઇસમાઇલી કે શું ઇસનાઅશરી, દરેકને અમારા લાખણુની ખુબી સમજાઇ હશે, બાકી મી. વરતેજી તો અમોને બદનામ કરવાને મરજીમાં પડે તેમ ભુસી મારે તો તેમની તેવી ભુસી મારવાની કોટી પીછાણી લેવી એજ સમજુ વાંચક વર્ગની ખુબી તથા શોભા છે.

# ચીનનો કાયદો અમારા પર.

મી૦ વરતેજી લખે છે કેઃ—

" ચીનમાં અસલ બાદશાહોના જાપતાના કાયદાને અમલમાં
" મુકનારાઓને યાદ કરવા મિસાલ છે, કારણ કે તે વખતે
" બાદશાહની મન્જુરી વગર પુસ્તક છપાવનાર લેખકને જાનથી
" મારી નાખવામાં આવતો હતો. "

હાલ સમયમાં બ્રીટીશ કાયદાને અનુસરી કોઇ પણ લેખકે પુસ્તક છપાવવા માટે બાદશાહની મંજુરી લેવી પડતી નથી: તેથી મી૦ વરતેજીની લેખકો માટેની સૂચના કચરાની ટોપલીને સ્વાધિન થાય એ સ્વભાવિક છે, પરંતુ મી૦ વરતેજી કે, જે પોતાના ઇસમાઇલી દ્રઢ યકીન માટે કહે છે કે " અમો અમારા દ્રઢ યકીનના લીધે બાલભર પાછા હઠવાના નથી. " તે પોતાના હાજર ઇમામ દસમા નકળંકી અવતાર આગા સુલતાન મહંમદ શાહ દાતારના ફરમાન વિરૂદ્ધ અમલ કરે તો, ક્યા દેશના કાયદાને તેઓને સ્વાધિન કરી દેવા જોઇએ. તે માટે અમો તેમનેજ પુછીએ છીએ.

મી૦ વરતેજી ઇસમાઇલી ધર્મ પ્રત્યે દ્રઢ યકીનની ડંફાસ તો મારે છે, પરંતુ અફસોસની વાત છે કે, તેઓ પોતાનું કિંચિત યકીન પણ સાબેત કરી શક્યા નથી; બલકે ખુલ્લી રીતે પોતાના હાજર ઇમામના હુકમની નાફરમાની કરી ગયા છે એટલે કે, મી૦ વરતેજી મુંબઇમાં

રહે છે અને મુંબઇના ખોજા શીઆ ઇમામી ઇસમાઇલી કોનસીલના કાયદાઓ વિરૂદ્ધ વર્ત્યા છે,

મુંબઇની ખોજા શીઆ ઇમામી ઇસમાઇલી કોનસીલના કાયદાઓ નામદાર આગાખાનની પરવાનગી તથા સત્તાથી પ્રગટ કરેલા છે. જેની બુકો ઇ. સ. ૧૯૧૦ માં બ્રીટીશ ઇન્ડીઆ પ્રેસ ભાયખાલામાં છપાવી તેના સર્વ હક સ્વાધિન રાખ્યા છે. તે કાયદા બુકના પૃષ્ટ ૧૧ ઉપર કલમ ૩૭ માં એમ જણાવ્યું છે કે:—

" મુંબઇની ઇસ્માઇલી લાયબ્રેરી અથવા મુંબઇ અને ઉપરના
" લખેલા ગામડાનો કોઇપણ ઇસમાઇલી, ઇસમાઇલી ધર્મના
" બાબદ ઉપર, જો કાંઇ લખાણ પ્રગટ કરાવવા ઇચ્છતો હશે
" તો તેવી ઇચ્છા ધરાવતા પ્રગટ કરનાર ઉપર ફરજીઆત છે
" કે, તેણે તે લેખ કૌનસીલ પાસે રજુ કરવો અને કૌનસીલ
" દર માસ માટે પોતામાંથી વારાફરતી, જે બે સભાસદોની
" નેમણુંક કરે, જેઓએ આવા લખાણો પાસ કરવા પછીજ
" છપાવવા માટે મોકલવાં."

મજકુર કાયદા બુકમાં મુંબઇની ઇસ્માઇલીઆ કૌન્સીલના કુલ ૨૧ મેમ્બરોની પ્રતિજ્ઞા ઉપર સહીઓ છે, અને તે પ્રતિજ્ઞામાં એમ પણ લખેલું છે કે:—

" અમારા સત્ય ઇમાનથી ખુદાતાલાને હાજર જાણી અમો
" ઉપલા કાયદાઓ અમલમાં લાવવા માટે અમારા ખુલા દીલથી
" અને રાજી ખુશીથી કબુલાત આપીએ છીએ અને અમો

"અમારા ખરા ઇમાનથી અને ખુશીથી ઉપલા કાયદાઓ
"પ્રમાણે ચાલવા જાહેર કરીએ છીએ. મુંબઇ તા. ૪ થી
"માર્ચ ૧૯૧૦."

ઉપર પ્રમાણેના નામદાર આગા સાહેબના કાયદા વિરૂદ્ધ મી૦ વરતેજીએ ઇસ્માઇલીઆ કૌન્સીલની રજા વિના પોતાની બુક છપાવ્યાનો આરોપ તેમના દ્રઢ યકીનની કલાઈ ખોલી આપે છે. અને સાથે સાથે તેમના ઇમાનની કોટી પણ જાહેર કરી આપે છે. હવે આવી સ્થિતિ વચ્ચે મી૦ વરતેજીને અમો અસલના ચીનના બાદશાહના કાયદાની યાદ તાજી કરાવી, તે યાદનો સેહરો તેમની ગરદનમાં તાળીઓના ગડગડાટ વચ્ચે પહેરાવીએ છીએ.

અમારા લખાણને તમો આગાખાન વિરૂદ્ધનું હોવા જે લખો છો; તેમાં "ખોજા પંથ દર્પણ ભા. ૮" ના વાંચકો કાંઇ વજુદ જોઇ શકશે નહિ. જે માણસ કુફરના ફતવાની બે બુનિયાદ વિશે અભિપ્રાય આપે અને નામદાર આગા સાહેબને કોઇ પણ રીતે એક મોટા આક્ષેપથી બચાવી લેવા હીમ્મત ભર્યો પ્રયાસ કરે, તેને તેનો વિરોધી કહેવો, એ કોઇ ડહાપણની વાત નથી. ન અમો કદી આગાખાનના વિરોધી હતા. તેમ ન હમણાં છીએ; બલ્કે તેમના પ્રત્યે પુજ્ય ભાવ ધરાવી બચાવ કરવા છતાં અમો વિરૂદ્ધ લખનાર થયા, એ નવાઇની વાત છે અમો જે પ્રમાણેનું ઇસમાઇલી શાસ્ત્ર હોવાનું જણાવીએ છીએ, તે ધોરણે તો સર આગાખાન તેવા ફતવાના અધિ-

કારી થઈ શકતા નથી; પરંતુ તમો જે પ્રમાણેનું ઇસમાઇલી શાસ્ત્ર જણાવો છો, તે પ્રમાણે તો તે ફતવો આબાદ સિદ્ધ થાય છે. માટે આપજ કહો કે, આગાખાનનો વિરોધી કોણ ? અમો કે તમો ?

જ્યારે અમોએ નામદાર આગાસાહેબની અહીં સુધી તરફદારી કીધી છે છતાં પણ તમો ચીનના અસલના બાદશાહોના કાયદાને શા માટે યાદ કરો છો ? ચીનના અસલના બાદશાહો વગર મંજુરીએ પુસ્તક છપાવનાર લેખકને જાનથી મારી નાખતા હતા; પણ તે તો ચીનના અસલ બાદશાહોના વખતનો કાયદો હતો. હવે તો ચીનમાં પણ અસલના તેવા કાયદાને બહુજ ધિક્કારની દ્રષ્ટિથી જુએ છે અને તે કાયદાને તદ્દન નાબુદ કરવામાં આવ્યો છે. આપણી સરકાર તો તેવા કાયદાને એક સેકંડ માટે પણ ગ્રાહ્ય કરશે નહિ; બલ્કે તેવા કાયદાનાં અઘરા તત્વોથી પોતાના કાયદાને નિરાળો રાખ્યો છે. અને તેનોજ પ્રતાપ છે કે, તમો પણ બાદશાહની વગર મંજુરીએ પુસ્તક છપાવવા નીકળ્યા છો; પરંતુ તે કાયદાની યાદને રજુ કરાવવાની તમારી નેમ અમોને " દાખલો મળવા એક આબાદ જગ્યામાં ઉભેલાની " ચોકસ હોવી જોઇએ અને જો દાખલો બેસાડવા માટે તમો હમણાંના જેવો પ્રયાસ ચાલુ રાખશો તો, તમારી ઉમેદોના લીષ્ટમાં એક આ ઉમેદ પણ ફતેમંદ રીતે દરજ થઇ જશે. અમારી દ્રષ્ટિ સમીપ અમારા ઇમામોના દ્રષ્ટાન્તો છે અને તે અમોને કાફી છે અને તમારી દ્રષ્ટિ સમિપ તમારા ઇમામોના દ્રષ્ટાન્તો મોજુદ છે, જે તમોને કાફી છે.

# વકીલ પત્રનો એતરાઝ.

( વકીલ અમૃતસર તા. ૩૦-૩-૧૯૧૩ ના અંકમાંથી ઉતારો )

## "તકરીર બેબુનિયાદ હએ."

"હમારી રાયમેં યેહ ફતવા ના કાબેલ એતેમાદ હએ
" ઇસલીયે કે, ઇસલામ **લાઇલાહા ઇલલલ્લા વ મોહંમદ**
" **રસુલીલ્લાહ** કે સચ્ચે એતેકાદપર મબ્ની હએ. આગાખાની
" નમાઝકી કેફીયત મઝકુરા બાલાસે યેહ ઝુરુર માલુમ
" હોતા હએ, કે ઇસ તરીકે કે પૈરો અપને પેશવાકો ખુદાકા
" અવતાર માનતે હેં. બેશક યેહ અકીદા સખ્ત કાબેલ એતેરાઝ
" હએ; મગર ઇસસે ખુદાકી ઉલુહિયત ઓર પૈગંબરકી રીસા-
" લયમેં ફર્ક નહિ આતા. આગાખાની ગીરોહભી ખુદાકો મા
" અબુદે મુતલક વ પરવર દીગાર બરહક વાહદહુ લાશરીક લહુ
" માનતા હએ. ઓર રસુલ અલ્લા સલલલ્લા અલેય વસલ્લમ
" કી નબુવ્વત કાબી મુનકર નહિ હએ. લેહાઝા કુરાનકરીમકી
" ઇસ તાલીમકે મુતાબેક કે ફલીલ્લાહો સુમ્મા ઝરહુમ ફી સોખુ-
" ઝેહીમ અલ અબુના (                ) ઇસ
" ગીરોહકો દાયરએ ઇસલામસે ખારેજ નહિ કીયા જા સકતા"

"(૨) તકરીબન યેહી અકાયેદ તમામ ઇસમાઇલી ફીર
" કાકે હેં, જીનકી કઇ સદીયું તક મીસર વ મગરેબમેં અઝીમ

" –ઉલ્મા–શાન રૂ-નાં-ત રેહ ચુકી હય્યે. મગર કીસી મુસલ-
" માનને ઉનકી તકશીર નહિ કી. ( ૩ ) ઝીયા–ઉદ–દીન એફે-
" ન્દીકી શેખુલ ઇસલામી કે ઝમાનેકો એક નિહાયત તવીલ
" મુદ્દત ગુઝર ચુકી હય્યે. ઇધિર કઇ સાલુંસે હજરત મુસા
" કાઝમ આફન્દી શૈખુલ ઇસલામ થે. ઓર અબ દોતીન માહસે
" શેખ અબ્દ–ઉર–રહેમાન નસેબ આફન્દી હેં. ઝાહેર હય્યે કે,
" મઝકુરે બાલા ઇસ્તફતાહ ઈ. સ. ૧૯૧૧ સે પેશતરકા નહિ
" હય્યે; મગર ઇસ ઝમાનેમેં ઝીયા–ઉદ–દીન એફેન્દી જબ શે-
" ખુલ ઇસલામહી નહિ થે, તો બહેસિયત શેખુલ ઇસલામ
" વોહ ઇસપર દસ્તખત ક્યુંકર કર સકતે થે. ( ૪ ) ફતવાકે
" છાપને વાલું ઓર મુસ્તબ કરને વાલું કે નામ મઝકુર નહિ
" હેં ઓર ન ઇસકી સેહતકા સોબુત મોજુદ હેં ( ૫ ) આ-
" ખુન્દ ખુરાસાની ઇન્તેકાલ કર ચુકેહેં. બીલ ફર્ઝ અગર યેહ
" ફતવા ઉન્હીંકા હો; જબભી વફાત કે બાઅદ કીસી શીઅ-
" ઉલ–મઝહબ પર અબ ઉનકી તકલીદ વાજીબ નહિ રહી. "

" મુસલમાનું મેં તફરીક પૈદા કરને કે લીયે, યેહ ફતવા
" આજકલ આમ તોરપર તકસીમ કીયા જા રહા હય્યે; લેકીન
" કીસી હોશમંદ મુસલમાનકો ઇસપર ઇલ્તેફાત કરનેકી ઝુરૂરત
" નહિ હય્યે. અલબત્તા હીઝ હાઇનેસ સર આગાખાન બહા-
" દુરકો, નેહાયત ઝુરૂરી હય્યે કે, અપની પેશવાઇકો, મે અયારે

" હકીકત પર લાનેકે લીયે, કુરાન કરીમકો પેશવા બનાંએ ઓર
" ઉસકી મુકદ્દસ તાલીમાતસેં અલગ ન હો જાએં."

ઉપરના વકીલ પત્રના ઉતારાથી વાંચક વર્ગ જોઇ શકશે કે, તેના અધિપતિ તકરીરને બેબુનિયાદ જણાવવા સાથે એવો આક્ષેપ રજુ કરે છે કે:—

" આગાખાની નમાઝકી કેફીયત મઝકુરા બાલાસે યેહ ઝરૂર
" માલુમ હોતા હએ, કે ઇસિ તરીકે કે પૈરો અપને પેશવાકો
" ખુદાકા અવતાર માનતે હએં; બેશક યેહ અકીદા સખ્ત
" કાબેલ એતેરાઝ હએ."

" અલબત્તા હીઝ હાઇનેસ સર આગાખાન બહાદુરકો નેહા-
" યત ઝુરૂરી હએ કે, અપની પેશવાઇકો મેઅયારે હકીકતપર
" લાનેકે લીએ કુરાન કરીમકો પેશવા બનાએં ઓર ઉસકી
" મુકદ્દસ તાલીમાતસે અલગ ન હો જાએં.

એ રીતે ખુદા સામે તો તેણે ગંભીર આક્ષેપ મુકયો છે અને નામદાર આગાખાન સાહેબને ભલામણ કીધી છે કે, પોતાના મુરીદોમાં-થી તેવી કુરાન વિરૂદ્ધની માન્યતાને કાઢી નાખે અને કુરાનની તાલીમથી પોતે છુટા ન પડી જાય.

અહીં મી. વસ્તેજીની ચાલબાજીને તપાસવી જોઇએ. વકીલ પત્રના અધિપતિ કે, જેમને તેઓ સુન્ની ધર્મના જણાવે છે, અને જે

આગાખાનને ખુદાનો અવતાર માનવાની વાતને વખોડે છે અને નામદાર આગાખાન સાહેબને કુરાનના શિક્ષણ પ્રમાણેની પેશવાઇ અખ્તેયાર કરવા તથા કુરાને કરીમની તાલીમથી છુટા નહિ પડવાની ભલામણ કરે છે તેને તો તેઓ હોશમંદ તથા ખેરખાહ જણાવે છે. અને અમો જે, માત્ર તે ફતવો કોટેશન તરીકે રજુ કરી, એમ જણાવીએ છીએ કે, તેવી ધુત્રા માત્ર આગાખાનના થોડાક અજ્ઞાન મુરીદો આગાખાનની અજ્ઞાણમાં પડે છે. તેથી તે ફતવાના હકદાર આગાખાન થઈ શકતા નથી, તેને તો તેઓ " યાહુદી આલીમો મીસાલ ભાર ઉંચકનારા ગધેડા " " આમાલનામું કાળું કરવા મંડયા. "

" વાસ મારતું મોઢું ખોલ્યું " " મરયા પછી ઇનસાન જાત રૂહને શાન્તીમાં રાખે એમ કહેતાં આંચકો ખાય " " ચીનના બાદશાહો લેખકને વગર પરવાનગીએ :પુસ્તક છપાવે તો જાનથી મારી નાખે " " સીરૂશીનના ખારજી " " વગર હેસીયતનો કાગો " વીગેરે વીગેરે વાહીઆત તબાહી દીવાના મિસાલના વાકયો લખી પોતાનું આમાલનામું ઉજળું કરે, એ કેટલી બધી દીલગીરિ તથા નવાઇની વાત છે. ખેર અમો તો કાંઇ તેમના લખવાથી યાહુદી કે ખારજી થઇ જતા નથી. જે માણસ દીને ઇસલામનો અંતઃકરણ પૂર્વકનો સ્વીકાર કરે, તેનોજ ઉપદેશ કરે, તેના રક્ષણ માટે લાટબંધ સાહિત્ય પ્રસિદ્ધ કરે. તે કદી પણ યાહુદી કે ખારજી હોય નહિ, પરંતુ તેવી બદઝબાની વાપરવાથી અમારા મિત્ર મી. વસ્તેજી ખુશી થયા અને તેઓ પોતાની

સ્વાર્થબાજીમાં આગળ વધ્યા, તેથી પણ અમો ઘણા ખુશી થયા છીએ અને હજુ પણ જ્યાં સુધી તેઓ પોતાની નેમમાં તદન ફાવી જાય ત્યાં સુધી એમજ લખે જાય, તેમાં અમો સહેજ પણ નારાજ નથી.

વળી એક અજાયેબ જેવી બાબત તો એ છે કે, વકીલ પત્રના એડીટર, કે જેમને તેઓ હોશમંદ તથા ખેરખાહ વીગેરે વિશેષણોથી વધાવે છે અને જેમણે આગાખાન સાહેબને ખુદાનો અવતાર માનવા તે માન્યતાને આક્ષેપ વાળી જણાવી છે તે, તેમની શીખામણને તો માનતાજ નથી અને આગાખાન સાહેબને ખુદાનો અવતાર જણાવે જાય છે અને તેમ જણાવવાના કાર્યને પોતાનું દ્રઢ યકીન માને છે તો અમો પુછીએ છીએ કે, તમારા હોશમંદ તથા ખેરખાહની વ્યાજબી સૂચનાને તમો શા માટે માનતા નથી ? કે, જે માનવા ઉપરજ તમારૂં દ્રઢ યકીન થઇ શકે છે અને નહિં માનવા પર તમારા ઇમાનનો નાશ થાય છે.

વળી તેમના હોશમંદ તથા ખેરખાહ વકીલ પત્રના એડીટર, જે નામદાર આગાખાન સાહેબને પોતાની પેશવાઇનું મધ્યબીંદુ કુરાને મજીદ પર રાખવા ભાર આપીને ભલામણ કરે છે તે ભલામણને તો મી. વરતેજી સ્વીકારતા નથી, છતાં પણ પોતાના યકીનને "દ્રઢ યકીન" શા આધારથી કહેવાને નીકળ્યા છે તેની અમોને કાંઇ સુઝ પડતી નથી આ ઉપરથી અમો તથા

સૌ કોઇ એવા પાકટ અનુમાન ઉપર પહોંચી શકે છે કે, તેઓ હાથીના દાંત દેખાડવાના તથા ચાવવાના જુદા જુદા રાખે છે. અને ખાલી માત્ર ઇસલામનો ડોળ ઘાલી અંદરખાનેથી તેની મુખાલેફત કરે છે કે, જે વાત બુદ્ધિશાળી તથા સત્યશોધક વાંચક વર્ગથી છુપી રહી શકતી નથી. મી. વરતેજીનું લખાણ જરા વાંચી જુઓઃ—

" અલબત ! જે બાબતમાં વકીલ પત્રના એડીટર સાહેબને બ્યા-
" જબી લાગ્યું છે ત્યાં, એટલે ઇસ્માઇલીઓ પોતાના પેશવાને
" ( ઇમામને ) ખુદાનો અવતાર માને છે, તે માની જતાં
" તેણે સખ્ત એતેરાઝ વાળી જણાવી છે, પણ તે ખોટી છે
" એમ કહ્યું નથી. તેમજ સર આગાખાન બહાદુરને પોતાની
" ઇમામત હકીકતની કસોટી પર લાવવા કુરઆનને આગળ
" લાવવા ભલામણ કરી છે, અને તે એક ઇસલામી તરીકે,
" સાચા ઇમાનદાર તરીકે, હોશમંદ તરીકે તથા દાના તરીકે
" જણાવેલી બાબત અમોને અમારા ખરા અંતઃકરણમાં ઉત્તમ
" માન ઉતપન્ન કરે છે. "

અમારા મિત્ર મી. વરતેજીની દયાજનક સ્થિતિ પ્રત્યે હવે તો ખુદ અમોને પણ દયા આવે છે કે, બચાવ કરવા જતાં એટલા તેઓ બાકળા થઇ ગયા કે, શુદ્ધ બુદ્ધ બધી ભુલી ગયા અને હાહમેડની જેમ જેમ આવે તેમ ભરડવા લાગી ગયા. જરા જુઓ તો ખરા કે વકીલ પત્રના એડીટર જે એમ કહે છે કે આગાખાન સાહેબને તેમના

મુરીદો ખુદાનો અવતાર માને છે તે માન્યતા સખ્ત એતરાઝને પાત્ર છે. તો વકીલ પત્રના એડીટરની તેવી વાત માટે મી. વરતેજી લમણું ખંજવાળતાં કહે છે કે આગાખાન સાહેબને ખુદાનો અવતાર કહેવો તે કાંઇ ખોટું છે એમ તેણે કહ્યું નથી. વાહ મી. વર-તેજી ! વાહ ! !

વકીલ પત્રનો એડીટર તો નામદાર આગાખાન સાહેબને ખુદાનો અવતાર માનવાની માન્યતાને સખ્ત વાંધાભરી જણાવે ત્યારે મી. વરતેજી જણાવે છે કે તે સખ્ત વાંધા ભરી છે તો ખરી, પણ કાંઈ જુઠી નથી. તો હવે શું જુઠીને માથે શીંગડાં હોય ખરાં કે? મી. વરતેજી જ્યારે તમો નામદાર આગાખાન સાહેબને ખુદાનો અવતાર હોવાની માન્યતાને વકીલ પત્રના એતેરાઝ મુજબ વાંધાભરીજ કબુલ રાખશો ત્યારે તમારી અવતારને માનવાની માન્યતા ઇસલામ વિરૂદ્ધની હોતાં ખુદબખુદ તમો પણ જુઠીજ માનવાને લાગી જશો, પણ આમ વકીલ પત્રનું લખાણ ખુલ્લે ખુલ્લું તમારી અજ્ઞાનતા તથા બેદીનીથી મીંચાઇ ગએલી આંખોપર પાણીના છાંટા નાંખે છે છતાં પણ તમો ઉંહ ! ઉંહ ! ! વધુને વધુ ઉંઘાઇ જાઓ એ કાંઇ ઠીક કહેવાય નહિ જ્યારે વકીલ પત્રના સુન્ની એડીટરના તમો શાગીર્દ થયા ત્યારે તો તમારે તમારા તે ઉસતાદની વાતને દીલ દઇને સાંભળવી જોઇએ અને ખુદાના અવતાર બાબ છે તેવી વાતને કુરાને શરીફના આધારથી તજી ખરા મુસલમાન બનવું જોઇએ.

હવે તમારા તે સુન્ની ઉસ્તાદની એ વાતને માટે પણ જરા તમો તમારા ગીરેબાનમાં મુખ નાંખીને વિચાર કરી જુઓ, કે તે નામદાર આગાખાન સાહેબ બાહાદુરને એવી સૂચના કરે છે કે, તેમણે પોતાના આચાર્યપણાનો પાયો કુરાને મજીદ ઉપર રાખવો. હવે જ્યારે વકીલ પત્રના એડીટરને નામદાર આગાખાનને તેમના મુરીદો ખુદાનો અવતાર માને છે તે માન્યતા કુરાને શરીફના શિક્ષણથી ઉલટી લાગી ત્યારેજ તેણે તેને સખ્ત એતરાઝવાળી જણાવી તે નામદારને કુરાને કરીમના શિક્ષણથી નહિ ખસી જવા સૂચના કીધી છે તો હવે જો તેમની આ બે સૂચનાઓ માન્ય રાખવામાં આવે, અને તમો તો તેને જરૂર માનશો, કેમકે તે ખેરખાહ તથા હોશમંદ છે તો તમારા ઉપર જે બેદીનીના કાળાં કાળાં ઘનઘોર વાદળો આવી ઘેરાયાં છે તે જલદીથી છીન્ન ભિન્ન થઇ જાય.

માટે અમો પણ તમારા તે ખેરખાહ તથા હોશમંદ એડીટરના સાથે સંમત થઇ જણાવીએ છીએ કે નામદાર આગાખાનને ખુદાના અવતાર માનવા તે, સખ્ત એતેરાઝ વાળી માન્યતા છે. અને સાથે તેમના એ મત સાથે પણ મળતા છીએ કે, તમારે તમારા આચાર વિચારને કુરાને કરીમની તાલીમથી વિરૂદ્ધના નહિ રાખવા અને કુરાને કરીમની તાલીમ પ્રમાણેનાજ રાખવા. હવે જે સૂચના તમોએ એડીટર વકીલની કબુલ રાખી છે તેજ સૂચના અમારી પણ છે અને તેથી અમોને ખાત્રી છે કે અમારી તે વાતને જરૂર તમારે

સ્વીકારવીજ પડશે અને જો નહિ સ્વીકારો તો તમારા હોશમંદ તથા ખેરખાહ ઉસ્તાદની વાત પણ તમોએ માન્ય નથી રાખી એમ સિદ્ધ થશે.

નસીહત અગર તુમ સુનોગે હમારી
તો હો જાઇગી મુશકીલેં હલ તુમ્હારી

વકીલ પત્રના એડીટરનો અમો તથા તમો જેટલો ઉપકાર માનીએ તેટલો થોડો છે, કારણ કે તેણે આપણી વચ્ચેના શાસ્ત્રાર્થનો છેવટનો ફડચો લાવનારો માર્ગ સૂચવ્યો છે. એટલે કે તમો જો કુરાને શરીફ પ્રમાણેના આચાર વિચાર કબુલ રાખો તો, અમારે તમોને કશી પણ સૂચના કરવી બાકી રહે નહિ, તમો પણ પાકા મુસલમાન થઇ જાઓ અને તમારા ઢુલમુલ યકીનપણાથી અથવા તો હાથીના દાંત જેવી પોલિસિથી કોમને જે હાની પહોંચવાની વકી રહે છે ત દુર થઇ જાય.

તમો ન તો ચુસ્ત ઇસમાઇલી પ્રથમ હતા, નતો હમણા છો. પણ ઇસમાઇલીનો ડોળ ઘાલવા જતાં, ઇસિમાઇલી પણું તમારા દીલમાં નહિં હોતાં, કાંઇને કાંઇ તમારાથી એવું બોલાઇ તથા લખાઇ જાયછે તમારી અંદરખાંનેની હકીકત જાહેર થઇ જાયછે. તમારૂં લખાણ પુરવાર કરે છે કે તમો ખરી રીતે ઇસમાઇલી તો નથી. પણ કેટલાકોના દીલમાં તમો પોતાનું ચુસ્ત ઇસમાઇલીપણું દાખલ કરવા માગો છે. અને જેમના દીલમાં તમો તેવું તેવું કરવા માગો છો તે

ખરા કે ખોટા ઇસમાઇલી પણાને પરખી શકતાં નથી તેથી તમારા ભાવિક ફરકાઓ ઉપર દોરાઇ જાય છે માટે તેવાઓના જીગરમાં ઘર કરવાથી અલબત્તા તમારો ભૌતિક હેતુ પાર પડશે અને જરૂર તેઓ તમોને ઘડીઆળ, ઘડીઆળના છેડા, લૉકેટ, સોટી, ચાકુ, ફાઉન્ટેન પેન, આદિ વસ્તુઓ ભેટ આપતા હશે કે આપશે, પરંતુ જે ખરા ઇસમાઇલી છે તેઓના ઉપર તમારૂં ઉપરના ધોરણે જાદુ ચાલી શકશે નહિ. ત્યાંતો તમારે વકીલ પત્રના એડીટરની સૂચના પ્રમાણેજ અમલ કરવો પડશે; એટલે કે પોતાના આચાર વિચાર ખરા ઇસમાઇલી તરીકેના કુરાને મજીદની તાલીમ પ્રમાણેના ગ્રાહ્ય કરી બતાવવા જોઇશે. કેમકે હમણાં સુધીમાં તમોએ જે જે છાપી છપાવી માર્યું છે તેથી તમારા ખરા ઇસમાઇલી તરીકેના આચાર વિચાર માટે ખરા ઇસમાઇલીઓ શકાશીળ થઇ ગયા છે તો તેમની શંકા દુર કરવા તમારે કુરાને શરીફ પ્રમાણેના ખરા ઇસમાઇલી તરીકેના આચાર વિચાર માન્ય રાખ્યા છે એમ ફોડવાર સાબીત કરી બતાવવું પડશે.

કારણ કે ખરા ઇસમાઇલીઓને એ બાબતની શંકા છે કે તમો કુરાને કરીમની તાલીમ પ્રમાણેની ખુદાતાલાની મા યના માનતા નથી, પણ હીન્દુઓની જેમ અવતારી માન્યતાને માનો છો. વળી તેમને એ પણ શંકા છે કે, તમો પૈગંબરોને પણ ખરા સ્વરૂપમાં માનતા નથી, પણ હીન્દુઓના દેવ દેવતાનેજ પેગંબરો જણાવો છો. વળી તેઓને એમ પણ શંકા છે કે તમો કુરાને શરીફ માનતા છો. વળી તેમને

એવી પણ શંકા છે કે, તમો નીમાજ એક પણ વખતની પડતા નથી તેમ તે પડવાને સ્વીકારતા નથી; પણ હીન્દુ મિશ્ર ઇસલામી અકાયદો વાળી દુઆને પડો તથા તેને નમાજ તરીકે કબુલ રાખો છો. વળી તેઓને એ પણ શંકા છે કે તમો રમઝાન માસના રોજા રાખતા નથી કે રાખવાનું કબુલ રાખતા નથી. વળી તેમને તમારા તેવાજ બીજા અકાયદો વિષે પણ શંકાઓ છે. માટે જો તમો વકીલ પત્રના દોશમંદ તથા હમદર્દ એડીટરની સૂચનાને માન આપવા માગતા હોતો, પ્રથમ ખંડમાં કરવામાં આવેલી સૂચના પ્રમાણે તમારે તમારા આચાર વિચારના પોઝીશનને સાફ કરી નાંખવું જોઇએ અને જે ખરા ઇસમાઇલીઓ તમારા ધારમિક આચાર વિચાર પ્રત્યે શંકાઓ લઇ બેઠા છે તેને પોતાના ખરા ઇસમાઇલી તરીકેના અકાયદો જાહેર કરી દેવા કે જેથી તેમની શંકાઓ દુર થઇ જાય અને અમોને પણ ખબર તો પડે કે, તમો કેવા ઇસિમાઇલી થયા છો ? ખરા કે ખોટા ?

# હકીકતી બંદગીનો આઇનો

## ( ખંડ ચોથો )

### ખોજાનો અસલ ધર્મ

મી૦ વરતેજી લખે છે કેઃ—

" ઇસ્નાઅશરી મઝહબ ધારણ કરનારાઓ ખોટી યુક્તિ તરીકે
" બાપદાદાના પાળતા આવેલા ધર્મ તરીકે પ્રગટ કરવાની પદ્ધતિ
" ધારણ કરે છે તે તવારીખોને અને જાહેર રેકર્ડને ખોટા ઠરા-
" વવાની વૃથા કોશીશ કરવા જેવું છે. આવી ખોટી પદ્ધતિથા
" ઘણા કોરટે ચડેલા કેસમાં ઇનસાફ આપનારાઓને ગુંચવણમાં
" નાખવાનું પાપ તેઓ કરે છે; એટલુંજ નહિ પરંતુ પોતે
" જે મઝહબ અખત્યાર કરે છે તેના એતેકાદનાં પાયામાં અણ-
" ધારે ખોટારૂં નાખી દેવાય છે; એ સમજતા નથી અને તે
" જે મઝહબ પોતે સાચો માને છે, તેનો પાયો ખોદાઈ ઉપર
" માંડવાની શરૂઆત કરે છે તે સમજતા નથી."

મી૦ વરતેજી ઉપરના લખાણથી એમ સમજાવવા માગે છે કે ઇસ્ના અશરીઓએ પોતાના બાપદાદાનો ધર્મ એવા અકાયદવાળો માનવો કે તેઓ હસન બિન સબ્બાહના ધર્મને માનતા હતા. ઇસમાઇલી હોતા ખુદાતાલાના સાકાર દશ અવતારને જેમાં નવ હીન્દુઓના અને

દશમો મુસલમાની હતો. તેઓ સઘળી મખલુકાતના ખુદાને તજી નુસેરીઓના અહલ્યદોને ચોંટી પડયા હતા. ખુદાતાલાને વાહદહુ લાશરીક નહિ માનતાં તેને વારંવાર જન્મ મરણના ફેરામાં આવ્યાનું સમજતા હતા. તેઓ મહાન પ્રતાપી પેગંબર હજરત મોહંમદ મુસ્તફા સ૦ ને બ્રહ્માજીનો અવતાર, હઝરત મૌલા મુશકીલ કુશા વિષ્ણુનો અવતાર, મૌલા મુસ્કીલ કુશાની ઓલાદને પણ વિષ્ણુના અવતારો અને મીશનરી પીરો જેવાકે પીર સદરૂદ્દીન, પીર હસન કબીરૂદ્દીન વીગેરેને હઝરત પેગંબર મોહંમદ મુસ્તફા સ૦ ના અવતારોમાનતા હતા. તેઓ કુરાને મજીદને માનતા નહિ અને તેની આજ્ઞાથી ઉલટી રીતે ચાલી નમાજ પડવાનું માનતા નહિ અને પડતા નહિ અને જેઓ માનતા કે પડતા તે ધર્મ વિરૂધ્ધ વર્તતા હતા. તેઓ કુરાનને માનતા નહિ અને તેની આજ્ઞાને સ્વીકારતા નહિ જેઓ તેને માનતા તથા તેની આજ્ઞાને સ્વીકારતા તેઓ ધર્મ વિરૂધ્ધ ચાલતા હતા. તેઓ કીયામતને માનતા પણ સાથે સાથે પુનર્જન્મને પણ માનતા અને લક્ષ ચોર્યાશી યોનીઓમાં આવા ગમણના ફેરા ફરતા. રોઝાને તેઓ ફરજ માનતા નહિ અથવા તો માત્ર એકજ રોઝુ ફરજ માનતા હતા. હજ ભણવાનો તેમને હુકમજ નહિ હતો અને જે હજ પડવાને જતો તે ધર્મ વિરૂધ્ધ વર્તન ચલાવનાર હતો. તેઓમાંનો કોઈ પણ જકાત આપતો કે મુસ્તહકોને પહોંચાડતો નહિ, પણ પોતાની કમાણીમાંથી દશમો હીસ્સો દસોંદ આપતો હતો અને તે દસમો ભાગ દસોંદનો આગા સાહેબના વડવાઓને આપતો હતો.

તેઓ ધુવા ( ખોજાપંથ દર્પણ ભા, ૭-૮ માં આપેલી છે તેવી ) પડતા, અને તે ખાનામાં પડતા અને મસજીદ તો ચણાવતા નહિ અને મસજીદમાં જઇ નીમાજ પડતા નહિ અને અઝાન પોકારતા નહિ: અહે ખાનામાં નગારા વગાડતા અને ડાંડીયારસ લેતા હતા. ખાનામાં ગ્નાન બોલતા અને ક્વાતીઆના ખાણાની નાંદીઓ કરતા અને ઇસલામના કાયદા પ્રમાણે નહિ, પણ પોતાના રીતરીવાજો પ્રમાણે લગ્ન તથા છુટા છેડાઓ કરતા વીગેરે વીગેરે.

મી. વરતેજી ઉપર પ્રમાણેની માન્યતા ધરાવનારા તથા તે પ્રમાણે અમલ કરનારા ઇસનાઅશરીઓના બાપદાદાઓને માનતા હોવાનું ઢોંગ મારે છે, પરંતુ તેઓને ઇસિનાઅશરીઓના બાપદાદાઓ ઉપર આવાં કપોળ કલ્પિત કલંકો અને આક્ષેપ મુકવાનો શું હક છે અને તે કયા હકની રૂએ તેમ કરે છે તેની જો તેઓએ સમજુતી આપી હતે તો ઠીક થતે અને આવા આરોપો તથા કલંકો ઇશનાઅશરી બાપદાદાઓ ઉપર મુકવા માટે તેમની પાસે કોઈ જાત માહિતીના આધારો છે કે શું ? તેમના પીતા, માતા, બેહનો તથા ભાઇઓ આજે પણ તેમની સાથે ઇસિનાઅશરી છે, અને પોતે પણ તેમની સાથે ઇશનાઅશરી તરીકે ચાલીસેક વર્ષનો ભોગવટો કરી ચુક્યા છે તો શું તેઓ પોતાના તેવા કુટુંબીઓમાં તેવી રીતની માન્યતા હતી તથા ક્રીયાઓ થતી હતી એવું દર્શનિય પુરાવાથી કહી શકે તેમ છે ? અથવા તો પોતે જો એમ માનતા હોય કે, હું કોઈ પણ વખતે ઇસમાઇલી

હતો તો તે ઇસમાઇલી હોવાના વખતે શું તેઓ તેવી માન્યતા ધરાવતા તથા તે પ્રમાણે અમલ કરતા હતા એમ કહેવાની હિંમત કરી શકે છે?

મી૦ વરતેજી હવે ધડ પુછડાં વિનાની વાતો લખી લખી લોકોને ફાંસલામાં લેવાનો સમય વિતાઇ ગયો છે બ્રીટીશ સરકારના પ્રતાપી રાજ્ય અમલથી લોકોની ચક્ષુઓ વધુને વધુ ખુલતી ચાલી છે વહેમ ભરી વાતો દેશનીકાલ થવા માંડી છે. સ્વાર્થીઓની કપટજાળથી લોકો જાણીતા થતા ચાલ્યા છે ઇતિહાસ તથા મઝહબી શાસ્ત્રના કીર્ણો લોકોના અંતરમાં પહોંચતા જાય છે અને તમારા જેવા જે જે લોકોએ લોકોને ઉંધે માર્ગે ચડાવ્યા હતા તેઓ હવે પોતાની ભુલથી ખબરદાર થઇ ખરા હક માર્ગપર આવવા લાગ્યા છે. વળી તમો જે પ્રકારનો પોતાનો સતપંથ સમજાવવા બહાર નીકળ્યા છો તે હવે કોઇને ગળે ઉતરે તેવો નથી માટે પોતાના આત્માપર રહેમ ખાઇ હવે ઢીંગ મારવાનું તજી આપો તો તમારા વડીલોના આત્માઓપર આશીર્વાદ મોકલ્યાનું પુણ્ય હાંસલ કરી શકો તેમ છો.

તમો જે પ્રકારની માન્યતા " માન ન માન મેં તેરા મેહમાન " ની જેમ ઠસાવવા નીકળ્યા છો, તે પ્રકારની માન્યતાનો સદંતર નાશ કરવાને તમારા દાદા માહમદ મુખીએ પ્રયાશ કરેલો છે તે બાબતની તમોને સ્વાર્થની અંગાલમાં તરફડીઆ મારતા હોવાથી શાયદ કે ખબર નહિ હોય પણ જો તમે થોડાવર્ષ પહેલાં એટલે કે મરહુમ પ્રતાપી

આગા હસન અલીશાહ દાતારના સમયમાં ધોધા (તમારા વતનની પાસેજ)માં જે ખોજાઓમાં પીરના જોમાં આવ્યા હતા અને રાસલીલાની મંડળી જામી હતી તે હકીકતનો ભાવનગરની ખોજા જમાત રૂબરૂમાં ચાલેલો કેસ વાંચી જુઓ તો તમારી વધુ ખાંત્રી થાય અને શાયદ કે તમો ઇબરત હાસલ કરો.

તમો જે પ્રકારની માન્યતાની દીવી હાથમાં લઈ નીકળ્યા છો. અને ઇસનાઅશરીઓ પર મોટી યુક્તિ તરીકે બાપદાદાનો ધર્મ ઇસનાઅશરી જણાવવા માટે જે આક્ષેપ મુકો છો, તે આક્ષેપની કલાઇતો સમગ્ર ઇસનાઅશરીઓએ ક્યારની ખોલી આપી છે અને જ્યારે તમો પણ ઇસનાઅશરી હતા ત્યારે પણ, ભલે તમે તમારા અધુરાપણાથી કબુલ રાખો ! પણ તે તમારે સ્વીકાર કરવી પડી છે અને તમારો એ એકરાર કે “ હું પણ અધુરાપણાથી ઇસમાઇલી ધર્મ વિરૂદ્ધ વિચાર ધરાવતો હતો ” તેનો તોક તમારી ગરદનમાં લટકાઇ હૈયાનો હાર બની રહ્યો છે. જ્યારે તમો અધુરાપણાથી ઇસમાઇલી ધર્મ વિરૂદ્ધ વિચાર ધરાવતા હતા ત્યારે શા માટે કઇકઇ બાબતમાં અધુરાપણું હતું અને કઇકઇ બાબતમાં પુરાપણું હતું તેનો ખુલાસો નહિ કીધો ? અમો તો હજુ પણ તમોને કહીએ છીએ કે, તમારૂં અધુરાપણું કે જેનો સ્વીકાર તમો જાહેર રીતે કરો છો, તેને વિગતવાર રીતે બહાર પાડવું કે, જેથી સઘળા લોકો તમારા અધુરાપણા વખતના અકાયદો તથા વિચારો જાણી શકે. અને તમોને કેવી

સ્થિતિ અને કેવા હેતુ વચ્ચે નવો અવતાર ધારણ કરવો પડયો છે તે વાતની ચોખવટ થાય.

ઈસલામના ઇતિહાસને ખોટો પાડવાનો જે આરોપ તમો ઈસના-અશરીઓપર જોકર બની ઢોળવા નીકળ્યા છો, તે આક્ષેપની પોલ તો તમારા લખવા પહેલાંજ ઇસનાઅશરીઓએ ખોલી આપી છે. ઈસલામનો કોઇપણ ઇતિહાસ એવો નજરે પડતો નથી કે, જે ઇતિહાસમાં તમોએ પોતાના જે અકાયદો ધારણ કીધેલા છે તે કોઇ વખતે ખોજાઓના વડીલોના હતા એમ નીકળતું હોય; બલ્કે ઇસનાઅશરીઓનાજ અકાયદો તેઓ ધરાવતા હતા એવું એકેએક ઇતિહાસ પોકારી પોકારીને કહે છે પરંતુ જેઓ કાને બહેરા થઈ જાય અને જેમના જીગરોપર મહોર છાપ થઇ ગઇ હોય અને ધર્માન્ધતાના નીશામાં સઘળી ભાન ભુલી ગયા હોય તેને માટે તો કોઇથી શું કહી શકાય! બસ એજ કે ખુદા તેમની બીમારીને દુર કરે અને તેઓ ખરી આંખે ખરૂં જોઇ શકે.

કોર્ટના રેકર્ડ વિશે પુછતા હો તો, તેમાં પણ તમારી રામઝુક ચાલી શકે તેવી નથી બારભાયા કેસમાં કરોડો રૂપીઆ કોમના નીચો-વાઇ લેવાયા અને લઇ શકાય તેટલા વ્યાજબી તથા ગેરવાજબી ઉપાયો લેવાયા પરંતુ તેમાં પણ તમો જે પ્રકારના અકાયદો પોતાના પંથના જણાવો છો તે સાબેત શકયા નહિ અને તે વખતના વિદ્વાન જડજ સર જોસફ આર્નોલ્ડને ઇમામતની સાબેતી નહિ કરાઈ શકાયાનું

ખુલ્લે ખુલ્લું લખવું પડયું. જો તમોએ આ ફેંસલો બરાબર વાંચ્યો હતે તો કદી પણ ઇસનાઅશરીઓને જાહેર રેકાર્ડને ખોટું પાડવાની વેતરણ કરનાર જણાવતે નહિ.

હાજી બીબીવાળા કેસમાં કોમના કરોડો રૂપીઆ ચૂસાઈ ગયા તેમાં પણ તમો તમારા જે વિચારો ધારણ કરી બેઠા છો તે સિધ્ધ ન થઇ શકયા અને જડજ રસલે તે ફેંસલો કેવા સંજોગો વચ્ચે રજુ કર્યો છે તે કોની અજાણમાં છે! છતાં પણ હકતો જાહેર થયા વિના રહ્યું નથી.

મહુવા કમીશન કેસ, જુનાગઢ નુરબાઇ કેસ, ભુજનો બાવા કેસ વીગેરે વીગેરે કેસોમાં જે પ્રકાશો તમારા અકાયદો વિરૂદ્ધના પડયા છે તેની તમોને પુરી ખબર લાગતી નથી માટે જો તમો તમારા ઇમાનની સલામતી ચાહતા હો, પોતાના વિચારોને સત્યના થાંભલાપર જડવા માંગતા હો, અને " મનુષ્યમાત્ર ભુલને પાત્ર છે " એ સુત્રનો સ્વીકાર કરતા હો તો પ્રથમ દરેક વિચાર તથા અકાયદાના ગુણદોષો સત્યશોધક બની તપાસો તો, હક તમારાથી કાંઇ દુર નથી.

ઇસનાઅશરીઓ પર તેમના બાપદાદાઓના જે વિચારો તથા અકાયદો હતા તેનું જે ચિત્ર તમો દોરો છો તેવા અકાયદો તથા વિચારો ઇસનાઅશરીઓના બાપદાદાઓના હતાજ નહિ તેઓ

મુસલમાન હતા અને મુસલમાની વિચારો તથા અકાયદો ધરાવતા તથા તે પ્રમાણે અમલ કરતા હતા અને તેથી તેમના વંશજોને પણ તેવોજ વારસો આપી ગયા છે અને તેથી હાલના ઇસનાઅશરીઓએ ઇસલામને મજબુત રીતે વળગવાને જોરશોરથી પ્રયાસ કીધો છે અને ઇતિહાસો તથા રેકોર્ડોને ખરી હકીકતથી શણગારવા પ્રયત્ન કીધો છે જો કે તેમાં રોડાં નાંખનારાઓએ કેટલીક ઇસલામ વિરૂદ્ધની વાતો ઘુસેડી આપી છે અને કોર્ટને જુઠા સાક્ષીઓ તથાં જુઠી હકીકતો ગેર વ્યાજબી રીતે રજુ કરી ભુલથાપમાં નાખી છે તે હવે દુર કરાવવાનો સમય આવી લાગ્યો છે.

અલબત્તા તમારી એક વાત તો અમારે સત્ય હોવાથી કબુલ રાખવીજ જોઇએ અને તે એકે ઇસનાઅશરીઓ પોતાનો જે મઝહબ ધરાવે છે તેમાં તમો જે પોતાના પંથના અકાયદો તથા વિચારો જાહેર કરો છો તે વિચારો તથા અકાયદો પોતાના મઝહબમાં ઘુસેડવા માંગતા નથી. કેમકે જો તેમ કરે તો " એતેકાદના પાયામાં અણધારે ખોટાઈ નાંખી દેવાય છે " તેના આક્ષેપથી તેઓ બચી શકે નહિ, અને તેઓ જે ઇસલામને અખ્તેયાર કરે છે " તેનાજ વિરૂદ્ધ સાબીત કરે છે " એમ પુરવાર થાય.

રીશે દરાઝ શેખમેં હે ઝુલ્મતે કુફ્રેમ
ઇસમક ચાંદની પે ન કરના ગુમાને સુબ્હ.

# શું વરતેજી બગ ભગત ?

" દરોગ ગોરા હાફિઝા ન બાશદ " એટલે કે જુઠાને યાદ રહેતું નથી. જુઠો માણસ પોતાનું જુઠાણું છુપાવવા જુઠ ઉપર જુઠ બોલેજ જાય છે અને તે બહુજ જલદીથી સપડાઈ જાય છે જુઠા સાક્ષીઓ કોર્ટમાં વકીલોના ક્રોસ એકઝામીનેશનમાં ટકી શકતા નથી તેનું કારણ એજ છે કે, જે વાત ખરી નથી તેને તેઓ ખરી ઠરાવવા પ્રયત્ન કરે છે, જે વાત તેના દીલમાં નથી તેને દીલમાં હોવા જણાવે છે. અમારા મિત્ર મી૦ વરતેજી આવી સ્થિતિમાં સપડાયા હોવાનું તેમના લખાણથી સ્પષ્ટ જણાઇ આવે છે. તેઓ પ્રસ્તાવનામાં લખે છેકે " પોતાની નબળાઇથી જેઓ મારા વિશે પણ ઇસમાઇલી થવા માટે વિશ્વાસ ન લાવતા હોય " બીજી જગાએ લખે છે કે " મારા પ્રત્યે સારી ભાવનાથી જોનારા-ઓની નજરમાં મારૂં ઇસમાઇલી થવું ગેર ઇનસાફ કરનારૂં અથવા મારા અંગત વિચારો માટે પોતાની ભાવના કામે લગાડતા હશે " મતલબ કે મી૦ વરતેજી પોતાની આસપાસ એવા વર્ગને ઉભેલો જુએ છે કે જે તેમના ઇસિમાઇલી થવા માટે શક ધરાવે છે અને તેઓ ઇસ-માઇલી થયા છે એવો વિશ્વાસ લઇ જતાં નથી તેમના પ્રત્યે આવો શક શા માટે લઇ જવામાં આવે છે અને તેમના ઇસમાઇલી થઇ જવા માટે કેમ વિશ્વાસ લઇ જવામાં નથી આવતો અને તેમના પ્રત્યે સારી ભાવનાથી જોનારાની નજરમાં તેમનું ઇસિમાઇલી થવું કેમ ગેર

ઇનસાફ કરનારૂં નીવડતું હશે તે માટે તેવા વર્ગો પાસેથી અભિપ્રાયો મેળવી રજુ કર્યા હતે અને પછી પોતાનો બચાવ રજુ કર્યો હતે તો તેમના પ્રત્યેની શંકા તથા અવિશ્વાસ દુર થતે.

તેઓ ઇસમાઇલી જમાતમાં જોડાયા છતાં તેમના પ્રત્યે અવિશ્વાસ તથા શંકા લઇ જનારાની સારી જેવી સંખ્યા તેઓ જુએ છે અને તે સંખ્યા શા માટે તેમના ઇસમાઇલી થવા માટે શંકા લઈ જાય છે તે એક ભેદ યુકત વાત છે, અને તેવી શંકા તથા અવિશ્વવાસ લઇ જનારાઓ તે માટેના કાંઇપણ કારણો જરૂર ધરાવતા હોવા જોઇએ; કેમકે વગર કારણે શંકા તથા અવિશ્વાસ લઈ જવાનું બની શકે તેમ નથી.

લોકોનું અવિશ્વાસ લઈ જવું અને શંકા કરવું જો એ માટે હોય કે મી૦ વરતેજી ધર્મ બદલનારા વિચારો ઉત્પન્ન થયા તેથીજ ઇસમાઇલીમાં જોડાયા; પણ તેમ નથી તેઓ કોઇ બીજાજ કારણને દ્રષ્ટિ મર્યાદામાં રાખી, તે કારણનો હેતુ સાધવા માટેજ તેમાં જોડાયા હોવા જોઇએ. તેઓ કયા હેતુ માટે ઇસિમાઇલી જમાતમાં જોડાયા છે તેના જે કારણો તેમના પીતા, ભાઇઓ, તથા સંબંધીઓ અને વતનીઓ તરફથી અમોને તથા બીજાઓને મળવા પામ્યા છે તે તેમના પ્રત્યે જે વર્ગ શંકાશીલ તથા અવિશ્વાસુ છે તેમને ઘણીજ પુષ્ટિ આપે છે. આ તેમના પ્રત્યે શંકા તથા અવિશ્વાસ લઇ જનારાઓ તરફનું વિગ-તવાર વર્ણન તથા તેનો બચાવ મી૦ વરતેજી ન કરે ત્યાં સુધી લોકોમાં

વધુને વધુ શંકા ઉત્પન્ન થતી જશે અને તેમના પીતા, ભાઇઓ સબંધીઓ મિત્રો તથા વતનીઓ, તે માટેના જે વિચારો ધરાવે છે તેમના વિચારોને કાંઇપણ અલવલ પહોંચી મનાશે નહિ.

ઉપરની ડામાડોળ સ્થિતિમાં મુકાવા માટે અમારા મીત્ર મી૦ વરતેજી પ્રત્યે અમોને દીલસોજી છે અને અમારા તે હિતેચ્છુ મિત્ર આવી શંકાશીળ તથા અવિશ્વાસુપણાના સાગરમાંથી ઢબઢબી કીનારાપર બહાર નીકળી જાય, તે જોવાને અમો ઘણાજ ઉત્સુક છીએ. તેમને આવી કફોડી સ્થિતિમાંથી બચાવી લેવા એ એક મિત્રની ફરજ છે અને તે ફરજથી વિમુખ રહી મિત્રાચારીનો હક ગુમાવી શકતા નથી અને તે માટે અમો ફરીથી તેમને સૂચવીએ છીએ કે, તેઓએ પોતાના અકાયદો તથા વિચારો જાહેર પ્રગટ કરવા અને તેમાં પોતે જ્યારે અધુરાપણાથી ઇસમાઇલી ધર્મ વિરૂદ્ધના વિચારો ધરાવતા હતા તથા જ્યારે તમો ઇસનાઅશરી હતા ત્યારે તે મઝહબ પ્રત્યે કેવા વિચારો ધરાવતા હતા અને હાલમાં ઇસમાઇલીમાં જોડાયા પછી, તમારા કેવા વિચારો તથા અકાયદો થવા પામ્યા છે. તે જણાવવું. આ હકીકત ગોળમોળ જો તેઓ પ્રગટ કરશે તો રોગ ઘટવાને બદલે વધશે, અને શંકા તથા અવિશ્વાસપણું વધુ વજન પકડી જશે. માટે દરેક અકાયદ તથા વિચારને લંબાણથી સ્પષ્ટ રીતે પ્રગટ કરવા અને જો તેમ કરી શંકાશીલ તથા અવિશ્વાસુ વર્ગની શંકા દુર કરી પોતાને નિર્દોષ બનાવવા અને જો તેઓ તેમ કરે તો તેમણે માત્ર પોતા ઉપરજ ઉપકાર કરેલો નહિ; બલ્કે તેમના પ્રત્યે શંકા તથા અ-

વિશ્વાસ લઇ જનાર ઉપર પણ કરેલો ગણાશે. આ સૂચના ઉપર તેઓ બહુજ જલદીથી અમલ કરશે, એમ ધારી તે શંકાશીલ તથા અવિશ્વાસ લઇ જનારાઓ તરફના વિચારોનું દીગદર્શન કરવાનું અમો હાલ તુરત તો મુલતવી રાખીએ છીએ.

ઉલટી સમઝ કીસીકો ભી ઐસી ખુદા ન દે.
દે આદમીકો મૌત, મગર, બદ અદા ન દે.

## નિમાઝ તથા ધુવા એક નથી.

મી. વરતેજી લખે છે કેઃ—

" તમારી દુઆને નિમાઝ તરીકે નહિ સ્વીકારવાની લાહેરીને જુઓ
" તો ખરા ! વકીલ પત્રના એડીટર સાહેબ ખુદ વગર પક્ષપાતે
" ઇસિમાઇલી દુઆને નિમાઝ તરીકે સ્વીકારે છે. "

હાય ! અફસોસ કે ખુદાતાલાનો કેવો ગઝબ અમારી કોમ ઉપર નાઝીલ થયો છે કે, તેને જુઠું બોલવા તથા લખવામાં જરાપણ આંચકો આવતો નથી. મી. વરતેજી વકીલ પત્રનો પુરેપુરો ઉતારો અમોએ આપ્યો છે તેમાં તો કોઇ પણ જગોએ વકીલ પત્રના એડીટરે ધુવાને નિમાઝ તરીકે સ્વીકાર્યાનું લખેલું નથી તો પછી તમો તેણે તે વાત સ્વીકારી છે તે વાત લાવ્યા કયાંથી ? અરે ભાઇ ! જરા ખુદાનો ખોફ ખાઇને તો લખતા જાઓ !

શું વકીલ પત્રના એડીટરે નિમાઝ ને બદલે ધુવા પડવાનું

વ્યાજબી જણાવ્યું છે? શું તેઓ નિમાઝ કરતાં દુઆ ને શ્રેષ્ટ સમજે છે? તેઓએ સીતોતેર પાત્ર, દસ અવતાર, વિશનાપુરીને માનવાનું જણાવ્યું છે? શું તેઓએ સઘળી મખલુકાતના ખુદાને નહિ માનતાં હઝરત અલી અ૦ ને ખરા ખુદા હોવાનું કમુલ્યું છે? શું તેઓએ આગા સાહેબને સીજદો કરવાને ઉચ્ચાર્યું છે? જયારે એમાં નું કશુંએ નથી અરે નામો નિશાન નથી તો પછી બાપડા વકીલ પત્રના એડીટર પર કુફ્રનો ફતવો લાગુ થાય તેવું લખાણ શામાટે ભુસી મારો છો?

અમો ઇસલામના અકાયદોને દ્રષ્ટિ મર્યાદામાં રાખતાં કહીએ છીએ કે વકીલ પત્ર કે ગમે તે પત્રનો એડીટર, હાકીમ, રાજા કે મહારાજા જે હોય તે, જો પોતાને મુસલમીન હોવાનો દાવો કરવા સાથે એમ કહેવાને નીકળતો હોય કે ખુદા સાકાર છે અને હઝરત અલી અ૦ ખુદા છે અને કુરાને મજીદથી ઉલટું ચાલવું જોઇએ તો તેને કુફરનો ચાર્જ લાગુ થાય. રાજા મહારાજા કે ગમે તે હોય પણ જો તે ઇસલામના દાવા સાથે કુફર બકે તો, તે પોતાનો મુસલમીન તરીકેનો દાવો બરકરાર રાખી શકે નહિ. ઇસલામ તેના અકાયદો તથા આમાલો પ્રમાણે ચાલનાર ને ઉત્તમ પદવીએ બેસાડે છે. તે કાંઇ રાજા મહારાજા કે હાકીમ ને ઇસલામનો દાવો કરી કુફર બકવાનો અધિકાર આપતો નથી. જો તેવાઓ કુફર બકે તો તેઓ ઇસલામના માંડલાથી તુરતજ બહાર થઇ જાય છે અને મુસલમીન તરીકેના પોતાના સઘળા અધિકારો ખુએ છે.

વકીલ પત્રના એડીટરે તો કાંઇપણ કુફર વદેલું નથી; બલ્કે તેણે તો એક સાચા ઇસલામી તરીકે કુફર ને નાબુદ કરવાનો નુસખો બતાવ્યો છે અને તમારા વર્ગના અકાયદાને કુરાને મજીદના વર્તુળમાં લાવવાને નામદાર આગા સાહેબ ચીફ ઓફ ધી બોમ્બે પ્રેસીડેન્સીને ભાર આપીને ભલામણ કીધી છે; છતાં તમો ઉલટી રીતે બાપડા વકીલ પત્રના એડીટરને કુફરમાં હોમવાને નીકળ્યા એ ખરેખર તમારી તથા વકીલ પત્રના એડીટરની કઠણાઇ છે. બાપડા વકીલ પત્રના એડીટરને તો સ્વપ્ને પણ ખબર નહિ હોય કે, મી૦ વરતેજી મારાપર ઇલ્ઝામે કુફર નાંખી બેઠા છે. અને અમોને ખાત્રી છે કે એડીટર સાહેબ જ્યારે પણ આવા અઘટિત, તથા ભયંકર આક્ષેપથી જાણીતા થશે ત્યારે મી૦ વરતેજીના લખાણની પોલ ખોલવાને જરા પણ વિલંબ કરશે નહિ,

ઉપરાંત મી૦ વરતેજી લખે છે કે:—

" ઉપરાંત તમો દુઆ ઇસમાઇલી મઝહબની નહિ હોવાની
" મહાન શોધ તરીકે જુદી જુદી ભાષાના સમાવેશ હોવાનું
" સ્પષ્ટ કરો છો; પરંતુ તમારે આ નીચેનું વાક્ય તમારી
" વાળ વગરની છાતીની ચામડીપર લખી રાખવું કે, અમો
" નામદાર આગાખાન સાહેબને ખુદાનું નુંર તરીકે હાજર
" ઇમામ માનીએ છીએ અને પીર સદરદીન જેઓ હ૦ નબી
" મહંમદ મુસ્તફાનું નુર છે તેથી તેની રચેલી દુઆને અમો
" સવારે અને સાંજે જમાત ખાનામાં ગુજારીએ છીએ તે

" અમારા મનથી નિમાઝ જેવા દરજ્જાની બંદગી ગણીએ
" છીએ. તેમાંથી અમો અમારા દ્રઢ યકીનના લીધે બાલભર
" પાછા હઠવાના નથી પછી તમારા જેવા ફેકટીઆ ભલે ગમે
" તેમ લખી મરે."

અમારી દુઆ સબંધની શોધને તમે મહાન શોધ જણાવો અને દુઆમાં જુદી જુદી ભાષાનો સમાવેશ કબુલ રાખો, એ પણ તમારા સત્ય શોધકપણાની સબળ દલીલ છે અને તે માટે અમો તમારો જેટલો ઉપકાર માનીએ તેટલો થોડો છે. પીર સદરદીને દુઆને રચી આપી એમ તમો સ્વીકારી, પીર સદરદીન પહેલાંના મુરીદો દુઆની હસ્તી નહિ હોવાને લીધે બંદગીથી બેનસીબ રહેતા હોવાનાં અમારા અભિપ્રાયને તમો પુષ્ટિ આપો એ કાંઈ ઓછી ખુશીની વાત નથી; કારણકે પીર સદરદીન પહેલાં પણ હીન્દમાં સતપંથીની સારી જેવી હસ્તી થવા પામી હતી. અને પીર નુરૂદ્દીન ( સત ગુરૂનુર ) પીર શમશુદીન ( પીર શમશ ) પીર નસીરદીન પીર સલાહદીન વીગેરે પીરોએ લોકોને સતપંથમાં દાખલ કીધા હતા. તમો જયારે દુઆ પીર સદરદીનની રચેલી વગર દલીલે કબુલ રાખો તો, તેનો એજ અર્થ થયો કે પીર સદરદીન પહેલાં જે પીરોએ સતપંથીઓ કીધા હતા તે સતપંથીઓને તે પીરોએ દુઆ નહિ બતાવી હતી અને દુઆ નહિ હોવાથી તે સતપંથીઓ તે નહિ પડતા એ નિર્વિવાદ છે. મતલબ કે તમારી ઇરાદા પુર્વકની અંધશ્રદ્ધા અને તેમ કરવાની પુરતી

કાળજી છતાં અમારાં સત્ય લખાણોને તાબે થયા વિના તમારાથી રહેવાયું નથી.

તમો દુઆની નિર્માલ્યતાનો સ્વીકાર કરો તેમાં કાંઈ નવાઇની વાત નથી; કેમકે કોઇપણ એવું સબળ કે નિર્બળ કારણ નથી કે તમો તેનો સ્વીકાર ન કરો. તમો નિમાઝ જુદી વસ્તુ અને દુઆ જુદી હોવાનો ઇકરાર કરી, દુઆ માત્ર પોતાના મનથી, નીમાઝ તો નહિ પણ "નિમાઝ જેવા દરેજાની બંદગી" ગણો છો અને એ રીતે તમારી પાસે માત્ર પોતાના મનથી માનવા સિવાય કાંઇ પણ દલીલ નથી એમ છડેચોક કબુલ કરો છો; પણ વ્હાલા બેરાદર ! નિમાઝ જેવી બંદગી માટે તમો તમારા મનથી બીજી વસ્તુને તેના જેવીજ માનો, એ તમારા હદ કુદાવનારા બેઇમાનપણાની દલીલ કરે છે ખુદા તથા તેનો રસુલ જે બંદગીને મુકરર કરે તે બંદગીની બરોબરીમાં તમો બીજાની રચેલી દુઆને પોતાના મનથીજ તેના દરજ્જાની માનો એ તમો મઝહબે ઇસલામના હુકમપર કેવો નિર્દય પ્રહાર કરો છે એ શું નથી સમજતાં ! તમો ઈસમાઇલી હો કે બાતીન્યા હો, સતપંથી હો કે જે હો, પણ તમોને નિમાઝની બરોબરીની બંદગી પોતાના મનથી બીજી માનવાનો શો અધિકાર છે તે સમજાવશો ખરા કે !

તમો તમારા દ્રઢ યકીનના લીધે બાલભર હડવાના નથી અને અમારી શીખાંમણુને કદી માનવાનાજ નથી એવું જે ભાર આપીને જણાવો

છે, તેમાં અમોને કાંઈ આશ્ચર્ય લાગતું નથી ભુલ ભરેલા વિચારોનેજ ખરા માની તેનાપર પોતાની ઈમારત ચણનારા જ્યાં સુધી ખરી હકીકતથી જાણીતા નહિ થયા, તે સઘળાઓ પ્રથમ તો તમારી જેમજ કહેતા આવ્યા છે. અરબસ્તાનના અજ્ઞાનતાના સમયનાં આરબો, અજમો વિગેરે વીગેરે તથા હીન્દના હીન્દુઓ પણ શરૂઆતમાં તમારી જેમજ કહેતા હતા અને કદી પણ પોતાના ભુલ ભરેલા વિચારથી એક બાલભર પણ નહિં ખસવા માગતા હતા; પરંતુ છેવટે જ્યારે સમજાવટથી તેમના ભુલ ભરેલા વિચારો તેમની જાણમાં આવ્યા ત્યારે તે બાલભર તો નહિં પણ માઈલોના માઈલો પાછા હટી ગયા. બાલભર પણ દ્રઢ યકીનને લીધે પાછા નહિ હટીશું એમ કહેનારા આરબો તથા અજમો પોતાના મનસ્વી રીતે માની લીધેલા દ્રઢ યકીનથી ખસી જઈ ઇસલામના દ્રઢ યકીનપર આવી ગયા અને પોતાના પ્રથમના કપોળ કલ્પિત દ્રઢ યકીન માટે બહુજ પસ્તાવો કરવા લાગ્યા. અને જે ખરેખર રીતે દ્રઢ યકીન નહિ હતું, તેને તેઓએ દ્રઢ યકીન માની લીધેલું, તે માટે તેમને ઘણુંએ લાગી આવ્યું.

જે સતપંથીઓ પ્રથમ હીન્દુ ધર્મ તજી સતપંથમાં દાખલ થયા, તેઓ પણ પ્રથમ હીન્દુ ધર્મપર દ્રઢ યકીન રાખી બાલભર પણ પાછા હઠે તેવા નહિ હતા; પરંતુ, જ્યારે તેમના દ્રઢ યકીનને કપોળ કલ્પિત સાબીત કરી આપનાર પીરોના ઉપદેશોના પડઘાઓ ઉપરા ચાપરી તેમના કાનમાં જઈ અથડાયા ત્યારે તેમના કપોલ કલ્પિત દ્રઢ યકીનના

ચુરેચુરા થઇ ગયા અને તે કપોળ કલ્પિત દ્રઢ યકીન અગલો ઝાંકતું ખુણે ખોચરે છુપાઈ ગયું અને આજે તો તે સતપંથીઓ પાસે દીવો લઇ શોધવા નીકળતાં પણ મળી શકતું નથી.

જેવી રીતે ઉપર જણાવેલા કપોળ કલ્પિત દ્રઢ યકીનથી બાલભર પાછા નહિ હઠનારાઓ ઉપદેશ તથા સમજાવટથી પોતાની ભુલ જોઇ શક્યા અને ભુલ તજીને ખરા દ્રઢ યકીનને પામ્યા, એજ બનાવ અમોને સબળ સધીયારો આપે છે કે, તમારૂં કપોળ કલ્પિત દ્રઢ યકીન, જે બાલભર પાછું હઠવાનું ગવાહી કરતું નથી, તે આજે તો કાલે, જરૂર પોતાની ભુલ જોઇ શકશે અને અમોને ખુદાતાલાથી સંપૂર્ણ ભરૂંસો છે કે, તમો જરૂર જરૂર પોતાની ભુલ જોઇ શકશો અને કપોળ કલ્પિત દ્રઢ યકીનને તજી ખરા દ્રઢ યકીનને ગ્રહણ કરશો.

આવો સધીયારો જગતના સઘળા ઇતિહાસોથી અમોને મળેલો છે અને મળતોજ રહે છે. દુરની વાત એક તરફ રહી, પણ ખુદ આપણી કોમના હજારો લોકો પોતાના કપોળ કલ્પિત દ્રઢ યકીનો માટે જે એક બાલભર પણ પાછે હઠવાને ઇનકાર કરતા હતા. તે અમારી નજર સામે તેથી માઇલો દુર ખસી ગયા! જ્યારે આવી સ્થિતિ છે, તો પછી તમો તમારૂં કપોળ કલ્પિત દ્રઢ યકીન નહિ તજો. એમ અમો કદી પણ માની શક્તા નથી. અમો આશાવાદી છીએ અને ખુદાતાલાની રહેમતથી નાઉમેદ થનાર નથી અને તેથી ખુદાતાલા અમોને બહુજ નજીકમાં મોટી ફતેહ એનાયત કરશે અને જરૂર કરશે.

તમે ગમે તે બાબતમાં દ્રઢ યકીન રાખી બાલબર પાછા નહિ હઠો; પરંતુ અમારે અમારા ખુદાના હુકમને તાબે થઈ તમોને જણાવવું જોઇએ કે, જેને તમો દ્રઢ યકીન કહો છો, તે ખરેખર દ્રઢ યકીન છે કે નહિ તેની પુરેપુરી તટસ્થ બની તપાસ કરજો. કેમકે આ જગતમાં વગર વિચારે જે વાત દ્રઢ યકીનની નથી તેને દ્રઢ યકીન માની લેનારા હજારો લાખો, બલ્કે કરોડો પસ્તાયા છે અને તમો પણ તેવાઓની સાથે ન શામેલ થઇ જાઓ એજ બાબતની તમારી ચીન્તા અમોને છે. તમો અમોને ભલે ફોગટીઆ સમજો કે ગમે તે સમજો પણ જે બાબત તમારા હિતની કહીએ તેને શા માટે ન સાંભળો તેની કાંઇ અમને સુઝ પડતી નથી. અત્રે મોલાના અલ્તાફ હુસેન હાલી કૃત " મુસદ્દસે હાલી "માંથી થોડાક બંદો તમોને તમારી હાલની સ્થિતિના ગુણદોષ તપાસવાની સૂચના કરતાં સંભળાવીએ છીએ અને તમોથી ઘણી સારી આશા રાખીએ છીએ.

મિસાલ ઉન્કી કોશીશકી હે સાફ ઐસી.
કે ખાઈ કહીં બંદરને જો સરદી.
ઇધર ઓર ઉધર દેરતક આગ ઢુંડી,
નઝર રોશની ઉન્કો આઇ ન ઉસ્કી.
મગર એક જુગ્નું ચમકતા જો દેખા,
પતંગા ઉસે નુરકા સબને સમઝા.' પ૨૬

સાર—તેમની કોશીશનું દ્રષ્ટાન્ત એવું છે કે, જંગલમાં એક

વખત વાંદરાંઓને ઘણી સરદી લાગી. તેઓએ સરદી દુર કરવા આસપાસ અગ્નિની ઘણી તપાસ કરી જોઇ, પણ તે મળી શકી નહિ, પરંતુ ચાંદરણાં માફક ચળકતા પતંગીઆને તેઓ અગ્નિના તણખા સમજી ઉંચકી લાવ્યા.

લીયા જાકે થામ ઓર સબને ઉસીદમ.
કીયા ઘાસ ફુસ ઉસ્પે લાકર ફરાહમ.
લગે ઉસ્કો સુલગાને સબ મિલકે પૈહમ,
ન કુછ આગ સુલગી ન સરદી હુઇ કમ,
યુંહી રાત સારી ઉન્હુંને ગંવાઈ
મગર અપની મેહનતકી રાહતન પાઇ. ૨૫૭

સાર—વાંદરાઓ તે પતંગીઆને અગ્નિની ચીણગારી સમજી, તે પર ઘાસફુસ નાંખી સળગાવવા લાગ્યા. પરંતુ અગ્નિ કાંઇ સળગી નહિ અને તેમની સરદી દુર થઈ નહિ. આખી રાત્રી તેઓએ ખાલી માથા કુટમાં ગુમાવી; પણ તેમને તેમની મેહનતનો બદલો મળ્યો નહિ.

ગુઝર તે થે જો જાનવર ઉસ તરફ સે,
જબ ઇસ કશમ કશ મેં ઉન્હે દેખતે થે,
મલામત બોહોત સખ્ત થે ઉન્કો કરતે,
ક શરમાઓં વોહ ઝેમ બાતીલસે અપ ને,
મગર અપની કદસે ન બાઝ આ તે થે વોહ,
મલામત પે ઔર ઉલ્ટે ગર્રા તે થે વોહ. ૨૫૮

સાર—વાંદરાઓ પતંગીઆ પર ઘાસ ફુસ નાંખી તેને સળગાવવાની માથા કુટ કરતાં હતા ત્યારે તેમની પાસેથી જે જે જાનવરો પસાર થતા અને તેમને આવી માથાકુટમાં પડેલા જોતા ત્યારે તેઓ વાંદરાઓને બહુજ ઠપકો આપી, તેમની જુઠી માન્યતાને તજી દેવા સમજાવતા હતા, પરંતુ વાંદરાઓ પોતાની હઠ છોડતા ન હતા અને ઉલ્ટા તેમને જે શીખામણ આપતું તેની તરફ ગુસ્સે થઇ કીકીયારીઓ કરતા હતા,

ન સમઝે વોહ જબતક હુવા દીન ન રોશન,
ઇસી તરહા જો હૈં હકીકત કે દુશ્મન,
ન ઝાડેં ગેં જબ તક ગીર્દે તૌહમસે દામન,
પે જબ હોંગા નુરે સહર લમ્આ અફગન
બોહોત જલ્દ હૈ જાએગા આશકારા
કે જુગ્નું કો સમઝે થે વોહ એક શરારા, ૨૫૯

સાર—જ્યાં સુધી સવાર થઇ સૂર્યન ઉગ્યો ત્યાં સુધી વાંદરાઓ ખરૂં સમજી શક્યા નહિ તેવીજ રીતે જેઓ સત્ય વાતના શત્રુઓ છે તે જ્યાં સુધી વહેમી ધુળને ઝાટકી નાખશે નહિ, ત્યાં સુધી વાંદરાઓની પેઠે જુઠી ધમાં ચોકડીમાં મચ્યા રહેશે; પરંતુ જ્યાંરે સત્યના સવારના સૂર્યનો પ્રકાશ પ્રકટી નીકળશે ત્યારે તેઓને ખુલ્લી રીતે જણાઇ આવશે કે, અમો પતંગીઆને અગ્નિની ચીણગારી સમજી બેઠા હતા.

# ઇસનાઅશરીઓમાં અમારો દરજ્જો.

મી૦ વરતેજીની દયાજનક સ્થિતિ થવા માટે, એક મિત્ર તરીકે અમોને ઘણુંએ લાગી આવે છે. અમો અમારૂં લખાણ ઇસલામના અકાયદો તથા આચાર વિચારને સ્થાપિત કરવા માટેનું લખીએ છીએ; તેથી તેમાં ભુલ રહી જવાનો બહુજ ઓછો સંભવ છે અને તેથી અમારા મિત્ર મી૦ વરતેજીને તેમાંથી પોતાનો કપોળ કલ્પિત હેતુ પાર પડે તેવું શોધી કાઢવું મુશકેલ છે તેથી કાંઇ લખવું તો જોઇએ માટે હોળીના થોડા ફાગો લખીને પણ પોતાનું દીલ ઠંડું કીધું અને અમારા પર અમોને બદનામ કરવામાં આવે તેવા આક્ષેપો મુકવા પર તલ્લીન થઇ ગયા. એક જગાએ લખે છે કે, "ઇસના-અશરી ખોજા આગેવાનોમાં તમો અનેક વાર હડધુત થયા છો." વાહ ! બેરાદર ઠીક ડીંગ માર્યું. પણ આવા ડીંગ મારવાથી યાદ રાખજો કે કાંઇપણ વળવાનું નથી. ઇસનાઅશરી આગેવાનો અમોને અતિ ચહાય છે અને અમારી હસ્તીને આશીર્વાદ રૂપ માને છે અને જ્યાં જ્યાં તેઓ અમોને મળે છે ત્યારે અમને ઘટતું માન આપે છે અને અમારા કોમી તથા દીની પ્રયાસમાં ટેકો આપે છે. જ્યારે જ્યારે તેઓ અમારા લખાણમાં અમારી નાણાં સબંધી સ્થિતિ ગુંચવણ ભરેલી વાંચે છે ત્યારે ત્યારે તેઓ અમોને સારી નોકરી આપવાને લખે છે અને કેટલાકો તો ઓરડર પણ લખી મોકલાવે છે; પરંતુ

અમો તેમને જણાવીએ છીએ છે. અમારી જે સ્થિતિનું ભાન અમો કરાવવા માગીએ છીએ તે કોમી સાહિત્યના પ્રચારમાં જોઈતા નાણાંની જરૂર વિશે છે અને ત્યારે ત્યારે તે અલ્લાનાં નેક બંદાઓ તેમાં પણ વત્તા ઓછા પ્રમાણમાં મદદ કરે છે, અમો તમોને પૂછીએ છીએ કે, અમો ઇસનાઅશરી આગેવાનો અને કયા આગેવાનોમાં ક્યારે અને શા બાબતનાં હડેધુત થયા? હડેધુત થયાનું ભુત તમારા મગજમાં કોણે ભરાવી આપ્યું ? આવું કપોળ કલ્પિત ઉભું કરવાને તમોને કેમ સુઝી આવ્યું? ઇસનાઅશરી આગેવાનો અમોને હડેધુત કરે એવી વાત તો તમારા ભુસો ભરેલા ભેંજાનેજ મુબારક હજો. ઇસનાઅશરી આગેવાનો, એ ખોજા કોમની શુદ્ધ ઇસલામ પ્રમાણે ચાલનારી પારટીના આગેવાનો છે. તેમણે ખોજા કોમને શુદ્ધ ઇસલામ પ્રમાણે ચાલતી કરવાને અથાગ કોશીશ કીધી છે અને તે કોશીશ કરવામાં ટાઢ તડકાનો કાંઇપણ ખ્યાલ કીધો નથી. લાખો રૂપીઆ ઇસલામની બહેતરી માટે તથા ખોજાઓનાં દીલો ઇસલામના નુરથી નુરાની કરવાને તેમણે ખરચ્યા છે, ખરચે જાય છે અને ભવિષ્યમાં પણ તેમનાથી કોમને મોટી મોટી આશાઓ છે. તેમણે લાખો રૂપીઆ મસજીદો, ઇમામવાડાઓ, હિદાયત ફંડો વીગેરેમાં ખરચ્યા છે અને ખરચેજ જાય છે કુફરનો મુકાબલો કરવામાં તેમણે જે અસાધારણ પ્રયાસ કીધો છે તેના નમુનાઓ કોમી દફતરોમાં આફતાબની જેમ ઝગઝગી રહ્યા છે. તેમાંના કોઇ કોઇએ તો કોમ તથા દીનની હીમાયતમાં પોતાના પ્રાણો સુધ્ધાં અર્પણ કરી શહાદતની ડીગ્રી

હાંસલ કરી છે. તેમનો કોમ તથા દીનની હીમાયત માટેનો હમણાંનો પ્રયાસ એવો છે કે, બેદીની ફેલાવનારાઓના છક્કા છુટી ગયા છે અને બચાવ માટે વલખાં મારી રહ્યા છે, પણ તેમનો પ્રયાસ એવો તો સત્ય છે કે તેવા વલખાં મારનારાઓ કદી પણ ફળીભુત થઇ શકે તેમ નથી.

આ આગેવાન ઇસનાઅશરીઓ અમોને કેટલા ચહાય છે તેતો તમારી મંડળીનેજ પુછી જુઓ. બહાર શા માટે જાઓ છો, મુંબઇ-માંજ ખોજાઓની પેઢીઓપર જઇ તપાસ કરો. ખોજા મહોલ્લામાં, માહીમમાં. મજગામમાં, વાંદરામાં અને બીજી જગોએ તપાસ કરો. પુછી જુઓ. ઇસનાઅશરી આગેવાનો અમારી કદર કરે છે તેનો ઇક-રાર ખુદ તમો તથા તમારી ટોળકીના લેખકો લેખી રીતે પણ કરી ચુકયા છે અને અમારા તેવા ઉત્તેજકોના કારણે અમોએ જે તમારી ટોળકીની આંખો ચકાચુંદી થઇ જાય તેટલો સાહિત્યનો ખજાનો ખોલી આપ્યો છે તે શું આગેવાનોની કદર વિના થયો હશે કે ?

તમો વિચાર તો કરો કે, અમોએ સવાસો જેટલાં કોમી તથા દીની પુસ્તકો બહાર પાડયા તે શું વગર પૈસાએ અને વગર કદરદા-નીએ લખાયાં તથા છપાયાં હશે ? અમારાં રચેલાં પુસ્તકોના સટની કીમત ચાળીશેક રૂપીઆ જેટલાની થાય છે તો શું તમો તમારી ટોળકીમાં કોઇપણ લેખકનું તેટલું કામ બતાવી શકો છો ? તેટલું તો નહિ પણ તેથી અરધું પણ શું બતાવી શકો છો ? તમે સાહિત્યના

પ્રચાર માટે ફંડો કરો છો. સોસાઇટીઓ, મંડળીઓ તથા કલબો કાઢો છો છતાં પણ તેમાં કેટલા બધા નાસીપાસ થાઓ છો તેનો તો જરા વિચાર કરો અને પછી અમોને હડેધુત થયેલા જણાવવાને નીકળો.

ખોજા કોમની હાલની સ્થિતિ વચ્ચે આટલું બધું સાહિત્ય બહાર પાડવું એ કેટલું મુશકેલી ભર્યું છે તે ખુદ તમારી ટોળકીના મેમ્બરને જરા પુછી તો જુઓ અને પછી અમારા કામનો અંદાજ ખેંચો.

અમારા ઇસનાઅશરી આગેવાનોએ માત્ર ઇસનાઅશરી સાહિત્ય માટેજ ઉત્તેજન આપ્યું છે એમ નથી; બલ્કે તેણે સામાન્ય ઇસલામી સાહિત્ય માટે અને ખુદ ઇસમાઇલિ સાહિત્ય માટે પણ ઉત્તેજન આપ્યું છે. સર સઇયદ એહમદના લેખો ભા. ૧—૨. મુસદ્દસે હાલી, સર સઇયદ એહમદ, ફીરદોસે બરીં તથા સતપંથ શાસ્ત્રના પુસ્તકો તેમની કદરદાનીના જીવતા જાગતા નમુનાઓ છે.

ઇસનાઅશરી આગેવાનો અમોને એટલા તો ચહાય છે કે જ્યારે તેમના પરિચયમાં અમો આવીએ છીએ ત્યારે કલાકોના કલાકો પોતાના કીમતી કામને રોકી અમારી સાથે કોમી તથા દીની ઉન્નતિની ચર્ચા કરે છે. કોમની સ્થિતિ જણાવી કામની સૂચનાઓ કરે છે. કીતાબો ખરીદે છે અને વકફ પણ કરાવે છે.

ઇસનાઅશરી આગેવાનો તો અમારી કદર કરે છે એટલુંજ નહિં

પણ સામાન્ય ઇસલામીઓના આગેવાનો પણ અમારી ઘટતી કદર કરે છે. અમારાં પુસ્તકો ખરીદવા ઉપરાંત અમારી મેહમાન નવાઝી કરવામાં ખામી રાખતા નથી જ્યાં જઇએ ત્યાં અમોને વેલકમ કરવામાં આવે છે. ઇસમાઇલી આગેવાનોમાંના કોઈ કોઇ ગ્રહસ્થો અમોને અમારા સાહિત્યના પ્રચાર માટે સહાય છે તથા ઉત્તેજન આપે છે અને ઇસિમાઇલી કોમનો કોઇપણ એવો આગેવાન અમોએ હજુ સુધી જોયો કે સાંભળ્યો નથી કે જે અમોને ચાહતો નહોય.

પણ હા, ખોજા કોમમાં કેટલાકો એવા પણ છે કે જે અમોને ચાહતા નથી, અમારાં પુસ્તકો કોઇ ન ખરીદે તે માટે તનતોડ મેહનત કરે છે. કોઇની પાસે અમારૂં પુસ્તક જુએ તો તેને ઠપકો આપી ભવિષ્યમાં તેને કોઇપણ પુસ્તક નહિ ખરીદવાને ભંભેરે છે. અને અમોને શારિરીક હાની પહોંચાડવા તથા મોટા કામનો ત્રાગડો રચે છે. પણ ખુદાતાલાના ફજલો કરમથી થોડા પ્રસંગો સિવાય વધુમાં તેઓ ફાવી શક્યા નથી. આવી બાબતો સુધારકો માટે લાઝીમ મલઝુમ છે. આવી બાબતો તેમના માટે સર્વથા બનતી આવી છે, બને છે અને બનશેજ. તો આવા ઝનુની વર્ગને નતો અમો આગેવાન ગણીએ છીએ તેમ ન તો કોઇપણ કોમમાં તેવો વર્ગ આગેવાન ગણાય છે આવો વર્ગ દરેક કોમમાં હોય છે અને દરેક ઠેકાણે તે હલકી કોટીમાં લખાય છે તો આવા વર્ગની હડેધુતની અમોએ હજુ સુધી તો કાંઇ દરકાર કીધી નથી. અને કરી પણ શકતા નથી. અમારી શક્તિઅનુસાર કોમી

તથા દીની સેવા બજાવે જઇએ છીએ. અને રાત્રી દિવસ દુઆ કરે જઇએ છીએ કે તેવા અજ્ઞાન વર્ગને ખુદાતાલા સદબુદ્ધિ આપે અને તેઓ જે વાત જેવી છે તે વાતને તેવી જોઇ શકે.

બાઝારમેં નીકલે હેં દીરમ લેકે પુરાને,
ઓર સીક્કા રવાં શેહરમેં મુદત્તસે નયાહેય,

## મી. વરતેજીનું નવું ગપાષ્ટક

અમોને જો કોઈપણ વધુ આશ્ચર્ય ઉત્પન્ન થયું હોય તો, મી. વરતેજીના એ ધ્રષ્ટતા ભર્યા આક્ષેપ માટે કે, અમો પરહેજગાર નથી! કહેવત છે કે ભુખ્યો અખાજ ખાય તેમ તેઓ અમારા ધુઆનાઃ રીવ્યુનો જવાબ નહિ આપી શકવાથી અમારી અંગત જાતપર તદ્દન ગેરવાજબી તથા કપોળ કલ્પિત હુમલાઓ કરવાને કુદી પડયા. તેમના તેવા આક્ષેપોથી તેઓ અમારી બદનામી કરવા માગતા હતા; પરંતુ ખુદાતાલાના ફજલો કરમથી તેમની કપોળ કલ્પિત યોજના તદ્દન પડી ભાગી છે. જેઓ અમારી રીતભાત વિશે જાણીતા છે અને જેઓ અમારા પ્રગટ કરેલા લખાણોના અભ્યાસી છે તેમના દીલમાં અમારી પરહેજગારી વિશેની યાદ તાજી થઇ અમારા માટે વધુને વધુ ઉંચો વિચાર ઉત્પન્ન થયો છે.

અમો ઇસલામના પવિત્ર અકાયદો તથા આચાર :વિચાર માટે કેટલી બધી કાળજી ધરાવીએ છીએ તે લખી અમારી પ્રસંશા કરાવવા

માગતા નથી. પરંતુ જ્યારે મુલહેદપણાનો જામો પહેરનારા એક બે કોમી બંધુઓ ઇનસાનિયતને તજી આપી, અમોને પરહેજગાર નથી, કહી વગોવવા માગે છે ત્યારે તેવા ગેરવાજબી આક્ષેપનો કોઇપણ બંધુના દીલમાં ઉલટો અસર ન થાય, તે માટે કાંઇક ખુલાસાની અપેક્ષા જરૂર રાખવી જોઇએ છીએ. અમારા વિચારો ઇસલામ પ્રત્યેના કેવા મક્કમ તથા નીખરેલા છે તેતો અમારા પુસ્તકોજ જણાવી આપે છે જ્યારે અમારૂં આહજીવન ઇસલામની સેવા સિવાય બીજા કશા પણ કાર્યમાં એક ઘડી પણ જોડાતું નથી. રાત્રી દિવસ કોમની બેહતરીનો ખ્યાલ તથા પ્રયાસ છે અને સામાન્ય ઇસલામીઓના હિત માટે પણ અમો અમારી શક્તિ ઉપરાંત પ્રયાસ કરીએ છીએ. અંજુમનો તથા મેલાવડાઓ ભરી ધર્મ તથા કોમને ઉપદેશ કરવા, અંજુમનો તથા સોસાઇટીઓ સ્થાપન કરવા તથા સ્થાપન થએલી અંજુમનો તથા સોસાઇટીઓને પગભર તથા વધુ ઉપયોગી બનાવવા, તેમાં નાણાં સબંધી મદદ મેળવવા, પોતાથી બની શક્તિ મદદ કરવા તથા તેવા કામો માટે પોતાનો વધુમાં વધુ વખત રોકવામાં પાછા હઠતા નથી. જો કે અમારી નાણાં સબંધી હાલત હમેશાં તંગ રહે છે; છતાં પણ અમારી શક્તિ ઉપરાંત કેળવણીના ફંડફાળામાં ફાળો આપીએ છીએ અને ઘણીજ કરકસર કરી વખત મેળવી કોમી ઇતિહાસની શોધ ખોળ કરવાને જુદા જુદા પ્રખ્યાત સ્થળો તથા સંભવિત ગૃહસ્થોની મુલાકાત લેવાને મુસાફરી કરીએ છીએ. અને દરેક વખતે કાંઇને કાંઇ

નવીન હકીકત મેળવીએ છીએ. જોકે અમો અમારી પ્રસંશા કરવાથી બહુજ પરહેજ કરવા માગીએ છીએ, પરંતુ લાચારી પણ અજબ ચીજ છે.

અમારૂં વતન અમરેલી એ શ્રીમંત સરકાર ગાયકવાડ દામ એક બાલહુના ચાર પ્રાંતોમાંનું એક પ્રાંતનું મુખ્ય શહેર છે. ત્યાંની ડીસ્ટ્રીક્ટ ન્યાયાધિશ કોર્ટ ( જે અમરેલી પ્રાંતની સર્વોપરી ન્યાયની કોર્ટ છે ) ના અમો જુરર હોઇ, કેસ ના. ૧૯૧૬.૧૭ માં કામે બીજા જુરરો તથા એસેસરો સાથે કોર્ટમાં બેઠા હતા. ન્યાયધિશ રા. રા, સારાભાઇ ...........સાહેબ, સઘળું વકીલ મંડળ તથા જુરરોમાં રા. રા. અલીભાઇ દેવરાજ, દામનગર વાળા શેઠ સુખલાલભાઈ.......... વિગેરે હાજર હતા, કેસ ચાલતાં લગભગ સાડા પાંચ થઇ ગયા. અમોએ જોહોર તથા અસરની નીમાજ નહિ પડી હતી, કેમકે ૧૧ાા વાગે તો કોર્ટમાં હાજર થવાનું હતું. જ્યારે અમોએ જોયું કે ન્યાયાધિશ સાહેબ હજુ કેસને આગળ ચલાવે જાય છે અને અમારો નીમાજનો વખત ચાલી જાય છે ત્યારે ચાલતા કેસ દરમ્યાન અમોએ ન્યાયાધિશ સાહેબને અરજ ગુજારી કે, અમારે નીમાજ ભણવાની છે. ન્યાયાધિશ સાહેબે જવાબ આપ્યો કે, " જયુરીનું કામ પણ પવિત્ર છે. ઇશ્વર તમારી નીમાજ કબુલ કરશે. " આવ! જવાબથી અમોએ એટલી રાહ જોઇ કે, તયમ્મુમ કરીને નીમાજ પડી શકીએ. ન્યાયાધિશ સાહેબે અમારી માગણીને ઇનસાફ આપવાને માટે પાંચેક સીનિટ કેસ ચલાવી

બીજા દહાડા માટે મુલતવી રાખ્યો અને અમો અમારી બંદગીની ફરજ અદા કરી શકયા. બીજે દહાડે પણ છેક સાડા પાંચ વાગતા સુધી કેસ લંબાયો અને જ્યારે પહેલા દીવસ જેવી સ્થિતિ જોઇ ત્યારે આજે પણ અમોએ નિમાજને માટે અરજ ગુજારી, જેથી ન્યાયાધિશ સાહેબે, "હવે હું કેસને પાંચેક મીનિટમાં બંધ કરૂં છું" તેવો જવાબ આપી વ્યવહારૂ અમલ કીધો અને અમો અમારી બંદગી ગુજારી શકયા. આ સઘળી હકીકતથી ન્યાયાધિશ સાહેબ, સઘળા વકીલો, અમારી સાથેના જુરરો તથા એસેસરો તથા પ્રેક્ષકો વગેરે સારી પેઠે જાણે છે.

બીજા અનેક પ્રસંગોએ હીન્દુ તથા અન્ય મંડળો વચ્ચે અમોએ ઇસલામ વિરૂદ્ધની તદ્દન ખોટી વાતો સાંભળી સખ્ત વાંધાઓ જાહેર કીધા છે અને એજ ધોરણ હજુ પણ ચાલુ છે. નામદાર આગાખાન સબંધે હીન્દુ તથા અન્ય ઇસલામી મંડળો તથા લોકોમાં ઘણી ઘણી આક્ષેપો વાળી વાતો થતી સાંભળી અમોએ આગાખાન સાહેબની હિમાયતમાં સજ્જડ જવાબો આપ્યા છે અને અમો એવા વિચારના છીએ કે, જેઓ પરકોમના હોઇ આગાખાન સબંધે માત્ર બદગોઇજ કરવા માગે છે અને તેથી આગા સાહેબની બદગોઇને અમો અમારી કોમની બદગોઇજ સમજીએ છીએ અને અમો એમ સમજીએ છીએ કે, તે અમારા ઘરની તકરાર છે, ભાઇઓની તકરાર છે અમો અમારી મેળે સમજી લઇશું. બીજાઓને તેમાં દખલ દેવાનો

વગર પ્રયોજને કાંઈપણ હક નથી.

મનુષ્ય માત્ર ભુલને પાત્ર છે તે વાતથી અમો બેખબર નથી. અમોએ ભુલો નથી કીધી અથવા તો નથી થઇ શકી, એવો અમારો બચાવ છેજ નહિ, પરંતુ અમારી કાળજી પરહેજગારી માટે જરૂર રહે છે. આ પરહેજગારી પર અમલ કરવામાં અમોને ઘણા આર્થિક, માનસિક તથા શારીરિક નુકસાનો થયા છે અને અમો તે પ્રસંગો જાણતા હતા કે, જો આ પ્રસંગે અમો ભળતું વર્તન ચલાવીએ તો અમો તેવી હાનીઓથી બચી જઇએ, હજુ પણ આવો મામલો ચાલુજ છે, અમો દરેક રીતે ખુદાની રજામંદી ચાહીએ છીએ અને તેનાજ મરજીને આધિન રહેવા માગીએ છીએ. અને પોતાનું રક્ષણ કરવા માટે કોઇ કોઇ વખતે અમારી સ્થિતિ જોઇ અમારા બીરાદરોને અમારાપર દયા આવી જાય છે.

ખેર આવી બાબતો લંબાવવાની કાંઇ જરૂર નથી; પરંતુ મી૦ વરતેજી અમોને પરહેજગાર નથી કહી બદનામ કરવા માગે છે, તેથી અમારૂં દીલ કાંઇ દુખાતું નથી, અમો તો તેમનાથી એવીજ આશા રાખતા હતા. તો પણ અમોને અજાયેબી તો એટલા માટે ઉપજ થાય છે કે, એક એવો માણસ કે જે મુસલમીન ધર્મથી ખોજા કોમને ખસેડવા માગે છે. મુસલમીન અકાયદોથી કોમને ગુમરાહ કરવા મથે છે. જે ખુદાની વાહદાનિયતથી ખસી જઇ ખુદાતાલાના સાકાર હોવાનો ઇકરાર કરે છે. જે ખુદા નથી તેને ખુદા, જે પેગંબર નથી

તેને પેગંબર, જે ઇમામ નથી તેને ઇમામ તથા જે પીર નથી તેને પીર ઠેરાવવા માગે છે જે નિમાઝને બદલે કુફર વિચારોથી ખરડાએલી ધુવાની હિમાયત કરે છે તે મારફતનું નામ લઇ મારફતના મુળીઆ ઉખેડવા માગે છે જે સ્થાપિત ઇસલામના અકાયદો તથા આચાર વિચારોને ઉથલાવવા તથા ઇસલામને બદનામ કરવા માગે છે તે અમારાપર ઉપર પ્રમાણેનો આક્ષેપ મુકે છે! અલબત્તા કોઈ ઇસલામના અકાયદો તથા આચાર વિચારવાળો માણસ, કે જે તેમાં આગળ વધવાનો પ્રયાસ કરતો હોય, તે જો મુકાબલા તરીકે અમારી પરહેજગારી ઉપર એતરાઝ કરે તો એક જુદીજ વાત હતી. પરંતુ અહીં તો ' ઉલટોજ મામલો છે. ઉલટો ચોર કોટવાળને દંડવા નીકળ્યો છે. આમ થવું એ પણ અમારા મિત્રના દુર્ભાગ્યની નિશાની સમજીએ છીએ.

કારે શૈતાં મીં કુનદ નામશ વલી
ગર વલી ઇનસ્તો લાનત બર વલી.

## કપોળ કલ્પિત મારફત.

જેમ દરેક બાબતમાં મી૦ વરતેજી માત્ર ડીંગ મારવાંનુંજ શીખી ગયા છે તેમ પોતાના બચાવ માટે તેમણે મારફતના શબ્દને તેના યોગ્ય સ્થળથી ખસેડી કપોળ કલ્પિત સ્થળે ગોઠવી આપ્યો છે; એટલે કે કેટલાક પોતાને સુફી નામથી ઓળખાવવા માગતા મુસલમાનોએ શરીઅત, તરીકત, હકીકત તથા મારફત એવા દરજ્જાઓ ઘડી કહા-

ડયા છે તેની આડ લઈ મી. વરતેજી પોતાને શરીયતના દરજ્જાથી આગળ વધી ગયાનું જણાવે છે. અને શરીયતના દરજ્જાને તેઓ નાળીએરનું છાલું તથા કાંચલી જણાવે છે. આ શરીઅતના છાલ્લાંને તોડી ફોડીને અંદરનું કોપરૂં કાઢવાનું સૂચવી શરીઅતથી પોતાને વિમુખ જણાવે છે.

ઇસલામીઓમાં ગુલ્લાત મતનું ટોળું જેમાં બાતીન્યા પણ સામેલ છે તેણે ઇસલામની તાલીમને લોકોના અંતઃકરણમાંથી દુર કરવાને અનેક પ્રપંચો રચ્યા હતા. તેણે લોકોને એમ શીખવાડયું કે દરેક જાહેરનું એક બાતિન છે. તેણે એવી તાલીમ આપવા માંડી કે નીમાઝ પઢવાની કાંઇ જરૂર નથી પણ ઇમામને યાદ કરવો તેનુંજ નામ નમાઝ છે. નમાઝે જમાઅતને એમ કહી ઉડાવી દીધી કે, ઇમામના હુકમ પ્રમાણે અમલ કરવો તેનુંજ નામ નમાઝે જમાઅત છે. રોઝા માટે તેણે જણાવ્યું કે, ઇમામતના ભેદોને છુપાવવા અને જો ઇમામ દુર્ગુણોમાં લપટાયો હોય તો તેને સદગુણો સમજવા તેનું નામજ રોજા છે. ઝકાત માટે એમ જણાવ્યું કે મનની શુદ્ધતા રાખવી તેજ ઝકાત છે. હજ માટે જણાવ્યું કે ઇમામની ઝીયારત કરવી તેનું નામજ હજ છે. તવાફે કાબા માટે જણાવ્યું કે, ઇમામના ઘરની પ્રદક્ષિણા કરવી તેનું નામજ તવાફે કાબા છે. ગુસલ માટે કહ્યું કે, ઇમામની એઅત્તને તાજી કરવી તેનુંજ નામ ગુસલ છે એજ ધોરણે શરીઅતે ઇસલામની સઘળી બાબતોના બાતીનના કલ્પિત અર્થો જણાવી મૂળ બાબતને

ફેડાવી દીધી. એટલે કે તેણે પોતાના મુરીદોને નમાઝ, રોઝા, હજ, ઝકાત વીગેરેની ક્રીયાથી વિમુખ કરી નાખ્યા. અને જ્યારે કોઈ તેમને પુછે ત્યારે જવાબ આપે કે, શરીઅતની બાબતો નાળીએરના છાલાં સમાન છે તે છાલાંને તો તોડીજ નાંખવું જોઈએ કે, જેથી અંદરનું કોપરૂં હાથ લાગે.

ઉપર પ્રમાણેના વિચારો તથા ક્રીયાઓને તે બાતીન્યા ટોળાંએ અખ્તેયાર કરી બચાવમાં તેનું નામ તરીકત હકીકત તથા મારફત પાડયું. આ બાબતની વધુ સ્પષ્ટતા માટે "અલમૌતનો ઇતિહાસ" "ફીરદોસે બરીં" તથા "હસન બિન સબ્બાહ" એમ ત્રણ પુસ્તકો વાંચવા જોઇએ.

હવે મી. વરતેજી પણ તેવા બાતીન્યા ધોરણને ગ્રાહ્ય કરી પોતાને શરીયતથી નિરાળા સમજવા લાગ્યા અને જ્યારે શરીયતથી નિરાળા થઈ ગયા ત્યારે તે પોતાને નમાઝ, રોઝા, હઝ, ઝકાત વિગેરે ક્રીયાના અધિકારી પણ માનવા લાગ્યા નહિ અને તેથી નમાઝને બદલે ધુવા પડવી તે નમાઝ પડવા બરાબર છે એમ બોલવા લાગ્યા. પણ ધુઆ તથા નીમાઝમાં જે તફાવત છે તેનો કાંઇ પણ ખુલાસો કરતા નથી. ધુવા ગુજરાતી, કચ્છી, સીંધી, પંજાબી, ઉરદુ, ફારસી, અરબી તથા ગ્રામ્ય ભાષાથી મિશ્ર હોવાનું જણાવવામાં આવ્યું તો લમણે હાથ દઈ બોચી ખંજવાળવા લાગી ગયા. અને જવાબતો ન દારદજ !

આવી રીતની તરીકત, હકીકત, તથા મારફત કે જે શરીયતને

મનસુખ કરનારી જણાવવામાં આવે છે તે ખરી તરીકત ખરી હકીકત કે ખરી મારફત નથી. પણ તે લોકોના ઇસલામી અકીદાને પોચું પાડી નાખનારી પ્રપંચ જાળ છે. મોટા મોટા સુફીઓના જીવન ચરિત્રો અમોએ વાંચ્યા છે. મોટા મોટા સુફી વિદ્વાનો સાથે આ સબંધમાં વાટા-ઘાટ કરી છે. તેમને શરીઅત પ્રમાણેના આમાલ કરતા જોયા છે, સાંભળ્યા છે અને શરીઅતને ટેકો આપનારા તેમના પુસ્તકો આજે દરેક લાયબ્રેરીમાં મોજુદ છે; પરંતુ સુફીઓ માટે નમાઝ, રોઝા, હજ, ઝકાત વીગેરેની જરૂરત નથી એમ કહેવું એ બાતિન્યા તથા ગુલ્લાત ટોળાંને ફાળે આવ્યું છે કે જેને ઇસલામના આલીમોએ મુલહેદ તથા નાસ્તિક પણાના ફતવાઓ આપેલા છે. અને તેમના મુલહેદ તથા નાસ્તિકપણા વિષે ઇસલામના મોટા મોટા આલીમોએ સંખ્યાબંધ પુસ્તકો લખી છપાવ્યા છે.

આ બાતીન્યા તાલીમનો અસર ખોજા કોમમાં ફેલાવવા મી. વરતેજી તથા તેમની ટોળકી કોશીશ કરે છે અને ખોજા કોમના શુદ્ધ ઇસલામ પ્રમાણેના અકાયદોને આંટીઘુંટીવાળી વાતો કરી કરી બાતિન્યા તથા ગુલ્લાત પ્રમાણેના કરવામાં આવે છે. ખોજાઓને એમ સમજાવવામાં આવે છે કે આપણે તો શરીયતી નથી તેથી આપણે નમાઝ, રોઝા, હજ, ઝકાત વીગેરેની કાંઇ જરૂર નથી. આપણો ધર્મ તો મુસલમાન ધર્મથી નિરાળો અને તેનું નામ સતપંથ છે. એક મુસલમાન પરશીયન ટીચરે પોતાની કલાસના એક ખોજા વિદ્યાર્થિને

પુછયું કે કેમ મી. મીઠાણી ! તમો નીમાઝ પડતા નથી. મીઠાણીએ જવાબ આપ્યો કે અમારાપર નીમાઝ ફરજ નથી; કેમકે અમો કાંઇ મુસલમાન નથી પણ અમારો ધર્મ તો સતપંથ છે. આવી રીતે ઘણા ખોજાઓને શરીયત એવી અળખામણી બનાવી દેખાડવામાં આવે છે કે જેથી તેમને તે પ્રત્યે અભાવો ઉતપંન થઇ જાય.

લોકોને શરીયતથી ઉલટી રીતે ચાલવાને બેધડક રીતે સમજાવવામાં આવે છે. જમાતખાનામાં પુષ્કળ ક્રીયાઓ શરીઅત વિરૂદ્ધની દરરોજ કરવામાં આવે છે. જે જમાતખાનાઓ પેહલાના ખોજાઓએ ખુદાની બંદગી માટે બનાવ્યા છે તેને હવે શરીયતથી ઉલટી ક્રીયાઓના થાનકો બનાવી દીધા છે. આવા બાતીન્યા અસર ફેલાવનારાઓ કહે છે કે આ કુરાન તો નાળીએરના છાલ્લાં સમાન છે જ્યારે કોપરૂં આપણા પીરોએ રચી આપેલાં જ્ઞાન શાસ્ત્ર છે. હવે બાપડા અજ્ઞાન ખોજાઓ કુરાન તો જાણે નહિ તેથી જે કહે તેનો સ્વીકાર કરી લે અને તેથી તેમના દીલમાં કુરાન પ્રત્યે અભાવ ઉતપંન થઇ જાય. કેટલાક જુવાન્યા તો કુરાને મજીદ પ્રત્યે નહિ છાજતા કલામ પણ વદે છે.

રોજા માટે કહે છે કે આમ લાંઘણ કરવાથી શું વળવાનું હતું. માટે આત્માને દુખી નહિ કરવો જોઇએ. આવી રીતે નમાઝ, રોઝા, હજ ઝકાત વીગેરે માત્ર ઉપલક ક્રીયાઓ છે. અને તેને સારી રીતભાત સાથે કાંઇપણ નીસ્બત નથી તેમ કહી લોકોને ભરમાવે છે. અને પવિત્ર ઇસલામે સઘળી નીતિ રીતિ તથા ઉન્નતિને

શરીયતની ક્રીયાઓમાં વ્યવહારૂ આમેજ કરી આપી છે તેનો ખ્યાલ તે બાતીન્યા મતનો પ્રચાર કરનાર લોકોના દીલમાં આવવા દેતા નથી.

દરેક જાહેરનું એક બાતિન છે આ વાક્યને એક સિદ્ધાન્ત રૂપ માની તેને મનાવવા પ્રયત્ન કરે છે અને તેનો એટલો બધો કોમમાં અસર ફેલાવી દીધો છે કે, સચ્ચાઇ ભરેલી વાત લોકો ભાગ્યેજ કરે છે. જ્યારે તેઓ હીન્દુઓ સાથે મળે હળે છે ત્યારે પોતાને મુસલમાનો કરતાં જુદા વિચારના અને અર્ધા હીન્દુ જેવા જણાવે છે. મુસલમાનોના માંસાહારીપણાને ધિક્કારી પોતાને પાકા વેજીટેરિયન જણાવે છે. જો કે તેવું કહેનારાઓ બકરાંના હોજરાં તથા ફેફરાં પણ છોડતા નથી. પણ હીન્દુઓમાં પોતાને વહાલા થવાને ખુદાનો ખોફ તજી પેટ ભરીને જુઠું બોલે છે.

જમાતખાનામાં તેઓ એવાં એવાં વાએઝો ( લાહોલવલા ) કરે છે કે જે જોઇ ફરિસ્તાઓના દીલો પણ હલમલી જાય. કદી ઇમામને ખુદા તો કદી પીરને પેગંબર બનાવે છે. કદી પોતે વાએઝ કરનાર ખુદ પોતે પોતાને પેગંબર કહે છે. એક મીશનરી ખોજાએ અમારી રૂબરૂમાં જમાતખાનામાં જમાત સમક્ષ એમ વાએઝ કરેલું કે, ઇમામ હુસેનને શહીદ કરનાર મસજીદીઆ લોકોજ હતા. દલીલમાં કહ્યું કે કુફીઓ જે ઇમામ હુસેનને શહીદ કરવાને આવ્યા હતા તેમની દરેકની બગલમાં કુરાનો હતા. કુરાનો પઢનારાજ ઇમામના દુશ્મન હતા. આજે

આપણે કુરાન પઢતા નથી. પણ મસજીદીઆ પઢે છે કે જે સઘળા ઇમામના શત્રુઓ છે. મતલબ કે,

નબુવ્વત ન ગર ખત્મ હોતી અરબપર,
કોઇ હમ્પે મબઉસ હોતા પયમ્બર,
તો હૈ જૈસે મઝકુર કુરઆંકે અંદર
ઝલાલત યહુદ ઔર નસારાકી અકસર,
યુંહી જો કીતાબ ઉસ પયમ્બરપે આતી,
વોહ ગુમરાહીયાં સબ અમારી જતાતી,

સાર—નબુવ્વતનો સીલસીલો જો હઝરત રીસાલત મઆબપર ખતમ ન થઇ ગયો હતે, અને કોઇ પેગંબર અમારાપર મબઉસ થતે, તો કુરાનમાં જેવી યાહુદીઓ તથા નસારાઓની ગુમરાહીઓ બયાન થઇ છે તેવીજ ગુમરાહીઓ તે પેગંબરપર જે કીતાબ અમારા માટે નાઝીલ થતે, તેમાં વર્ણન થતે.

આવા બાતીન્યા વિચારના પ્રચારકો કોમમાં ઘુસી ગએલી બેદીનીને દુર કરવા જે કોશીશ કરે છે તેની સાથે બહુજ દુશ્મની રાખે છે અને સઘળાને તેની સાથે દુશ્મની રાખવાને ઉભા રહે છે. તે બાપડાંને દીની હિદાયતના કાર્ય કરવાના માર્ગમાં એવી એવી મુશકેલીઓ નાંખે છે કે, હિદાયતનું કાર્ય બહુજ નિર્બળ થઇ જાય છે. તેઓ પોતાના એબ જાહેર કરનારને મૌલાના હાલીના મુસદ્દસ પ્રમાણે મોટા દુશ્મન ગણે છે.

ઉસે જાનતે હેં બડા અપના દુશ્મન,
હમારે કરે એબ જો હમપે રોશન,
નસીહતસે નફરત હે નાસેહસે અનબન,
સમઝતે હેં હમ રાહનુમાઓંકો રાહઝન,
યેહી એબ હે સબકો ખોયા હે જીસને,
હમેં નાવ ભર કર ડુબોયા હે જીસને.

સાર—જે માણસ અમારા એબ અમારાપર જાહેર કરે, તેને અમો પોતાનો દુશ્મન ગણીએ છીએ. સારી શીખામણ અને શીખામણ આપનાર પ્રત્યે અણબનાવ રાખીએ છીએ. અમો ઉપદેશકો તથા ભોમિયાઓને લૂટારા સમજીએ છીએ. આ એબ છે કે જેણે અમોને ખોઇ નાંખ્યા છે. અમારી ભરેલી નાવને જેણે ડુબાડી આપી છે;

આ બાતીન્યા વિચારોના પ્રવર્તકો જો કે ઘણી કોશીશ કરે છે; પરંતુ તેઓ પોતાની આસપાસ તેને અટકાવનારૂં એટલું તો બળ ઉભેલું જુએ છે કે તેથી વધારે ફાવી શકતા નથી સુન્ની તથા શીઆ સંપ્રદાયના સઘળા શરીયતે ઇસલામ પ્રમાણે ચાલનારાઓ સાથે ખોજાઓને રહેવાનું છે તેથી બાતીન્યા વિચારનો અસર તેમના પર કાબુ મેળવી શકતો નથી. વળી બાતીન્યા વિચારને દુર કરવા માટેનો અમારો પ્રયાસ પણ છે તેથી તેઓ પોતા માટે મેદાન સાફ જોઇ શકતા નથી અને પોતાના પ્રયાસમાં લગભગ નિષ્ફળ નીવડે છે.

આ દુઆના દુશ્મનની ચોપડી પણ બાતીન્યા મતને પુષ્ટિ આ પવાને રચાઇ છે, જેની કાંઇક પોલ તો " દાવતે ઇમાને " ખોલી આપી છે. અને લોકો તેના કર્તાના વિચારો તથા હેતુઓથી ઠીક જાણીતા થઇ જવા પામ્યા છે. તેમની પારટીના લોકો મી૦ વરતેજીના પ્રયાસથી કાંઇક એવા નિર્ણયપર આવ્યાનું સંભળાય છે કે તેવા પુસ્તકોથી પોતાના ધર્મ તથા કોમની બદનામીજ થાય છે તો જો ખરેખર તેઓ તેવા નિર્ણયપર આવ્યા હોય તો તેમનો નિર્ણય કાંઇ ગેર વાજબી નથી તેમના આગેવાનોએ આવા બિન લુગામના લેખકો ને કાંઇક અંકુશમાં રાખવા જોઇએ છીએ અને જો તેઓ તેવાઓને કાંઇક અંકુશમાં રાખશે તોજ પોતાના મઝહબી તથા કોમી પોઝીશનનો કાંઇક બચાવ રાખી શકશે; નહિતર ખુદાતાલા તેમને તેમન મિત્રોથીજ બચાવે, એવી દુઆ કરવી અસ્થાને નથી.

બ્હાલા વરતેજી! ઇસલામ તથા કોમને હાની પહોંચે તેવાં લખાણો કરવાનું તજી આપો તો સારી વાત છે. કલેજા ફાટી જાય તેવી વાતો ન કરો તો સારી વાત છે. હાદીઓને દુશ્મન ન સમજો અને તેવી ઉશ્કેરણી ન કરો તો સારી વાત છે. એતરાઝ કરનાર પ્રત્યે ગુસ્સામાં આવી જઇ મુખમાંથી કપ્પર કફ ન કાઢો તો સારી વાત છે. કોમની અધોગતિપર હવે તો દયા ખાઓ તો સારી વાત છે કોમને હવે તો અંધકારમાંથી કાંઇક બહાર નીકળવા દો તો સારી વાત છે. કોમને

હવે તો ખુદા વ રસુલના હુકમો જાણવા દો તો સારી વાત છે અને તમો પણ હવે હદ થઇ, કાંઇ સમજો તો સારી વાત છે.

નીકાલે ગર ઉન્કી ભલાઇકી સુરત,
તો ડાલે જહાંતક બને ઉસ્મે ખંડત,
સુને કાયયાબીમેં જબ ઉસ્કી શોહરત,
તો દીલસે તરાશે કોઇ તાઝા તોહમત,
મું અપના હો ગો દીનો દુનિયામેં કાલા,
નહો એક ભાઇકા પર બોલ બાલા,

## પીરોપર મી. વરતેજીનો પ્રહાર.

મી. વરતેજી તથા તેની ટોળકીના લેખકોએ પીર સદરૂદીન વીગેરે પીરોએ ખોજાઓને જે ધર્મ દેખાડયો, તેની જે રૂપરેખા દોરી બતાવી છે તે રૂપરેખા પ્રમાણેનો જો પીર સદરૂદ્દીન વીગેરે પીરોનો ધર્મ તથા બોધ હતો એમ માની લઇએ તો, તે પીરોના ધર્મ, આચાર વિચાર તથા ઉપદેશની જે તસવીર ખડી થઇ શકે છે તે અતિ દર્દનાક છે. જો મી. વરતેજી ઇમામી ઇસમાઇલીના જે અકાયદો પેશ કરે છે અને તે અકાયદો તે પીર સદ્દીનના શિક્ષણ પ્રમાણે ગ્રાહ્ય કરવામાં આવ્યા છે અને તે પીર સદરદીનના સમયથી આજદીન સુધીમાં ખોજાઓમાં મનાતા તથા પળાતા આવ્યા છે તો તેથી તે પીરોનો ધર્મ તથા ઉપદેશ તે પ્રમાણેનો સિદ્ધ થાય છે અને તે પીરો પણ મી. વરતેજી તથા તેમની ટોળકીના લેખકો, જેવો ધર્મ તથા આચાર વિચાર

ધરાવતા હતા તેમ સાબેત થાય છે. અને તેથી તે મહાન પીરોની ઇસલામી શાન તથા સેવા માટીમાં મળી જાય છે.

જ્યારે એમ સિદ્ધ કરવામાં આવે છે કે, પીર સદરદીને ખોજાઓ માટે " ધોઆ " નામની બંદગી ઉપજાવી કાઢી, કે જે ધોવામાં હીન્દુ અવતારોની માન્યતાને કાયમ રાખી, તેજ અવતાર પ્રમાણેના હઝરત અલી અ૦ ને રજુ કર્યા છે. અને જે પ્રમાણેના હઝરત અલી અ૦ ને પેશ કર્યા છે તેજ પ્રમાણેના આગાખાનને જણાવ્યા છે. તો આથી એટલું તો સિદ્ધ થાય છે કે, પીર સદરદીને હીન્દુઓના દસ અવતારોને ખુદાના અવતારો કબુલ રાખ્યા છે અને તેને ખરા માન્યા છે. એટલે કે તેઓ પોતે એવું અવશ્ય માનતા હતા કે, તે અવતારો બરાબર ખુદા હતા. અને હઝરત અલી અ૦ પણ તે અવતારો જેવા એક અવતાર યાને ખુદાના અવતાર હતા. અને હઝરત અલી અ૦ એ વિષ્ણુંના અવતાર હતા એટલે કે હીન્દુઓ જેવા નવ અવતારને માને છે તેવાજ દસમા અવતાર હઝરત અલી અ૦ છે તેને પ્રથમના નવ સાથે મેળવી દસમા માનવા. આ ઉપરાંત હઝરત અલી અ૦ ને જેવી સ્થિતિમાં ગ્નાનોમાં રજુ કરવામાં આવ્યા છે તેવાજ તેઓ હતા એમ પીર સદરદીન જરૂર માનતા હતા અને મનાવવા માગતા હતા અને મનાવ્યા હતા તો આ ઉપરથી પીર સદરૂદીન ઇસલામમાં અવતારોની જે માન્યતા નથી તે માન્યતાને સત્ય માનતા હતા. અને ઇસલામથી ઉલટા વિચારને મનાવતા હતા.

વળી પીર સદરૂદીને પોતાના બોધેલા મુરીદોને બંદગી માટે વર્ણન કરવામાં આવેલી ધુવા નામની બંદગી કરવાને જણાવ્યું અને તે બંદગી ખુદ પોતેજ રચી આપી. તો તેથી એમ માની શકાય છે કે ઇસલામીઓની નમાઝને તો તેઓ નહીં માનતા હતા અને નહિ મનાવવા પ્રયાસ કરતા હતા. હવે જ્યારે પોતે નહિ માનતા હતા ત્યારે તે નહિજ પડતા હતા. અને જ્યારે તે નહિ માનતાં નહિ પડતા હતા તો જરૂર તેઓ પણ પોતાની રચેલી ધુવા પડતા હતા, પણ એમ તો નજ કહી શકાય કે પોતે તો નીમાઝ પડતા હતા અને પોતાના મુરીદોને તે નહિ પડવાનો ઉપદેશ કરી તેને બદલે ધુવા પડવાનું ફરમાવતા હતા. હવે જો પોતે નીમાઝ પડતા હોય તો, નીમાજમાં જે પ્રકારના ઇસલામના અકાયદો વર્ણવામાં આવ્યા છે તે તેમને ગ્રાહ્ય હતા અને તેથી તેમને તે અકાયદોથી ઉલટા અકાયદાની બંદગી કોઇને પણ કરવાને કહેવાનો હક નહિ હતો. અથવા તો તેમણે પોતાના આચાર વિચાર જુદા રાખી તે આચાર વિચારથી જુદા આચાર વિચાર પોતાના મુરીદોને શીખવાડયા. પોતે ખુદાને વાહદહુ લાશરીક માને અને મુરીદોને દસ અવતાર તથા અલી અલ્લાની માન્યતા શીખવાડે. પોતે કુરાનને માને અને મુરીદોને કુરાનને નહિ માનવાને સમજાવે. પોતે નીમાજ પડે અને મુરીદોને નીમાઝ નહિ પણ પોતે જુદીજ બંદગી ઓરીજીનલ ઉપજાવી કાઢીને પડવાને જણાવે. પોતે રોજા રાખે અને મુરીદોને તે નહિ રાખવાનું કહે. પોતે શરીયતને માને અને પોતાના

મુરીદોને શરીયત વિરૂદ્ધ ચાલવાનો ઉપદેશ કરે અને તેવા ઉપદેશને તરીકત, હકીકત તથા મારફતનું નામ આપે અને એકંદરે તેમના રચેલાં જે ગ્નાનો કહેવામાં આવ્યાં છે તેમાં તેમણે જે જે આચાર વિચાર રજુ કર્યા છે તેવા આચાર વિચાર ગ્રહણ કરવાને પોતાના મુરીદોને જણાવી ગયા છે તો આ ઉપરથી તેમની હકીકત હાથીના દાંત જેવી દેખાય છે. અને તેઓ ઇસલામથી ઉલટી રીતે ઉપદેશ આપી ગયા એમ પુરવાર થાય છે અને જો મી. વરતેજી તથા તેમની લેખક ટોળકીના કહેવા પ્રમાણે તેવાજ અકાયદો પીર સદરદીનના હતા તથા તેવાજ અકાયદો તેમણે પોતાના ખોજા મુરીદોને જણાવ્યા છે; બલ્કે ગ્રાહ્ય કરાવ્યા છે તો તેથી પીર સદરદીનની પીરાઇ ઉપર હર્ફ આવે છે અને તેમના વિષે જે પુજ્યભાવ અંતઃકરણમાં છે તેની ઇમારત એકદમ કડડભુસ થઇ જમીનદોસ્ત થઇ જાય છે; મતલબ કે પીર સદરૂદીનના આ નાદાન શિષ્યો પોતાના અધર્મીપણાને સિદ્ધ કરવા સાથે પોતાના પીરોને પણ તેવીજ હરોળમાં ગોઠવે છે અને તેમ કરી આ નાદાન શિષ્યો જે પોતાના પીરોની તરફદારીનો દમ ભરે છે તે દમમાં કેટલો વજુદ છે તથા તે દમ પીરોની કીર્તિ તથા ઇઝ્ઝતને કેવું કારી જખમ પહોંચાડે છે તે વાત સ્પષ્ટ થઇ શકે છે. અને તેથી પીર સદરદીનને ઉજાળનાર આ શિષ્યોને કઇ કોટીમાં રજુ કરવા તેનો નિર્ણય ખુદબખુદ બહુજ સહેલાઇથી થઇ જાય છે. અને સાથે સાથે તેઓ જે પીર સદરદીનની મુરીદીનો દાવો કરે છે તે દાવો કેટલી

સચ્ચાઈપર મંડાયલો છે તે પણ જણાઈ આવે છે. અને સાથે સાથે એ પ્રશ્નનો પણ ફડચો થઈ શકે છે. કે તેઓ પીર સદરદીનના મુરીદ કહેવાય કે નહિ ? અને તેમનો પીર સદરદીનના મુરીદ હોવાનો દાવો મેયારે હકીકતથી કેટલો વેગળો ખસી ગયો છે તે જણાઈ આવે છે.

હવે અમારો દાવો પણ પીર સદરદીનની મુરીદીનો છે. અમો પણ પોતાને ખરા દીલથી પીર સદરદીનના મુરીદ માનીએ છીએ અને તેમ માનતા એમ સમજીએ છીએ કે પીર સદરદીન ખુદાતાલાને વાહ-દહુ લાશરીક માનતા હતા. શીર્કને ધીક્કારતા હતા. અવતાર પરસ્તીને નહિ માનતા હતા. સઘળી મખલુકાતના ખુદાને ખુદા સમજતા હતા અને કુરાનમાં ખુદાતાલાની જે સીફાતો લખી છે તે પ્રમાણેનો ખુદા માનતા હતા. સાથેજ તેઓ કુરાને મજીદને માનતા હતા. તેની આજ્ઞાઓ પ્રમાણેજ પોતાના આચાર વિચારો ધરાવતા હતા. દરરોજ ખુદાની પાંચ વખત નીમાઝ પડતા હતા. રમઝાન માસના રોજા રાખતા હતા. તેમજ ઇસલામના બીજા જે જે અકાયદો કુરાન તથા હદીસ પ્રમાણેના છે તે માનતા હતા આવી રીતે તેઓ માનતા હતા એટલુંજ નહિ પણ બીજાને પણ તેવું માનવાનો ઉપદેશ કરતા હતા. ઉપદેશ કરતા હતા એટલુંજ નહિ પણ ઉપદેશ કરી ખોજાઓને તેનાપર વ્યવહારૂ અમલ કરતા બનાવ્યા હતા.

પીર સદરદીનના ખોજા મુરીદો પોતાનો મુળ હીન્દુ ધર્મ તજી ઇસલામમાં દાખલ થયા હતા. અને તે મુરીદો પણ પીરના ફરમાન

પ્રમાણે ઇસલામના આચાર વિચાર પ્રમાણેના આચાર વિચાર રાખતા હતા અને રાખતા આવ્યા છે તો આ બાબત ઉપરથી પીર સદરદીનને એ રીતે પીર માનનારા હોવાનું સિદ્ધ થયું. એક મુરીદ તો મી. વરતેજી અને બીજા મુરીદ તે અમો પોતે. હવે આ બે મુરીદોમાં કયો મુરીદ ખરેખર રીતે પીર સદર દીનનો ગણાઇ શકે અને ખરેખર રીતે સાબિત થઇ શકે તેનો ફડચો વાંચકવર્ગ બહુ સહેલાઇથી કરી શકે છે. અમો પીર સદરદીનના એવા મુરીદ નથી, કે જે એમ કહીએ કે અમારા પીર સદરદીને અમોને અવતાર પરસ્તીની તાલીમ આપી છે. અથવા તો અમોને કુરાનને નહિ માનવાનું નિમાઝને નહિ પડવાનું, રોજા નહિ રાખવાનું વીગેરે વિગેરે શીખવાડયું છે; બલ્કે અમારો તો એવો દાવો છે કે અમો જે પ્રમાણેના અમારા આચાર વિચાર જણાવીએ છીએ તે પ્રમાણેના આચાર વિચારનોજ અમને અમારા પીર સદરદીને ઉપદેશ કર્યો છે. તો હવે પીર સદરદીન કોના પીર? અમારા કે મી. વરતેજીના? અને જો તે પીર મી૦ વરતેજીના ઠરે તો તે પીરનો દરજ્જો કેવો સાબિત થાય અને જો અમારા ઠરે તો તેમનો દરજ્જો કેવો સાબિત થાય? જો તે પીર અમારા સાબિત થાય તો અમો કેવા મુરીદ કહેવાઇએ અને જો મી. વરતેજીના સાબિત થાય તો તે કેવા મુરીદ કહેવાય? વાંચક વર્ગને ફડચો આપવાનો અધિકાર છે અને તે જરૂર ફડચો આપશે.

# મી. વરતેજીની ચાલબાઝી.

મી. વરતેજીએ મહાત્મા મી. ગાંધી આગળ સભા વચ્ચે જણાવ્યું કેઃ—

" હિન્દુઓ અમને વટલેલા મુસલમાન ગણે છે અને
" મુસલમાનો પણ શરીયતના કાયદાઓ ઉપર અમને
" અમલ કરતા જોતા નથી; કારણકે અમો હકીકતી ઇસલા-
" મના સીંદ્ધાતો અમારા ગુરૂના બતાવવા મુજબ પાળીએ
" તેથી મુસલમાનો પણ અમારાથી ધાર્મિક મળતાપણું દેખા-
" ડતા નથી અને આ હીસાબે હીંદુ મુસલમાન બેઉ ધર્મના
" મતભેદથી નીરાળો...સતપંથ પાળનારા છીએ. "

મી. વરતેજીનો ઉપરનો ઇકરાર જોકે પુરેપુરો તેમના આચાર વિચારના દર્પણની ગરજ સારે તેવો છે; પણ અત્રે અમો માત્ર તેમણે પોતાના ઇકરારમાં જે એક ચાલબાઝી ઘુસાડી આપી છે તે સબંધે કાંઇક ખુલાસો કરવા માંગીએ છીએ. તે ચાલબાઝી તેમના એ ઇકરા-રથી સિદ્ધ કરવા માગીએ છીએ કે જેમાં તેમણે જણાવ્યું છે કે " અમો હકીકતી ઇસલામના સીદ્ધાંતો અમારા ગુરૂના બતાવવા મુજબ પાળીએ છીએ." એટલે કે તેઓ જે પ્રકારનો અને જેવા આ-ચાર વિચારનો હકીક્તી ધર્મ પાળે છે તે માત્ર પોતાના ગુરૂના બતા-વવા મુજબજ પાળે છે તો તે ગુરૂ કોણ અને તે ગુરૂએ કેવો હકી-કતી ધર્મ પાળવાને કહ્યું છે તે પ્રથમ જોવું જોઇએ.

જો ગુરૂથી તેમની મુરાદ પીર સદરદીન વીગેરે પીરોથી હોય તો તે પીરે જે પ્રકારનો ધર્મ બતાવ્યો છે તે પ્રકારના આચાર વિચારથી મી. વરતેજીના આચાર વિચાર નિરાળા છે મતલબ કે જો ગુરૂથી તેમની મુરાદ પીર સદરદીન વિગેરેથી હોયતો તે પીરના બતાવ્યા પ્રમાણેના તેઓ આચાર વિચાર ધરાવતા નથી હવે જો તેમની ગુરૂથી મુરાદ આગાખાન હોય તો તેમણે કેવા પ્રકારનો હકીકતી ધર્મ બતાવ્યો છે તે પ્રથમ જોવું જોઇએ.

મી. વરતેજી હકીકતી ધર્મ પોતાના ગુરૂના બતાવવા મુજબ પાળે છે તેમ તો જણાવે છે; પણ આગા સાહેબે તે ધર્મ તેવા આચાર વિચારવાળો ક્યારે જણાવ્યો છે તેનો કાંઇ ખુલાસો કરતા નથી. જ્યાં સુધી મી. વરતેજી પોતાનો હકીકતી ઇસલામ જે આચાર વિચાર વાળો હોવાનું જણાવે છે તેજ આચાર વિચારવાળો હકીકતી ઇસલામ છે તથા તેના તેજ અકાયદો છે એમ આગા સાહેબે બતાવ્યું છે એમ સિદ્ધ ન કરી બતાવે ત્યાં સુધી આગા સાહેબે તેવોજ હકીકતી ઇસલામ પાળવાને ફરમાવ્યું છે એમ અમો કે કોઇ માની શકશે નહિ. મી. વરતેજીની ફરજ હતી કે, આગા સાહેબનું રચેલું કોઇ એવું પુસ્તક રજુ કરતે કે જેમાં હકીકતી ઇસલામના પોતે આલ કર્યા છે તે આચાર વિચાર જણાવવામાં આવ્યા હોય. જ્યાં સુધી અમો જાણીએ છીએ ત્યાં સુધી કહી શકીએ છીએ કે મી. વરતેજી જે પ્રકારનો હકીકતી ઇસલામ માનવા લાગ્યા છે તેવો હકીકતી ઇસલામ માનવાને આગા

સાહેબે કોઇ પણ ઠેકાણે જણાવેલું નથી. આગા સાહેબે " ખોજા કોમના મઝહબના કેટલાક મુળતત્વો તથા ક્રીયા સબંધી નાનું પુસ્તક" છપાવ્યું છે તેમાં તો મી. વરતેજી જે પ્રકારના હકીકતી ઇસલામના આચાર વિચાર જણાવે છે તેનું નામો નિશાન નથી. આ સિવાય આગા સાહેબે પોતાના મુરીદો માટે કે ઇસલામ સમજાવવાને કોઇ ચોપડી બહાર પાડી નથી. પણ તેમના ભાષણો જે તેમણે જમાતખાનામાં કર્યાં છે તેની નોંધ તેમના કહેવાતા મુરીદ મી. હાશમ બોઘા માસ્તરે " બાહરે રેહમત " નામની ચોપડીમાં છાપા છે. આ ચોપડી પણ અમો પુરેપુરી વાંચી ગયા છીએ પરંતુ તેમાં પણ કોઈ ઠેકાણે મી. વરતેજી પોતાનો જે હકીકતી ઇસલામ જણાવે છે તેના આચાર વિચાર જણાવ્યા નથી. અને તેથી મી. વરતેજી હકીકતી ઇસલામના જે આચાર વિચાર પોતાના ગુરૂના બતાવવા મુજબના પાળવાનું કહે છે તે સિદ્ધ થતું નથી તેમ હકીકતી ઇસલામના તેવા આચાર વિચાર હોય તે પણ સાબીત થતું નથી અને એકંદરે મી. વરતેજીનું પોતાના ગુરૂના બતાવવા મુજબ હકીકત ઇસલામનું પાળવું જણાવવું એ બિન પાયાદાર જણાઇ આવે છે તેમણે હકીકતી ઇસલામના જે આચાર વિચારો રજુ કર્યાં છે તે પીરોના ગ્નાનથી, આગા સાહેબના પુસ્તકથી તથા તેમના ફરમાનોથી કાંઈ જુદાજ છે ચાને તેથી મી૦ વરતેજી કેવી રીતે એમ કહેવાની હીમ્મત કરી શકયા હશે કે, અમો અમારા ગુરૂના બતાવવા મુજબ હકીકતી ઇસલામને પાળીએ છીએ. હજુ પણ અમો મી૦

વરતેજીને ચેલેન્જ કરીએ છીએ કે તેઓ પોતે હકીકતી ઇસલામના જે આચાર વિચારો પાળે છે તથા જણાવે છે તે પોતાના ગુરૂના બતાવેલા છે એમ સાબિત કરી આપે અને જો તેઓ તેમ સાબીત કરી આપે તો અમો પાનસો રૂપીઆ ઇનામના આપવાને તૈયાર છીએ. તેઓ જો સાબીત કરવાનું બીડું ઝડપે તો તરતજ અમો તે ઇનામની રકમ કોઇ સારા સદ્ધર વેપારીને ત્યાં રાખી આપીએ અને તે સાબીત કરવાને જે કમીટિ નીમવામાં આવે તે કમીટિ જો મી૦ વરતેજીની તરફેણનો ફેસલો આપે તો તે રકમ તેમને આપી દેવાને તે કમીટિને અધિકાર આપીએ; પણ નતો વરતેજી સાબીત કરવા કે નતો ઇનામ ખાટી જવાને પ્રયાશ કરશે અને જો તેમજ થાય તો આ બધી ઉહાપોહ કોઇ જુદાજ હેતુને માટે છે એમ સો કોઇ જાણી જશે.

## મી૦ વરતેજીની બાવળે બાથ.

મી. વરતેજી પોતાની વિદ્વતા બતાવતાં લખે છે કેઃ—

" પાંચ વખતની નમાઝ તે ત્રણ વખતમાં પુરી કરવી. આવી
" આવી વાતો લખી સુન્ની મુસલમાન ભાઇઓના અકાયદને
" તોડી પાડવા જેવું છે."

મી. વરતેજી ! કોઇ સારા સારા યુનાની હકીમ પાસે જઇ મગજને તાકાત આપનારી દવા ખાઓ, કે જેથી તમારૂં ખસી ગએલું ભેજું ઠેકાણે આવે. તમારા પોતાના અકાયદો તુટી ગયા તેને તો ટાંકા

આરો, પછીથી સુની મુસલમાનોના અકાયદને તુટી પડતા બચાવવા જજો. પાંચ વખતની નમાઝ ત્રણ વખતમાં પુરી કરવી, તે પણ તમારૂં ભેજું હરીના માંડવાની ડાળે બેઠું હોવાથી સમજી શક્યા નથી. આટલું પણ નથી સમજી શકતા તો, જરા ઉમરખાડી પર જઈ જનાબ મુલ્લાં મોહંમદ બાકર સાહેબને પુછી આવવું હતું, તો તેઓ તે વાત તમારે ગળે ગટ દઈને ઉતારી દે તે. તો પણ જ્યારે તમો હરીના માંડવામાં બેસી જાપ જપવાથી ફુરસદજ મેળવતા નથી ત્યારે લાચારીથી અમારે તેની સમજુતી તમોને આપવી પડે છે.

પાંચ વખતમાં પેહલી નમાઝ સુબોહ સાદકની છે તેનો વખત સુબોહ સાદકથી લઇ સૂર્ય ઉદય થતાં પહેલાં સુધીનો છે. બીજી નમાઝ તે ઝોહોરની છે જેનો વખત બપોર પછી સૂર્ય ઢળવા લાગ્યો ત્યારથી શરૂ થાય છે અને ઝોહોરની નમાઝ ફઝીલતના વખતપર પડી લીધા બાદ અસરની નમાઝનો વખત થાય છે. આ રીતે ઝોહોર પડી લીધા પછી અસરની નમાઝ પડી શકાય છે અને તેને જમી બૈનુસ સલાત કહે છે. મગરીબનો વખત સૂર્ય અસ્ત થયા બાદ હુમરતે શેફૂક ઝાયલ થઇ ગયા બાદ શરૂ થાય છે અને તે નમાઝ ફઝીલતના વખતે પડી લીધા બાદ તુરતજ ઇશાની નમાઝનો વખત શરૂ થઇ જાય છે. આ રીતે મગરીબની નમાઝ પડી લીધા પછી ઇશાની નમાઝ પડી શકાય છે તેમાં નમાઝ તો પાંચ વખતનીજ થઇ, પણ ખાસ અવકાશ ત્રણ વખતનો ગણાયો. આવી રીતે દુનિયા પરના સાત કરોડ લોકો નમાઝ

પડે છે. તમો જ્યારે થોડા વર્ષ પહેલાં પોતાને ચુસ્ત ઇસ્નાઅશરી હોવાનું જણાવો છો, પણ અફસોસની વાત છે કે, પાંચ વખતની નમાઝના ટાઇમ તથા જમી બૈનુસ સલાત વિષે પણ અજાણ્યા છો. પણ કદાચ ઇસ્નાઅશરી મઝહબમાં હશો ત્યારે નમાઝ પડવા માટે કે મસલા મસાએલ જાણવા માટે અવકાશ નહિ મળ્યો હોય તેથી આજે અમારે તે બતાવવાની જરૂર પડી ત્યારે હવે તો જરૂર સમજી ગયા હશો.

શીઆ મઝહબના લોકો પાંચ વખતની નમાઝ ત્રણ વખતમાં પડે, તે તો તમારી ઇસ્માઇલી પારટીના પીરો તથા મુરીદો હમણાં થોડા વર્ષ પહેલાં સુધી પડતા આવ્યા છે. મુંબઇના બારભાયા ખોજાઓએ જ્યારે આગાશાહ હસનઅલી તથા તેમના વડા મુરીદો ઉપર ઈ. સ. ૧૮૬૬માં મુંબઇની હાઇકોર્ટમાં કેસ માંડયો, તે કેસમાં આગા સાહેબની પારટી તરફથી ખુલ્લી રીતે જણાવી આપવામાં આવ્યું હતું કે. અમો પાંચ વખતની નમાઝ ત્રણ વખતમાં પડીએ છીએ. અને નીમાઝના દરેક સીજદામાં કપાળ નીચે ખાકેશફાની મહોર રાખીએ છીએ અને હાથ ખુલ્લા રાખીને નમાઝ ગુઝારીએ છીએ. તો આગાશાહ હસનઅલી તથા સઘળા ખોજાઓ પાંચ વખતની નમાઝ ત્રણ વખતમાં પડતા ત્યારે તો સુન્ની બાઇઓના અકાયદો તુટી જતાં, તેને ટાંકા મારવાને તમે ખડા ન થયા અને આજે જયારે તમારી પારટીએ પાંચે વખતની નમાઝને પડવીજ તજી આપી ત્યારે સુન્ની બાઇઓ તરફની લાગણી ઉભરી આવી!

વહાલા બીરાદર! તમારૂં દુખે છે તો પેટ અને કુટો છો માથું! શીઆ લોકો પાંચ વખતની નમાઝ ત્રણ વખતમાં આજ તેરસો વરસ થયા પડતા આવ્યા છે, પડે છે અને પડવાના, તેમાં સુન્ની મુસલમાનોના અકાયદો તે કેવી રીતે તુટી જવાના હતા? આજ તેરસો વરસ થયા જે અકાયદો ન તુટયા તે હવે આજે તુટી જવાના હતા કે? જો શીઆ લોકો પાંચ વખતની નીમાઝ ત્રણ વખતમાં પડે તેથીજ સુન્ની મુસલમાનોના અકાયદો તુટી જતા હોય તો, તેથી એ વાત બહુજ સફાઈથી સિદ્ધ થાય છે કે જે પોતાને મુસલમાન કહેવા છતાં એક પણ વખતની નમાઝ ન પડે તેનાથી તો જરૂર તુટી જવા જોઇએ.

વ્હાલા બીરાદર! આમ બીતડાં ભરવાથી કાંઈ સુન્ની મુસલમાનો ઇસમાઇલી થઇ જવાના નથી. તેઓ તો શરીયતે ઇસલામ પ્રમાણે ચાલનારા છે તે તમારા બાતીન્યા તથા ગુલ્લાતપણાના વિચારને કેવી રીતે માનવાના? જરા ઇચ્છા હોય તો કોઇ સુન્ની મુસલમાનને ઇસમાઇલી કરવાનો અખતરો કરી તો જુઓ કે, તે તમારા વિચારોની કેવી હાજરી લે છે. હાજી બીબી તથા તુરબાઇવાળા કેસોમાં બંધ બારણે સાક્ષીઓ લેવડાવવાની જરૂર પડી હતી તે વાત તમો હરીના જાપમાં ગુથાતાં ભુલી ગયા લાગો છો.

ઉક્ત ફકરો લખવાથી તમારી નેમ કાંઇક મલિન હોવાનું જણાઈ આવે છે પણ તે મલીન ઇચ્છા પાર પાડવા જતાં રખેને તમોજ તે

મુજબના ભોગ ન થઇ પડો એ ભુલી જતા નહિ. શીઆ તથા સુન્ની-ઓનો ચોલી દામનનો સાથ છે. ખીલાફતના બારામાં મતભેદ સિવાય તેમના વચ્ચે વધારે ભેદ નથી. તેમનું કુરાન તથા કીબ્લો એકજ છે. તમને ખુદા હજ નસીબ કરે તો, તમો ખાને કાબામાં જોઇ શકશો કે, શીઆ તથા સુન્ની એક સાથે જોડાઇ હજના અરકાનો અદા કરે છે; પણ શું તમો કોઇ પણ સુન્ની સાથે દસ અવતાર કે ધ્રુવાની ક્રીયા કરી શકશો? માટે વહાલા બીરાદર! આવા આવા ફંદો છોડી આપો અને અમો જે વાતના ખુલાસા દલીલપૂર્વકના પુછીએ છીએ તેને વિવેક તથા સભ્યતાથી આપી શકતા હોતો આપો; નહિતર હરીના માંડવામાં બેઠાબેઠા જાપ જપ્યા કરો તો વધુ બેહતર છે.

## અંત્યજોદ્ધારમાં અમારો હાથ.

"દાવેત ઇમાન" ના વાંચનથી વાચક વર્ગને ખાત્રી થઈ જવા પામી છે કે અમારા માનવંતા મિત્ર મી૦ વરતેજી અમારા લખાણનો કશો પણ જવાબ આપી શકવાની શકિત ધરાવતા નથી અને કશાપણ લખાણનો જવાબ પણ આપતા નથી પણ ડુબતો જેમ તણખ-લાનોઆશરો લેવાને વલખાં મારે છે તેમ આડી અવળી બાન જરૂરની દમ વિનાની ચીથરેહાલ વાતો લાવી ધર્માન્ધ વર્ગ આગળ ડંફાસ મારે છે જરા વિચાર તો કરો કે, શીઆ પંથના સાત કરોડ મુસલમાનો પાંચ વખતની નમાઝ ત્રણ વખત (બે વખત પ્રથમના વખત જોડે જોડા-

ચલા હોતાં )માં પડે તેમાં સુન્ની મુસલમાનોના અકાયદો તુટી જવાની વાત લખવાની જરૂર શી હતી? શરીયતે ઇસ્લામને નાળીએર ઉપરનાં છાલાં તથા કાચલી જણાવી તેને દુર કરવાનું લખવાની શી જરૂર હતી ? જ્યારે પીર સદરદીન પહેલાં પણ ઇસમાઇલીઓ હતા ત્યારે નવા ઇસમાઇલીઓ માટે પીર સદરદીને હીન્દુ અકાયદો મિશ્રિત ધુવા રચવાની શી જરૂર હતી ? જે જગોપર હીન્દુ મિશ્ર ઇસ્લામી ક્રીયાઓ કરવામાં આવે તેને મસજીદ જણાવવાની તેમને શી જરૂર હતી ? ધુવામાં દશ અવતાર તથા ઇનસાન પરસ્તીની બાબતો લખોલખ ભરી છે છતાં તેને ખુદાએ વાહેદની બંદગી જણાવવાની તેમને શી જરૂર હતી ? મસજીદની ફઝીલતને સાચા બોલવાનું જણાવી ઉતારી પાડવાથી શી જરૂર હતી ? અમો આજથી વીશ વર્ષ પહેલાં ગાયકવાડ સરકાર તરફથી ઢેડા લોકોને ભણાવવાવી સ્કુલમાં રૂા. ૧૫ ) થી નોકર હતા તેવી હકીકતને જણાવવાની તેમની શી મુરાદ હતી ? મતલબકે આવી આવી બાબતો લખી ધર્માન્ધ લોકોનું ધ્યાન મુળ બાબતથી ખસેડી બીજી બાજુએ દોરવી જઇ ભાનમતિનું કાર્ય બજાવે છે આવી બાબતોથી તેમનો ઇરાદો અમારી હતકનો હોય એમ સ્પષ્ટ સમજી શકાય છે; પરંતુ ખુદાના લાખ લાખ શુકરાના છે કે અમારી હતક કરવાના પ્રયાસમાં તેઓ તદન નિષ્ફળ નીવડયા છે.

અમો વડોદરા રાજ્ય કે જે ગાયકવાડી રાજ્યના નામથી પણ ઓળખાય છે તેની રૈયતમાં છીએ. આ વડોદરા રાજ્ય હીન્દુસ્તાનમાં

મોટામાં મોટું દેશી રાજ્ય છે. તેના હાલના મહારાજા શ્રીમંત સર સયાજીરાવ સેનાખાસખેલ શમશેર બહાદુર ફરઝંદે ખાસ દૌલતે ઇંગ્લિસ્યા એવા તો કેળવણી તથા સુધારાના હિમાયતી છે કે, જેની બરોબરી હીન્દુસ્તાનમાં તો શું પણ યુરોપમાં પણ મળી શકતી નથી. તેઓ શ્રીએ રાજ્યની લગામ હાથમાં લીધા પછી રાજ્યમાં જે જે સુધારાઓ દાખલ કર્યા છે તેની નઝીર કોઇપણ દેશીરાજ્ય કે ખુદ બ્રીટીશ હકુમતમાં પણ મળી શકતી નથી. કેળવણી તો લગભગ ૩૦ વર્ષ થયા શરૂઆત કરી નાંખી છે. જેના પ્રતાપે ઢેડ ભંગી જેવી હલકી ગણાતી કોમ પણ કેળવણીમાં આગળ વધતી ચાલી છે અને રાજ્યમાં સુધારા તથા આગળ વધવાની ચળવળ ઉભરી આવી છે આ બાબતની ખાત્રી વર્તમાનપત્ર વાંચનારાઓથી અજાણી નથી.

હિંદુસ્તાનના સઘળા વિભાગોમાં ઢેડ યાને મેઘવાળ નામે એક જ્ઞાતિ મોટા પ્રમાણમાં વસે છે કે, જેની લંબાણ માહિતિ બીજા ખંડમાં અમો આપી ગયા છીએ. આ જ્ઞાતિને જ્યારે અમારા પ્રતાપિ મહારાજા સાહેબે કેળવણી આપવાને તથા તેને પડતીના ખાડામાંથી બહાર ખેંચી કાઢવાને ઇચ્છયું ત્યારે રાજ્યના સઘળા કેળવણી ખાતાના હીન્દુ શિક્ષકોએ આભડછેટનો પ્રશ્ન લાવી ચોખી ના પાડી આપી; કેમકે હીન્દુઓ તેને અટકવાથી અભડાઇ જતા હતા. પણ શ્રીમંત મહારાજા સાહેબ આવી મુસ્કેલીથી કાંઇ પોતાનો સ્તુત્ય પ્રયાસ ઢીલો કરે તેમ નહિ હતા. તેથી તેઓ શ્રીના હેતુને પાર પાડવાને રાજ્યના કેટલાક મુસલમાન શિક્ષકોએ

ઇચ્છા બતાવી. આ ઉપરથી જ્યાં જ્યાં મેઘવાળોની વસ્તી હતી ત્યાં ત્યાં તેમના માટે પ્રાથમીક સ્કુલો ખોલી આપી તેમાં શિક્ષણ આપવાને મુસલમાન શિક્ષકો નીમી આપ્યા. આવા મુસલમાન શિક્ષકો કે જેમાં સૈયદો, પઠાણો વીગેરે પણ મોટા પ્રમાણમાં હતા. આવા મુસલમાન શિક્ષકોમાં અમો પણ એક હતા.

અમારા મુસલમીન શિક્ષકમંડળના કારણે મેઘવાળ કોમ કે જે હીન્દુઓ આભડછેટપણું ન તજે ત્યાં સુધી કદી પણ કેળવણી પામી શકે તેમ નહિ હતી તે કેળવણી લેતી થઇ અને તેમાં આગળ વધવા માંડી. અમારા તેવા કેળવણીના પ્રયાસથી આજે તે કોમ કેળવણીમાં એટલીતો આગળ વધી છે કે, પ્રાથમિક કેળવણીના ડીગ્રી મેળવેલા તેમાં હજારો લોકો તૈયાર થઈ ગયા છે. અને હવે તેઓએ શિક્ષકો થઇ પોતાની કોમને કેળવણી આપવાનું કાર્ય પોતાને માથે ઉપાડી લીધું છે. આજે તેઓ શિક્ષકો, સુપરવાઇઝરો, તથા ડેપ્યુટીઓ વીગેરેના હોદ્દાપર બીરાજે છે. રાજ્યની ધારાસભામાં પણ એક એમ. એ. થયેલા મેઘવાળને બેઠક આપવામાં આવી હતી.

મેઘવાળોમાં કેળવણીનો પ્રચાર વધતાં તેઓ હીન્દુ તથા મુસલમાનોની જેમ સુધારા વધારામાં આગળ વધવાનો પ્રયાસ કરે છે. વાર્ષિક કોનફરન્સો ભરે છે અને પોતાના હકોની માગણીઓ કરે છે. ધંધા રોજગાર તથા આચાર વિચારમાં ફેરફાર કરે છે. સ્વચ્છતામાં એવા તો સુઘડ બને છે કે જેની સ્વચ્છતા જોઇ ઘણા હીન્દુઓ શર-

માય છે. આ લોકો વર્તમાનપત્રો લાયબ્રેરીઓમાં જઈ વાંચે છે. અમારા પ્રયાસનુંજ એ પરિણામ આવ્યું છે કે અત્રે તેમના માટેની લાયબ્રેરી ખોલી આપવામાં આવી છે જેનો તેઓ સારો લાભ લે છે.

ઉપર પ્રમાણે ઢેડા ઉપર અમારા મુસલમિન શિક્ષક મંડળે ઉપકારો કરેલા છે અને એક એવી કોમ કે જે જમાના થયા અધોગતિમાં સપડાતી તથા રીબાતી આવી છે તેનો ઉદ્ધાર કરવાને અમોએ જે પ્રયાસ કર્યો છે તે તે કોમના જીગરોથી કદી નષ્ટ થશે નહિ. જે સમયે હીન્દુઓ તેમની સાથે લેશ માત્ર ભેળાતા નહિ. તેવા તેમના માટેના દયાજનક સમયમાં અમોએ તેમને કેળવણી આપી છે, કે જેનું બહુજ ઉમદા પરિણામ આવ્યું છે આ કામ હવે જેટલા પ્રમાણમાં આગળ વધશે તેની વેલદાગ અમારા હાથે લગાડવામાં આવી છે અને અમોએ જે ખંત તથા લાગણીથી તેમને કેળવવા તથા સુધારવાનું કાર્ય કરી બતાવ્યું છે તેના માટે ખુદ અમારૂં અંતઃકરણ અમોને ધન્યવાદ આપી રહ્યું છે.

અમોએ શિક્ષક લાઈનમાં જેટલા વર્ષ સર્વિસ કીધી, તેમાંના કેટલાક વર્ષો ઉરદુ શાળામાં અને કેટલાક વર્ષો અંત્યજ શાળામાં પસાર થયા હતાં. અંત્યજ શાળામાં માત્ર અમો અંત્યજો (મેઘવાળો) ને માત્ર શાળાનું શિક્ષણ આપીનેજ સંતોષ નહિ પામતા હતા, પરંતુ તેમના આચાર વિચારો દુરસ્ત કરવાને પણ પ્રયાસ કરતા હતા. તેમના ધર્મને લગતા અધોગતિએ જઈ પહોંચેલા વિચારો, તેમની સામાજીક પાયમાલી

તથા તેમણે કેવા કેવા પ્રયાસો કરી પોતે તથા પોતાની કોમને આગળ વધારવી જોઇએ તેનો ઉપદેશ લાગતા વળગતાને આપે જતા હતા. અમારા હાથ નીચે ભણેલા તથા હાથ નીચે સર્વિસ કરતા અમારા શિષ્યો ઉપર અમારા ઉપદેશનો ઘણો સારો અસર થયો જોઇ અમારા પ્રયાસ પ્રત્યે અમોને ઘણોજ સંતોષ થાય છે. આજે અમારા તે શિષ્યોઃ કેટલીક અંત્યજ શાળામાં હેડમાસ્તરો તથા આસિસ્ટંટોની પદવી પર બીરાજે છે કેટલાકો સર્વંટ ઓફ ઇન્ડીઆ સોસાઇટીમાં ઇન્સ્પેકટર તથા બીજા અધિકારોપર ગોઠવાયા છે.

એક તરફથી મી. વરતેજી ઢેડાઓને ખોજા બનાવવાને પ્રયાસ કરે છે અને બીજી તરફથી અમો ઢેડાંને ભણાવતા હતા તેવું જણાવી અમારી હતક કરવા માગે છે; પણ ખુદાના બંદાઓ અને તે પણ એવા કે જેવા ઉપર વર્ણવી બતાવ્યા તેવાઓને કેળવણી આપી સુધારવા અમોએ વ્યવહારૂ કોશીશ કીધી તેમાં અમારી હતક કેવી રીતે થઈ જાય તેની અમોને કાંઇ સુઝ પડતી નથી. જો અમારી તેથી હતક થઇ જતી હોય તો તેવા સેંકડો ખુદાના બંદાઓને અમોએ કેળવણી દીધી તેના મુકાબલામાં અમોને તે બસરો ચસ્મ વબીલરાસવલ એન કબુલ છે.

વહાલા બેરાદર ! અમારા તે અંત્યજ શિષ્યોના પરિચયમાં તમો આવી ચુકયા છો મુંબઇમાંજ સર્વન્ટ ઑફ ઇન્ડીઆ સોસાઇટી

તથા મ્યુનીસિપાલિટિની સ્કુલોમાં તેમની મુબારક હાજરી તમો દરરોજ નિહાળો છો. મુંબઇના ઢેડાંઓને ખોજા બનાવવાના પ્રયાસમાં તમો તેમની મદદની તેમનાથી વારંવાર માગણી કરો છો. અને તમોને ખાત્રી પણ થઈ ગઇ છે કે, જ્યાં સુધી તેઓ તમારી મદદ ન કરે ત્યાં સુધી તમો ઢેડાંઓને ખોજા બનાવી પોતામાં ભેળવી લેવામાં ફળીભુત થઈ શકો તેમ નથી. તેઓ તમારા કરતાં પણ વધુ કેળવાયલા છે. કોમ તથા ધર્મ સબંધે તમારા કરતાં પણ ઉંડા તથા બારીક વિચારો તેઓ કરી શકે છે. દેશના નેતા ગણાતા વીરનરોના સહવાસમાં તેઓ આવેલા છે. તેઓએ પોતાના સાંકડા વિચારો તજી તમારા માટે પણ એક, દ્રષ્ટાન્ત ખડું કર્યું છે. તેઓ પોતાની કોમની ઉન્નતિ માટે તનતોડ પ્રયાસ કરે છે. માટે જો તમારે તમારા ઢેડાંઓને ખોજા બનાવી પોતામાં મેળવી લેવાનો પ્રયાસ ફળીભુત બનાવવો હોય તો, તેમની મદદ લેવાનું ચુકશો નહિં. જો તમારી માગણી હશે તો, અમો પણ તમારા પ્રયાસમાં તેમને મદદ આપવાને ભલામણ કરીશું; પરંતુ યાદ રાખજો કે તેમની સાથે ભલમનસાઈરહિતનું ધોરણ અખત્યાર કરશો નહિ. તેમની હસ્તીને આવકારદાયક સમજો. જો તમારો પ્રયાસ ફળીભુત થશે તો તેમની સહાયતાથીજ થશે. અમોએ અમારા તે શિષ્યોને જે પ્રકારની તાલીમ આપી છે તેથી અમોને ઉપર પ્રમાણેની સૂચના આપવી વ્યાજબી લાગેલી છે.

એક તરફ અમો ઢેડાંને ભણાવતા હતા તેનું તાણું મારો છો જ્યારે

બીજી તરફ ખુદ ઢેડાંને ખોજા બનાવી પોતામાં ભેળવી લેવા તથા તેમની સાથે દરેક રીતે ખોજા જેઓ સબંધ ચાલુ કરવાની તજવીજ કરો છો. તો બીરાદર! અમોને તેવું તાણું ન મારો તો તમોને શું થાય? ઢેડ હોય કે ખોજા હોય, જે હોય તે હોય, ઇનસાન હોય, તે હઝરતે આદમ અલેહિસસલામની ઓલાદ છે. તેમને કોઇને હલકા ન સમઝો. અજ્ઞાનોને કેળવણી આપવી એ ઘણુંજ પવિત્ર કાર્ય છે તેને મેણું મારી ખુશી ન થાઓ; બલ્કે બની શકે તો તેવા પછાત વર્ગને કેળવણી આપી આગળ વધારવાનો પ્રયત્ન કરો. અમો તો એમજ ઇચ્છીએ છીએ કે, તમારો ઢેડાંઓને ખોજા બનાવી લેવા નો પ્રયાસ ફળીભુત થાય. અને ઢેડાંઓ ખોજા બની તમારી સાથે ભેળાઇ જાય. જ્યારે તમો આ કામ કરી ચુકશો ત્યારે અમો પણ તૈયાર માલ ઉડાવવાને જરૂર આવીશું અને તમારો ફુટી ફુટીને ઉપકાર માનીશું પણ જો જો પ્રયાસને ઢીલો નાંખી અમારા ભવિષ્યના તર નીવાલાને ઉડાવી દેતા નહિ.

## અમો આગાખાનના વિરોધી નથી.

મી. વરતેજીને દુખે છે પેટમાં, ને કુટે છે માથું. પોતાનું લખાણ પ્રસિલાભ તેમજ બુદ્ધિથી નિરાળું અને માત્ર ભોળા લોકોનેજ ભરમાવવાનું હોતાં, તેઓ અમારાં લખાણોના જવાબો તો આપી શકતાજ નથી. તેમના એકંદર લખાણથી વાંચક વર્ગને તે બાબતની પરિપૂર્ણ

ખાત્રી થઈ ગઇ હશે. હવે જ્યારે તેઓ દલીલસરના જવાબો આપવામાં નિષ્ફળ નિવડે છે ત્યારે માત્ર અમોને બદનામ કરવામાં તલ્લીન થઇ, તેમાં મોજ મેળવે છે અને અમોને નામદાર આગાખાનના વિરોધી તરીકે જણાવી આપે છે. આમ કરવાનો તેમનો ઉપરનો હેતુ હોવા ઉપરાંત ભોળા લોકો અમારૂં કોઇ લખાણ વાંચે નહિ તેમ કરવાનો પણ છે, કેમકે કેટલાક તેમના જેવાજ સ્વાર્થી લોકોએ અમારાં પુસ્તકો પ્રત્યે પોતાના મેંદાઓમાં અભાવ ઉતપંન કરવા માંડયો છે અને જણાવી આપ્યું છે કે કોઇએ મી. કાબાના પુસ્તકો વાંચવાં નહિ. જો તેવા સ્વાર્થીઓ કોઈ મેંદા અથવા તો પોતાના ટોળાંના કોઇના હાથમાં અમારૂં પુસ્તક જુએ છે તો બહુજ નારાજી બતાવે છે અને કહે છે તે તો ફરી ગએલનું પુસ્તક છે. આપણને તે વાંચવાની રજા નથી.

મી. વરતેજી હેતુના પૃષ્ટ ૫ ઉપર લખે છે કેઃ—

" મી કાબા ના. આગાખાન માટે વિરોધ લખી તેનો જે ગેર
" લાભ લે છે, તે ના. આગાખાનને બ્રિટીશ ગવરમેંટને વફાદાર
" હોવાથી તેમની વફાદારીની શાન વિરૂદ્ધ રાજદ્વારી બેવફાઇની
" લાગણી બતાવે છે, એમ અમો સમજીએ છીએ. "

અમોને આગાખાન માટે વિરોધ લખનારા ગણવા એ અમારા માટે અસલ ગેર - ઇનસાફ છે. નતો અમો પ્રથમ આગાખાનનો વિરોધ લખતા હતા ન તો હમણા લખીએ છીએ. બલ્કે પ્રથમ અમો આગાખાનની તરફેણમાં લખતા હતા અને આજે પણ લખીએ છીએ.

આગાખાન માટે વિરોધ લખનાર ટાઈટલ એ મી. વસ્તેજી જેવાનું કપોળ કલ્પિત છે. જે માત્ર તેમના સ્વાર્થીપણાનું પરિણામ છે.

વાંચક વર્ગ સારી પેઠે જાણે છે કે, ખોજા કોમમાં જો કોઈએ પણ આગાખાનની હીમાયત તથા તરફદારી કીધી હોય, તો તે અમો પોતે એકલાજ છીએ. જે સમયે તેમના હલવા માંડા ઉડાવનારાઓ તરનીવાલા ઉડાવવામાં મસ્ત બની બેઠા હતા. તે સમયે આગાખાન ઉપર થતા નિર્દય પ્રહારો સામે અમોએજ કલમ ઉપાડી હતી. મી. રાધા કૃષ્ણ પીશોરી જેવાના હડહડતા અપમાન ભર્યા લખાણોના પહેલ પહેલાં ઘણીજ દીદા દીલેરીથી અમોએ જવાબો આપ્યા છે અને લગભગ બે હજાર રૂપીઆ જેટલી રકમ તેમાં ખરચી છે. જે રકમ ખરચી છે તેના મુળગાં નાણાં પણ હજુ સુધી અમોને મળી શક્યાં નથી.

મી. રાધા કૃષ્ણના પ્રથમ પુસ્તકો વાંચી અમો તેને મોટા પહાડ સમાન સમજી ગયા હતા. કેમકે આગાખાન સામે વિરૂદ્ધ લખવું એ કાંઈ સ્હેલ કામ નહિ હતું. જીવ સટોસટનો મામલો હતો, આ ઉપરથી અમો મી. રાધાકૃષ્ણને જોવાને તલ્પી રહ્યા હતા. આ હકીકત છાપામાં વાંચી અમો મુંબઈ ગયા. મી. રાધાકૃષ્ણને પંજાબ અમૃતસર હોટેલમાં મળતાં અમો જોઈ શક્યા કે, તેઓ માત્ર એક સીપાહિયાના હેસીયતના માણસ છે. તેમને જે કેટલાકો પંડીત કહે છે તે તદ્દન જુઠું છે. તેઓ બાપડા સંસ્કૃત તો જાણતાજ નથી. કોઈ પણ ધર્મને લગતું જ્ઞાન તેઓ સારૂં ધરાવતા નથી.

તેમની વાર્તાથી અમો જોઈ શક્યા કે, તેઓ એક હડહડતા આર્યસમાજી છે અને માત્ર બદઝબાનીના ઘોડાને દોડાવી મેદાન જીતી લેવા માગે છે. તેમણે મુંબઈની આર્યસમાજમાં બે ભાષણો આપ્યાં, જે વખતે અમો પોતે હાજર હતા, તેમણે આગાખાન પંથની જે અળખામણી રેખા તે ભાષણમાં દોરી હતી તે સાંભળી અમોને ભારે ખીજવાટ થયો હતો. અને છે. સભામાંજ તેમનો તેવા અપરિમિત ભાષણનો જવાબ આપવાને અમો ઉભા થતા લાચારીથી અટકાવાયા હતા. અમારા એક મિત્રે કહ્યું કે, અત્રેના કેટલાક ઝનુની મેંદાભાઈઓ તમારાથી નારાજ છે અને જો તમો સભામાં જાહેર થશો તો તમને જરૂર તેઓ અડચણ કરશે. માટે મી. રાધાકૃષ્ણના ભાષણનો જવાબ આપવાને આ પ્રસંગ શ્રેયસ્કર નથી. તેથી અમો ઝેરનો ઘૂંટ પીને બેશી ગયા હતા. અંજુમન ઝીયાઉલ ઇસિલામમાં જે સભા મી. રાધાકૃષ્ણના ભાષણનો જવાબ આપવાને મળી હતી; તેમાં જવાને પણ અમો નીકળી ચુકયા હતા. પણ ત્યાં જતા પણ અમોને અમારા એક મિત્રે અટકાવ્યા હતા. આ અંજુમનમાં મી. રાધાકૃષ્ણના રદમાં જવાબ આપવાને અમોએ એક લંબાણ મુસદ્દો પણ કરી રાખ્યો હતો.

આ બનાવ પછી જ્યારે મી. રાધાકૃષ્ણના " પચીસ સવાલો " " ખુલ્લી ચીઠી " તથા " આગાખાની ખુદાઇ " ના પુસ્તકો અમારાં વાંચવામાં આવ્યા ત્યારે અમો તેની બદઝબાનીના ઘોડાને બિન લુગામનો જોઈ પોતાની ધીરજ ગુમાવી બેઠા અને તેના તેવા બદઝબાની ભર્યા

લખાણોના જવાબો લખવાને ટેબલ પર બેશી ગયા. મહિનાઓ સુધી તરજુમો કરવા તથા જવાબો લખવામાં રોકાઇ, તે ત્રણે પુસ્તકોના જવાબો લખી કાઢયા અને છપાવીને પબ્લીકમાં છુટથી વહેંચ્યા અને તેમાની લગભગ ૪૦૦ નકલો તો ફ્રી તરીકે ઘરનો પોસ્ટેજ ચાર્જ ખરચીને પણ ફેલાવી અને મી૦ રાધાકૃષ્ણને પણ મોકલવામાં આવી. અને અમો જોઈ શકયા કે ત્યાર પછી મી. રાધાકૃષ્ણ ગુમસુમ થઈ ગયા.

જ્યારે અમોએ ઉપર પ્રમાણે મી, રાધાકૃષ્ણના લખાણોના જવાબો આપ્યા ત્યારે અમારા મી. વરતેજી ખુદા જાણે કયા માંડવામાં બેશી હરીના ખવાસની માળા જપતા હતા. અને મી. ચુનારા પણ કોણ જાણે કયાં ચુના ભઠ્ઠીમાં બેશી ચુનો પકાવતા હતા. બધા ખ્વાબે ગફલતમાં ઘોરાતા પડયા હતા, છતાં આજે તેઓ અમોને આગાખાનની વિરોધ લખનારા કહેવા નીકળ્યા છે એ આ વીસમી સદીનું નવું કૌતક નહિ તો બીજું શું કહેવાય? જો તેઓ ખરા સતપંથી હતે તો શા મારે માંડવામાં હરીના ખવાસની માળા જપવામાં તલ્લીન થઇ જતે. તાઅજ્જુબની વાત છે કે આજે તેવા ભગોડાઓ આગાખાનના હિમાયતી થવાને નીકળ્યા છે અને અમોએ જે આગાખાનથી હિમાયત કરવામાં અખંડ પ્રયાસ ચાલુ રાખ્યો છે તેને તેના વિરોધ લખનાર કહેવાને નીકળ્યા છે.

ઉપરાંત અમોએ એક પણ લખાણ આજદીન સુધીમાં એવું નથી

લખ્યું કે જેમાં આગાખાનની વિરૂદ્ધતા કરવામાં આવી હોય. બલ્કે સઘળા લખાણોમાં આગાખાનની હિમાયતજ કરવામાં આવી છે. અમારા કેટલાક મિત્રોએ આ હિમાયત કરવામાં અતિશયોક્તિ થઇ જાય છે તેમ જણાવી લખાણમાં સુધારો કરવાને જણાવ્યું, પરંતુ અમો અમારી ધુનમાં ચુસ્ત હતા તે બચી રહ્યા અને ડગવા પામ્યા નહિ.

મી. વરતેજી જે કારણોને લઈ અમોને આગાખાનના વિરોધ લખનારા જણાવે છે તેમાં કદાચ એક કારણ એ પણ હોય કે, તેઓ જે પ્રકારના આગાખાની પંથના અકાયદા તથા આચાર વિચારો જણાવે છે તેને અમો ગ્રહણ કરતા નથી. તેઓ કહે છે કે આગા-ખાની પંથમાં દસ અવતારને માનવાનું છે તો અમો કહીએ છીએ કે દસ અવતારને માનવું તેને આગાખાની પંથ સાથે કાંઇપણ નીસ્બત નથી. દસ અવતાર તો ખોજાઓ ત્યારે માનતા હતા કે જ્યારે તેઓ મુસલમાન નહિ થયા હતા. તેઓ કહે છે કે આગાખાની પંથમાં મૌલા મુરતઝા અલી અ૦ ને તથા નામદાર આગાખાનને ખુદા કહેવાનું છે, જયારે અમો કહીએ છીએ કે, હઝરત અલી અ૦ ને ખુદા કહેવું તેતો ગુલ્લાત ટોળાંનો અકીદા છે કે જે અકીદા ઇસલામથી વિરૂદ્ધનો ઇસ-લામી ઉલ્માઓએ સાબિત કરી આપ્યો છે. અને નામદાર આગાખાનને ખુદા કહેવા તે તો એક હસવા જેવી વાત છે. તેઓ કહે છે કે આ-ગાખાની પંથમાં કુરાનને માનવાનું નથી. પણ પીર સદરદીન વીગેરે પીરોએ રચી આપેલાં ગ્નાન શાસ્ત્રને કુરાન **તરીકેજ** ગણવાનાતો છે

અમો કહીએ છીએ કે, કુરાને શરીફ એ ખુદાના કલામ છે અને તેને સઘળા મુસલમાનોએ માનવું ફરજ છે, પીર સદરદીન વીગેરે પીરોના જ્ઞાન શાસ્ત્ર કદી પણ કુરાન તરીકે ગણી શકાય નહિ. કેમકે તેમાં કુરાનથી ઉલટી તથા ઇતિહાસિક જુઠાણાની વાતો ઘણી ભરેલી છે, તેઓ કહે છે કે આગાખાની પંથમાં પાંચ વખતની નમાજ પડવાનું નથી પણ પીર સદરદીને રચી આપેલી ધોઆ ત્રણ વખત પડવાની છે અમોએ કહ્યું કે પાંચ વખતની નીમાઝ આગાખાનીઓ મુસલમાન હોતાં તેમના પર ફરજ છે ધુઆ પડવાથી નમાઝ તરક કરી શકાય નહિ. વળી ધુવા તો આચાર વિચારોનો મિશ્ર ખીચડો છે, અને તે ઇસલામી આચાર વિચારથી તદ્દત ઉલટી છે. તેઓ કહે છે કે આગાખાની પંથમાં રોજા હઝ, ઝકાત વીગેરે ફરજ નથી, પણ આગા સાહેબની આજ્ઞા પ્રમાણે ચાલવું તેટલુંજ ફરજ છે. અમોએ કહ્યું કે આગાખાનીઓએ રોજા. હઝ, ઝકાત વીગેરે ઇસલામી આજ્ઞાઓ પાળવી જોઇએ અને જો આગાખાન સાહેબ તે પ્રમાણે ચાલવાને ના કહેતા હોય તો તેમની તાબેદારી ફરજ નથી. ખુદ આગાખાને પણ ઇસલામી તરીકે ઇસલામના આચાર વિચાર પ્રમાણે વર્તવું જોઇએ.

તો ઉપર પ્રમાણેની અમારી વિરૂદ્ધતાને તેઓ અમો આગાખાનની વિરૂદ્ધતા કરીએ છીએ તેમ કહે છે, પણ તેઓ તેમ કહેવામાં તદ્દન અન્યાય ઉપર છે આગાખાન તો કદી પણ એમ કહેતા નથી કે દસ અવતારોને માનવા અને અલી અલ્લાને માનવા. તેમણે તો ખુલ્લી

રીતે દસ અવતારને નહિ માનવાનું જણાવી આપ્યું છે જે તેમના ફરમાનની ચોપડીમાં છપાઇ પણ ગયું છે વળી તેમણે " ખોજા મઝહબના કેટલાંક મુલતત્વો " નામની ચોપડી છપાવી પોતાના મુરીદોને તવહીદ અદલ, નબુવ્વત, ઇમામત, મઆદ તથા નીમાજ, રોઝા, હજ, ઝકાત વીગેરેની તાલીમ આપવા માગી છે. પણ મુરીદો કોઇ ઉંધી ખોપરીનાં છે કે આગાખાન જે કહે છે તે માનતા નથી તે પ્રમાણે આચાર વિચાર રાખતા નથી. અને આગાખાન તેવા આચાર વિચારની મનાઇ કરે છે તેને હાથ ધરી બેઠા છે અને તેવા અકાયદોને આગાખાની અકાયદો માને છે તથા મનાવવા માગે છે અને ભારે ખેદની વાત તો એ છે કે, તેવા આચાર વિચારને આગાખાનના શિક્ષણનું ફળ જણાવે છે.

હવે જો મી. વરતેજી તથા તેમના ગોઠીયાઓ જેવા આગાખાનને જણાવે છે તેવાજ જો તેઓ હોય તો ખરેખર અમો તેમની વિરૂદ્ધમાં લખાણ કરનારા છીએ. ઘણી વિરૂદ્ધતા કીધી છે અને હજુ કરીએ છીએ; પણ અમો સમજી શકતા નથી કે જ્યાં સુધી ખુદ આગાખાન પોતાના મુખથી કે કલમથી પોતાના પંથના અકાયદો મી. વરતેજી વીગેરે જણાવે છે તેવા ન જણાવે ત્યાં સુધી અમો તેઓ તેમ કહે છે એમ કેમ માની લઇએ? માટે મી. વરતેજી તથા તેમની ટોળી ખરા માર્ગથી ખસી ગઈ ગીહરાને માર્ગે ચડી ગઇ છે અને તે બીજાને પણ ખરા માર્ગથી ખસેડવા તથા ગીહરાંને માર્ગે ચડાવવા માગે છે. બાપડા આગાખાનનો તેમાં કાંઇ કસુર નથી અને અમો આગાખાનના વિરોધી પણ નથી.

મી. વરતેજી કહે છે કે " ના૦ આગાખાન બ્રિટીશ ગવરમેંટને

વફાદાર હોવાથી તેમની વફાદારીની શાન વિરૂદ્ધ રાજદ્વારી બેવફાઈની લાગણી બતાવે છે એમ અમો સમજીએ છીએ " મી. વસ્તેજી તદ્દન ખરી વાત છે કે ના. આગાખાન બ્રીટીશ ગવરમેંટના વફાદાર છે. આ વફાદારી તેમણે પોતાના ધર્મ કે કોમના ખીયાલ વતીકે નહિ રાજ્યના વ્યવહાર રીતે પુરવાર કરી આપી છે અને હમણા પણ રાત દહાડો વફાદારી કરવા સિવાય તેમને બીજું કામ પણ નથી અમો પણ અમારા આ પીરની આવી બ્રીટીશ ગવરમેંટ પ્રત્યેની વફાદારીને માનભરી નજરે જોઈએ છીએ અને તેમની વિરૂદ્ધતા કરવી એ તેમની વફાદારીની શાનને હીણપ લગાડવા જેવું માનીએ છીએ; પરંતુ વ્હાલા મિત્ર! અમો તમારા જેવા ભુલાન લોકોને ઇસલામ પ્રમાણે ચાલવાનો ઉપદેશ કરીએ અને શીર્ક તથા કુફરના જે વાદળો તમારાપર ઘેરાયા છે તેને વીખેરીએ તેમા તેમની વફાદારીની શાનને તે હીણપ કેવી રીતે લાગે છે? બલ્કે અમારો પ્રયાસ તેમની વફાદારીની શાનને વધુ તેજ આપનારો થઈ પડે છે. જ્યારે અમારા પ્રયાસથી તે નામવરના મુરીદોમાંથી ભુલવાનપણું નીકળી જશે અને ચુસ્ત ઇસલામી પ્રમાણેના તેઓના આચાર વિચારો થઈ જશે ત્યારે તેમની વફાદારીની શાન કેવી બીજી નીકળશે? અને હમણા જે તેમના મુરીદોમા ભુલવાનપણું ઘુસી ગયું છે તેથી તેમની શાન આડે જેવા પડદાઓ લટકાઈ ગયા છે તે તમારા તો જાણબહાર નહિજ હોય. માટે આવી આવી નિરર્થક વાતો લખી શું કામ પોતાના નામે આમાલને લબરેઝ કરો છો?!

# " નુરે હીદાયત "

" નુરે હીદાયત " નામનું માસિક ચોપાનીયું આજ ત્રણ વર્ષ થયાં ઘણી આફતો સામે ટકી રહી દર અંગ્રેજી મહિનાની પહેલી તારીખે બહાર પડે છે જેમાં ઈસ્લામની ખરી ખુબીઓ બતાવી [illegible] કાઢવામાં આવે છે [illegible] કેળવણી [illegible] દાખલ કરવામાં આવે છે. [illegible] તથા [illegible] તથા [illegible] સુધારવા [illegible] ધ્યાન આપવામાં આવે છે. કેવળ આઠ પેજ [illegible] પોસ્ટેજ સાથે. [illegible] વર્ષના [illegible] આના

અહમદ [illegible]

એડિટર " નુરે હીદાયત " અમરેલી —કાઠીઆવાડ.